ગુજરાતની ખેડુતોની પ્રાથમિક સહકારી શરાફી મંડળીઓનાં

વ્યવસ્થાપક પંચોનો શિક્ષક.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—

રાવ બહાદુર અંબાશંકર ઉત્તમરામ મલજી,

અધ્યક્ષ, મુંબાઈ સેન્ટ્રલ કોઓપરેટીવ ઇન્સ્ટિટ્યૂટ, ભરૂચ શાખા, **ભરૂચ.**

૧૯૨૧

મૂલ્ય બાર આના

સુરત—ચૌટાના પૂલ ઉપર આવેલા **"સુરત સીટી"** પ્રીન્ટીંગ પ્રેસમા,

ઠાકોરદાસ માનસિંહે છાપ્યું.

પ્રસ્તાવના.

વ્યવસ્થાપક કમિટીઓ-વ્યવસ્થાપક પંચો જ્યાંસુધી પોતાના કામથી માહિતગાર ન હોય, અથવા સહકારી હીલચાલથી તદ્દન અજાણ્યુ હોય ત્યાંસુધી પ્રાથમિક મંડળીઓ બહુ સારૂં કામ કરે તેવી ઇચ્છા અથવા આશા રાખવી વ્યર્થ છે એમ અનુભવથી જણાયું છે. કમિટીઓ-પંચો કંટાળી ગયા સિવાય વાંચી શકે એવા કોઈ ગુજરાતી પુસ્તકની બહુ જરૂર છે એમ કેટલાક વખતથી લાગતું હતું. આ જરૂરીઆત પૂરી પાડવા માટે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગુજરાતની ઘણીખરી પ્રાથમિક શરાફી મંડળીઓ ખેડુતોનીજ હોવાથી આ પુસ્તક ખેડુતોની પ્રાથમિક શરાફી મંડળીઓનાં વ્યવસ્થાપક પંચોને લક્ષમાં રાખીને લખવામાં આવ્યું છે. બીજું પ્રકરણ ધાર્યા કરતાં જરા વધારે લાંબું લખાયું, છે, પરંતુ તે ઉપયોગી થશે એવી આશા છે.

ગુજરાત પ્રાંતિક સહકારી પરિષદ્ તા. ૭ અને ૮ ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ ભરાય તે પહેલાં આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું નક્કી થયેલું હોવાથી, ઉતાવળ બહુ થઈ છે. તેથી લખાણમાં અને છપાઇમાં અપૂર્ણતાઓ બહુ રહી ગઈ છે. તે વાંચક દરગુજર કરશે એવી વિનંતિ છે.

જે જે લોકોએ શ્રમ લઈ આ પુસ્તક તૈયાર કરવામાં મદદ કરી છે તેમનો આભાર માનવામાં આવે છે.

પ્રકરણ ૧લું

સહકારી હીલચાલના સિધ્ધાંતો અને તેનું શુધ્ધ સ્વરૂપ.

સહકારનો સાદો અર્થ કરીએ તો સાથે મળીને કામ કરવાની પદ્ધતિને સહકાર કહી શકાય. એકજ માણુસ એકલો બીજાની મદદ વિના કામ કરે તો તેને સહકાર ન કહી શકાય. સાથે મળીને કામ કરવામાં તો એકથી વધારે માણુસો જોઇએ તે ઉઘાડું છે.

એકથી બે ભલા: વ્યક્તિ કરતાં સંઘનુ બળ વિશેષ. એક માણુસથી કેટલાંક કામ મહા મહેનતે થાય, પરંતુ તેજ કામ જો અમુક માણુસો સાથે મળીને કરે તો સહેલાઇથી પણ થઈ શકે. જો એકજ માણુસ ઘર બાંધવા માટે પત્થર, ચૂનો, રેતી, લાકડાં વગેરે તૈયાર કરે, લાવે, અને ઘર બાંધે તો બહુ મહેનત પડે, અને ઘણો વખત લાગે. જો કેટલાંક માણુસો એક બીજાની મદદથી ઘર બાંધે તો માણુસની સંખ્યા વધી હોય તેના કરતાં ઘણી વધારે સહેલાઇથી અને ઉતાવળથી કામ થાય. કેટલાંક કામ એકલા માણુસથી બીજાની મદદ વિના થઇજ ન શકે. એક મોટા લાકડાને ફેરવવું હોય તો એક માણુસ ફેરવી ન શકે. તે માટે તો બે, ચાર કે તેથી વધારે માણુસોના એકઠા બળની જરૂર પડે. બહારવટીયા–લુંટારા–નું ટોળું ગામ ભાંગવા–લુંટવા આવે તો એકલો માણુસ તેની સામે થઇને ભાગ્યેજ ફાવી શકે. તે ટોળાને મારી હઠાવવા માટે તો ગામના માણુસોએ પૂરતી સંખ્યામાં એકઠા થઇને સામા થવું જોઈએ.

માણુસ જાતને ઘણા જૂના કાળથી અનુભવ છે કે માણસો ભેગાં થઇને કેટલાંક કામો કરે તેથી જેટલો લાભ બધાંને થાય તેટલો લાભ બધાં માણસો જૂદાં જૂદાં એકલાંજ કામ કરે તો ન થાય. જ્ઞાતિઓ, કારીગરોના સંઘો, ધોળો, રાજ્યો વગેરે આ અનુભવનુંજ પરિણામ છે. એકઠા મળીને કામ કરવાની પદ્ધતિનાં અનેક સ્વરૂપ છે. ગરીબોને મદદ કરવાની સંસ્થાઓમાં, ચર્ચા કરવા માટેનાં મંડળોમાં અને મોટી મોટી (જોઇન્ટ સ્ટૉક) કંપનિઓમાં કેટલાંક માણસો એકઠાં મળીનેજ કામ કરે છે. એટલે જો "સહકાર" શબ્દનો મૂળ–સાદા અર્થમાંજ ઉપયોગ કરીએ તો આ બધી સંસ્થાઓ સહકારી જ કહેવાય.

પરંતુ જે વિશિષ્ટ—રૂઢ અર્થમાં સહકાર શબ્દ વપરાય છે તે મૂળ અર્થ કરતાં ઓછા વિસ્તારવાળો છે. હાલ જે અર્થમાં " સહકાર " શબ્દ સમજવામાં આવે છે તેનો પહેલો સિદ્ધાંત એ છે કે માણસોએ સાથે મળીને **પોતે પોતાનું હિત-ભલું સાધવું જોઈએ.** ગરીબોને અથવા આંધળાં લૂલાંને મદદ કરનારી કે બીજી કોઇ પરોપકારી સંસ્થાઓ ગરીબ, આંધળાં, લૂલાં વગેરેનું ભલું તો કરે છે, પરંતુ તે ભલું બીજાં માણસોને હાથે થાય છે. ગરીબ માણસો અથવા આંધળાં લૂલાંઓ પોતાની શાખ, આબરૂ, બુદ્ધિ, કે મહેનતથી **પોતે પોતાનું ભલું કરતાં નથી**. તેથી પરોપકારી સંસ્થાઓને વિશિષ્ટ અર્થમાં સહકારી ન કહેવાય.

માણસો એકઠાં થઇને **પોતે પોતાનું હિત સાધે** તેટલુંજ સહકાર માટે બસ નથી હોતું. **તે હિત આર્થિક–પૈસા સંબંધેનું હોવું જોઇએ.** એટલે સહકારનો બીજો સિદ્ધાંત એ છેકે એકત્ર થયેલાં માણસોનો એક પ્રધાન–મુખ્ય હેતુ પોતાનું આર્થિક હિત સાધવાનો હોવો જોઈએ. ચર્ચામંડળના સભાસદો મંડળ માર્ફત પોતાની આર્થિક ઉન્નતિ અથવા હિત સાધવા માટે મંડળમાં જોડાતા નથી. વકતૃત્વ–બોલવાની શકિત ખીલે અને વિચારની આપ લે થાય એવા

હેતુઓથી એવાં મંડળો સ્થાપન કરવામાં આવે છે અને ચાલે છે. આવાં મંડળોમાં માણુસો એકઠાં થઇને એક બીજાની મદદથી પોતાનું હિત સાધતા હોવા છતાં તે હિતને આર્થિક હિત સાથે કાંઈ સીધો સંબંધ ન હોવાથી ચર્ચા મંડળ જેવી સંસ્થાઓને પણ સહકારી ન કહેવાય.

સહકારનો ત્રીજો સિદ્ધાંત એ છે કે સહકાર માટે એકત્ર થયેલાં માણુસો પોતાને માટે હરકોઇ રસ્તે વધારેમાં વધારે નફો મેળવવા માટે એકઠાં થયેલાં નથી હોતાં. **પરસ્પર સહાય કરીને બીજાને અયોગ્ય નુકસાન કર્યા સિવાય પોતાનું વ્યાજબી હિત સાધવાનો તેમનો હેતુ હોય છે હોવો જોઇએ.** મોટી કંપનિઓમાં શેર વેચાતા લેનાર માણુસો શેર ઉપરના નફા તરફ નજર રાખીને જ શેર લે છે. શેરના પૈસાથી કંપનિઓનો ધંધો ચલાવવામાં આવે છે. પોતાની શાખ, આબરૂ, બુદ્ધિ, મહેનત કે છેવટે ધનથી પણ એક બીજાને સહાય કરવાની શેર ખરીદ કરનારની ઇચ્છા નથી હોતી. કંપનિએ બનાવેલો અથવા વેચેલો માલ કોણુ, કેવી રીતે વેચાતો લે છે, કંપનિ કેવો માલ કાઢે છે અને પ્રમાણિકપણે કે દગાથી પોતાનો માલ વેચે છે વગેરે બાબતો માટે શેરના માલીકો બહુ કાળજી રાખતા નથી. તેમને તો શેરનાં નાણાં ઉપર જેટલો વધારે નફો મળે તેટલું સારૂં. વળી જેનાં નાણાં શેરમાં વધારે હોય તેને વધારે અને જેનાં થોડાં હોય તેને થોડો નફો મળે છે. આ કારણુ ને લીધે એવી કંપનિઓ સહકારી ન ગણુાય.

આ ત્રણુ સિધ્ધાંતો ઉપરથી બીજા પણુ બે સિદ્ધાંતો સ્વાભાવિક રીતે નીકળે છે. સહકારમાં માણુસો પોતાનું આર્થિક હિત બીજાને અયોગ્ય નુકસાન કર્યા સિવાય એક બીજાની મદદથી સાધવા માટે એકત્ર થાય છે. તેથી માણુસની મિલ્કત કરતાં તેના ચારિત્ર– વર્તણુક તરફ વધારે ધ્યાન દેવાનું જોઇએ. માણુસ ગરીબ હોય છતાં પ્રમાણિક,

મહેનતુ અને કરકસરથી વર્તનાર હોય તો મિલ્કતવાળા પણ એવા ગુણ વિનાના, માણસ કરતાં તેની કિંમત સહકારી સંસ્થામાં વધારે ગણાય. સહકારી સંસ્થાઓમાં દાખલ થવા માટે માણસ પાસે કોઇ પણ જાતની અમુક મિલ્કત હોવી જોઇએ એવો પ્રતિબંધ નથી હોતો—ન હોવો જોઇએ. સહકારમાં માણસો, માણસો તરીકે—ચારિત્રવાળાં પ્રાણીઓ તરીકે એકત્ર થાય છે, મિલ્કતવાળાં પ્રાણીઓ તરીકે નહિ. આ કારણને લીધે સારી વર્તણુકવાળા માણસોને સહકારી સંસ્થાઓ માં દાખલ કરવાની જરૂર ઉભી થાય છે. કારણ કે દુર્ગુણી વ્યક્તિઓ નો બનેલો સંઘ સદ્ગુણી ન હોઇ શકે. જો ચારિત્ર–વર્તણુક ઉપરજ નજર રખાતી હોય તો પછી ગરીબ તવંગરનો ભેદ હોઇ શકેજ નહિ. એટલે સહકારી સંસ્થાઓમાં તો ઘણી મિલ્કતવાળો, થોડી મિલ્કતવાળો અને તદ્દન મિલ્કત વિનાનો માણસ સરખોજ ગણાય. આવી રીતે આર્થિક સ્થિતિમાં ફેર હોવા છતાં સહકારની દૃષ્ટિએ બધા સભાસદો સરખાજ હોય તો પછી સહકારી સંસ્થાઓમાં હક્કો પણ બધા સરખી રીતેજ ભોગવે. તેથી સહકારી સંસ્થાઓના વહીવટમાં દરેક સભાસદને એકજ મત આપવાનો અધિકાર હોવો જોઇએ. અનિયમિત જવાબદારી વાળી મંડળીઓમાં ઘણી મિલ્કતવાળા સભાસદોને માથે વધારે આર્થિક જવાબદારી, થોડી મિલ્કતવાળા સભાસદો ઉપર થોડી આર્થિક જવાબ દારી, અને જેઓ પાસે બિલકુલ મિલ્કત ન હોય તેવા સભાસદોને નહિ જેવીજ જવાબદારી હોય છે. તેજ પ્રમાણે નિયમિત મંડળીઓમાં શેરના પ્રમાણમાં કે બીજી રીતે જવાબદારી ઓછી વધારે હોય છે. તો પણ અનિયમિત કે નિયમિત જવાબદારીવાળી સહકારી સંસ્થાઓના વહીવટમાં તો બધા સભાસદોને સાધારણ રીતે સરખો–એક મત આપવાનો–હક્કજ હોય છે. વ્યવહારમાં કદાચ જોઇએ તેટલી કાળજી પૂર્વક સભાસદોની પસંદગી કરવામાં ન આવતી હોય તો પણ સહકારનો ચોથો સિધ્ધાંત સ્પષ્ટ રીતે તરી આવે છે કે સહકારમાં માણસો **સમતા—સરખાપણા**ના ધોરણ ઉપર એકત્ર થઇને કામ કરે છે.

પહેલા ત્રણ સિધ્ધાંતોમાંથી સમતા સિવાયનો બીજો સિધ્ધાંત એ નીકળે છે કે સહકારમાં જોડાતા માણસો રાજીખુશીથી તે પ્રમાણે જોડાય છે. કામદાર સંઘો કે એવી બીજી સંસ્થાઓમાં અમુક કામ કરનાર, કે અમુક પ્રદેશમાં વસનાર, કે અમુક જ્ઞાતિના કે અમુક વર્ગના માણસોને સભાસદ થવાની ફરજ પાડવામાં આવે છે. સહકારમાં તો પોતે પોતાનું અને તેની સાથે બીજાનું ભલું કરવા માટે માણસો એકત્ર થાય છે. સહકારમાં "સર્વ માણસ દરેક માણસ માટે" અને "દરેક માણસ સર્વ માણસ માટે" હોય છે. સહકારમાં જોડાઈ બીજાની મદદથી પોતાને અને પોતાની મદદથી બીજાને લાભ કરવો કે નહિ તે દરેક માણસની ઇચ્છા ઉપર રાખવામાં આવ્યું હોય છે. જેને રૂચે તેજ સહકારમાં જોડાય, બીજા નહિ.

એટલું યાદ રાખવાની જરૂર છે કે સહકાર એક પ્રકારની વ્યાપારી વ્યવસ્થા છે. તે વ્યવસ્થાના પાયા રૂપે ઉપર ચર્ચવામાં આવેલા પાંચ સિધ્ધાંતો છે. જેટલા પ્રમાણમાં એ સિધ્ધાંતોનો અભાવ હોય તેટલા પ્રમાણમાં વ્યવસ્થામાં સહકારી તત્ત્વની કચાશ. એક વાક્યમાં કહેવાનો યત્ન કરીએ તો **સહકાર એવા પ્રકારની વ્યાપારી વ્યવસ્થા છે કે જેમાં માણસો માણસ તરીકે—ચારિત્રવાળાં પ્રાણી તરીકે સમતા—સરખાપણાના ધોરણ ઉપર પોતે પોતાનું આર્થિક હિત સાધવા માટે સ્વેચ્છાથી જોડાય છે.**

ખેડુતો, અથવા મિલ મજુરો, અથવા કારકુનો પોતાની સંયુક્ત મિલ્કત અથવા શાખ—આબરૂના તારણ ઉપર મેળવેલા પૈસાની, અથવા પોતાનાજ પૈસાની, પોતાની અંદર લેણદેણ કરવા માટે સંસ્થા એ સ્થાપે તો તે સહકારી હોઈ શકે. તેજ પ્રમાણે ખેડુતો એકઠા થઇને પોતાને માટે ખાતર ખરીદવાની, બી ઉગાડી કે વેચાતાં લઇ સંગ્રહી રાખવાની, પોતાનો માલ વેચવાની, ખેતીનાં ઓજારો ખરીદીને પોતાની અંદર ભાડે અથવા વેચાતાં આપવાની વગેરે સંસ્થાઓ

કાઢે તો તે પણ સહકારી હોઇ શકે. એવીજ રીતે ગામડાં અને શહેરોમાં માલ ઉત્પન્ન કરવાની, ખરીદવાની, વેચવાની વગેરે અનેક પ્રકારની સહકારી સંસ્થાઓ હોઇ શકે અને હોય છે.

સહકારના જૂદા જૂદા પ્રકારો જોઇને ઘણાં માણસો તેના સ્વરૂપ વિષે ભૂલાવામાં પડી જાય છે.

દુનિયાના ઘણા દેશોમાં ખેડુતોએ પોતાનું હિત સાધવા સહકારનો આશ્રય લીધો છે. સહકારદ્વારા ખેડુતોએ પોતાનું હિત સાધ્યું છે પણ ખરૂં. પરંતુ આટલી હકીકત ઉપરથી કેટલાક એમ માનેછે કે સહકાર એટલે ખેડુતોને સુધારી તેમને આબાદ બનાવવાનોજ એક માર્ગ, તે સિવાય બીજું કાંઈ નહિ. તેમના માનવા પ્રમાણે ખેડુત સિવાય બીજાનું ગમે તે થાય તે સાથે સહકારને કાંઈ સંબંધ નથી. માત્ર ખેડુતોનું શ્રેય થવું જોઇએ. આ માન્યતા ખોટી છે એમ કહેવાની ભાગ્યેજ જરૂર છે.

દુનિયામાં સર્વથી ઓછો કેળવાયલો, પછાત અને ગરીબ એવો કોઇ વર્ગ હોય તો તે ખેડુત વર્ગ છે. તે વર્ગ બીજા વર્ગો કરતાં સંખ્યામાં મોટો પણ બહુ છે. તે વર્ગના ઉદ્ધાર માટે સહકારની બહુ જરૂર. તેથી લગભગ બધા સુધરેલા દેશોના ખેડુતોમાં સહકારનો પ્રચાર જોવામાં આવે છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે સહકારની મદદથી બીજા વર્ગોને લૂંટીને ખેડુત વર્ગ તાગડધિન્ના કરે. ખેડુતોની નબળાઇને લીધે તેમની મહેનતનું જે ફળ બીજા માણસો પાસે ચાલ્યું જતું હતું તે ફળ તેમની પોતાની પાસે રહે એટલુંજ સહકારે કરવાનું હોય છે. ઉલટું સામાન્ય પ્રજાને તો સહકારી ખેડુતોને લીધે ફાયદો થાય છે. કારણ કે સહકારી સંસ્થાઓ દગો ન કરે એટલે તેમનો માલ ચોખ્ખો–ભેગ વગરનો અને સારો હોય અને વચલા દલાલો વગેરેના નફા તરીકે જતી રકમ બાતલ થવાથી માલ વ્યાજબી કિંમતે પણ વેચાય.

ઇંગ્લંડના મજૂર વર્ગનો સહકારજ જેઓના મનમાં વસ્યાં કરે છે તેમને વળી કાંઇક જૂદુંજ લાગે છે. ઇંગ્લંડના મજૂર વર્ગનો સહકાર તે માલ વાપરનાર માણસોનો સહકાર છે. જે માલ તેઓ કારખાનાંમાં કામ કરી ઉત્પન્ન કરતા હતા અને કરે છે તે તો તે કારખાનાંના માલીકોનો હતો અને હોય છે. છતાં કારખાનાંના માલીકો પાસેથી કામદાર વર્ગને તે મળે તો પણ એક કારખાનામાં તો એકાદ ચીજ થતી હોય કે જેનો કામદારોને ઉપયોગ પણ ભાગ્યેજ હોય. કોલસાની કે બીજી ખાણોમાં કામ કરનાર માણસોની પણ તેજ સ્થિતિ. તેથી કામદાર વર્ગને પોતાની જરૂરીયાતો માટે માલ વેચાતે લેવો પડે એ સ્વાભાવિક છે. અજ્ઞાન, ગરીબ માણસો પાસેથી તો સૌ ખાટવાનો પ્રયત્ન કરે. તે પ્રમાણે ઓગણીસમી સદીનાં પહેલાં પચાસ વર્ષો દરમ્યાન ઇંગ્લંડના કામદાર વર્ગને માલ વેચનાર વેપારીઓ તરફથી ઘણી ઘણી વિટંબનાઓ વેઠવી પડી હતી. માલ મોંઘો મળતો, ભેગવાળો મળતો, વજન કે માપમાં પણ પૂરો મળતો નહિ; એટલુંજ નહિં પરંતુ ગરીબ કામદાર ઉધારે માલ લઇને એક વખત વેપારીને ચોપડે ચડ્યો એટલે મરણ સુધી તે ત્યાંથી ખસી શકતો નહિ. આમ થવાથી કામદાર અને વેપારીના વ્યવહારમાં સ્વાભાવિક રીતેજ વેપારીનું ધાર્યું થતું. આવી પરિસ્થિતિમાંથી છૂટવા માટે ઇંગ્લંડના કામદાર વર્ગે સહકારનો પ્રયોગ અજમાવ્યો. તે સફળ પણ થયો. આજ ઇંગ્લંડની કામદાર વર્ગની અને બીજી–બધી વસ્તીનો ½ ભાગ પોતાની જરૂરીયાતો સહકારી સંસ્થાઓદ્વારા પૂરી પાડે છે. ઇંગ્લંડની સહકારી સંસ્થાઓ પોતાના સભાસદોને જોઇતી ઘણીખરી ચીજો પોતેજ બનાવે છે કે ઉત્પન્ન કરે છે. આટલા ઉપરથી કેટલાકને એમ લાગે છે કે સહકાર એટલે માલ વાપરનારાઓની સર્વોપરી સત્તા સ્થાપવાનું અને માલ પેદા કરનારાઓની સ્થિતિ બગાડવાનું એક સાધન. જ્યારે માલ વાપરનારાઓની સહકારી સંસ્થાઓ પોતાના સભાસદોને જોઇતો માલ બનાવે અથવા ઉત્પન્ન કરે ત્યારે પહેલાં જે માણસો તે માલ

બનાવતાં અથવા ઉત્પન્ન કરતાં હોય તેઓની રોજી તેટલે અંશે પડી ભાંગે, પરંતુ એક માણુસ અથવા સંસ્થા પોતાને ઉપયોગની ચીજો પોતે બનાવી લે તો તેમાં બીજાને અન્યાય કર્યો ભાગ્યેજ કહેવાય. વળી માલ વાપરનારાઓની સહકારી સંસ્થાઓનો માલ પેદા કરનારાઓની સહકારી સંસ્થાઓ સાથે સંબંધ જોડી શકાય. તે ઉપરાંત માલ વાપરનારાઓની સહકારી સંસ્થાઓનાં કારખાનાંમાં કામ કરનાર માણુસોની સ્થિતિ બને તેટલી સારી રાખવામાં આવે છે. એટલે માલ વાપરનારા પણુ સહકારી સંસ્થાઓ દ્વારા બીજા કોઇને અયોગ્ય નુકસાન કર્યા સિવાય પોતાનું હિત વ્યાજબી રીતે સાધે છે. આ સિવાય સહકાર તેમને માટે બીજુ કાંઈ કરતો નથી.

નાના નાના કારીગરોનો સહકાર જોઇને કેટલાક એમ પણુ ધારે કે સહકાર તો તેમના માટેજ છે, અને તેથી માલ વાપરવાને તો ગેરફાયદોજ છે. આ ધારવું પણુ ખોટું છે. જબરદસ્ત ભંડોળથી ચાલતાં જબરદસ્ત કારખાનાંઓ સાથેની હરીફાઇમાં નાના નાના કારીગરો એકલા ટકી શકે નહિ. હરીફાઇમાં ટકી રહી પોતાનો સ્વતંત્ર ધંધો જાળવી રાખવાનો તેમને માટે કોઇપણુ માર્ગ હોય તો તે સહકાર હતો અને છે. તે રીતે આત્મરક્ષણુના સાધન તરીકે કારીગરોનો સહકાર છે. તેમની મહેનતના પ્રમાણુમાં તેમને ફળ મળે અને છતાં સામાન્ય પ્રજાને તે ભારે ન પડે તે સહકારથીજ બની શકે. સહકારથી કારીગરોને ફાયદો ઘણો થાય. પરંતુ તેથી માલ વાપરનારાને નુકસાન તો ન થાય; તેમને ફાયદો થવાનો સંભવ ખરો.

સહકાર સંબંધે બીજી એક પ્રચલિત માન્યતા એ છે કે તેનો મુખ્ય હેતુ વચલા વેપારીઓ કે દલાલોને દૂર કરી જે નફો પહેલાં તેમને મળતો હતો તે સહકારમાં જોડાયેલા ગરીબ માણુસોને આપવાનો છે. સહકારી હીલચાલનું પરિણામ જોતાં આ માન્યતા ખરી હશે એમ ઘડીભર લાગે, પરંતુ વાસ્તવિક રીતે તે

ખરી નથી. સહકારને કોઇ વર્ગ સાથ દુશ્મનાવટ નથી. વચલા વેપારીઓ કે દલાલો વિના પ્રજા ચલાવી શકે એવી જો કોઈ વ્યવસ્થા હોય તો તેવા વેપારી અથવા દલાલો રહેવા દઇ તેમનાં ધન, બુદ્ધિ અને મહેનતનો વ્યર્થ વ્યય કરવો એ સમાજને નુકસાનકર્તા છે. સહકારી વ્યવસ્થામાં ઘણી બાબતોમાં વચ્ચેના વેપારી અથવા દલાલ સિવાય ચલાવી શકાય છે તેથી સહેજે વેપારીઓ અથવા દલાલોને માટે ઘણીવાર કામ નથી રહેતું. પરંતુ તથી સહકારી હીલચાલનો હેતુ વેપારીઓને અથવા દલાલોને નુકસાન કરવાનોછે તેમ કહેવું તે ખોટું છે. આગળથી ચાલતી આવેલી, ખેતી, ઉદ્યોગ અને વ્યાપારની વ્યવસ્થા કરતાં સહકારી વ્યસ્વથા વધારે સારી છે. અને સમાજના હિત ખાતર પણ સારામાં સારી વ્યવસ્થાનોજ લોકોએ ઉપયોગ કરવો જોઇએ. છાપવાની કળા નીકળી ત્યારે ઘણા લહીઆનો રોજગાર પડી ભાંગ્યો હશે. પરંતુ તેથી કાંઈ એમ કહી શકાય કે છાપવાની કળાનું મુખ્ય તત્ત્વ એ છે કે લહીઆને પાયમાલ કરવા? અમુક સંયોગોમાં હાથે લખવું અથવા લખાવવું તેના કરતાં છપાવવું વધારે સારૂં છે. માટે છાપવાની કળાનો ઉપયોગ થયો. તે કળાને લહીઆ સાથે વિરોધ હોવાનું કાંઈ પ્રયોજન નથી. તેજ પ્રમાણે ટપાલની વ્યવસ્થા પહેલાં જ્યારે કોઇને પરગામ કાંઈ ખબર મોકલવા હોય અથવા પરગામથી કાંઇ ખબર મંગાવવા હોય ત્યારે ખાસ માણસ મોકલવો પડતો. એવા માણસો ઘણીવાર ઊંટ વગેરે વાહન પણ રાખતા. ટપાલની વ્યવસ્થા જેમ જેમ થતી ગઈ તેમ તેમ આ માણસોની રોજી ગઈ. પરંતુ તેથી ટપાલની વ્યવસ્થાને કે ટપાલ ખાતાને પહેલાં કાગળો લઈ જવા લાવવાનું કામ કરનાર માણસો સાથે વૈર હતું એમ તો કોઈ નજ કહી શકે. તેજ રીતે સહકારી વ્યવસ્થાથી વેપારી અને દલાલ વર્ગને પોતાના ધંધામાં નુકસાન પહોંચે તે સંભવિત છે. પરંતુ તે માત્ર વધારે સારી વ્યવસ્થાનું પરિણામ છે. સહકારને કોઈ સાથે વિરોધ ન હોઈ શકે. સમાજને હિતકર એવી કોઇ વ્યવસ્થાથી કોઇ વ્યકિતઓને અથવા વર્ગને નુકસાન થતું હોય

તો તે વ્યક્તિઓ અથવા વર્ગ સમજુ હોય તો તો તે નુકસાન ખુશીથી સહી લે અને પોતાને માટે આવકનું બીજું સાધન શોધી કાઢે.

ઈંગ્લંડમાં સહકારની પ્રવૃત્તિએ અનેક પ્રકારનાં દુઃખોથી પીડાતા ગરીબ કામદાર–મજુર વર્ગને મદદ કરી, તેમના જીવનમાં કાંઈક સુખ શાંતિ રેડયાં. તેજ પ્રમાણે જર્મનિમાં સહકારની પ્રવૃત્તિએ ગરીબાઈથી રીબાતા ખેડુતોને વ્યાજખોર યાહુદીઓ અને વેપારીઓના પંજામાથી છોડાવી સ્વાતંત્ર્ય અને સુખનો કાંઈક સ્વાદ ચખાડયો. આયર્લંડમાં પણ સેંકડો વર્ષોથી વિટંબનાઓના સમુદ્રમાં ડૂબેલા ખેડુત વર્ગને સહકારે બહાર કાઢયો. આવી રીતે અનેક દેશોમાં અનેક પ્રકારે સહકારે દુઃખી, ગરીબ મનુષ્યોને તાર્યા છે. આ ઉપરથી કેટલાકને એમ લાગે છે કે સહકારી હીલચાલ એક પરોપકારી હીલચાલ છે. સહકારના પહેલા સિદ્ધાંત ઉપરથીજ સમજાવું જોઇએ કે આ હીલચાલને પરોપકારી હીલચાલ ન કહી શકાય. અલબત્ત, શરૂઆતમાં રોબર્ટ ઓવન, કે રયફિસેન, કે સર હૉરેસ પ્લંકેટ જેવા પરમાર્થી પુરૂષોએ સહકારી હીલચાલને જોશ આપી આગળ વધારી. પરંતુ સહકારી હીલચાલમાં તો સંસ્થાઓનો લાભ લેનાર માણસો **પોતે પોતાની** શાખ–આબરૂ, મહેનત કે ધન દ્વારા પોતાનું હિત સાધતા હોવાથી સામાન્ય રીતે જેને પરોપકાર કહેવામાં આવે છે એવું કાંઈ તેમાં હોતું નથી. સહકાર પરોપકારથી ચડીઆતો છે. પરોપકારથી ઉપકાર કરનાર માણસ તો પોતાની ઉન્નતિ સાધે છે, પરંતુ જેના ઉપર ઉપકાર કરવામાં આવે છે તેનું તો ઘણીવાર ખરૂં શ્રેય થતું નથી. ભૂખ્યા માણસને અન્નનું દાન કરનાર માણસ પોતે તો જરૂર થોડી ઘણી ઉન્નતિ પ્રાપ્ત કરે છે. પરંતુ તે દાન સ્વીકારી પોતાની ભૂખ ભાંગનાર માણસને ભૂખનું દુઃખ દૂર થયું તે ક્ષણિક લાભ ઉપરાંત બીજો લાભ ભાગ્યેજ થાય છે. કેટલીક વાર તો તેને ઉલટી હાનિ થાય છે. તે એવા રીતે કે મહેનત કર્યા વગર અન્ન મેળવી પોતાનો નિર્વાહ કરવાની તેને ટેવ પડી જાય છે. પરો-

પ્રકારથી જ્યારે પોતાના દોષ સિવાય માણસ ઉપર આવી પડેલી આપત્તિઓનું નિવારણ થાય અથવા નિરાધાર માણસોને સ્વાશ્રયી અને સ્વતંત્ર બનવા માટે સાધનો મળે ત્યારે તો પરોપકાર કોઇને ખાસ હાનિ કરતો નથી. છતાં પરોપકારમાં અમુક માણસોને હાનિ થવાનો સંભવ ઘણીવાર હોય છે. એવો સંભવ સહકારમાં નથી હોતો. સહકારમાં માણસો પોતે પોતાના સંયુક્ત બળે સ્વાશ્રયી, સ્વતંત્ર અને સુખી થાય છે. સહકારી હીલચાલને અથવા સંસ્થાઓને લોકહિત માટે પ્રાણ પાથરનાર માણસો તરફથી કાંઈ મદદ મળે તો પણ જો સહકારી સિદ્ધાંતો ઉપર બરોબર નજર રાખવામાં આવી હોય તો કોઇને કોઇ પ્રકારની કાંઈ હાનિ થવાનો સંભવ રહેતો નથી.

સહકાર વ્યક્તિવાદથી નિરાળો છે છતાં તે સમાજવાદ નથી. "સબ સબકા સમાલ લેના"–"સૌએ પોત પોતાનું સંભાળી લેવું" એવો વ્યક્તિવાદ, અથવા સંઘમાં વ્યક્તિનો લોપ થવો જોઇએ અને તેથી વ્યક્તિસ્વાતંત્ર્યનો પણ લોપ થવો જોઇએ તેવું સમાજવાદીઓનું કથન સહકારને માન્ય નથી. સહકારમાં તો વ્યક્તિવાદ અને સમાજવાદનો સુંદર વ્યવહારૂ સંયોગ થાયછે. સહકારમાં તો "વ્યક્તિ સંઘ માટે"–"દરેક માણુસ સર્વ માટે" અને "સંઘ વ્યક્તિને માટે"–"સર્વ દરેક માણસને માટે" હોય છે. સહકારમાં વ્યક્તિવાદનું સ્વાતંત્ર્ય જળવાઈ રહેવા છતાં તેની દુઃખકારક સ્પર્ધાનો નાશ થાય છે, અને સમાજવાદના કેટલાક હેતુઓ પાર પાડવા છતાં વ્યક્તિનો સાવ લોપ થતો અટકે છે. મનુષ્ય વ્યક્તિ પોતે પોતાનો વિકાસ કરવા સ્વતંત્ર છે, પરંતુ સહકાર તેને એમ બતાવે છે કે બીજી મનુષ્ય વ્યક્તિઓ સાથે જોડાઈ કામ કરવામાંજ સર્વ વ્યક્તિઓનું વધારે હિત છે.

સહકાર કેવળ આર્થિક અથવા નૈતિક હીલચાલથી વધારે ફળદાયક છે. ખેતી સુધારણા કે હુન્નર ઉદ્યોગનો વિકાસ વગેરે બાબતોમાં લોકોને વધારે પૈસા પ્રાપ્ત કરવાના માર્ગો બતાવવામાં આવે છે,

પરંતુ જેમ ઘણીવાર અણુસમજુ માણુસોની બાબતમાં બનેછે તેમ વધારે મળેલા પૈસાનો ઉપયોગ સારે રસ્તે થતો નથી. ધાર્મિક વ્યાખ્યાનો કે પુસ્તકો દ્વારા પોતાનું જીવન કેવી રીતે સદ્‌ગુણી બનાવવું તે સાંભળનાર–વાંચનારને લાભ થાય છે, પરંતુ જેની આર્થિક સ્થિતિ નબળી હોય છે તેના ઉપર આવાં નૈતિક વ્યાખ્યાનો અથવા પુસ્તકો થોડી અસર કરી શકે છે.

સદ્‌ગુણો–પ્રમાણિકતા, કરકસર, પરસ્પર સહિષ્ણુતા વગેરે વગેરેનું પાલન કરી પોતાનું આર્થિક હિત સાધવા લોકોને ઉપદેશ કરનાર માત્ર સહકાર જ છે. સહકાર લોકોને સદ્‌ગુણી થવાનું કહીનેજ બેસી નહી રહેતો, પરંતુ સદ્‌ગુણી થવાથી તેમનું સૌથી વધારે આર્થિક હિત સધાશે એવું સિદ્ધ કરી આપે છે. સહકારમાં અર્થ અને નીતિનો-ધર્મનો મનોહર સંગમ થાય છે.

કેટલાકને એમ પણ થાય કે મનુષ્યોનાં સર્વ અનિષ્ટો દૂર કરવા માટે સહકાર એક અત્યંત અસરકારક જડીબુટ્ટી–કોઈ અમૃતૌષધિ જ છે. આ પણ બરોબર નથી. સહકાર અમુક વર્ગના માણસોને અમુક રીતેજ મદદ કરે છે.

એક ખેડુત પાસે અર્ધો વીઘો જમીન હોય, ઘેર ખાનાર દસ બાર હોય, અને ખેતીમાંથી થતી પેદાશથી તેના કુટુંબનું બે મહિના સુધી પણ પોષણ ન થઇ શકે તેમ હોય તો તે ખેડુત સહકારી સંસ્થામાં જોડાય એટલે એકદમ સુખી થઈ જાય એવું તો નજ બને. સહકાર મદદ કરેછે–બહુ અગત્યની મદદ કરે છે. પરંતુ તે એકલો સાવ ડૂબી ગયેલાં મનુષ્યોને તારવા ઘણીવાર અસમર્થ હોય છે. વળી અત્યંત ગરીબ માણસોનું ચારિત્ર પણ એટલું નબળું હોય છે કે સહકારી સંસ્થાઓના સભાસદ થવા જેટલી પણ લાયકાત તેમનામાં ઘણીવાર નથી હોતી. જોકે સહકાર મનુષ્ય જાતિનાં સર્વ અનિષ્ટોના નિવારણ માટે કોઈ અમૃતૌષધિ નથી, તોપણ સમાજને અનેક રીતે અત્યંત હિતકર અને વધારે પ્રચારથી વધારે ઉપયોગી થતી એક પ્રવૃત્તિ છે.

પ્રકરણ ૨જું

સહકારનું મૂળ તથા ટુંકો ઇતિહાસ

સહકાર્ય શબ્દમાં રહેલો તમામ અર્થ કંઇ એવી નવી વસ્તુ નથી જે નવિનતાથી આપણને વિસ્મય પમાડે. ઘણા જુના વખતથી એ શબ્દ ઉપયોગમાં છે અને રહેજ જુદા જુદા અર્થમાં વપરાતોજ આવ્યો છે. એ સંબંધી મૂળ વિચાર આપણા કુદરતી બંધારણમાં દ્રઢ રીતે સંકળાયલો છે. જ્યારે જ્યારે આપણને સમાજની અનિયન્ત્રિમત શક્તિઓ અને સાધનોને લાભકારક અને ઉપયોગીરીતે વ્યવસ્થિત કરવાની પ્રેરણા થાય છે ત્યારે ત્યારે અસલનાં તેમ નજદીકનાં સમયમાં પણ એનો અર્થ આપણને દૃષ્ટિગોચર થાય છે. અત્યારના સહકારીઓના મગજમાં જે આદર્શ હોય છે તેના જેવાજ--પ્રકારમાં ભિન્ન પણ તત્વમાં એકરૂપ–વિચારો આપણને આગલા જમાનાના પુરૂષો તથા તે વખતની સમાજોમાથી પણ મળી આવે. સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલા કેટલાક પુરૂષોની કૃતિઓમાંથી પણ સમાજની લાભકારક વ્યવસ્થા સંબંધી વિચારો મળે છે. પ્લેટો, સર થોમસ મોર, બેકન જેવાની કૃતિઓમાં કેટલાએ જગત્સુધારણા તથા સમાજને ભૂલમાંથી બચાવવા સંબંધીના વિચારો સ્પષ્ટ રીતે મળે છે. અને એ પુરૂષોએ તથા એમનાં જેવી બીજી વ્યકિતઓએ પણ એવા વિચારો કેટલીએ રીતે માણસોના મગજમાં મુકયા હતા. ઈ○ સ○ પૂર્વે ૪૩૦થી ઈ○ સ○ ૧૪૮૦ સુધીનાં લગભગ બેહજાર વર્ષ દર્મ્યાન એવા પુરૂષો સિધ્ધાંતદર્શી હતા પણ ત્યાર બાદનાં લગભગ એકસો સાઠેક વર્ષ દર્મ્યાન એવા સિધ્ધાંતોને અમલમાં મુકતી વ્યક્તિઓ પણ સ્પષ્ટ રીતે માલુમ પડે છે. પણ લગભગ ઇ○ સ○ ૧૭૭૨ સુધી આપણને હાલની સહકારી ચળવળ

માંનો સ્વાશ્રય અને સ્વસત્તા સંબંધીનો સિદ્ધાંત નહિ જેવા પ્રમાણમાંજ મળી આવે છે. ત્યાં સુધી વિચાર રજુ કરતી અને સમાજને નવિન તર ઘડતી રચનાઓ ફક્ત એટલું કરી શકીકે વિચારશીલ મનુષ્યના મગજમાં એથી ચોક્કસ ઠસ્યું કે મનુષ્યની બુદ્ધિ ગમે તેમ બનતી અથવા લઢાઇ ટંટાથી ઘડાતી સમાજ રચનાઓ કરતાં હરેક રીતે ઉચ્ચતર હોય એવી સ્વસત્તામય સમાજરચના યોગ્ય વ્યવસ્થાથી રચી શકે જે અમલમાં પણ આવી શકે. આ વિચારો, રચનાઓ, પ્રયત્નો ઉપરથી એટલું પણ સાબીત થાય છે કે મનુષ્યની એકત્ર થવાની વૃત્તિ પ્રબલ અને સાહજીક છે. એ વૃત્તિ મનુષ્યના જેટલીજ જુની છે. એ રચનાઓ વિગેરેને આપણે વિસ્તારથી વિલોકી શકીએ પરંતુ અત્યારે એ આપણને એટલું ઉપયોગી નથી.

આવી વિસ્તૃત દ્રષ્ટિથી સહકારનાં મૂળ ન શોધીએ તો પણ હાલની સહકારી ચળવળની ઉત્પત્તિ કેટલાક નિશ્ચિત રૂપોમાં પણ આપણને મળી આવે છે. આમાંના ઘણા ખરા પ્રકારો કુદરતી રીતે ખેતીવિષયક હતા. ઇટાલીની દાણાની બેન્કો મોન્ટેફ્રુમેનટીએરી-(**Monte Frumentarii**) અને સમ્રાટ્ જસ્ટીનીઅનની પોતાના રાજ્યનાં દરેક વિભાગમાં કોઠારો ઉભા કરવાની ઇચ્છાને લીધે સ્પેઇન અને પોરચુગાલમાં બનવા પામેલા આવાજ કોઠારો–પોઝીટોઝ–(**Positos**) (જે એક પ્રકારની સહકારી શાખવાળી મંડળીઓ હતી) તે ઉપરથી યુરોપમાં હાલ હસ્તી ધરાવતી ખેડુતોની સહકારી શાખવાળી મંડળીઓની રચના જોવામાં આવે છે તે થવા પામી એવી માન્યતા છે. આ સંસ્થાઓ ખેડુતોને પોતાના પાકની શાખપર નાણાં પૂરી પાડતી હોવાથી આ પોઝીટોઝને સ્હેજ વિસ્તૃત દ્રષ્ટિથી એક જાતની ખેતી વિષયક બેન્ક કહી શકાય એ ખરૂં છે; પણ મળતાપણું એટલેથી અટકે છે અને આધુનિક ખેતી વિષયક મંડળીનાં પ્રથમ પ્રચારકો આ સંસ્થાઓ સંબંધી માહિતી ધરાવતા હતા એમ માનવાને આપણી

પાસે કોઈ પણ પ્રકારનો પુરાવો નથી; ઉલ્ટું એમ પણ કહી શકાય કે એ સંબંધી એ લોકોને વિચાર તદ્દન સ્વતંત્ર રીતે પણ ઉદ્દભવ્યો હોય. ઘણા દૂર દૂરનાં પ્રદેશોમાં પણ આ વિચાર એમને એમ સ્ફુરેલો આપણને મળી આવે છે.

આગળના સહકારનો એક વધુ સારો દાખલો આપણને ફ્રુટેર્સ (Fruiti'eres) અથવા પનીર બનાવનાર મંડળોનો મળે છે. એ મંડળો થોડાક અનિશ્ચિત વખત સુધી ફ્રાન્સના બહુ પછાત વિભાગોમાં તથા બેસ્ક ટેકરીઓમાં (Basque Hills) હયાત હતાં. આગને હાલની મલાઈ, માખણ વગેરેમાંથી જુદીજુદી વસ્તુઓ બનાવનારી સહકારી મંડળીઓ (Creameries) ની આગલી સૂચક સંસ્થાઓ લેખી શકીએ કારણ એમનો હેતુ અને સ્વરૂપ એવુંજ હતું; પણ એમાં એકત્ર થવાનો પ્રકાર દૈવયોગ જેવી પસંદગી ઉપર રહેતો હોવાથી ત્હેમનો ઇતિહાસ ફક્ત આપણને થોડો માલ પેદા કરનારાઓ એકત્ર થઈ લાભ મેળવી શકે છે ત્હેની સાબીતિ સૂચવે છે.

બીજા કેટલાક ઇતિહાસકારો જુદીજુદી જાતની ગામડાંમાં રહેતી આગળની પ્રજાઓમાંના એકત્રસમૂહોમાં પ્રચાર પામેલા કેટલાક પ્રકારોને પણ સહકારી જેવા પ્રકારો હોવાનું જણાવે છે. રશિયાની મીર (Mir) નામની પ્રજા આનો જાણીતો દાખલો છે. તેમાં જમીનનો માલીક પણ એ એકત્રસમુહ (Community) હતો, અને એજ જમીન ખેડતો હતો. આ પ્રકારોને સહકારશોધક વૃત્તિનાં દાખલાઓ તરીકે જણાવવાએ તદ્દન વાસ્તવિક છે; પરંતુ એમને 'સહકાર' ના પ્રકાર તરીકે સ્વીકારવા યોગ્ય નથી અને વસ્તુસ્થિતિ વિસારી મુકવા જેવું છે કારણ એ એકત્રસમૂહોમાં વ્યક્તિને સભાસદ થવા સંબંધીની સ્વેચ્છાને કંઇપણ અવકાશ નથી જે સહકારી મંડળીની સૌથી પહેલી જરૂરીઆત છે. બીજું, યુરોપમાં આ એકત્રસમુહોનો ધીમે ધીમે સંખ્યા તેમજ ઉપયોગિતામાં ઘટાડો થયો છે જ્યારે જે

અર્થમાં આપણે સહકારને સમજીએ છીએ તે અર્થમાં સહકાર નિત્ય નવું ક્ષેત્ર મેળવતો ગયો છે. આવા સમૂહો તદ્દન સ્વેચ્છાવલંબી અને સહકારી પાયા પર ઉભા થયાના એક બે જાણવા જેવા દાખલા પ્રમાણમાં બહુ નજદીક સમયમાં પણ મળી આવે છે. આમાંનો સૌથી સફલ દાખલો હમણાની આયરીશ ખેતીવિ[illegible] સહકારી ચળવળનું સ્વપ્ન પણ નહોતુ ત્યારે આયર્લેન્ડમાં એક ખેતીપ્રધાન [illegible] ભાગમાં બન્યો. ઇ. સ. ૧૮૨૯ની કેટલીક ખેડુતોની અશાન્તિ અને [illegible] બળવાને લઇને જોહન સ્કોટ વેન્ડેલોર (John S[illegible] [illegible]lour) નામના એક મોટા જમીનદારે સહકારી એકત્રસ[illegible] [illegible] રવા કલેર પરગણામાંના (Co Clare) રાલાહીન ([illegible] [illegible]ne) નામનાં ગામમાં પોતાની મિલ્કતનો મોટો ભાગ જેમ્સ [illegible] ન[illegible] [illegible]ક અંગ્રેજને આપી દીધો. ગેલીકભાષા બોલતી, અ[illegible] [illegible] [illegible]લી, શંકાશીલ પ્રજામાં જઈ ક્રેગે એ મીલ્કત બધા વ[illegible] [illegible] [illegible] સાહસ કર્યું. આ ગાંડા જેવો લાગતો અખતરો [illegible] સફલ નિવડયો. બે વર્ષ સુધી એ મિલ્કત એવી રીતે [illegible] [illegible] [illegible]ડાયલા માણસોએ પોતાનું કામ ચુંટાયલી કમિટીના [illegible] [illegible] [illegible] માલિકને જમીન ભાડુ કાપી આપી નફો તેઓએ [illegible] [illegible] અને તમાકુ, દારૂ અને રાજકીય વાદવિવાદમાંથી તેઓ [illegible] [illegible]. આ અખતરાની નોંધવાલાયક બીના એ છે કે તેમાં [illegible] જગ્યાથી આવેલા મનસ્વી મનુષ્યો ન્હોતા પણ ક્રેગની [illegible] ઉપર વસનાર દરિદ્રતાથી પીડાતા ગણોત્યા અને મજુર વર્ગ[illegible] તે [illegible] સહકારશોધી પ્રયત્ન હતો. એની સફલતા કાયમ હતી તે દરમ્યાન જમીનના માલીક વેન્ડેલેરની જુગાર ખેલવાની બુરી આદતથી તે વખતનાં કાયદાની રૂએ તે અખતરો ધુળધાણી થઈ જવા પામ્યો અને દેવું ચુકવવા માટે એ મિલ્કત પરની તમામ માલમતા વેચાઇ ગઈ. આ છુટો છવાયો પ્રયત્ન હોઇ આધુનિક સહકારી હીલચાલ સાથે તેને બહુ થોડી લેવ

દેવા છે; ફક્ત એટલું છે કે ફ્રેગ આ અખ્તરામાં જોડાવા રોબર્ટ ઓવન જે આ ચળવળમાં મહત્વનો ભાગ ભજવે છે તેના દ્રષ્ટાંત ઉપરથી પ્રેરાયો હતો.

હિન્દમાં તો કેટલીક લાંબા વખતથી ચાલી આવેલી સંસ્થાઓમાં પણ 'સહકાર' સંબંધી આભાસ એક રીતે જોઇ શકાય. આપણું ગામડું તો હજુ પણ એકત્ર સમૂહનાં નામથી ઓળખાય છે. એ એકત્ર સમાજ કહેવામાં આવે છે અને કેટલાક અર્થશાસ્ત્રીઓને મન એમાં સહકારી આદર્શ ઘણો ઉંડો ગર્ભિત રહેલો છે. આપણી સંયુક્ત કુટુંબની સંસ્થા પણ કેટલાક અર્થશાસ્ત્રીઓનાં મતે સહકારી ધોરણ ઉપરજ મૂળ રચવામાં આવી હતી. તેમ આપણા ન્યાત જાતનાં વિભાગોમાં પણ એવોજ કોઇ આશય હોવાનું ઘણાં લોકો માને છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ એમ પણ માને છે કે એ વિભાગો આધુનિક સહકારના પ્રચાર માટે ઉપયોગી થઇ પડશે. આ સંસ્થાઓ દેશની સંગીન ઉન્નતિની દ્રષ્ટિએ એટલી બધી નુકશાન કારક હોય છે કે ખરી રીતે તો નાબુદ થવી જ જરૂરી છે. એ રચનાઓના મૂળ પણ જેટલે અંશે બીન કુદરતી છે તેટલે અંશે એમના પર કૃત્રિમ આવરણો એની મેળેજ પ્રવેશતા પામે છે. સહકારનો જે પ્રચાર આપણને જોઇએ છે તે એઓ નાબુદ થયે પણ યોગ્ય વ્યવસ્થાથી મેળવી શકાય—બલ્કે વધુ સારી રીતે મેળવી શકાય. જેમ યુરોપીય ઇતિહાસ પરથી આપણને આધુનિક સહકાર સંબંધી કેટલુંયે શિખવાનું મળે છે તેમ ત્યાંનો ઇતિહાસ આપણી સમાજ રચનાની યોગ્ય રીતે ફરી વ્યવસ્થા કરવા પણ પ્રેરે છે. પણ જે અર્થમાં આપણે અત્યારે 'સહકાર' સમજીએ છીએ તે અર્થમાં તો તે આપણને ૧૯ મી સદીનાં છેલ્લા ભાગમાં જ જડે છે; તે પહેલાં હમણાંની સહકારી મંડળી જેવી મંડળી જોવા જઇએ તો તે મળી શકે નહિ.

ઇ. સ. ૧૮૧૧ માં ચાર સહકારી દળવાની ઘંટીઓ ઇગ્લંડનાં ઉત્તર ભાગમાં થઈ. એનો ઉદ્દેશ ખાવાની રોટી (પાઉં) ની પડતી બેહદ કિંમત દૂર કરવાનો હતો. એ વર્ષમાં તેમાંની એકને તો યોર્ક શહેરનાં ઘંટીવાળાઓએ જાહેર નડતર રૂપ સિદ્ધ કરી હતી. નેપોલ્યન સાથેની લડાઇઓ અને ઔદ્યોગિક પરિવર્તનને લઇને ઈંગ્લંડની પ્રજામાં અશાંતિ અને ત્રાસ હતાં. તેવા સંજોગોમાંજ ખરી પ્રગતિ થઈ જે દરમ્યાન ચાર્ટીસ્ટો ઉદ્ભવ્યા, ટ્રેડ યુનિયનો સ્થપાયાં અને હાલનાં સામ્યવાદનાં જુદા જુદા પ્રકારો અસ્તિત્વમાં આવ્યા. જ્યાં જ્યાં સહકારી પ્રયત્નો થયા ત્યાં ત્યાં બધે શરૂઆતમાં તે તંગાશ–ગરીબાઇને આભારી હતા. આ વખતની ઇંગ્લંડની મુશ્કેલીઓ દરમ્યાન સુખી વર્ગમાં પણ કેટલાક નિસ્વાર્થી મનુષ્યો જન્મ્યા જે બધામાં રોબર્ટ ઓવન ખાસ અગત્યનો ભાગ ભજવે છે. તેનાં વિષે થોડીક વિગતો જાણવી ઉચિત છે. રોબર્ટ ઓવન તા. ૧૪ મી મેને જ ઈ. સ. ૧૭૭૧ માં વેલ્સમાં આવેલા મોન્ટગોમેરી શાયરમાં ન્યુટન ગામે જન્મ્યો હતો. એને લોકો દૂનિયાના વ્યહવારથી અજાણ પુરૂષ તરિકે ગણતા; તોપણ તે વખતમાં ઉદ્યોગનાં એક વ્યહવારૂ અને દીર્ઘદર્શી માલીક તરિકે તેણે ભાગ ભજવ્યો હતો. એણે મૂડી અને મજુરી ને કેવી રીતે સંયુક્ત કરવી તે બતાવી આપ્યું. અત્યારની કેટલીક માન્યતાની માફક તે વખતે પણ લોકો એમ માનતા કે મૂડીને જ તમામ નફો મળવો જોઇએ. અને મજુરી એટલે મજુર વર્ગે ફક્ત તેમને મળતી મજુરીથી જ સંતોષ માનવો જોઇએ. મૂડી ધરાવનારાઓની ફરજ માત્ર એટલીજ કે તેઓ એ લોકોને સંતોષી જીવન ગાળવા માટે ભાષણો અને બોધ આપે. ઓવન લોકોને પોતાનો ઉદ્યોગ બતાવનો એટલુંજ નહિ પરંતુ પોતાનાં કામદાર વર્ગની સ્થિતિ સારી છે, એમ બતાવવામાં પણ તે એક પ્રકારનું અભિમાન ધરાવતો. રસોઇને માટે સારા ઓરડાઓ, કેળવણી આપવા માટે વર્ગો, કેળવાયલા શિક્ષકો, ભાષણ આપવાના મકાનમાં વૈજ્ઞાનિક શોધખોળને અનુસરી સૌથી ઉત્તમ પ્રકારના સાધનો વિગેરે પોતાના કામદાર વર્ગ

માટે રાખતો. અત્યાર પહેલાં ઇંગ્લંડમાં કોઈ પણ વખત કામદાર પુરૂષ સ્ત્રીઓ, અને બાળકોની સામાજીક કેળવણી અને રમત ગમત માટે આવી વ્યવસ્થા થઇ ન્હોતી. આવી રીતે એ લોકોની સુખ સગવડ માટે પૂર્વ યોજના કરવાથી ઓવન નફો મેળવીજ શકયો પણ તે ઉપરાંત એ લોકોની શુભ લાગણી અને આભારથી તેમના તરફથી માન પણ સંપાદન કરી શકયો.

ઓવનનું મગજ મોટી મોટી રચના ઘડી કાઢવાની શક્તિ ધરાવતું હતું. એ રચનાઓને સમાજને લાગુ પાડવા એ હંમેશા ઇંતેજાર રહેતો. એની રચનાઓમાં એને પુરતી શ્રદ્ધા હતી. કેટલાક વિખ્યાત પુરૂષો એને એક પ્રકારનો નવું સમાજશાસ્ત્ર શોધી કહાડનાર તત્વચિંતક પણ માનતા.

સમાજ સુધારણાની તમામ વ્યવસ્થિત રચનાઓ એક પ્રકારના સત્તાધારી જેવા હિતચિન્તકોજ રચી કહાડે છે. મીસીસ સીડનીવેબ જણાવે છે કે એણે ચાર વર્ષ દરમ્યાન તમામ રોકલી મૂડી પર ૫ ટકાં આપતાં પણ ૧૬૦,૦૦૦ પૌંડ નફો મેળવ્યો; તથા એના કારખાનાની વેચાણ કિંમત એણે ૫૦ ટકા વધારી દીધી. એ ન્યુ લાનાર્ક (New Lanark)માં આવેલા કાંતવાના કારખાનાનો માલિક બન્યો ત્યાર પહેલાનાં એના ઇતિહાસમાંથી એટલું જાણવું જોઇએ કે પહેલાં એ એક છુટક વેપારીને ત્યાં ગુમાસ્તા તરીકે નોકરી કરતો હતો; ત્યારબાદ માન્ચેસ્ટરમાં યંત્ર બનાવવાના અને કાંતવાના એક ન્હાના કારખાનામાં થોડીક મૂડી બચાવી એક ન્હાનાં કામદાર તરીકે જોડાયો. એ મૂકી એક ન્હાનાં કારખાનામાં મેનેજર તરીકે રોકાયો. મેનેજરમાંથી એક બીજા કારખાનામાં ભાગીદાર તરીકે જોડાયો અને આખરે ન્યુ લાનાર્કના કારખાનાનો એકલો માલિક બન્યો.

પોતાના સિધ્ધાંતોનું સત્ય સાબીત કરી તેણે સરકારને તથા પોતા-ના જેવા બીજા માલીકોને પોતાના મતના બનાવવા મહેનત કરી

પણ એને પુરતી સફળતા નહિં મળી. એ પોતે પણ પરિણામો એટલા મ્હોટા પ્રમાણમાં લાવી શકયો નહિ; પરંતુ એક રીતે મૂડી અને મજુરી વચ્ચેનો હાલનો સંબંધ રચાવામાં બીજા કોઇ એક અંગ્રેજ કરતાં એની અસર વધારે અને દીર્ઘસ્પર્શી છે.

ઓવનના તમામ અમૂર્ત તર્કો (theories)નું મૂળ એ હતું કે જરૂરીઆતનાં પ્રમાણમાં સાધનો (Supply) વ્યવસ્થિત નહિં કરવાના પરિણામે પડતી કિંમતપર નફો મેળવવાથી સમાજપર એક નહિ ઇચ્છવા જોગ ભાર આવી પડે છે, અથવા તો બીજા શબ્દોમાં એ એક એવા પ્રકારનાં એકત્રસમૂહ (Community)ની ઇચ્છા રાખતો જે પોતાના પગપર ઉભો રહી પોતાની જરૂરીયાતનાં પ્રમાણમાંજ ઉત્પન્ન કરે અને મહેનત કરનારને ત્હેની મહેનતનાં પ્રમાણમાંજ—માલની ફેરફાર થવામાં બીજો કંઇ પણ નફો ચડાવ્યા શિવાય–બદલો આપે. આ ધારણામાંથી સહકારી સ્ટોર બીજા પગથીઆ તરીકે ઉત્પન્ન થાય છે ત્હેનો એને ખ્યાલ ન્હોતો; પરંતુ ત્હેનાં કેટલાક અનુયાયીઓ આ વિચારો વ્યવહારૂ રૂપમાં અમલમાં આવી શકે એ જોઇ શકયા. આમાંથી એક ચળવળ શરૂ થઇ, જે તેવખતે 'સંયુક્ત દુકાનો' (Union Shops) કહેવાતી.આમાંની સૌથી પહેલી ઇ૦ સ૦ ૧૮૨૮માં બ્રાઇટનમાં સ્થાપવામાં આવી. એના ચાલકો એનો ઉદ્દેશ જણાવતાં, 'અઠવાડિક થાપણો ભેગી કરી ફરી વેચાણ કરવા માટે માલ ખરીદીમાં રોકવાનો' ઇરાદો જણાવે છે. આ રચનાથી નીચેના હેતુઓ માટે મૂડી ઉભી કરવાનો ઇરાદો હતો.

'મંડળી પોતાના કેટલાક સભાસદોને કામમાં રોકી શકશે અને તેથી બહુ મ્હોટા પ્રમાણમાં ફાયદો થશે. જ્યારે મૂડી એવી રીતે પુરતા પ્રમાણમાં ઉભી થશે ત્યારે મંડળીએ વડે જમીન ખરીદશે, એના ઉપર ગુજરાન ચલાવશે, જાતે ખેડશે અને પોતાની ઇચ્છા મુજબ ઉદ્યોગ

'ઉભા કરશે. અને એવી રીતે તેમના ખોરાક લુગડાં અને ઘર સંબંધીની તમામ જરૂરીયાતો પુરી પાડશે. આ મંડળી પછી એક એકત્ર સમૂહ તરીકે ગણાશે.'

ઓવનના એકત્ર સમૂહની યોજના (Communism) અને અત્યારની એવી કવિત્વમય નહિં લાગતી સહકારી ચળવળ જે હયાત છે તેની વચ્ચે જરૂરી સાંધણુ આ અખ્તરો પુરૂ પાડે છે. બ્રાઇટનાં એ સહકારીઓએ ૫ પૌંડથી શરૂઆત કરી; થોડા વર્ષ સુધી જાણવા લાયક સફળતાથી દુકાન ચલાવી પણ જ્યારે તેઓ આ એકત્ર સમૂહ જેવું કરવા શકિતમાન્ થયા ત્યારે તેઓમાં કજીઓ પેદા થયો. અને એમાંનો એક વિભાગ પોતાના નફાના ભાગ વડે એક માછલી પકડવા માટેની હોડી (FishingBoat) ખરીદી છૂટો પડયો. દરમ્યાન તેઓનો દાખલો બીજાઓએ પણ મોટા પ્રમાણમાં અનુકરણ કર્યો; અને ઓવન જાતે (જેણે પ્હેલાં આ દુકાનો માટે બહુ ઉત્સાહ બતાવ્યો ન્હોતો) પણ રસપૂર્વક આ ચળવળમાં જોડાયો અને મજુરીનાં ધોરણપર વેપારના મથકો (Labour Exchanges જ્યાં મહેનતનાં ધોરણપર માલ ખરીદી અને વેચાણ થાય છે) સ્થાપી એને મજબુતિ આપી. ઇ૦ સ૦ ૧૮૩૨ સુધીમાં ૪૦૦૦થી૫૦૦૦સુધી સહકારી મંડળીઓ હસ્તી ધરાવતી હતી; પણ પછીનાં બે વર્ષમાં આખી ચળવળ પડી ભાંગી. આ ચળવળ પડી ભાંગવા માટે જુદાં જુદાં કારણો જણાવવામાં આવે છે. કાયદા તરફથી જોઇતા રક્ષણનો અભાવ, સભાસદોની બેવફાદારી અને બીન ધંધાદારી રીતિઓનું અનુસરણ. આ બધા તત્ત્વો રોકડેલ સ્ટોર્સમાં હતાં પણ ફેર એટલો હતો કે એ ભંડારોમાં બજારભાવે વેચાણ કરી ધંધાના પ્રમાણમાં નફાની વહેંચણી કરવામાં આવતી. આ યુકિતથી શેર ધરાવનારાઓ અને ગ્રાહકો વચ્ચે જે તકરાર પડતી તે દૂર થઇ અને પડતર કિંમતે વેચાણ કરવાથી જે નુકશાન વ્હોરવા જેવું સાહસ કરવું પડતું તે દૂર થયું. કોણે આ

રીતિની શોધ કરી તે આપણે જાણતા નથી પરંતુ રોકડેલ (Roohdale) નાં ૨૮ વણકરોનાં એક મંડળે એ અમલમાં મૂકી. તેઓએ ૨૮ પૌંડની મૂડી વડે ઇ૦ સ૦ ૧૮૪૪નાં ડીસેમ્બર માસમાં ટાડલેન નામની જગ્યોએ 'ધી રોકડેલ ઇકવીટેબલ પાયોનીયર્સ' એવું નામ ગ્રહણ કરીને દુકાન શરૂ કરી. આ અઠ્ઠાવીસ માણસોમાંના કેટલાક ઓવનના અનુયાયીઓ હતા, કેટલાક ચાર્ટીસ્ટો હતા, અને કેટલાક સમાજ સુધારકો હતા. તેઓએ અત્યારની સહકારી હીલચાલના તમામ જરૂરી તત્ત્વોનો પોતે ઘડેલા મૂળ નિયમોમાં સમાવેશ કર્યો હતો. એનો ઇતિહાસ લગભગ દરેક વર્ષે એક સરખી ફતેહ મેળવેલી જણાવે છે. સભાસદોની સંખ્યા વધતી ગઇ તેમ ધંધો પણ પ્રતિવર્ષ વધતો ગયો અને એકત્ર કરનારી મધ્યસ્થ સંસ્થાઓ (Federations) પણ સ્થપાતી ગઈ. અત્યાર સુધીના ઇતિહાસમાં ખેતીવિષયક સહકાર સંબંધી વાત આવતી નથી. કેટલાક એમ માને છે કે ખેતીવિષયક સહકાર જે પાછળથી વધ્યો તેને શહેરોમાંના સહકાર સાથે લેવા દેવા નથી અને એમ માને છે કે ખેતીવિષયક સહકારનાં મૂળને એની સાથે સંબંધ નથી, પણ પ્હેલાં એવી જે કાંઈ વ્યવસ્થા હતી તેટલા ઉપરથીજ એ વિષે પ્રથમ સૂચના થઈ હતી. રેફીસેનની શાખવાળી મંડળીઓ શિવાય આધુનિક ખેતી વિષયક સહકારે જાણ્યે અજાણ્યે આ રોકડેલનાં વણકરોની ચળવળથી શરૂ થતી શેહેરોમાંની સહકારી ચળવળ ઉપરથી પ્રકાર અને સિધ્ધાંતો ગ્રહણ કર્યાં છે. ઘણાખરા સુધરેલા દેશોમાં સ્વેચ્છા મુજબ સંયુકત થવાનો હકક જે આપણે દરેક નાગરિકનો સ્થાપિત હકક તરીકે ગણવા પ્રેરાઇએ છીએ તે પ્રમાણમાં થોડા સમયથીજ સ્વીકારવામાં આવ્યો છે તેથી પહેલાં સહકારી મંડળીઓની સ્થાપના થવી એટલી સ્હેલી ન્હોતી. આ ઉપરથી એમ લાગે છે કે અસલનાં વખતની 'ગ્રુટેસ' જેવી સંસ્થાઓ ઉપરથી આ ચળવળ ઉભી થઈ એમ માનવું ત્હેનાં કરતાં એ ચળવળને ઇંગ્લેંડમાંના મુક્ત થવા પામેલા મજુરોની હીલચાલપરથી વધુ પુષ્ટિ મળી એમ માનવું વધારે ઉચિત

છે. આ સંબંધી તમામ માન ઓવન અને રોકડેલ પાયોનીઅસને આપી શકાય નહિ કારણ ઓવનના પ્રયાસની સ્હેજ અસર થવા માંડી તેટલામાંજ દસેક વર્ષ પછી ફ્રાંસમાં એક જુદા પ્રકારની સંયુકત યોજના હસ્તીમાં આવી જે ફુરીએર (Fourier) અને બુશેઝ(Buchez) જેવા માણસોની મહેનતને આભારી હતી. એ લોકો આધુનિક ગીલ્ડનાં સિધ્ધાંતને મળતો—જનસમૂહની સેવામાં પ્રત્યેક વ્યક્તિનાં પોતાના વિકાસનાં ધોરણપર રચાયેલો–સામ્યવાદ શિખવવા મથતા હતા. આથી મજુર વર્ગની (Association ouverierе) 'આવાઅર્સ' નામના મંડળોમાં યોજના થઇ જેમને ઇંગ્લેંડમાં(Self governing workshops)પોતાની સત્તાના ધોરણવાળા કારખાનાઓ અથવા સહકારી માલ ઉત્પન્ન કરનારી મંડળીઓ(Co operative Productive Societies)એવા જુદા-જુદા નામથી ઓળખવામાં આવે છે. આમાંની ઘણીખરી મંડળીઓ નાના પ્રમાણમાં થઈ શકે એવા ઉદ્યોગો અને ખાસ કરીને જોડા બનાવવા જેવા વેપાર માટે થોડાજ વર્ષમાં થવા પામી. તેઓએ મધ્યમ વર્ગના (ખ્રીસ્તી) ક્રિશ્ચિયન સામ્યવાદીઓના નામથી ઓળખાતા એક વિભાગનું ધ્યાન આકર્ષ્યું. આ વિભાગમાં લડલો, વાંસીટાર્ટનીઅલ, ટોમ હ્યુજીસ અને કીંગઝલી અને મૉરીસ જેવા નામાંકિત નામોનો પણ સમાવેશ થાય છે, જેઓ આયર્લેંડના દુકાળ પછીના તંગાશના વખતમાં સામાજિક સુધારા પરત્વે ચર્ચા કરવા ભેગા થયા. આ લોકોએ ફતેહમંદ થતી પણ હજુ બાળક જેવી ઈંગ્લેંડની સહકારી ચળવળમાં પોતાની સત્તા મુજબનાં કારખાનાના સિધ્ધાન્તો ઉમેર્યા. આથી તે દિવસથી તે અત્યાર સુધી બે જુદા જુદા મત ધરાવનારાઓ વચ્ચે એક પ્રકારનો કલહ ઉદ્ભવ્યો–જે લોકો મનુષ્ય સંબંધી વાપરનાર તરીકેના ખ્યાલ પર ભાર મુકે છે તેમની તથા જે લોકો ઉત્પન્ન કરનાર તરીકેનાં-વિચારને વધુ અગત્યતા આપે છે એમની વચ્ચે–. ફ્રાંસ તેમજ ઈંગ્લેંડમાં વખતોવખત ઉત્પન્ન માટેની મંડળીઓની કંઇક લુલી સ્થિતિ માલુમ પડે છે, જેઓ ઘણીવાર મૂડી, રીતિ અને વ્યાજબી વ્યવસ્થાનાં અભાવે

નિષ્ફળ બની જાય છે. તો પણ એ ક્રિશ્ચિયન સામ્ય વાદીઓ(Christian Socialists) અને તેમના અનુયાયીઓ એમ પ્રતિપાદન કર્યે જાય છે કે સહકારની કોઇપણ યોજના જે મજુરીના ધોરણપર આધાર રાખતી નથી તેમાં નીતિનો ખ્યાલ હોતો નથી. આ વિવાદમાં અત્રે ઉતરવું જરૂરી નથી. ફકત એટલું જાણીએ કે આવું લુલાપણું ખેતી વિષયક સહકારમાં હોતું નથી પણ એને લગતી મંડળીઓનો પણ ઉત્પન્ન કરનાર મંડળીઓમાં સમાવેશ થવો જોઇએ અને હજુ પણ ખેતી વિષયક સહકારીઓ અને ઔદ્યોગિક સહકારમાં રસ લેતી વ્યક્તિઓ વચ્ચે જે કાંઇ માહ્યામાંહ્ય શંકાશીલતા અને ભિન્નતા જોવામાં આવે છે તે આ દુર્ભાગ્યશાત્ ઉદ્ભવેલા કલહને આભારી છે.

ઈંગ્લેંડમાં આ પોતાની સત્તાવાળા કારખાનાઓની ચળવળ શરૂ થઈ ત્યારબાદ થોડાંજ વર્ષમાં યુરોપની અંદર ખેતી વિષયક સહકારી ચળવળની પ્રથમ શરૂઆત જડી આવે છે. આપણને જોઇએ તેવી મંડળી રહાઇન (Rhine) નદીપર આવેલા એનહૅાસન (Anhausen) નામના ન્હાના ગામડામાં માલુમ પડે છે. તેમાં વસતી ખેડુત પ્રજાના લાભ માટે રેફીસેન નામના માણસે એ સ્થાપી હતી. એ શાખવાળી મંડળી હતી અને ઈ. સ. ૧૮૬૨માં સ્થાપવામાં આવી હતી.

રેફીસેન એક નિખાલસ સ્વભાવનો, પરગજુ, ધાર્મિકવૃત્તિનો ગામનો મુખી (Burgo master) હતો. એનું મન તે વખતની જર્મન ખેડુત પ્રજા અનેક અસહ્ય હાડમારીની ભોગ થઈ પડેલી જોઇને ઘણુંજ ખિન્ન થઇ ગયું. ઈ. સ. ૧૮૬૨ પહેલાં એણે કેટલાક વ્યવહારૂ પરોપકારી પ્રયત્નો કર્યા હતા પણ કંઈક અંશે એ પૂરા વિચારપૂર્વક ઘડાયા ન્હોતા; છતાં એણે છેવટે એવા સિદ્ધાન્તો શોધી કહાડયા કે એમની અસર લગભગ યુરોપના દરેક દેશપર થઈ

છે અને આજે એ સિદ્ધાન્તો મુજબ ચાલતી બેન્કો યુરોપીય દરેક દેશમાં મળી આવે છે. આ પ્રથમ પ્રચારકનાં કામકાજમાં ડેલિટ્ઝ નામના (Delitzsch) ગામનો એક શુલ્ઝ (Schulze) નામનો માણસ એનો હરીફ હતો. એ બન્નેના સ્વભાવમાં એકંદરે ઘણો ફેર હતો. એ પણ પરમાર્થી વિચારનો હતો પણ એના ચારિત્રમાં જુદા રંગો જડી આવે છે. રેફીસેનનું જીવન ખ્રીસ્તી ધર્મમાંથી મળતા સામાન્ય નીતિ સંબંધી ખ્યાલોથીજ બંધાયુ હતું જ્યારે શુલ્ઝ એક મક્કમ વિચારનો, બ્હોળા મનનો, રાજનીતિજ્ઞ પુરૂપ હતો. શુલ્ઝને મન બીજી તમામ વસ્તુઓ કરતાં વ્યવહારિક ફતેહજ ઉપયોગી લાગતી અને રેફીસેનનાં ધાર્મિક મન્તવ્યો વિષે એટલી હઠથી વિરૂદ્ધ પડતો કે જાણે જડ વસ્તુ શિવાય ઇશ્વરાદિ કોઇપિણ વસ્તુનું જ્ઞાન માણસને જરૂરનુંજ નથી એવું માનનારો લાગતો. તે વખતની હાડમારીમાંથી પ્રજાને મુકત કરવા તે પણ પ્રેરાયો અને શાખવાળી મંડળીઓવડે અજમાયસ કરવા લાગ્યો અને એમ લાગે છે કે રેફીસેન કરતાં એણે વ્યવહારમાં ફ-તેહ એક બે વર્ષ પ્હેલાં મેળવી. આ બન્ને પુરૂષો વચ્ચે એટલી હરિફાઇ ચાલી કે હળીમળીને કામ કરવાની વાત તો બાજુએ રહી પણ શુલ્ઝ જે એમાંથી વધુ લડાયક હતો તેણે તો રેફીસેનની મંડળીઓની પ્રગતિમાં જાણીબુઝીને આડખીલીઓ નાખવા પ્રયત્ન કર્યા. સદ્‌ભાગ્યે જરમનીમાં ક્ષેત્ર એટલું વિશાળ હતું કે બન્ને પુરૂષોની કાર્યશકિતને માટે પુરતો અવકાશ હતો અને જેમ જેમ તેમનાં વિચારો સુદ્રઢ થતા ગયા તેમ તેમ બે જુદા પ્રકારની વ્યવસ્થાઓ કુદરતી રીતે રચાવા પામી અને તેમનો માર્ગ જુદો પડયો. (Schulze Delitzsch) શુલ્ઝ–ડેલિટ્ઝ પ્રકારની મંડળીઓ શહેરમાં વસતા કારીગર વર્ગમાં વધુ પ્રચાર પામી જેમને એ પ્રકાર વધુ અનુકુળ હતો. એવી મંડળીઓ એવા વિભાગોમાં ધીમે ધીમે સ્થપાવા લાગી. હજુપણ એવી મંડળીઓમાં ખેડુતો પણ બહુ મોટે ભાગે સભાસદો હોય છે તથા ગામડાની પ્રજાની જરૂરીઆતોને એ પ્રકાર નથીજ અનુકુળ થઈ પડતો એવું નથી. પણ

રેફીસેન બેન્કો ગામડાની પ્રજાને ખાસ અનુકુળ થઈ પડે એવી હોય છે અને તેમની જરૂરીયાતોને પહોંચી વળે છે તેથી એવી બેન્કો ગ્રામ્ય વિભાગોમાં જોતજોતામાં પ્રસરવા પામી અને બે વર્ષ પહેલાં જર્મનિમાં તેની સંખ્યા લગભગ ૧૭,૦૦૦ની છે.

આ બન્ને સહકારી રચનાઓ દરેક અભ્યાસકને એટલી ઉપયોગી છે કે તેમને વિષે ટુંકો ખ્યાલ અહિં અસ્થાને નથી. અત્યારે જર્મનીમાં જોવામાં આવતી સહકારિતાનો મૂળ પાયો આ બે રચનાઓ વડે નંખાયોછે. તેમજ બીજા દેશોમાં પણ એની અસર એટલી બધી છે કે એ વિષે જાણવું ખાસ અગત્યનું છે. રેફીસેન વિષે કહેવાય છે કે એણે ખેડુતને પોલોનીઅસ*નાં નીતિવચન 'શાહુકાર પણ નહિં થા તેમજ કરજદાર પણ નહિ થા' જેવી દ્રઢ માન્યતા ધરાવતો જોયો. એણે તેમને બતાવી આપ્યું કે આ અમૂલ્ય લાગતા નીતસિદ્ધાંતમાંથી ચલિત થતાં પણ એમાં રહેલું ડહાપણ અને નીતિ જળવાઈ શકે તથા એમને લાભ પણ બહુ મોટા પ્રમાણમાં થાય. શુલ્ઝે યોજેલા પ્રકારે ખેડુતોને માટે ઘણું કર્યું છે અને એ ભવિષ્યમાં કદાચ હજુ વધારે કરશે. પરંતુ એકંદરે એનું વલણ અત્યાર સુધી ગામડામાં તથા શહેરોમાં વસતા ન્હાના ન્હાના કારીગર વર્ગને ખાસ લાભકારક માલમ પડયું છે. રેફીસેન તથા શુલ્ઝ બન્નેની મંડળીઓ પહેલાં તો અનિયમિત જવાબદારીના ધોરણપર સ્થાપવામાં આવી હતી. રેફીસેન મંડળીઓએ કોઇકવાર નજીવા ફેરફાર સાથે હજુ પણ આ નિયમ જાળવી રાખ્યો છે (સંસ્થા અથવા મંડળીને તમામ સભાસદો છુટા છુટા તેમ એકત્ર રીતે ત્હેનાં લ્હેણાં વિષે જવાબદાર રહે તેને અનિયમિત જવાબદારી કહે છે) પણ શહેરી વિભાગોની મંડળીઓને નિયમિત જવાબદારી વધુ અનુકુળ હોઇ તેઓએ એ રીતિ પસંદ કરી છે, શરૂઆતમાં જ્યારે પ્રથમ સંચાલકોએ પોતાનું કામ હાથપર લીધું ત્યારે

* કવિ શેકસપીયરના નાટકમાંનું એક પાત્ર.

આ બાબતમાં તેઓને બીજો માર્ગજ ન હતો કારણ તે વખતનો કાયદો સહકારી સંસ્થાઓને તેમના સભાસદોની જવાબદારી નિયમિત કરવા સંબંધી છુટ આપતો ન્હોતો. આથી કુદરતી પરિણામ એ આવતું કે વેપારીયોજનાઓ હાલની માફક સહેલાઇથી હાથ ધરાતી નહિ. ઇ. સ. ૧૮૮૯માં નિયમિત જવાબદારી મંડળીઓ બની શકવાનો કાયદો ઘડાયો અને ત્યારબાદજ હાલ જોવામાં આવતી સહકારી ખપત (supply) અને ડેરી સંબંધીની મંડળીઓ હાલની મધ્યસ્થ બેન્કના ફેડરેશનો સાથે ઉદ્‌ભવવા પામી.

આવી રીતે આપત્તિમાં લગભગ તરફડીઆ ખાતા ખેડુતને બચાવતા સહકારી સિદ્ધાંતે સચોટ અસર કરી ફાયદાઓ જણાવ્યા એટલે તરતજ એ સિદ્ધાંતને જરૂરીયાતો ખરીદ કરવા સંબંધી અને પેદાશની ચીજો હાથફેર થવામાં તથા વેચવામાં અજમાવવાની પ્રેરણા એની મેળેજ થઇ અને ત્યારથી સહકારી ચળવળ આધુનિક ખેતી વિષયક અર્થશાસ્ત્રમાં ચોક્કસ અને ઉપયોગી ભાગ ભજવે છે.

રેફીસેનનાં ચોકખા પ્રકારની મંડળીનું મુખ્ય સ્વરૂપ એ છે કે એમાં ત્હેના ફરજોની હદ શિવાય સભાસદોની જવાબદારી અનિયમિત હોય છે અને જ્યાં શેર વડે ઉભું કરેલું ભંડોળ હોય છે ત્યાં પણ તે નહિ જેવુંજ હોય છે અને તેના વહિવટનો ખર્ચ ઓછામાં ઓછો હોય છે–કારણ વહિવટની ગોઠવણ લગભગ હમેશાં મફત કરવામાં આવે છે અથવા કંઇક ઉપલક (Out of pocket) ખર્ચ માટે નામની રકમ તે માટે ખર્ચવામાં આવે છે. આવી મંડળી સહકારી મંડળીનો તદ્દન ચોકખો પ્રકાર જણાવે છે અને દેખીતી રીતે અમુક ભાગનાં ન્હાનાં ખેડુતોમાંજ સંભવી શકે છે જ્યાં દરેક માણસ બીજાને ઓળખે છે, એક બીજામાં વિશ્વાસ ધરાવે છે તથા વત્તાઓછા અંશે જ્યાં એક બીજા સરખી સ્થિતિમાં હોય છે. આથી આવી મંડળીઓનાં વ્યવહારનું ક્ષેત્ર કોઇ ન્હાના ભાગ અથવા ગામ જેટલુંજ વિશાળ હોય છે

અને ઘણે ભાગે એવી મંડળીઓ ગરીબમાં ગરીબ અને કેળવણીમાં પછાત ખેતી ઉપર ગુજરાન ચલાવતા પ્રદેશો અથવા જીલ્લાઓમાં સૌથી વધુ ફતેહમંદ નીવડી છે. આ મંડળીઓનો હેતુ બેવડો હોય છે. એકતો લાયક ખેડુતોને ઉત્પાદક કાર્યો માટે કરજે નાણાં આપવાનો અને બીજો તેઓમાં સહકારને ઉત્તેજન આપવાનો. કેટલીકવાર આ બીજું કારણ આધુનિક વિકાસને લીધે ભૂલાઈ જતું જોવામાં આવે છે પણ એ પ્રકારના પ્રથમ સંચાલકનાં ડહાપણ ભર્યાં મગજમાં એ હેતુ ઘણું કરી સૌથી પ્રધાનપદ ભોગવતો હતો. રેફીસેન જાનેજ એવી મંડળીઓને 'સેવીન્ગ્ઝ' અને 'લોન' બેન્કો–Savings & Loan Banks–(કરકસર અને ધીરધારની બેન્કો) કહેતો હતો અને કરકસર પર નિઃશંસય એ ભાર મૂકતો હોવો જોઇએ. આપણાં ગુજરાતમાં આવી રેફીસેન પ્રકારની મંડળીઓ છે જેનાં વહિવટ વિષે આપણને પુરતી માહિતી છે. કર્જ કેવા કારણ સારૂ આપવું, થાપણ સભાસદ, બીનસભાસદ પાસે કેવી રીતે ઉભી કરવી—કર્જ ફકત ઉત્પાદક કાર્ય માટેજ આપવું તથા એજ કાર્યમાં વપરાય છે એ સંબંધી દેખરેખ રાખવી તથા જામીન એટલે કેવા પ્રકારની શાખ લેવાય છે, વસુલાત નિયમસર હોવી જોઇએ વગેરે સંબંધી અહિં વધુ વિચારવાની જરૂર નથી. રેફીસેન મંડળીઓમાં કર્જ આપવાની હદ ૫ થી ૧૦ પૌંડ સુધીની હોય છે. ઓછામાં ઓછી હદ ૨ પૌંડ–૧૦ સી. ની હોય છે અને વધુમાં વધુ હદ ઘણે ભાગે ૫૦ પૌંડથી વધુ હોતી નથી. જેથી વધુ ધીરધાર સામાન્ય બેન્કીંગ સંસ્થાઓ કરે છે. વ્યાજનો દર જુદો જુદો હોવો જોઇએ. સ્થાનિક પ્રદેશમાં ચાલુ બજારી દર તથા થાપણ ઉપર આપવા પડતા દર પર લક્ષ રાખી તે મુકરર થાય છે.

થાપણ ઉપર આપવાના દર અને ધીરવાનાં કરજ ઉપર લેવાનાં દર વચ્ચે જો ૨ ટકા જેટલો ફરક હોય તો સામાન્ય રીતે પૂરતું થઈ પડે છે. ઘણી મંડળીઓ આ ફરક ૧ ટકા જેટલો ઓછો પણ રાખે

છે. પણ આથી વર્ષ આખરે નુકશાનનો સંભવ રહે છે તેથી એમ કરવું વાસ્તવિક નથી. આયર્લંડના અનુભવ પરથી લાગે છે કે થાપણ ઉપર આપવાનો દર ૪ ટકા અને કરજ ઉપર લેવાનો દર ૬½ ટકા હોયતો તે વ્યાજબી ફરક છે. જર્મનિના દરો પણ આને મળતાજ છે. હિન્દુસ્થાનમાં તથા રશિયામાં જો ૧૨ થી ૧૪ ટકાથી ઓછા દરે કરજ મેળવવા ખેડુતો શક્તિમાન્ નિવડે તો તેમણે પોતાની જાતને નશીબદાર ગણવી જોઇએ.

ટૂંકમાં આવી મંડળીઓની લેવડ દેવડ ન્હાનાં પ્રમાણમાં હોય છે અને તદ્દન સાદા પ્રકારની હોય છે પણ એ ઘણી સંભાળ અને કાળજી પૂર્વક થવાની જરૂર છે ખાસ કરીને એવી મંડળી એકમેકમાં સંપૂર્ણ વિશ્વાસ અને એક બીજા તરફ માનનાં ધોરણ વિના ફતેહમંદ નીવડી શકે નહિં. અને આમ હોવાથી એ મંડળી સૌથી મ્હોટા પ્રમાણમાં અન્યોન્યને મદદ કરવાની વૃત્તિને પોષે છે જે સહકારનુ ખરૂં નીતિ વિષયક મૂળ છે. રેફીસેને આજ બાબતની પોતાના પ્રથમ પ્રયત્નોમાં પ્રેરણા કરી હતી. એને સહકારની આધ્યાત્મિક—એને મન લગભગ ધાર્મિક–બાજુનીજ કિમ્મત હતી અને તેથી એ શેર વડે ઉભુ કરેલું ભંડોળ તથા મોટી રકમની પ્રવેશ ફી તથા નાણાં ખર્ચી વહિવટ ચલાવવો એ બધું પસંદ કરતો ન્હોતો. એને મન એ બધી વસ્તુઓ ફકત વેપારી વેડા જેવીજ હતી. તે વખતે જવાબદારી કાયદાના પ્રતિબંધને લઇને નિયમિત થઈ શકતી ન્હોતી તો પણ એને એ સંબંધી બીજો માર્ગ હોત તો એ એકત્ર અને છૂટી છૂટી અનિયમિત જવાબદારીનો સિદ્ધાંતજ સ્વીકારત. આ રીતિનાં ફાયદા એ છે કે એથી દરેક સભાસદને મંડળીનાં કાર્યમાં હાર્દિક હિત રહે છે અને દરેક સભાસદને પોતાના ભાઇબંધો–એટલે બીજા સભાસદો–ની વર્તણુક પર દેખરેખ રાખવાની એક પ્રકારની ફરજ પડે છે. આવી રીતે મંડળીનાં હેતુઓ યથાર્થ રીતે અમલમાં આવી શકે છે અને એથી ગરીબ વર્ગના લોકે

જેઓને કર્જ માટે પૂરતી શાખ આપવાનું સાધન હોતું નથી ત્યાં પણ એક પ્રકારની શાખ ઉભી થઈ શકે છે. આ ફાયદાઓ વિરૂદ્ધ એમ જણાવવામાં આવે છે કે એ ફાયદાઓ મોટે ભાગે સિદ્ધાંતમાંજ જણાય છે અને ખરી રીતે સભાસદોનો મોટો ભાગ કેવા પ્રકારનું જોખમ ખેડે છે તેનો ખ્યાલ કરતો નથી અને બીજી કેટલીક વજનયુક્ત વિરુદ્ધ દલીલો પણ જણાવવામાં આવે છે. આ દલીલો અહીં તપાસવી જરૂરી નથી પણ આપણે એટલું કહી શકીએ કે યુરોપમાં આધુનિક વલણ જોતાં આપણને લાગે છે કે અનિયમિત જવાબદારી બહુ અનુકુળ ગણાતી નથી, અને ધીમે ધીમે શેર વડે જવાબદારી નિયમિત કરવાની આધુનિક રીતિ વધુ પ્રચાર પામે છે. જર્મનીમાં પણ (જ્યાં રેફીસેન જન્મ્યો હતો અને જ્યાં એની અસર બહુજ સંગીન છે ત્યાં પણ) કેટલીક મંડળીઓ રૈફીસેન બેન્કોનું કામ ચલાવવા છતાં તેહેનાં સિદ્ધાંતોમાંથી ચલિત થઈ છે અને સારા પ્રમાણમાં શેર કાઢવાનું શરૂ કર્યું છે.

શુલ્ઝે એજ વખતે અને એવીજ ઢબપર કામ કરવાનું શરૂ કર્યું હતું પણ આપણે જોયું તેમ પાછળથી એનું વલણ વેપાર તરફ વધુ પ્રમાણમાં હતું. આ વલણથી એણે મંડળીનો એવો પ્રકાર બનાવ્યો જેમાં શેર મોટા પ્રમાણમાં હોય, દાખલ ફી પણ મોટી હોય, વહિવટ તદ્દન કેળવાયલા માણસોથી મેળવાય જેઓને પૂરતુ મહેનતાણું આપવામાં આવે, તથા નાણાં આપલે કરવાની રીતિ વેપારી બેન્કનાં જેવી હોય. આવા પ્રકારથી પરિણામ એ આવ્યું કે ટુંક વખત માટે કર્જ કાઢવાનું વધુ પસંદ કરવામાં આવ્યું જેથી નાણાંની હરફર બહુજ જલ્દીથી થાય અને નફો વધુ પ્રમાણમાં મળે. આથી એવી શુલ્ઝ મંડળીઓનો સભાસદ વર્ગ કુદરતી રીતે ખેડુતો કરતાં થોડો થોડો માલ ઉત્પન્ન કરનારાઓનો બન્યો. આવી મંડળીઓના મોટા ભાગે કાયદા તરફથી છૂટ મળ્યે તરતજ નિયમિત જવાબદારીનો સિધ્ધાંત

સ્વીકાર્યો. એવી મંડળીઓને રેફીસેન મંડળીનાં જેટલીજ ફતેહ મળી છે અને હમણાંનાં વર્ષોમાં સારી કેળવણી પામેલા અને આબાદી ભોગવતા ખેડુતો (ખાસ કરીને ઇટાલીમાં) એનો ઉપયોગ કરવા પ્રેરાયા છે. આ મંડળીઓનો સાધારણ હેતુ રેફીસેન મંડળીઓનાં હેતુને મળતોજ છે, પણ એમનાં સભાસદોની આવી વિવિધતાથી તથા ત્હેમનાં કામકાજનું ક્ષેત્ર વિશાળ હોવાથી એ મંડળીઓમાં દરેક સભાસદને પીછાનવું તથા તેનાપર દેખરેખ રાખવી વગેરે એટલી સારી રીતે બની શકતું નથી. કર્જ ઘણુંજ જૂદા જૂદા કામો માટે કાઢવામાં આવે છે. કારણની એટલી વિસ્તૃત તપાસ બાજુપર મુકવી પડે છે અને ત્હેને બદલે લેવામાં આવતી બાંહેધરી ઉપર વધુ વજન મૂકવું પડે છે જે હમેશાં માણસની શાખ અથવા જામીનવિષયકજ રહી શકતી નથી અને કઢાતા કરજનો ઘણો ભાગ કેટલીકવાર એટલી કિમ્મતની બીજી વસ્તુઓ મિલ્કત અથવા એવા બીજા પ્રકારની બાંહેધરી લીધા પછીજ આપવામાં આવે છે. આવું કર્જ મોટી રકમોમાં આપી શકાય તેમ પાછું ભરપાઇ કરવા માટે જૂદો જૂદો વખત પણ ઠરાવી શકાય. એ મંડળીઓનાં શેરો કેટલીકવાર દરેક ૫૦ પૌંડ જેટલી કિમ્મતનો પણ હોય છે.

રેફીસેનને ઇટાલીમાં એક વોલેમબોર્ગ (Woliemborg) નામનો અનુયાયી મળ્યો. ફ્રાન્સમાં ડુરાન્ડ (Durand) નામના પુરૂષે એના જેવું કાર્ય ઉપાડવાનું હાથ ધર્યું. પણ એ દેશમાં ખેડુત વિષયક શાખની મંડળીઓ (Crédit Agricole) ' ક્રેડીટ એગ્રીકોલ ' નામની પ્રજાકીય રચનાઓ સાથે સંયુક્ત કરવામાં આવી છે જે સંસ્થાઓ રેફીસેનના સિધ્ધાંતોનો ઉપરનો દેખાવ જાળવી રાખે છે પણ એ સંસ્થાઓમાં સરકારનો એટલો બધો હાથ હોય છે કે એ મંડળીઓ સરકારી ખાતાંઓ જેવી થઈ જવા પામી છે. હોલેન્ડ, બેલ્જીયમ, રશિઆ, સ્વિટ્ઝર્લૅંડ બધા દેશોમાં આ પ્રકારની મંડળીઓ મોટા પ્રમાણમાં છે.

ડેન્માર્કને આ પ્રકારની જરૂર પડી નથી. પણ આ પ્રકારની સૌથી હેરત પમાડતી ફતેહ હિંદુસ્તાનમાં જણાય છે જે વિષે આગળ આપણે જોઇશું. આ દેશની મંડળીઓનો મોટો ભાગ નજીવા ઉપલક ફેરફાર સાથે રૈફીસેન બેન્કો કહી શકાય. ઓસ્ટ્રીયા અને હંગરીએતો તમામ જર્મનિની સહકારી રીતિઓ અનુકરણ કરી છે એટલે આ પ્રકાર ત્યાં પણ છે. આયર્લંડના પછાત પ્રદેશોમાં આ પ્રકારની ખેડુતોને લગતી બેંકોએ બહુ મોટો ભાગ ભજવ્યો છે જો કે તેની સંખ્યા અને ઉપગિતા હવે ઓછી થતી જાય છે. પણ એ મોટે ભાગે વધતી જતી આબાદીને આભારી છે કારણ એને માટેની તરતની જરૂર એથી ઓછી થતી જાય છે. શુલ્ઝને પ્રમાણમાં થોડા અનુયાયીઓ મળ્યા. ઇટાલીની (Balanche Popolari) બ્લેન્શી પોપોલરી નામની મંડળીઓ જેની લ્યુઝેટી નામના માણસે મૂળ શરૂઆત કરી હતી તે એ પ્રકારને લગભગ તદ્દન અનુસરે છે—જો કે કેટલીક વિગતોમાં સ્હેજ સ્હેજ ફરક ધરાવે છે તો પણ ત્યાંની ગ્રામ્ય પ્રજાને આ મંડળીઓ બહુજ લાભ કારક નિવડી છે. અને કેટલાંક ગામડાંને લગતાં ન્હાનાં શેહેરોમાં એ મંડળીઓ ખેતી વિષયક જરૂરીયાતો પુરી પાડનારી (Supply) મંડળીઓ જે 'કોનઝોરઝી એગ્રેરી' (Consorzi agrari) નામનાં નામથી ઓળખાય છે ત્હેની સાથે મળીને કામ કરે છે અને કેટલીક વાર તો તેઓ એકજ મકાનમાં કામકાજ કરતી હોય છે. આ મંડળીઓની ફતેહ પણ સતત અને નોંધવા લાયક છે. ક્વીબેકમાં પણ (Desjardins) ડેસજારડીન્સ નામનાં પુરૂષે આ પ્રકારનું અનુકરણ કર્યું છે અને એવી લોકોની બેન્કોએ (People's Banks)ગ્રામ્ય તેમજ શહેરી વિભાગોમાં સારી ફતેહ મેળવી છે. આ પરગણામાંથી માસાચુસેટસ (Massachusetts) અને યુનાઇટેડ સ્ટેટ્સનાં બીજા વિભાગોમાંયે આની અસર પ્હોંચી છે.

રેફીસેન અને શુલ્ઝ પછીનો સહકારનો વિકાસ દરેક વર્ષે તપાસી શકવા પુરતા સાધનો નથી. દરેક દેશને લગતો હેવાલ એટલી

ચોક્કસ રીતે મળી શકતો નથી પરંતુ ત્યારબાદ સહકાર સુધરેલી દુનીયાનાં દરેક વિભાગમાં પ્રસરતોજ ગયો છે. ઇ. સ. ૧૮૮૪માં ફ્રાન્સમાં એવો કાયદો અમલમાં આવ્યો જેથી કામદાર વર્ગ પોતાના ધંધાને લગતા કામકાજ માટે અને તેઓનાં રક્ષણ તથા ત્હેમનાં ઉદ્યોગની ઉન્નતિ માટે એકત્ર થઈ શકે. આ ઉદ્યોગને લગતો કાયદો ઘડાતો હતો તે વખતે ધારાસભામાં એક પ્રતિનિધિએ આ કાયદો ખેડુતોને માટે પણ લાગુ કરવા સૂચવ્યું અને આ એક અકસ્માત જેવું થયા બાદ ત્યાં (**Syndicats agricoles**) સીન્ડીકેટ એગ્રીકોલસ–ખેડુતોનાં પ્રતિનિધિત્વવાળા મંડળો હસ્તીમાં આવ્યા. ઈ.સ. ૧૮૮૫ પછી આ ખેડુત વિષયક પ્રયત્નોને એકત્ર કરનારા મંડળો ફ્રાન્સનાં 'સહકાર'માં અગત્યનો ભાગ ભજવે છે. બેલજીયમમાં તો ઈ. સ. ૧૮૯૮ પછી સહકારી મંડળીઓની નોંધણી અને દેખરેખ અને ઔદ્યોગિક મંડળોની નોંધણીને લગતો કાયદો ઘડાયો જે ઘડવાની પ્રેરણા ફ્રાન્સનાં દાખલા ઉપરથી થઈ હોવી જોઈએ. પણ સંયુક્ત થવાનો હક ઈ. સ. ૧૮૮૧ થી આપવામાં આવ્યો હતો અને ત્યાં કેટલાક ખેડુતોનાં મંડળો હયાત હતાં જેમનાં કામકાજમાં ત્હેમનાં સભાસદોનાં ઉદ્યોગને લગતી લેવડદેવડનો સહકારી ધોરણપર વહિવટ ચલાવવાનો પણ ઉદ્દેશ હતો. આ મંડળો ઇ. સ. ૧૮૯૦ પહેલાં હયાત હતાં.

ઇટાલીમાં પહેલા (**Chambers of agriculture**)ખેતી વિષયક મંડળો હતા જે કોમીઝીએગ્રીકોલી (**Comizi Agricoli**) નાં નામથી ઓળખાતા અને અડધાં સરકારી ધોરણપર ત્યાંના ઘણા ખરાં ગામડાને લગતા શહેરોમાં હયાત હતાં.

જરમન પ્રેરણાથી લ્યુઝેટી અને વોલેમબોર્ગ બન્ને આધુનિક ચળવળનાં ત્યાં પ્રથમ સંચાલકો હતા અને ખાસ કરીને ધીરધારને લગતા 'સહકાર' માં તેઓએ ઘણું કાર્ય કર્યું છે. ત્યાર બાદ ઓસ્ટ્રીયા અને હંગરીએ લાંબું અંતર પડી ગયા પછી જરમનની ઢબ ઉપર સરકારી

કાળજી પૂર્વક દેખરેખ નીચે કામ ચલાવ્યું છે. હોલેન્ડ અને સ્વીટ્ઝર્લેન્ડ પણ ત્હેમની સહકારી હીલચાલ વત્તા ઓછા અંશે આવી ઢબ ઉપર એ વખત દરમ્યાન મજબુત બનાવતા ગયાં. હોલેન્ડમાં ધીરધારની મંડળીઓનો મોટો વધારો તદ્દન નજદીકનાં વખતમાંજ થવા પામ્યો છે.

આ ઈતિહાસમાં ડેનમાર્કની ચળવળ ખાસ રસ આપે એવી છે. એ સંબંધી સ્હેજ વધુ માહિતી આપણને કદાચ ઉપયોગી થઈ પડે. ઈ. સ. ૧૮૬૪ સુધી ડેન્માર્ક મોટે ભાગે તદ્દન ખેતી વિષયક દેશ હતો. એની મૂખ્ય પેદાશ ઘઉં તથા ઢોરોની હતી. અને ધંધો મોટા મોટા જમીનદારો ચલાવતા હતા. ઇ. સ. ૧૮૪૮ તથા ૧૮૬૪ માં જરમની સાથે બે લડાઈઓ થવાથી એણે પોતાનો થોડોક ફળદ્રુપ વિભાગ ગુમાવ્યો એટલુંજ નહિં પરંતુ એકદમ એ દેશનાં લાભકારક વેપારનાં મથકો સાથેનો વ્યવહાર બંધ પડયો. આથી એને પોતાની પ્રજાકીય સ્થિતિ નીભાવી રાખવા માટે મરઘાં પાળી ઇંડા મેળવી તથા ડુક્કરનું માસ વધુ પ્રમાણમાં ઉત્પન્ન કરી એ સંબંધી ઉદ્યોગ ખીલવી નાણાં ઉભા કરવાની ફરજ પડી. વળી યુરોપીય બજારમાં નવા શોધાયલા અમેરીકાના પ્રદેશોમાંથી સસ્તુ ધાન્ય એકદમ આવી પડવાથી યુરોપનાં તમામ ખેડુતોને નુકશાન થયું. ત્હેમાં ડેન્માર્કને ખાસ ફટકો લાગ્યો. વળી ઈ. સ. ૧૮૮૦ માં એટલે એ અરસામાંજ દેશની બેન્કો ડુલ થવાથી પણ શોષણા વધી અને **गण्डस्योपरि स्फोटः** જેવું થયું. જો ઉપર જણાવેલા ઉદ્યોગ ખીલવવા તરફ ડેઈન્સ લોકો ધ્યાન ન આપત તો દેશ પાયમાલ થવા પામત. ડેઈન્સ લોકો હુશીયાર વ્યવહાર કુશળ અને કરકસરીઆ હોય છે. તેઓએ તાબડતોબ આ મુશ્કેલીમાંથી મુકત થવા પ્રયત્ન કર્યો. ઈ. સ. ૧૮૮૦ પછીનો ત્હેમનો ઇતિહાસ એક સરખી ફતેહ જણાવે છે. ત્યારથી અત્યાર સુધી તેઓએ આ બધી ખાણુંને લગતી ચીજો સંબંધીનો ઉદ્યોગ ખીલવી ખાસ કરીને

ઈંગ્લેન્ડને પૂરી પાડી અને એમ કરવામાં તેઓએ સતત્ ફતેહ મેળવી છે જે તેઓનાં દૃઢ નિશ્ચયની પણ સાક્ષી પૂરે છે.

ત્યાંનાં લોકો સમજી શકયા કે ચીજની જાત અને બને ત્યાં સુધી જથામાં એક સરખાપણું રાખ્યાથીજ બજારમાં પોતાની વસ્તુઓની માગણી ખાસ જાળવી શકાય છે. આ પરિણામ બધા ખેડુતોની વ્યવસ્થા કર્યા શિવાય આવી શકે નહિં. આથી તેઓ એ પ્રત્યેક ખેડુતને વ્યવસ્થિત કર્યો અને સહકારી મંડળીઓ સ્થાપી એટલુંજ નહિં પણ આ મંડળીઓની વળી ઉત્પન્ન ખરીદવા તથા સંઘરી વેચાણ કરવા એ બન્ને કામકાજ માટે મધ્યસ્થ એકત્ર કરતી સંસ્થાઓ (**Federations**) માં યોજના કરી. આ ઉપરાંત કેટલીએ કમીટીઓ સ્થાપી. એમની ફરજ બીજા દેશનાં બજારોમાંના ભાવતાલ ઇત્યાદિ સંબંધી પ્રત્યેક મંડળીને માહિતી આપવાની તથા ધંધાની આબાદાની માટે બીજી જે કાંઇ સલાહની જરૂર પડે તે પૂરી પાડવાની છે. ઈ. સ. ૧૮૮૨માં આધુનિક સહકારી ધોરણ ઉપર માખણ ઇત્યાદિ બનાવનારી મંડળી (**Creamery**) હયાતીમાં આવી, ઈ. સ. ૧૯૧૪માં એવી મંડળીની સંખ્યા ૧,૧૬૮ની હતી અને એનાં સભાસદોની સંખ્યા ૧૫૭,૦૦૦ની હતી. આ વખતે આખા દેશમાં મૂડીનાં ધોરણપર ચાલતી મંડળીની (**Joint stock concerns**)સંખ્યા ફક્ત ૧૯૬૪ હતી તથા બીજા માલિકો ચલાવતા હોય એવી મંડળીઓ ફક્ત ૧૬૪ હતી. ઈ. સ. ૧૯૧૪માં ૧૦,૦૦૦,૦૦૦ પૌંડનું માખણ ડેન્માર્કે નિકાશ કર્યું હતું જેમાંનુ ઓછામાં ઓછું ૮૦ ટકા જેટલું તો સહકારી મંડળીઓ વડેજ થયું હતું.

બીજા દેશની મંડળીઓમાં અને આ મંડળીઓમાં કંઇક ફરક છે. આ લોકો શેરનું ભંડોળ રાખતાજ નથી. શરૂઆતમાં મંડળી ઉઘાડવા માટે તેઓ બેન્કમાંથી પૈસા લે છે. આ તેઓ છૂટી છૂટી

અને એકત્ર જવાબદારી પોતાનાં સભાસદોની આપી ઓવરડ્રાફ્ટવડે (જમા હોય ત્હેનાં કરતાં વધુ પૈસા ઉપાડવા તે) મેળવેછે જે ડ્રાફ્ટ તેઓ વાર્ષિક નફામાંથી થોડાએક વખતમાં ભરપાઈ કરે છે. ત્યારબાદ નવી બાંહેધરી ઉપર નવો ડ્રાફ્ટ મેળવે છે. કામ પુરતું ભંડોળ તેઓ દાખલ ફી, દંડ ફી ઇત્યાદિમાંથી તથા દુધ અને માખણમાંથી જુદાં પડતાં તર વિગેરે સભાસદને પાછું આપી તેમાંથી ઉભું કરે છે. આ ક્રીમરીઓની વ્યવસ્થા સમજવી ખાસ આનંદ આપે એવી છે પરંતુ અહિં આપણો વધુ વખત લે. તેમ પ્રતિવર્ષ કેટલી કેટલી પ્રગતિ એ લોકોએ કરી એ સંબંધી આંકડાઓ તપાસી જોવા પણ ઉત્સાહ આપે એવા છે પણ ટૂંકમાં એ ક્રીમરીઓને કેવી કેવી મંડળીઓ અને કમીટીઓ મદદ કરે છે તેમાંની કેટલીક નીચે જણાવી છે એ ઉપરથી આપણને ત્યાં સહકારે કેટલો વિકાસ કર્યો છે ત્હેનો કંઇક ખ્યાલ થશે.

૧. ક્રીમરીનાં મેનેજરોનાં પચ્ચીસ એકત્ર મંડળોની કોપનહેગનમાં મધ્યસ્થ કમીટી છે. લગભગ આખો દેશ એનો લાભ લે છે.

૨. ક્રીમરીનાં જીલ્લા માટેનાં એકત્ર મંડળો ૧૫ જીલ્લામાં છે જે બધાં વૈજ્ઞાનિક શોધખોળથી માખણ સુધારવાનું, માહિતી પુરૂ પાડવાનું, ગાયનાં પોષણ સંબંધી શિક્ષણ આપવાનું ઇત્યાદિ એવું બીજું કામ કરે છે. એમની પણ એક મધ્યસ્થ કમીટી કોપન હેગનમાં છે.

૩. એક સહકારી મધ્યસ્થ યુનીઅન કમીટી છે જેમાં ઉપલી મંડળીના બે સભાસદો વ્યવસ્થાપક કમીટી ઉપર નીમવામાં આવે છે આ કમીટી સહકારી ચળવળની બીજી પ્રવૃત્તિઓ સાથે આ ક્રીમરીઓને એક પ્રકારનું સાંધણ પૂરૂ પાડે છે.

૪. ઈ. સ. ૧૯૦૧માં ચીઝ (પનીર)ની પેદાશને ઉત્તેજન આપવા એક મંડળી સ્થાપવામાં આવી હતી.

૫. ક્રીમરીઓમાં કામ કરનાર નોકર વર્ગ વળી એક મિત્રમંડળ પણ છે (**Friendly society**) જેનો વહિવટ મોટે ભાગે મેને-

જરોનું ઉપર જણાવેલું મંડળ કરે છે. એનો હેતુ નિરાધાર બાળકો વિધવાઓ તથા માંદગીના દાખલાઓમાં નાણાં પૂરા પાડવાનો છે

૬. ઉપરનાની ઢબ ઉપર ચાલતું એક અકસ્માતનો વિમો ઉતારનાર મંડળ પણ છે.

૭. ઈ. સ. ૧૮૯૮માં એક મંડળ પણ સ્થાપવામાં આવ્યું જેનું કામ જુદી જુદી ક્રીમરીઓનાં હીસાબો તથા હેવાલો તપાસી, સરખાવી પ્રસિધ્ધ કરવાનું છે જેથી પેદાશનાં તથા વહિવટનાં ખર્ચ સંબંધીનાં પ્રશ્નો બરાબર સમજાય. આ મંડળીને સરકાર તરફથી વર્ષ દહાડે ૩૩૦ પૌંડ મળે છે.

૮. દેશનાં જુદા જુદા વિભાગોમાંથી ત્રણ સભાસદો ચુંટીતહેની એક કમીટી બનાવી છે જે મંડળીઓની હિસાબ રાખવાની રીતિમાં સુધારા કરવા જેવુ જે કાંઇ હોય તે જણાવે છે તથા માખણ અને પનીરનાં પ્રદર્શનો ભરવામાં મદદરૂપ થઇ પડે છે. આ કમીટી દરમહીને એકવાર મળે છે તથા જુદી જુદી મંડળીઓની આવેલી ખબરો અને મધ્યસ્થ મંડળીઓએ કરેલી સૂચનાઓ ઉપર વિચાર ચલાવે છે.

૯. રાજ્યધાનિ કોપનહેગનમાં એક જથાબંધ બટરનાં ભાવતાલ જણાવનારી મંડળી પણ છે. આ કમીટી મહીને એકવાર મળે છે અને ચાલુ અઠવાડીઆ માટે માખણનો ભાવ ઠેરવે છે. આ ભાવ ઉપરજ મુખ્યત્વે માખણનું વેચાણ બધી ક્રીમરીઓ કરે છે.

૧૦. એક એવી મંડળી પણ છે જે માખણનાં ભાવતાલ સંબંધી દરો ભેગા કરે છે અને જેનો ખર્ચ સરકાર આપે છે.

૧૧. એક **The Danish Fire and accident Insurance Association** (ડેન્કમાર્કનું આગ તથા અકસ્માતનો વીમો ઉતારનારૂં મંડળ) પણ છે.

ઉપર જણાવ્યા ઉપરાંત ક્રીમરીઓમાં બનેલા માખણનાં વેચાણ માટે આઠ એકત્ર મંડળો છે, જેઓ એક બીજા સાથે હરીફાઇથી

નહિં પણ હળીમળીને પોતાનું કાર્ય કરે છે. એક જાણવા લાયક બીજું ફેડરેશન (એકત્રમંડળ) કોપનહેગનમાં સ્થાપવામાં આવ્યું છે જેનો હેતુ ક્રીમરીઓનાં વહિવટમાં જોઈતી ચીજો ખરીદવાનો છે. દરેક સંયુક્ત ક્રીમરી પાંચેક પૌંડ જેટલી બાંહેધરી સ્વીકારે છે અને બીજી કોઈ જગ્યાથી નહિં ખરીદવું એવી શરત કરે છે. એક બીજું મંડળ પણ પ્હેલા હતું જે ત્યાંની ક્રીમરીઓનાં માખણની જાતપર પોતાનાં દેશનો સીક્કો લગાવે છે. આથી બીજા દેશમાં અને ખાસ કરી ઈંગ્લેન્ડમાં એ માખણની પ્રતિષ્ઠા વધી. પછી ઈ. સ. ૧૯૧૫માં એની જરૂર ન રહી કારણ રાજ્યે ટ્રેડ માર્ક (વેપાર માટેનો સિક્કો) લઈ લેવાથી એવા દેશનાં સિક્કાની જરૂર ન રહી. આથી જણાય છે કે ડેનમાર્કનાં સહકારીઓએ આ ડેરીને લગતા ધંધાનો દરેક વિભાગ સંપૂર્ણ પણે ખીલવ્યો.

આ ડેરીનાં ધંધામાંની ફતેહથી કુદરતી રીતે કુકકર પાળવાનો ધંધો પણ એટલોજ વધ્યો. એમાંથી પેદા થતી વસ્તુઓ બહુજ ઉપયોગી હોય છે. ઈ. સ. ૧૮૬૧માં કુકકરોની સંખ્યા ૩૦૦,૦૦૦હતી ત્યાંથી વધી ઈ. સ. ૧૯૧૪માં ૨,૫૦૦,૦૦૦ની થઈ. આ બધાં કુકકરોનો મોટો ભાગ બહાર બેકન નિકાશ કરવા માટે હોય છે. પોતાને ત્યાં બેકન કરતાં સોંઘા ખોરાકથી તેઓ સંતોષ માને છે. માખણ બહાર મોકલી ફકત એક ચરબીવાળા પદાર્થ (મારગેરાઈન)થી પણ સંતોષ માને છે. ઈ. સ. ૧૮૬૫ પ્હેલાં જે કાંઈ કુકકરો દેશમાં હતા તે બધાં જરમની જીવતાં મોકલવામાં આવતા હતા. પણ કેટલાક આ વેપારને લગતા એની વિરૂધ્ધનાં કાયદાઓ હસ્તીમાં આવતા ત્યાંના લોકોને ઈંગ્લેન્ડની બજારમાં 'બેકન' મોકલવાની જરૂર પડી. કુકકરનો પ્રકાર ફેરવવાની પણ જરૂર પડી અને સરકારી તેમ બીનસરકારી જે સંસ્થાઓને આ લાગુ પડતું હતું તેમણે બન્નેએ ખંતપૂર્વક આ ફેરવવાનું કામ હાથપર લીધું. ત્યાર બાદ વેપારની એવી રીતેં વ્યવસ્થા કરવાની રહી કે એ પેદાશની જાત ઉંચા પ્રકારની અને એકસરખી

રહે. તેમ ખેડુતને એ પેદાશ તથા એને લગતી એની બીજી પેદાશ માટે પૂરેપૂરી કિમ્મત મળે. સહકારી ક્રીમરીઓની ફતેહથી આ વ્યવસ્થા કરવા સંબંધી સૂચનાઓ મળી.

વળી થોડાક. આ સંબંધીનાં ખાનગી કારખાનાઓનાં માલિકો પોતાનાં જાણે સ્વર્ગમાંથી મળેલા ઇજારા વડે બીજા લોકોને ચૂસી નાંખવા જેવું જે કરતા હતા તેથી પણ આ ધંધાની વ્યવસ્થા કરવા વધુ પ્રેરણા થઈ. આ ધંધો ડેન્માર્કમાં કેવી રીતે પ્રચાર પામ્યો તે પણ ક્રીમરીઝના ઇતિહાસની માફક જાણવું ઉપયોગી છે. એ ધંધામાં ક્રીમરીઝ કરતાં વધુ મૂડીની જરૂર પડતી તેમ એ સંબંધી મંડળીઓ ચલાવવા માટે વધુ કેળવાયલી બુદ્ધિની જરૂર પડતી પણ ત્યાંનાં સહકારીઓ એટલા દૃઢનિશ્ચયી હતા કે આ બધી મુશ્કેલીઓ છતાં ધીમે ધીમે પ્રગતિ કરવાને બદલે થોડો વખત તો ખૂબ ઝડપથી ત્હેમણે કામ કર્યું. ખાનગી વેપારીઓ તરફથી પણ આ ધંધામાં તકલીફ નડી અને એમણે સહકારને શરૂઆતમાંજ વધુ કિમ્મત આપી જરૂરની ચીજો ખરીદી લેવામાંડી અને પૂરૂપાડનારાઓને લાલચથી બેવફા બનાવવાનો પ્રયત્ન આદર્યો. પણ ત્યાંના ખેડુતો દીર્ઘદ્રષ્ટિવાળા, અને વફાદાર હોય છે તેથી એ લોકો સફલ નહિં નિવડયા. સહકારી પેદા કરનારી મંડળીઓ ડુક્કરો માટે વજન તથા જાતનાં ધોરણપર પૈસા આપી શક્યાં જે વેપારીઓ કરી નહિં શકયા. વળી ત્યાં પૂરતી શાખ મેળવવા સંબંધીની તથા કારખાનાનાં વહિવટ માટે કેળવાયલા કામદારો મેળવવાની તકલીફનું પણ એની મેળેજ નિરાકરણ થઈ ગયું તેથી અત્યારે એવી હરીફાઈ કાંઇક અંશે જારી રહી છે તો પણ સહકારી મંડળીઓએ પોતાની મહત્તા સિદ્ધ કરી છે અને એ ઉદ્યોગનો મોટો ભાગ તેઓ ચલાવે છે. ટૂંકમાં એ ચળવળથી ડુક્કરોની સંખ્યા અને ઉપયોગિતામાં બહુજ વધારો થયો છે. ડુક્કરોની જાત સુધારવામાં આવી છે અને એ વડે બનતી તમામ ઉત્પન્નનો સંપૂર્ણ ઉપયોગ થયો છે. ઇ. સ. ૧૯૦૫માં આવા સહકારી

કારખાનાઓની સંખ્યા ૩૦ હતી. દર કારખાનાદીઠ તેઓએ આશરે ૩૭,૮૧૩ ડુક્કરો ઉપયોગમાં લીધા હતા. મંડળીનાં સભાસદોની સંખ્યા ૭૦,૦૦૦ની હતી. ઈ. સ. ૧૯૦૯માં આવા ૩૪ કારખાનાં હતાં જેમાં સભાસદોની સંખ્યા ૬૬,૦૦૦ની હતી અને મારેલાં ડુક્કરોની સંખ્યા ૧,૩૬૨,૫૦૦ હતી. ત્યાંની મંડળીઓ રાબેતા મુજબ એક ફેડરેશનમાં સંયોજીત બની જે ફેડરેશન કાયદા સંબંધી મંડળીઓનું હિત જાળવે છે. પેદાશનું ધોરણ દરેક રીતે જાળવી રાખવા મહેનત કરે છે, લઈ જવા લાવવાનાં સાધનોમાં સુધારો કરવા તરફ લક્ષ આપે છે, મજુરી સંબંધી ઉપસ્થિત થતા પ્રશ્નો ઉકેલવા કાળજી રાખે છે, આંકડાઓ ભેગા કરે છે તેમ કેટલાક બહુ જરૂરનાં કામદારોને સિદ્ધાંતો તથા ધંધાને લગતી તાલીમ આપી કેળવે છે. એ ફેડરેશને એવો ઠરાવ કર્યો છે કે એ માંહેલી કોઈપણ મંડળીને કામદારોની હડતાળથી ખોટ જાય તો તે બદ્ધી મંડળીઓએ ભોગવવી તેમજ એવી હડતાળ તોડી પાડવા માટે કામદારો પુરા પાડવા પણ દરેક મંડળી બંધાય છે. આ ઠરાવથી બહુ ઉપયોગી પરિણામો આવી શકયા છે. કામદાર વર્ગનાં વિમા ઉતરાવા વિષે પણ ત્યાં એક સંપૂર્ણ વ્યવસ્થા છે. વાર્ષિક બેકનનાં પ્રદર્શનો ભરવામાં આવે છે તેમજ સામાન્ય રીતે તેઓ આ ધંધા સંબંધીનું તમામ કામકાજ સંપૂર્ણ ચોકસાઇ, કીફ્રાયત, અને કુશળતાથી ચલાવે છે.

આ ઉપરાંત ડેનીશ સહકારી ચળવળનો બીજો ઉપયોગી વિભાગ એકત્ર રીતે ખરીદી કરવા સંબંધી છે. ત્યાંનાં લગભગ દરેક ગામડાને ખેતીવિષયક ઉત્તમ પ્રકારની જરૂરીયાતો મેળવી શકવા માટે પુરતા સાધનો રાખવામાં આવ્યા હોય છે જે તેઓ ઓછામાં ઓછે ભાવે મેળવી શકે છે. પ્હેલાં જુદા જુદા પરગણાઓમાં ન્હાની ન્હાની મંડળીઓ ઉભી કરવામાં આવી હતી જ્યાર બાદ ત્હેમનાં ફેડરેશનો બનવા પામ્યાં. અત્યારે ત્યાં એવાં એકવીશ ફેડરેશનો છે. અહિં પણ સભાસદો મંડળીની નાણા વિષયક જવાબદારી એકત્ર અને જુદી જુદી રીતે માથે લે છે અને થોડાક વર્ષો સુધી તમામ ધંધો એમની મારફત કરે છે. આટલા

મોટા પ્રમાણમાં મધ્યસ્થ મંડળીઓ ધરાવવાની સવડતા ડેન્માર્કને પોતાની જુદાજ પ્રકારની ભુગોળ વિષયક સવડને લીધે છે. એનો ઘણો ભાગ સમુદ્રની નજદીક છે અને એના વિભાગો ન્હાના ન્હાનાં ટાપુઓનાં બનેલા છે પણ ત્યાંના લોકો માંહોમાહ્ય હરીફાઈ અગર એક બીજાની વચ્ચે પડવા જેવું કરતા નથી અને ત્યાંના મેનેજરો (વહિવટ ચલાવનાર મુખ્ય માણસો) કોપનહેગનમાંની મધ્યસ્થ કમીટીઓ મારફત એક બીજા સાથે હમેશાં સંસર્ગમાં રહે છે.

આવી એક મધ્યસ્થ એકત્ર કરતી સંસ્થા (**Federation**) વિષે સ્હેજ વધુ જાણીએ. આ મંડળી ડેન્માર્કની સહકારી જથાબંધ વેચાણની મંડળી (**Co-operative whole sale Society of Denmark** છે)એ ચીજોની વ્હેચણી કરતા સ્ટોરો માટે જથાબંધ ખરીદી મેળવી આપવાનું કાર્ય કરે છે. મોટે ભાગે ઘરગથ્થુ જરૂરીયાતોની ચીજો સંબંધી ધંધો કરે છે તેથી મેન્ચેસ્ટરમાંની એવી મંડળીને મળતી આવે છે પણ ડેન્માર્કની પ્રજા મુખ્યત્વે (એટલે ૮૬ ટકા જેટલી) ખેતી વિષયક હોઈ એનાં સભાસદો ખેડુતો હોય છે. આથી વ્હેંચણી સંબંધી મંડળીઓને એવી ઘરગથ્થુ ચીજો ઉપરાંત ખેતીને લગતી ચીજો રાખવાની પણ ફરજ પડે છે. કેટલાંક ફેડરેશનો પોતાના સભાસદો માટે 'બી' ઉગાડવાનું કાર્ય કરે છે અને એથી એઓએ આ મંડળીને 'બી' પુરૂ પાડવા નહિં દેવા સંબંધી કંઈક તકરાર ચલાવી પણ આ તકરાર બંન્ને વચ્ચે સમજી લેવામાં આવી હતી. ઈ. સ. ૧૯૧૩માં આ મંડળીને ૧,૩૦૦ વ્હેંચણી સંબંધીની મંડળીઓ સંયુક્ત થયેલી હતી. એનો વેપાર ૨૮,૦૦,૦૦૦પૌંડનો હતો અને એની પાસે મ્હોટું અનામત ભંડોળ (**Reserve Fund**) હતું આ મંડળી દરેક સભાસદ મંડળી પાસેથી દર વીસ સભાસદ દીઠ ૫ પૌંડનો શેર ખરીદાવે છે. સભાસદ મંડળીઓએ એની મારફતજ ખરીદવું ફરજીયાત નથી પણ સામાન્ય રીતે એની મારફતજ ખરીદી થાય છે. આ મંડળી વળી કેટલાંક માલ

બનાવનારા કારખાનાઓ પણ ચલાવે છે. દાખલા તરીકે ખાંડ અને ચોકલેટ બનાવવાનાં, સાબુ બનાવવાનાં, દોરડાં બનાવવાનાં ઇત્યાદિ. એ આફ્સીકલો પણ બનાવે છે.

આ શિવાય બીજો ઉપયોગી વિભાગ ઢોરો અને ઈંડાનાં એકત્ર વેચાણ સંબંધીનો છે. ઈ. સ. ૧૯૦૯માં ઢોરના નિકાશ કરવાની મંડળીનાં સભાસદોની સંખ્યા ૮૪,૦૦૦ની હતી અને તેમણે ૨,૦૦,૦૦૦પૌંડ જેટલાં ઢોરો વેચ્યા જે દેશની તમામ નિકાશનો એક છષ્ટાંશ ભાગ થવા જાય છે. ઈંડાનો ઉદ્યોગ સહકારી ચળવળમાં ઘણો ઉપયોગી છે. ઈ. સ. ૧૯૧૪માં ડેન્માર્કમાંથી નિકાશ થયેલા ૧,૭૫૦,૦૦૦ પૌંડની કિમ્મતનાં ઈંડાનાં વેપારમાં ત્હેનો લગભગ એક તૃતીયાંશ ભાગ સહકારી મંડળીઓએ પૂરો પાડયો હતો. આમાંની સૌથી ઉપયોગી મંડળી 'ધી ડેનીશ કોઓપરેટીવ એગ એક્ષ્પોર્ટ શોશાયટી' જથાબંધ ઈંડા નિકાશ કરનારી સહકારી મંડળી છે. ૫૫૦ ઈંડા પૂરા પાડનારા એક જાતનાં મંડળો એનાં સભાસદ હતા અને વ્યક્તિ દીઠ સભાસદની સંખ્યા ૪૫,૦૦૦ની હતી, એ મંડળીએ એકંદરે ૪૦૦,૦૦૦ પૌંડની ઉથલ પાથલ વર્ષ દરમ્યાન કરી હતી. આ ઉપરાંત ઇસ્બર્ગ (**Esbjerg**) ની માંખણ ભરી આપનારી (પેક કરનારી) મંડળી પણ એનો મોટો વેપાર કરે છે. સહકારી સાત (કસાઇખાનાં) પણ વેપાર કરે છે.

આ બધી વેપાર કરનારી મંડળીઓ જે આપણે જણાવી તે ઉપરાંત મરઘીઓ તથા ઢોરોની ઓલાદ સુધારનારાં પણ કેટલાયે મંડળો છે. આ મંડળો વત્તેઓછે અંશે સહકારી ધોરણો ઉપર હોય છે. પણ સરકાર તરફથી એમને નાણાં સંબંધી મદદ મળે છે અને વેપાર કરતાં નથી. ત્યાં શાસ્ત્રમાં પ્રવીણ માણસો પાસે ગાયની જાત તપાસાવનારાં મંડળો પણ છે જે ક્રીમરીઓની કમીટી સાથે મળીને કામ કરે છે. આથી ડેરીને લગતી ગાયોમાં બહુજ સુધારો થયો. ત્યાં ખેડુતની સામાન્ય સ્થિતિ સુધારવા માટે ખેડુતોનાં તેમજ મજુર વર્ગનાં મંડળો પણ બહુ મ્હોટા પ્રમાણમાં છે.

જરમનીનાં દાખલા ઉપરથી ડેન્માર્કને સહકાર સંબંધી ઘણુંજ ઉત્તેજન મળ્યું એ ખરૂ પણ ત્યાં રેયૂફીસેન અગર શુલ્ઝે પ્રચાર આપેલી એવા પ્રકારની કોઇપણ ધીરધાર સંબંધીની મંડળી શિવાય આ ચળવળે આટલી બધી પ્રગતિ કરી છે. એમને બદલે ત્યાં સરકારે જમીન ખરીદવાની એક જાતની પદ્ધતિ દાખલ કરી છે. તેથી તથા કેટલાંક સહકારી માલ ગીરો લઇ ધીરધાર કરતાં **(Mortgaging associations)** મંડળો વડે તથા કેટલીક સારા પાયાપર ચાલતી બચતને માટેની બેન્કો વડે એ લોકો ચલાવે છે.

આપણે જોયું કે ડેન્માર્કનો ખેડુત સુવ્યવસ્થિત પદ્ધતિથી પોતાનો ધંધો ચલાવે છે. અને એ વ્યવસ્થાનું પરિણામ એ આવ્યું કે હવા પાણી અને જમીનની ફળદ્રુપતા સંબંધી ત્યાંનાં લોકોને એટલી બધી કુદરતી બલ્કે બહુ જૂજ અનુકુળતા હોવા છતાં તેઓ તેમનાં થોડા બેટોને (કારણ એ દેશ એવા ન્હાનાં બેટોનો બનેલો છે) એટલે દેશને સંપૂર્ણ આબાદાની ભોગવતો અને સંતોષી બનાવવા સફળ નિવડયા છે. આ પ્રગતિ ટૂંકામાં નીચે જણાવેલા કારણોને આભારી છે. (૧) ત્યાંની સરકાર ખેતી સંબંધી પ્રશ્નોમાં હિત ધરાવતા અને એથી માહિતગાર મનુષ્યો વડે ચાલે છે. (૨) સરકારની મદદથી દેશનાં ન્હાના આર્થિક વિભાગો (**Holdings**) બનવા પામ્યા છે જે ફતેહમંદ નીવડયા છે (દરેક ડેનીશ ખેડુત પાસે ૨ થી ૫ ગાયો હોય છે) (૩) ત્યાંનાં લોકો સામાન્ય રીતે ઉંચી કેળવણી પામેલા હોય છે. (ત્યાંની સ્કુલોમાં બહુજ ઉંચા પ્રકારની ગ્રામ્ય કેળવણી અપાય છે જે બીજા દેશમાંના પછાત ખેડુત વર્ગની સ્થિતિ સુધારવા ઇચ્છતા મનુષ્યોએ મનન કરવા જેવી છે અને ઘણે અંશે અનુકરણીય છે) અને (૪) ખેડુતોની ઉત્સાહ યુકત ખંત અને વ્યવહાર દક્ષતા.

આયર્લૅન્ડમાં સહકારી ચળવળ ઈ. સ. ૧૮૮૯થી શરૂ થઇ ગણાય. ત્યાર પહેલાં સ્હેજસ્હાજ છૂટક પ્રયત્નો થયા હતા. આ વર્ષમાં સર

હોરેસ પ્લન્કેટ અમેરીકામાં ૧૦ વર્ષ સુધી ખેતીવાડી સંબંધી અનુભવ મેળવી ત્યાંથી પાછો ફર્યો. એનો જન્મ ઈ. સ. ૧૮૫૪ની સાલમાં એક ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેણે ઈટન અને ઓક્ષફર્ડમાં કેળવણી લીધી હતી. પાછાં ફરતા તરતજ એણે સહકારની પ્રવૃત્તિ શરૂ કરી.

તે વખતે ત્યાંના ખેડુતની સ્થિતિ બહુજ ખરાબ હતી. ત્યાંના ગ્રામ્ય વિભાગોમાં રહેતી પ્રજાનો મોટો ભાગ શાહુકાર જે ત્યાં 'ગોમ-બીન'નાં નામથી ઓળખાતો ત્હેના ઉપર સંપૂર્ણ આધાર રાખતી હતી. એમના મોટા ભાગને લખતાં વાંચતા પણ આવડતું ન્હોતું અને હીસાબ કીતાબ રાખવા પુરતી પણ શક્તિ ન્હોતી. આથી તેઓને વચલા માણસ ઉપરજ સર્વથા ભરોસો રાખવો પડતો. આ શાહુકાર અથવા ગોમ્બીન એમને ઉધાર ત્હેમની જરૂરીયાતો પુરી પાડતો અને બદલામાં ત્હેમનો પાક લઈ લેતો. આ ઉપરાંત ખેડુતોને જમીન સંબંધે બીજી હાડમારીઓ પણ સહન કરવી પડતી હતી.

હોરેસ પ્લંકેટે જોયું કે કાયદા અને સંયોગોને લીધે જમીનની માલીકી નાના ખેડુતોની થવા લાગી હતી, અને તેમને સલાહ અને મદદની ખાસ જરૂર પડશે. તે માટે તેણે એક વિચાર પૂર્ણ યોજના ઘડી કાઢી. તે યોજના હજુ સુધી અમલમાં છે અને એથી ત્યાંના લોકોને ઘણા ફાયદાઓ મળ્યા છે. ટૂંકમાં એની યોજના એવી છે કે પ્રજાને ખેતી સંબંધી શાસ્ત્રીય કેળવણી મળે એવું સરકારી ખાતું હોવું જોઇએ, અને એક પ્રજાકીય મંડળ અથવા સંસ્થા પણ હોવી જોઇએ જેની મદદથી ખેડુતોને ધંધાને લગતા કારણો માટે એકત્ર થવાના સિદ્ધાંતો શિખવાડવામાં આવે. આ મંડળે સરકારી ખાતા સાથે હળીમળીને કામ કરવું જોઇએ. સર હોરેસ પ્લંકેટે બતાવી આપ્યું કે સરકાર એકલાથી ખેડુતો વ્યવસ્થિત થઈ શકતા નથી અને આથી સરકારી ખાતાં તથા પ્રજાકીય મંડળ વચ્ચે કોઈ પ્રકારનું સાંધણુ હોવું જોઇએ. વ્યવહારમાં આથી ચળવળને મુશ્કેલીઓ નડે છે, તોપણ આયર્લેન્ડની સહકારી ચળવળ આ સિદ્ધાંત હમેશાં માન્ય રાખે છે.

પાંચ વર્ષ પ્રયત્નો થયા બાદ ઈ. સ. ૧૮૯૪માં આવી પ્રજાકીય સંસ્થા ધી આઇરીશ ખેતી વિષયક વ્યવસ્થા કરનારી મંડળી (The Irish agricultural Organization Society)નાં નામથી સ્થાપવામાં આવી. રેફીસનનાં પ્રકારની અનિયમિત જવાબદારીવાળી મંડળીઓ આયર્લેન્ડને અનુકુળ થઈ પડશે એમ ધારી તેવી મંડળીઓ સ્થપાઈ. ત્યાર બાદ ઈ. સ. ૧૮૯૬માં સર હોરેશ પ્લન્કેટનાં પ્રમુખપણાં હેઠળ આયર્લેન્ડ માટે ખેતી સંબંધી અખત્યાર કરવી જોઇતી નીતિ તથા યોજનાઓ વિગેરે વિચારવા એક બીનસરકારી કમિટી મળી જેમાં રાજકીય જુદા જુદા મત ધરાવનારા નામાંકિત પુરૂષો પણ હતા. આ કમિટીનાં પરિણામરૂપ ઈ. સ. ૧૯૦૦માં આયર્લેન્ડને એક જૂદું ખેતીવાડીને લગતી કેળવણી માટે સરકારી ખાતુ મળ્યું અને એનાં પ્રથમ ઉપરી તરીકે સર હોરેશ પ્લંકેટની નીમણોક થઈ. થોડોક વખત સુધી આ ખાતા અને ઓરગેનાઇઝેશન સોસાયટીએ હળીમળીને કામ કર્યું. ઈ.સ. ૧૯૦૩ નાં વીન્ડહેમ કાયદાથી પણ એ કાર્યને ઉત્તેજન મળ્યું, પણ એટલામાં રાજકીય મતભેદ નડવાથી ઘણી હાનિ થઈ. ઇ. સ. ૧૯૦૭માં ખેતીવાડી ખાતાના વડા તરીકે સર હોરેસે રાજીનામું આપ્યું અને ઓર્ગેનાઇઝેશન સોસાઇટીને પણ સરકાર તરફથી નાણાંની ગ્રાન્ટ મળતી હોવા છતાં અને સોસાઇટી અને ખાતું બન્ને ખેડુતોના હિત માટે પ્રયત્ન કરતા હોવા છતાં બન્ને વચ્ચે વિરોધ રહ્યાં કરે છે.

આયર્લેન્ડમાં ઓરગેનાઇઝેશન મંડળી થયા બાદ ઘણી મંડળીઓ સ્થપાઈ અને એને સંયુક્ત થઈ. બીજા કેટલાક દેશોમાં સામાન્ય રીતે પ્રાથમિક મંડળીઓ સ્થપાયા પછી એવી મંડળીઓ સ્થપાય છે. આ મંડળી એક સંયુક્ત મંડળીઓની મધ્યસ્થ કમિટી જેવી છે અને તેમની ઉપર દેખરેખ રાખે છે, હીસાબો તપાસે છે અને સલાહ આપે છે, તથા નવી મંડળીઓ સ્થાપવાનું પણ કાર્ય કરે છે. આ મંડળીનું ભંડોળ મંડળીઓની સંયુક્ત થવાની ફી, મંડળીઓ પાસેથી કોઈ કોઈવાર

મરજીનાં ધોરણુપર લવાજમ લઈને, ખાનગી રસ લેતા માણસો પાસેથી લવાજમ ઉઘરાવીને, સરકારી ગ્રાન્ટમાંથી અને મંડળીઓ પાસેથી તપાસણીની ફી લઇને એકઠું કરવામાં આવે છે.

સોસાયટી જ્હેને આઈ. એ. ઓ. એસ.ના ટૂંકા નામથી બધા ઓળખે છે તેણે કરેલી પ્રગતિ પ્રતિકુળતાઓ પણ લક્ષમાં લેતાં બહુ સારી ગણાય. તેણે ત્યાંનો માખણ બનાવવાના ઉદ્યોગનો નાશ થતો અટકાવ્યો, સેંકડો ગરીબ ખેડુતોને શાહુકારના પંજામાંથી મુક્ત કર્યા. તથા એમને સસ્તા વ્યાજે અને જોઇતા પ્રમાણુમાં નાણાં મળી શક્યા, ખેતી સુધરી, માલ ખરીદ અને વેચાણ માટે સહકારી રીતિપર એકત્ર થવાનાં પૂરતા જ્ઞાન પછી તેઓ દુનીયાની બજારમાં ઉભા રહી શકે એ પણ સિદ્ધ કરી બતાવ્યું.

ઈ. સ. ૧૯૧૬માં ૩૫૦ સહકારી ક્રીમરીઓ હતી જેની ઉથલ પાથલ ૪,૫૦૦,૦૦૦ પૌંડની હતી, ૨૩૪ ખેતીવિષયક મંડળીઓ હતી જેની ઉથલપાથલ ૪૮૧,૦૦૦ પૌંડ હતી, અને ૨૨૪ ધીરધારની મંડળીઓ હતી જેનું કરજનું ભંડોળ પૌંડ ૫૦,૦૦૦નું હતું. આ ઉપરાંત ૧૨ મરઘાં બતકાંની મંડળી હતી. ૧૦ શણની મંડળીઓ હતી, ૨૭ બેકન સાફ કરનારી ઇત્યાદિ પરચુરણ હતી, ૫૦ ડુક્કર અને ઢોર પુરા પાડનારી હતી અને એ એકત્ર કરતા મધ્યસ્થ મંડળો (federations) હતાં.

આયર્લંડમાં દૂધના માલની—દૂધની મલાઇની—મંડળીઓ (Creamries)ને સૌથી વધારે ફત્તેહ મળી છે. એવી ઘણીખરી મંડળીઓ એવો કાયદો રાખે છે કે દરેક સભાસદે પોતાના ઘરના ઉપયોગ પૂરતું દુધ રાખી બાકીનો બીજો બધો ભાગ મંડળીને આપવો. કેટલાક બિન સભાદો પણ દૂધ વગેરે ચીજો મંડળીઓમાં મોકલે છે. આ રિવાજ બંધ કરવા ઓર્ગેનાઇઝેશન સોસાયટી પ્રયત્ન કરે છે.

ઓરગેનાઇઝેશન મંડળીએ એવું સામાન્ય રીતે રાખ્યું છે કે પાંચ ૭ માઇલની હદમાં જો ૮૦૦ થી ૧૨૦૦ ગાયોનું દુધ મળી

શકે એમ હોય તોજ ક્રીમરી સ્થાપવી. જ્યાં છુટી છવાઇ વસ્તીને લીધે આવું નથી થઇ શકતું ત્યાં શાખાઓ ખોલી દુધ છૂટું પાડયા બાદ મલાઇ સૌથી પાસે આવેલી મધ્યસ્થ મંડળીને પહોચાડવામાં આવે છે. આવી શાખાઓ કેટલીકવાર જુદી વ્યવસ્થા ધરાવતી નોધાંયલી મંડળીઓ હોય છે અને કેટલીકવાર મધ્યસ્થ મંડળીનાં કાર્યવાહકોજ એ ચલાવે છે.

ઘણીખરી ક્રીમરીઓ માખણ બનાવવા ઉપરાંત બીજાં કાર્યો પણ હાથ ધરે છે. સભાસદોની ખેતી વિષયક જરૂરીયાતો ખરીદે છે, તથા કેટલીકવાર ખેતીનાં ઓજારો પણ સભાસદોને ભાડે આપે છે. કેટલીક ક્રીમરીઓ સાથે સ્ટોર પણ રાખે છે. અને હમણાં ત્યાં ક્રીમરીઓ સાથે સ્ટોર પણ રાખે છે. અને હમણાં હમણાં ત્યાં ક્રીમરીનાં સાંચા (Engine) નો સભાસદોનાં દાણા ઇત્યાદિ દળવા વિગેરેમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. આ બહુજ ઉપયોગી થઇ પડશે કારણ ખેડુતો ઘઉં અને બીજા દાણા દળવાની તકલીફથી કંટાળતા. કેટલીક ક્રીમરીઓ સભાસદના માલની જામીનગીરી ઉપર ત્હેમને નાણાં પણ ધીરે છે.

આયર્લંડની દૂધની મંડળીઓ–ક્રીમરીઓ–નો પ્રકાર ડેન્માર્કની ક્રીમરીઓથી જૂદો છે. આયર્લંડમાં ક્રીમરીઓનાં માખણનું વેચાણ કરવા 'ધી આઇરીશ કોઓપરેટીવ એજન્સી સોસાયટી લીમીટેડ' નામની મંડળી છે. આ મંડળી સહકારી ચળવળની શરૂઆતથી ત્યાં સ્થાપવામાં આવી છે. આ મંડળી ઘણું કામકાજ કરે છે, પણ હજુ સુધી તે પ્હેલાં આશા રખાઇ હતી તે મુજબ સ્થિતિ ધરાવતી નથી કારણ ક્રીમરીઓએ બનાવેલા માખણનો જૂજજ ભાગ આ મંડળી માર્ફત વેચાણ થાય છે. બાકીના ભાગના વેચાણની ગોઠવણ મંડળીઓ પોતે પોતાની મેળેજ સગવડ પ્રમાણે કરી લે છે. વળી આયર્લંડમાં માખણ પણ એક જાતનું નીકળતું નથી, અને શીયાળામાં એ ધંધો બંધ પડી જાય છે.

ત્યાંની ખેતીવિષયક જથાબંધ વેચાણ કરનારી મંડળી (The Irish Agricultural Wholesale Society) જેને વિષે આગળ સ્હેજ જણાવીશું તેણે હમણાં હમણાં માખણ તથા બીજી ખેતી વિષયક ઉત્પન્નનું દલાલીનાં ધોરણ ઉપર વેચાણ કરવાનો ધંધો ખીલવ્યો છે અને આગળ જતા આ મંડળી કદાચ આઇરીશ ક્રીમરીઓની સ્થિતિ સુધારવામાં મ્હોટો ભાગ ભજવશે.

ઓરગેનાઇઝેશન શોશાયટી ડેન્માર્ક અને હોલન્ડની પદ્ધતિઓ ઉપર માખણ ઉપર દેખરેખ રાખવાની યોજના (Butter control Scheme) પણ લોકોમાં પ્રચાર આપવા પ્રયત્ન કરે છે. આ યોજનાનો હેતુ એવો છે કે આ યોજનામાં સંયુક્ત થએલી તમામ મંડળીઓ અમુક પ્રમાણમાં માખણ ઉત્પન્ન કરી શકે એવી વ્યવસ્થા કરવી અને એક સિક્કા (brand)થી તે માખણને ઈંગ્લેન્ડનાં બજારોમાં ઓળખાવવું. તેમ થવાથી આયર્લેન્ડનો માખણનો ઉદ્યોગ ઘણા પ્રમાણમાં સુધરવો વકી છે.

ક્રીમરીઝ શિવાય ત્યાં બીજી ખેતીવિષયક મંડળીઓ છે. તેઓ સ્હેજ ઉતરતે દરજ્જે ઉપયોગી છે. આવી ૨૨૫ મંડળીઓ છે. આમનો મૂખ્ય હેતુ સભાસદોની જરૂરીયાતો જેવી કે બી, ખોરાકની ચીજો, ખાતર વગેરે જથાબંધ ખરીદી, પૂરી પાડવાનો છે. આ મંડળીઓ વડે માલની વ્હેંચણી થતાં લઇ જવા લાવવા વિગેરેમાં સવડ પડવાથી ઘણો નકામો ખર્ચ દૂર થઇ શકે છે; છતાં તેમને વ્યવહારમાં કેટલીક મુશ્કેલીઓ નડે છે. આવી મંડળીઓ ધીરધારનું કામ હાથપર લે એમ કેટલાક લોકો ઇચ્છે છે. પણ અત્યારનો કાયદો આ યોજના અમલમાં મૂકવા દેતો નથી અને આ બાબત સત્તા ધરાવતા લોકોમાંના કેટલાક એમ માને છે કે વેપાર સંબંધી અને ધીરધારનાં બન્ને કાર્યો ભેગા રાખવાં ઉચિત નથી. આ મંડળીઓ પોતાના ખેતી-

વિષયક વેપાર સાથે ગ્રામ્ય સ્ટોર પણ સાથે સાથે રાખી શકે અને ત્હેમનાં સભાસદોને ચા, ખાંડ ઇત્યાદિ ગૃહઉપયોગની ચીજોપણ પૂરી પાડી શકે. ત્યાંની સરકાર ઓરગેનાઇઝેશન શોશાયટીને આવી વ્યવસ્થા કરવા દેતી નથી કારણ ત્હેની સાથે પૈસાની મદદ આપતી વખતે એવી શરત કરવામાં આવી હતી કે ખેતી શિવાયનાં બીજા ધંધા સંબંધી એ સંસ્થાએ વ્યવસ્થા કરવી નહિં તેમ સલાહ આપવી નહિ; પણ કેટલીક આવી મંડળીઓએ એની મદદ વગર પોતાનાં ધંધા સાથે સ્ટોરની યોજના કરી છે. ત્હેમને સલાહ અને સૂચનાઓ સહકારી યુનીઅનનાં આયર્લેંન્ડ સંબંધી વિભાગ મારફત મળી છે જે મંડળ ઓરગેનાઇઝેશન મંડળનાં જેવું કામ વેપાર હુન્નર વિગેરે માટેની મંડળી માટે કરે છે.

ઓરગેનાઇઝેશન મંડળીએ હમણાનાં વખતમાં ખેડાણ જમીન વધારવા સંબંધી પ્રયત્નો કર્યા છે. આથી છેલ્લી શોધખોળ મુજબનાં ઓજારોની જરૂરીયાત પડી અને કેટલાક વિભાગોમાં સહકારી ઓજાર સંબંધીની નવા પ્રકારની મંડળી હસ્તીમાં આવી. સાધારણ સભાસદો કિંમતી ઓજારો ખરીદી શકવા શક્તિમાન્ હોતા નથી તેથી મંડળી બેન્ક મારફત ઓવરડ્રાફ્ટ મેળવે છે. મંડળી આ ઓજારો ખરીદી સભાસદોને ઠેરવેલા દરે ભાડે આપે છે જે વડે બેત્રણ વર્ષમાં ઓજારોની પડતર કિમ્મત જેટલું વસુલ મેળવી લેવાય છે. જે સભાસદ સૌથી વધુ ખેડાણ જમીન ધરાવે છે ત્હેનો હક આ ઓજારોપર પ્હેલો હોય છે અને અમુક વખત પછી એ એનાથી ઉતરતા માણસને આપે છે. ત્યાંના ગરીબ વિભાગોમાં આ મંડળીથી ખેડાણ જમીનનું પ્રમાણ ઘણું વધવા પામ્યું છે. કેટલીક જગ્યાએ ખેતી વિષયક મંડળીએ આવું કાર્ય સાથે સાથે હાથ ધર્યું છે. કેટલીક જગ્યાએ ક્રીમરીઓ આવું કામ સાથે સાથે કરે છે. વળી મરઘાં બતક પાળનારાઓનાં ઈંડાં વગેરે વેચવાની પણ થોડી મંડળીઓ છે. તેજ પ્રમાણે ડુક્કરના માંસ માટેની પણ થોડી મંડળીઓ છે તેમાંથી કેટલીક સારૂં કામ કરે છે.

ઈ૦ સ૦ ૧૮૯૮માં ડબ્લીનમાં ધી આઇરીશ એગ્રીલકલ્ચરલ હોલસેલ શોશાયટી સ્થાપવામાં આવી. એણે પ્હેલાં સ્થાનિક મંડળીઓ માટે થોડા પ્રમાણમાં કામ કરવાની શરૂઆત કરી. એનો હેતુ સંયુક્ત મંડળીઓને માલ પૂરો પાડવાનો હતો. આ મંડળી ત્યાં બહુજ સફલ નીવડી છે. ત્હેનો ધંધો એકદમ વધવા પામ્યો અને ગરગથ્થુ ઉપયોગની ચીજો ધીરધારનું ખાતું અને જુદા જુદા વેપારનાં ખાતાઓ વગેરે ઉઘડવા પામ્યાં. આથી અત્યારે આ સંસ્થા પોતાના સભાસદોની લગભગ બધી જરૂરીયાતો પૂરી પાડે છે અને ખેતી વિષયક માખણ, ઈંડા, મધ જેવી પેદાશો પણ દલાલી લઈ વેચી આપે છે. આ મંડળીએ બહુ ઉપયોગી કાર્ય કર્યું છે અને ભવિષ્યમાં આયર્લૅન્ડની ખેતીવિષયક આર્થિક પરિસ્થિતિ સુધારવામાં બહુ અગત્યનો ભાગ ભજવશે. ઈ૦ સ૦ ૧૯૦૫માં એની ઉથલપાથલ ૫૦,૦૦૦ પૌંડની હતી ત્યાંથી વધી ઈ૦ સ૦ ૧૯૧૪ માં ૫,૦૦,૦૦૦ પૌંડની થઈ છે. આ બધા વખત દરમ્યાન દરેક વર્ષે તે વ્યાજબી પ્રમાણમાં નફો મેળવતી આવી છે. આ મંડળીથી થયેલા ફાયદા ટૂંકમાં નીચે મુજબ છે. (૧) ખેડુતોને ખાત્રી લાયક ખાતર મેળવતાં ૫૦ ટકા જેટલી ઓછી કિંમત પડે છે. (૨) આર્યલેન્ડમાં ચોકખાં બી અને ત્હેનાં વાવેતર સંબંધી ખાત્રી આપે એવું પ્હેલું સાધન આ મંડળીજ હતી. આથી બીને લગતા વેપારમાં પરિવર્તન થવા પામ્યું. (૩) મંડળી ઢોરનો ખોરાક ઓછામાંઓછા દરે પૂરો પાડે છે તેમ છેલ્લામાંછેલ્લી શોધખોળ મુજબનાં યંત્રો પણ પૂરાં પાડે છે. તથા ખેતીવિષયક અને ઘરગથ્થુ ઉપયોગનો ધાતુનો સરસામાન પણ પૂરો પાડે છે. (૪) ડેરીને લગતાં સાંચાકામ મેળવી આપવાનું એણે હાથ ધર્યાં બાદ પડતર કિમ્મતમાં દશ ટકા ઘટાડો થયો અને ક્રીમરીઓને બહુજ લાભકારક થઈ પડયું. (૫) ગરીબ મંડળીઓને ઘરગથ્થુ ઉપયોગની ચીજોનાં ધંધામાં એટલું શોષવું પડતું કે એ પડી ભાંગવા પામતી હતી પણ આ મંડળીએ એ સંબંધી ખાતું ખોલ્યાથી ત્હેમનો

બચાવ થયો. (૬) ગ્રેટબ્રીટનનાં વહેંચણી કરતાં મથકોમાં આ મંડળી શાખાઓ ધરાવે છે અને સંયુક્ત મંડળીઓ માટે પૈસા ડુબી ન જાય એવી બાંહેધરીથી ત્હેનાં સભાસદોની પેદાશ તદ્દન જૂજ દલાલી ચઢાવી વેચી આવે છે. (૭) એ સભાસદો માટે બેન્કીંગ ખાતું (શરાફી ખાતું) પણ રાખે છે અને નાણાં થાપણ તરીકે મૂકવાની સવડ રાખે છે. ચાલુ તથા મુદતી બંન્ને ખાતાં રાખે છે અને વ્યાજબી વ્યાજ આપે છે. કોઇકવાર થોડીક હદ સુધી બાંહેધરી ઉપર સભાસદોને ઓવરડ્રાફ્ટ મેળવવાની પણ સવડ આપે છે.

આયર્લેંડમાં રેફીસેન પ્રકારની શરાફી મંડળીઓ ૧૯૦ છે. પરંતુ તેઓએ સંતોષકારક કામ કર્યું નથી. આયર્લેંડની આર્થિક અને રાજકીય પરિસ્થિતિ હિંદુસ્તાનની પરિસ્થિતિને એકંદરે મળતી છે; ત્યાં પણ લગભગ પોણા ભાગની વસ્તી ખેતી ઉપરજ ગુજરાન ચલાવે છે અને અહિંના કરતાં કંઇક એની સ્થિતિ સારી છે તો પણ એકંદરે એ બધી વસ્તી ગરીબ, અજ્ઞાન, અને અવ્યવસ્થિત છે.

આયર્લેન્ડની ચળવળમાં સર હોરેશ પ્લંકેટે ઘડેલા સિધ્ધાંતો અગત્યનો ભાગ ભજવે છે અને એણે સામાજીક ક્ષેત્રમાં કરેલી પ્રગતિ ખાસ ધ્યાન ખેંચે છે. ખેતીમાં સાધારણ રીતે હિત ધરાવતા હોય તેવા લોકો ઉપરાંત, સાક્ષરો, કવિઓ, કળા નિપુણો, ધર્મ ગુરૂઓ વગેરેની સહાનુભૂતિ પણ સર હૉરેસ મેળવી શકયો છે તથા જૂદા જૂદા રાજકીય પક્ષના માણસોને અને સામાન્ય લોકોને પણ તે સહકારી હીલચાલમાં રસ લેતા કરી શકયો.

રશિયામાં થોડાં વર્ષો પહેલાંજ સહકારી મંડળીઓ સ્થાપવા માટે સરકાર તરફથી પરવાનગી મળી હતી. ઇ. સ. ૧૯૦૫ના દુકાળને લીધે ત્યાંની સરકારને ખેતીને વ્યવસ્થિત કરી ઉત્તેજન આપવાની આધુનિક રીતિને અમલમાં મુકવાની અગત્યતા સમજાઈ. સરકારે રેફીસનનાં જેવા પ્રકારની

શરાફી મંડળીઓ સ્થાપવાની પદ્ધતિ સ્વીકારી. ત્યાં એવી મંડળીઓએ સારી પ્રગતિ કરી છે. છેલ્લાં દસેક વર્ષ દરમ્યાન ૨૦,૦૦૦ મંડળીઓ સ્થપાઈ છે. આ મંડળીઓનાં કાર્યવાહકોમાં ઘણી રશીયન પરિવર્તનમાં ભાગ લેતી વ્યક્તિઓ પણ હતી. સહકારી ચળવળ વધારવા એ લોકોએ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કર્યો હતો. સાઇબિરીયા (રશિયાનો એક વિભાગ)ની ક્રીમરીઓએ લંડનમાં પણ (ઇંગ્લેન્ડની રાજધાનિ) સહકારી વેચાણ માટે શાખા કહાડી છે. આથી આયરલેન્ડની અને ડેન્માર્કની ક્રીમરીઓને કંઈક ભીતિ પણ ઉત્પન્ન થઈ છે કારણ એમના ઇંગ્લેન્ડ સાથેનાં વેપારમાં હરીફાઈ થાય. મોસ્કોની વ્હેંચણીવિષયક મંડળીઓની એકત્ર સંસ્થા (યુનીયન) તથા ત્યાંની પ્રજાકીય બેન્કની (**The Moscow Narodny Bank**) પણ લંડનમાં શાખાઓ છે. આ બેન્કના પ્રતિનિધિઓ તો (ધી રશીઅન કો ઓપરેટર) 'રશિયાનો સહકારી' એવું એક અંગ્રેજી પત્ર પણ ચલાવે છે. એટલી હદ સુધી તેઓ બીજા દેશ સાથે હળીમળીને કામ ચલાવવાનો ઉત્સાહ ધરાવે છે.

ફિન્લેન્ડમાં આ ચળવળ ન્હાના પ્રમાણ છે પણ એની પ્રગતિ રશિયાથી કોઈપણ રીતે ઉતરતી નથી. ત્યાં ચળવળની શરૂઆત લગભગ ઈ. સ. ૧૯૦૦થી થઈ ગણાય. તે વર્ષમાં ત્યાં આઈરીશ ખેતી વિષયક વ્યવસ્થા કરનારી મંડળી (ધી આઈરીશ એગ્રીકલચરલ ઓરગેનાઈઝેશન સોસાઈટી) ની ઢબ પર સહકારી મંડળીઓને ઉત્તેજન આપવા માટે પેલર્વો (**Pellervo**) નામની એક સંસ્થા સ્થપાઈ. આ સંસ્થા તરતજ વિકાસ પામી. પંદર વર્ષમાં એને ૧,૩૦૦ મંડળીઓ જોડાઈ જેમાંની ૫૦૦ ક્રીમરીઝ હતી. ત્યાંની ચળવળની સૌથી ધ્યાન ખેંચતી વિગત એનો શિક્ષણ પ્રચારક ઉત્સાહ છે. ડૉ. હેન્સ ગેબ્હર્ડ (**Hannes Gebhard**)ની દેખરેખ હેઠળ ત્યાંની તમામ પ્રજાને સહકારનાં ફાયદાઓ તથા પ્રવૃતિઓ સંબંધી સંપૂર્ણ માહિતી આપવામાં આપવામાં આવી એટલુંજ નહિં પણ બીજા દેશોને

—ખાસ કરીને સ્વીડન અને રશિયાને—પણ એવી માહિતી તેણે પૂરી પાડી. પેલર્વો અને ત્હેની સંયુક્ત મંડળીઓનો વૃત્તાંત, રશિયન, સ્વિડીશ, ઈંગ્લીશ ઇત્યાદિ ભાષાઓમાં પણ છાપવામાં આવ્યો છે. ત્યાંના અગ્રણી સહકારી પત્રની દર અઠવાડીએ ૫૫,૦૦૦ પ્રત ખપે છે જે તે દેશની ૨૦,૦૦,૦૦૦ની વસ્તી જોતા આશ્ચર્યકારક ગણાય.

હમણાનાં થોડાક વર્ષો દરમ્યાન સહકારે લગભગ આખા યુરોપ ઉપર વિજય મેળવ્યો છે કારણ ઉપર જણાવેલા દેશો ઉપરાંત બાલ્કન સ્ટેટોમાં (ખાસ કરીને સરબીઆ અને રોમાનીઆમાં) પણ આબાદ થતી સહકારી ચળવળ જણાય છે. સ્પેન પણ એ દાખલાનું અનુકરણ કરે છે. ગ્રીસ અને પોર્ચુગાલ પણ જાગ્રત થતા જાય છે; ફક્ત ટરકી હજુ સુધી સહકારથી અલગ છે. જાપાન અને ચીનમાં પણ સહકારી સંસ્થાઓ છે. એ દેશો સંબંધી પુરતી માહિતી મળતી નથી પણ જાપાનમાં તો શરાફી મંડળીઓ બહુ છે. ઘણું કરી જર્મનિના દાખલા ઉપરથી એ દેશ એવી મંડળીઓ સ્થાપવા પ્રેરાયો હતો.

અમેરિકામાં આ ચળવળની જાણવા જેવી પ્રગતિ થતી જાય છે. ઘણાં વર્ષો સુધી ઉત્તર અમેરિકા સહકારના સિદ્ધાંતો સ્વીકારવા તત્પર ન્હોતો પણ ત્યાં ગયા દાયકામાં (decade) હેરત પમાડનારી પ્રગતિ થઈ છે. અમેરીકન ખેડુતની જૂદી જાતની પરિસ્થિતિ અને ત્હેના જૂદા પ્રકારનાં માનસિક વલણથી ત્હેની મંડળીઓ પણ જૂદી રીતની થવા પામી છે.

અમેરિકાના ખેડુતમાં ઉત્સાહ અને યોજના શક્તિ ઘણાં હોય છે: તેનાથી તે પોતાની મુશ્કેલીઓના ઉપાય શોધી કાઢે છે. પોતે ઉત્પન્ન કરેલા માલના વેચાણની વ્યવસ્થા કરવાની તેને જરૂર લાગી અને કામ કરતી અમેરિકાના ખેડુતોની મંડળીઓ યુરોપની મંડળીઓને પણ દાખલારૂપ થઈ પડે એવી છે. માલના વેચાણમાં જૂદીજૂદી મુશ્કેલીઓને

લીધે યૂરોપના ખેડુતો બહુ પ્રગતિ કરી શકતા નહોતા તે પ્રદેશમાં સહકારી હીલચાલ થોડા વખતમાં કેટલું કરી શકે તે અમેરિકાએ જગતને બતાવી આપ્યું છે.

સરકારમાંથી હિન્દના ખેડુત વર્ગને અમુક પ્રકારનાં કર્જ આપવાની રૂઢિ અંગ્રેજ સરકારની શરૂઆતથી ચાલુ છે. અને ત્હેને લગતા જુદી જુદી વખતે બનેલા કાયદાઓ ઇ. સ. ૧૮૭૧નાં ૨૬માં કાયદા તથા ઇ. સ. ૧૮૭૬ના ત્હેને સુધારતા કાયદાવડે એકત્રિત કર્યા હતા જેનો હેતુ સરકાર મારફત અપાતાં કરજનાં પ્રકારો નક્કી કરી એ માટે બાંહેધરીરૂપ જમીનપર કંઇક ભાડું લેવાનું પણ નક્કી કરવાનો ઇત્યાદિ હતો. અગીઆર વર્ષનાં અનુભવ ઉપરથી આ કાયદો નિષ્ફળ નિવડ્યો. અને એમાં જણાયલી ખામીઓ દૂર કરવા માટે ઇ. સ. ૧૮૮૩નો જમીન સુધારણા માટે કરજ આપવા સંબંધીનો કાયદો ઘડાયો (**Land Improvement Loans Act of 1883**). આ કાયદા પછી બીજે વર્ષે ખેડુતોને કરજ આપવા સંબંધીનો કાયદો અમલમાં આવ્યો. (**The Agriculturists' Loans Act 2 of 1884**) આ કાયદાઓનો હેતુ ખેડુતને ઉત્પાદક કાર્યો માટે સરકાર પાસેથી કરજ આપવાનો હતો. કરજ કયાં તો બાંહેધરી ઉપર અથવા તો જમીન ઉપર કિંમત ઠેરવી આપવું અને મુલ્કી ખાતાંનાં અમલદારો એ સંબંધી દેખરેખ, હીસાબ કીતાબ અને નિયમિત વસુલાતપર લક્ષ આપે. દરમ્યાન મુંબાઇની સરકારનું ખેડુતની સ્થિતિ અને જરૂરીયાતો સંબંધી ધ્યાન ખેંચાયું હતું અને પૂના જીલ્લામાં સર વિલીઅમ વેડરબર્નની દેખરેખ નીચે એક ખેડુતો માટે બેન્ક ઉભી કરવાનો વિચાર ચાલ્યો હતો. એક મૂડી ધરાવનાર માણસોની કમીટી બનાવી પૂના જીલ્લાનાં પુરંધર તાલુકાનાં ખેડુતોને કરજ ધીરવાનો હેતુ હતો. સરકારની મદદથી કરજ વસુલ લેવાની તકલીફ નહિ પડશે એમ ધારી ૧૦ લાખ રૂપીઆનું ભંડોળ પણ ઉભું થયું હતું. ખેડુતોનું તમામ દેવું એકદમ

ચૂકવી દેવાનો આ રચનાનો ઈરાદો હતો. પણ આ યોજનાને સેક્રેટરી ઓફ્ સ્ટેટની (તે વખતે લોર્ડ કીમ્બરલી હતા)સંમતિ નહિ મળવાથી એ પડી ભાંગી. એમણે જણાવ્યું કે આ યોજના એક સરકારી સંસ્થા થઈ પડશે અને જણાવ્યું કે આ યોજના એટલી મજબુત નથી. ઉપર જણાવેલા કાયદાઓથી અમલમાં આવતી 'તકાવી' ની યોજના અને આ બેન્કમાં બહુ ફેર ન્હોતો કારણ ખેડુતનાં દ્રષ્ટિબિંદુથી આ બેન્કમાંથી નાણાં લેવા અગર સરકારમાંથી લેવા એ સરખુંજ થઈ પડત. બન્ને રીતે કરજ લેનારને કરજ આપનારનાં હિતમાં કંઈ પણ ભાગ નથી. નફામાં એનો ભાગ નથી તથા વહિવટમાં પણ એનો ભાગ નથી. આમ આ પ્રશ્નો સંબંધી વિચાર ચાલતા હતા; દરમ્યાન ખેડુતો દેવામાં ડુબતાજ ગયા અને ત્હેમને સાહુકારનાં પંજામાં સપડાયલા તથા નિરાધાર જોઇને સરકારનું ધ્યાન એ તરફ વખતો વખત ખેંચાયા કર્યું. એટલામાં લોર્ડ કરઝન (જે હિન્દના વાઇસરોય હતા) નાં વખતમાં દેશનો મોટો ભાગ દુકાળનો ભોગ થઈ પડયો અને પ્રજાની સ્થિતિ દુ:ખદ થઈ પડી કારણ આપણી પ્રજાનાં ૮૦ ટકા જેટલા ભાગનું ગુજરાન ખેતીની ઉત્પન્ન પરજ આધાર રાખે છે.

સહકારી ચળવળવડે હિન્દુસ્તાનના ખેડુતની સ્થિતિ સુધારી શકવાની સ્ફુરણા મદ્રાસની સરકારને થઈ. ઇ. સ. ૧૮૯૨માં સર (તે વખતે મી.) ફ્રેડરીક નીકલશન નામના સીવીલીયનને યુરોપીય દેશોમાંની ખેતીવિષયક બેન્કો સંબંધીના સિદ્ધાંતો અને રચનાઓનો અભ્યાસ કરી મદ્રાસ ઇલાકામાં કેવી રીતે યોજના થઈ શકે તે જણાવવા યુરોપ મોકલ્યો. ઈ. સ. ૧૮૯૫ અને ૧૮૯૭ દરમ્યાન એણે એક મોટો રીપોર્ટ પ્રસિદ્ધ કર્યો જેણે સરકારનું ધ્યાન ખુબ ખેંચ્યું અને તે હજુ સુધી આ વિષયપર બહુ ઉપયોગી માહિતી આપે છે. ત્હેની સૂચનાઓનો સારાંશ 'રેફીસેન શોધો' એ શબ્દોમાં સમાવેશ થઈ જાય છે. જરમનીમાં ખેડુતો જેમ રેફીસેનની સહકારી યોજનાથી એમની મુશ્કેલીઓ નીવારી શકયા તે મુજબ અહિ યોજના થવા માટે ખરી

રસ ધરાવતા ઉત્સાહી પુરૂષોની જરૂર હતી જેઓ એવી ચળવળ અહિ અમલમાં મુકવા પ્રયત્ન કરે. નીકલશને જણાવેલા પ્રકારની છુટી છવાયી મંડળીઓ યુનાઇટેડ પ્રોવીન્સીસ અને પંજાબમાં મી. દુપરનેક્ષ અને મી. મેકલેગનનાં પ્રયત્નોથી થવા પામી હતી. આ પ્રયત્નોએ અને મી. દુપરનેક્ષની 'ઉત્તર હિન્દુસ્તાન માટે પ્રજાકીય બેન્કો' નામની ચોપડીથી હિન્દુસ્તાન સરકારનું ધ્યાન ખેંચાયું જેણે એક કમીટી નીમી જે ઈ. સ. ૧૯૦૦ના ડીસેંબરમાં મળી. આ કમીટી એવા અભિપ્રાયપર આવી કે જો રેફીસેનનાં ધોરણપર મંડળીઓ સ્થાપવામાં આવે તો તે ઉપયોગી નીવડે.

આ પછી ઈ. સ. ૧૯૦૧નાં ફેમીન કમીશને (દુકાળ સંબંધી તપાસ કરનાર મંડળે) પણ એવુંજ સૂચવ્યુંકે ખેડુતોને જોઇતું કરજ અને પુરતી મદદ આપવા માટે સૌથી સારો માર્ગ રેફીસન પ્રકારના ખેડુત વિષયક અથવા ગ્રામ્ય બેન્કો સ્થાપવાનો હતો જે સહકારી ધોરણ પર કામકાજ કરે. આ કમીશનના પ્રમુખ લોર્ડ મેકડોનેલ હતા અને સર ફ્રેડરીક નીકલશન જેનાં રીપોર્ટ વિષે આગળ ઉલ્લેખ કર્યો છે તે પણ એના સભાસદ હતા. આ કમીશને જણાવ્યું કે 'સહકારી ખેડુત વિષયક બેન્કનો હેતુ ખેડુતને પોતાના ઉદ્યોગમાં હાલ રહેંસી નાખતા વ્યાજના દરથી જે ભયંકર બોજો આવી પડે છે તેમાંથી મુકત કરવાનો હતો'. લોર્ડ કરઝનની સરકારને એમ લાગ્યું કે આ જુજ અને છૂટક પ્રયત્નોથી કંઇ મોટું પરિણામ સંભવી શકે નહિ તેથી તેણે સર એડવર્ડ લોનાં પ્રમુખપણાં હેઠળ એક કમિટી નીમી જે આ પ્રથમ ઉદ્ભવવા પામેલી મંડળીઓ તપાસી કેવા પ્રકારનો કાયદો સરકાર ઘડે એ સૂચવે. આ કમીટી ઈ. સ. ૧૯૦૧નાં જુન જુલાઇમાં સીમલા મુકામે મળી.

આ કમીટીની સલાહનું પરિણામ એ આવ્યું કે ઇ.સ. ૧૯૦૪નો સહકારી ધીરધારની મંડળીઓનો કાયદો ઘડાયો. સર ડેન્ઝીલ આઇબેટ્સને

એ સંબંધીનું બીલ ધારાસભામાં રજુ કર્યું તથા એક વખાણવાલાયક નોંધમાં એ કાયદાનાં ઉદ્દેશ તથા અંદર સમાયલા સિદ્ધાંતો સમજાવ્યા. આ કાયદાથી મંડળીઓનાં ગ્રામ્ય અને શહેરોનાં એવા બે વિભાગો પડયા. અને ગ્રામ્ય વિભાગને માટે ફરજીયાત અનિયમિત જવાબદારી લાગુ કરી. શહેરને લગતા વિભાગ માટે પસંદગી મૂકી. ત્હેમનું ક્ષેત્ર મુકરર કરવામાં આવ્યું. ફક્ત સભાસદને કરજ જામીન ઉપર અગર બીજી મિલ્કતની બાંહેધરી ઉપર આપી શકાય. મંડળીઓનાં હિસાબની વાર્ષિક ફરજીયાત તપાસણી મૂકવામાં આવી. મંડળીનાં શેરનાં ભંડોળ વિષે દરેક સભાસદનું હિત મુકરર કરવામાં આવ્યું. સ્ટેંપ, રજીષ્ટ્રેશન અને ઇનિકમટેક્ષને લગતા કાયદાઓમાંથી મંડળીઓને માફી આપી. મંડળીઓને એક સરકારી 'રજીષ્ટ્રાર' નામનાં અધિકારીની દેખરેખ નીચે મૂકવામાં આવી. આ કાયદો બનાવતાં સરકારે એટલું લક્ષમાં રાખ્યું કે આ સહકારની શરૂઆત એક અખ્તરારૂપ હોઈ તેમાં સરકારે વધુ પડતો હાથ પણ નહિ રાખવો તેમ તદ્દન અલગ પણ નહિ રહેવું. દરેક પ્રાંતને માટે જે રજીષ્ટ્રાર નીમાય તેણે આ બાળક ચળવળને ઉત્તેજન આપવું તથા મિત્ર અને સલાહકાર તરીકે વર્તવું. આ મંડળીઓને શરૂઆતમાં અમુક શરતો ઉપર થોડીક નાણાં વિષયક મદદ આપવા પણ ઠરાવ્યું. આ કાયદામાં દરેક પ્રાન્તને અમુક હદમાં પોતાની પરિસ્થિતિને અનુકુળ મંડળીનાં પેટા કાયદાઓ વિગેરે બનાવવાની પણ છૂટ આપવામાં આવી હતી. તેમ કાયદો પોતે પણ બને તેટલો સાદો અને અનુભવ ઉપરથી સુધારી શકાય એવા રૂપનો રાખવામાં આવ્યો હતો.

રજીષ્ટ્રારો અને ત્હેમને સોંપવામાં આવેલાં ખાતાઓ દરેક પ્રાંતમાં થોડાજ વખતમાં સારા પરિણામો લાવવા મંડયા. સહકારમાં સમાયેલા વિચારો હિન્દની ખેડુત પ્રજાને અનુકુળ થઈ પડતા જણાયા અને કેટલાક સારી સ્થિતિનાં ગૃહસ્થો પણ આ ચળવળમાં રસ લઈ કાર્ય કરવા તત્પર થયા. હિન્દુસ્તાનમાં ઈ. સ. ૧૯૦૬–૭માં મંડળીઓની સંખ્યા ૮૪૩

હતી. ૧૯૧૧-૧૨માં એમની સંખ્યા ૮,૧૭૭ની થઇ. સભાસદની સંખ્યા ૯૦,૮૪૪થી વધી ૪૦૩,૩૧૮ની થઈ. મંડળીઓનું ભંડોળ રૂ. ૨૩,૭૧,૬૮૩થી વધી ૩,૩૫,૭૪,૧૬૨નું થયું. આમાં માયસોર અને બરોડા સ્ટેટના આંકડાઓનો સમાવેશ છે. મુંબાઈ ઇલાકામાં ૧૯૦૪માં મંડળીઓની સંખ્યા ૧૨ હતી ત્યાંથી વધી ઈ. સ. ૧૯૧૧-૧૨માં ૩૭૫ની થઈ. સભાસદની સંખ્યા ૨૧૯થી ૨૯,૪૧૯ની થઈ.

મુંબાઇ ઇલાકામાં મી. મેકનીલ સૌથી પહેલા રજીષ્ટ્રાર હતા. પહેલી મંડળી ધારવાર જીલ્લામાં થઇ હતી અને ઇ.સ.૧૯૦૫માં પહેલી મંડળી નોંધવામાં આવી હતી. હિન્દુસ્તાનમાં ચળવળની પ્રગતિ આશાજનક હતી અને ચળવળ વિકાસ પામતાં એમ માલમ પડયું કે ઇ.સ. ૧૯૦૪ના કાયદામાં ફેરફાર થવો જોઈએ. આથી ૧૯૧૨માં બીજો કાયદો ઘડવામાં આવ્યો. પહેલો કાયદો સહકારી ધીરધારની મંડળીઓ વિષેજ હતો અને બીજા પ્રકારોની -વહેંચણી તથા પેદાશ સંબંધીની-મંડળીઓની આવશ્યકતાઓ બીજા કાયદામાં વિચારવામાં આવી. મંડળીઓમાંથી બનેલા યુનીયનો તથા મોટી સંસ્થાઓ પણ એમાં વિચારમાં આવી (જેથી બીન સરકારી તપાસણી અને દેખરેખ મળી શકે તથા નાણાં ઉભા કરવા સંબંધી સગવડ પડે) તથા ગ્રામ્ય અને શહેરી એવા વિભાગો પાડયા હતા તે એમાં દૂર કર્યા અને વિભાગો સભાસદોની જવાબદારી (નિયમિત અથવા અ-નિયમિત) ઉપર પાડયા.

બીજા પ્રકારોની મંડળીઓ કેવી ઢબની હોવી જોઈએ તે સંબંધી કાયદો કંઈ ધોરણો મુકતો નથી અને જેમ જેમ અનુભવ મળતો જાય તેમ તેમ રજીષ્ટ્રારોને દરેક પ્રાન્તની સહકારી ઇમારત ચણતાં પૂરતો અવકાશ રહે છે.

ત્યારપછી ઈ. સ. ૧૯૧૪માં સહકારી ચળવળ આર્થિક અને નાણા વિષયક મજબુતી પર વિકાસ પામે છે કે નહિં તે તપાસવા માટે

સર એડવર્ડ મેકલેગનનાં પ્રમુખપણાં નીચે એક કમીટીની નીમણુક કરવામાં આવી. આ કમીટીને 'મધ્યસ્થ અને પ્રાંતિક બેન્કોની રચના અને કામકાજ, સહકારી વ્યવસ્થાનાં જુદા જુદા વિભાગો વચ્ચે નાણાં વિષયક સંધાણ, હીસાબની તપાસણી, દરેક જાતની મંડળીઓની વ્યવસ્થા તથા દેખરેખ, અને અનામત ભંડોળનો ઉપયોગ તથા વાર્ષિક હીસાબોમાં એ કેવી રીતે બતાવવું જોઈએ' વિગેરે મહત્વની બાબતો પર વિસ્તારી સૂચના કરવા ફરમાવવામાં આવ્યું હતું. આ કમીટીએ તૈયાર કરેલો રીપોર્ટ બહુ મહત્વનું પુસ્તક છે અને એ ઉપરથી હિન્દુસ્તાનની સહકારી ચળવળ સંબંધી ખરો ખ્યાલ મળી સુધારો ક્યાં ક્યાં જરૂરનો છે તે પણ માલુમ પડે છે.

સહકારી વ્યવસ્થાનો પાયો ખેતી વિષયક અને બીન ખેતી વિષયક તથા ધીરધારવાળી અને એ શિવાયની પ્રાથમિક મંડળીઓનો છે. મંડળીઓને નાણાં પૂરાં પાડવા પ્રત્યેક જીલ્લા અથવા વિભાગવાર મધ્યસ્થ બેન્કો બનવી જોઇએ. આમાંની મંડળીઓ અમુક સંખ્યામાં યુનીઅનોમાં સંયુક્ત થઈ શકે અને મધ્યસ્થ સંસ્થાઓ અથવા બેન્કો વચ્ચે જરૂરનું સાંધણ પૂરૂ પડે અને દેખરેખ ઇત્યાદિમાં મદદરૂપ થઈ પડે આ યોજનાઓ બ્રહ્મદેશમાં અમલમાં આવી ત્યારબાદ યુનાઇટેડ પ્રોવીન્સીસમાં પણ છે અને આપણા ઇલાકામાં પણ અજમાવવામાં આવી છે. એમની પ્રગતિ અત્યારસુધી અનેક કારણોને લીધે સંતોષકારક નથી પણ આ સાંધણ ઘણા સહકારીઓને મતે સહકારનાં સંગીનવિકાસ માટે જરૂરી છે. વળી જો અમુક વિભાગ અથવા જીલ્લાની મંડળીઓ મધ્યસ્થ બેન્કો સાથે સંયુક્ત થાય તો દરેક ઇલાકામાં એક નાણાં વિષયક કેન્દ્રસ્થ સંસ્થા પણ જરૂરની છે કારણ મધ્યસ્થ બેન્કોમાંના વધારાઓ અને ખોટ જે પ્રસંગોપાત્ વહિવટમાં તેઓને જણાય તેને નિયમિત રાખતી (balancing) સંસ્થા જોઈએ. આવી કેન્દ્રસ્થ સંસ્થા આ ઇલાકામાં 'ધી બોમ્બે પ્રોવીન્શીઅલ કોઓપરેટીવ સેન્ટ્રલ બેન્ક' છે. સહકારની સંતોષકારક પ્રગતિ થવા માટે સહકારી યંત્રનાં તમામ વિભાગોની મજબુતિ જરૂરની છે. બીજાં કાર્યો માટે સંસ્થાઓ પણ જોઇએ.

હિંદુસ્તાન ખેતીપ્રધાન દેશ હોવાથી ખેતીને લગતા પ્રશ્નો ઉપરજ વધારે ધ્યાન અપાયું છે. ખેતી શિવાયનાં પ્રદેશમાં સહકારનો વિકાસ બહુ નથી. બીજા દેશની માફક પ્રથમ સંચાલકો ઉભા થવા ખાસ જરૂરી છે. ખેતી સંબંધીનો સહકાર પણ હજુ સંપૂર્ણરીતે નિયન્ત્રિત નથી થયો. હમણાં હમણાં પ્રજા ઔદ્યોગિક માર્ગોમાં જોડાતી જવાનાં ચિન્હો માલુમ પડે છે. હેમાં પણ કેટલીક ગરીબ સ્થિતિની છે અને એને વ્યાજબી દરે ઉદ્યોગ, વેપાર, જુનું દેવું અદા કરવા અને ઘર ખર્ચને લગતી જરૂરીયાતો માટે નાણાં પૂરા પાડવા સવડ થઇ નથી. સ્કોટલેન્ડ વિષે કહેવાય છે કે ત્યાંના દરેક યુવકને ઉદ્યોગ માટે મૂડી શોધવા તકલીફ પડતી નથી અને બીજી કંઇપણ સ્થાવર મિલ્કતની બાંહેધરી આપ્યા શિવાય એનાં ચારિત્ર અને ભવિષ્યમાં કામ કરી શકવાનાં ખ્યાલપર પણ પ્રજાકીય બેન્કો એને જોઇતી પ્રાથમિક મૂડી આપે છે. હજુ થોડુ બંધકામ થવું જોઇએ એતો ચોકખુંજ છે.

આ ચળવળનું ગ્રામ્ય તેમજ શહેરને લગતું સ્વરૂપ અત્યારે પણ છે. એણે ફક્ત સહેલાઇથી કરજ મેળવવા શાખ મેળવી આપવાનું કાર્યજ હાથ ધર્યું નથી. ગ્રામ્ય જરૂરીયાતો માટે રૂનાં વેચાણ સંબંધી, ઢોરનાં ઉછેરની, ખાતર પુરૂ પાડનારી, ઓજાર ખરીદી માટે, ઢોરોનાં વિમા માટે, ડેરીઓ, અને શેરડી પીલવા માટેની મંડળીઓ પણ નોંધાવા ઉપરાંત ઉદ્યોગમાં જોડાયલી પ્રજામાં સહકારી દુકાનો અને સ્ટોરો ખોલાયા છે તથા હાથ વણાટનાં કારીગરોની કેટલીક વાણો તાણો ખરીદવા અને વેચાણ સંબંધીની મંડળીઓ પણ થઇ છે. પણ આ ચળવળની એટલે ધીરધાર શિવાયની મંડળીઓની હજુ શરૂઆતજ થઇ છે એમ કહેવાય. એક તો એ ચળવળમાં વેપારી, દલાલને દૂર કરવા સંબંધીની તકલીફ હોય છે. બીજું, સાધારણ ધીરધારની મંડળીઓ કરતાં આવા પ્રકારની મંડળીઓને ઘણી કાળજી અને ધંધામાં પ્રવીણતાની અગત્ય હોય છે. તેથી આવા પ્રકારો બનવા મુશ્કેલ થઇ પડે છે પણ જેમ જેમ કેળ-

વણી પ્રચાર પામતી જશે અને ખેડુતોમાં તથા કારીગરોમાં વ્યવહારૂ શક્તિ ધરાવતા માણુસો પેદા થશે તેમ તેમ આ ચળવળ પણ નિઃશંસય આગળ વધશે.

આપણે આગળ જોયું કે પ્રાથમિક મંડળીઓથી નિયમિત રીતે પોતાનાં સભાસદોની નાણાં વિષયક જરૂરીયાત પુરી પાડવાનું સહકારી જીલ્લા બેન્કો જેવી મધ્યસ્થ સંસ્થાઓ શિવાય બની શકે નહિ. પોતાની શાખ ઉપર તેમને પુરતા નાણાં મળવા જોઇએ. આવી મધ્યસ્થ બેન્કનાં નામથી ઓળખાતી ૧૪દેક સંસ્થાઓ આપણા દ્લિાકામાં છે. દેશનાં જુદાજુદા વિભાગોમાં મધ્યસ્થ બેન્કોનાં પ્રકારો વિષે અખ્તરા થયા હતા પણ સૌથી વધારે સફલ જે સંસ્થાઓ સંયુકત મંડળીઓ તેમ શેર ધરાવનારા મનુષ્યો બન્નેને સભાસદ તરીકે રાખે તે પ્રકાર નિવડયો. એકલી સભાસદ મંડળીઓ ધંધાની રીતપર વહિવટ ચલાવવા શકિતમાન્ ન્હોતી અને એઓ મથકોમાં પૂરતી શાખ પાડી શકે નહિ. અને જો મધ્યસ્થ બેન્કો ફકત શેર ધરાવનારા માણસોનેજ સભાસદ બનાવે તો કરજ લેનાર તથા આપનાર બન્નેનાં હિતનાં સામ્ય નો સહકારી નિયમ તદ્દન ગુમ થવા પામે છે. આથી મિશ્ર પ્રકાર (Mixed type) સૌથી સારા પરિણામ આપે એમ લાગે છે. આ સંસ્થાઓ નિયમિત જવાબદારી અને શેર વડે ઉભા કરેલા ભંડોળ થી કામ કરે છે. એમની પાસેથી કરજ લેતી પ્રાથમિક મંડળીઓ ત્હેમનાં કરજનાં પ્રમાણમાં શેર લે એમ ફરજીયાત કરવામાં આવ્યું છે જેથી ધીમે ધીમે વાર્ષિક સાધારણ સભામાં તેઓ પોતાનો મત વિગેરે જણાવી સત્તા મેળવે અને સેન્ટ્રલ બેન્કોને એથી એમ જાણવું પડે કે તેઓ પાસેથી કરજ લેતી મંડળીઓ ત્હેમની ગુલામ નથી પણ માત્ર બેંકો મંડળીઓની એક પ્રકારની સેવા કરે છે. શેર ધરાવનારા માણસો ઘણું કરી વજનવાળા સ્થાનિક ગૃહસ્થો હોય છે જેઓ સાર્વજનિક કામમાં રસ લે છે. વ્યવસ્થાપક કમીટીમાં આવા શખ્સો આવી શકે છે જેઓ એ બેન્કોને જોઇતી ધંધાની કુશળતા

પુરી પાડે છે જે વગર આ બેન્કો નિષ્ફળ નિવડે. એ લોકો પોતાની હાજરીથી આવી સંસ્થાઓની શાખ વધારે છે. કરજ આપવા માટે તેઓ સંયુક્ત મંડળીઓનાં પ્રતિનિધિઓનાં અભિપ્રાયો ઉપર તથા દેખરેખ માટે રાખેલા બેન્કનાં માણસોનાં રીપોર્ટ ઉપર આધાર રાખે છે જે લોકો બે પ્રકારનું કામ કરેછે. (૧) મંડળીઓની નિયમિતતા વગેરે તપાસવાનું તથા (૨) કરજ કેવા કામો માટે વાપરવામાં આવ્યું છે તે જોવાનું.

આપણે આગળ જોયું કે ઇલાકા મધ્યસ્થ બેન્ક નાણાં સંબંધી સમતોલપણું (Balance) જાળવવાનું જરૂરનું કામ કરી શકે પણ એ ઉપરાંત જ્યાં મધ્યસ્થ બેન્ક નહિ હોય એવા વિભાગોમાં પ્રાથમિક મંડળીઓને કરજ ધીરવાનું કામ પણ કરી શકે અગર તો જ્યાં મધ્યસ્થ બેન્ક કોઈ કારણસર જીલ્લા અથવા વિભાગમાંની તમામ મંડળીઓને કરજ પુરૂ પાડી ન શકે ત્યાં પણ તે કર્જ ધીરવાનું કામ કરી શકે.

પ્રાથમિક મંડળીઓની તપાસણી પણ દરેક સહકારી વ્યવસ્થામાં બહુજ ઉપયોગી હોય છે. રજીષ્ટ્રાર પોતાનાં ખાતાં વડે કાંઈક પ્રમાણમાં એ કરે છે પણ દરેક જીલ્લા યા વિભાગમાં બીનસરકારી ગૃહસ્થો ઉપયોગી નિવડયા છે. તેઓએ પોતાની સ્થાનિક માહિતી વિગેરેને લઈને ઘણી જગ્યાએ જુની મંડળીઓની સ્થિતિ સુધારવામાં તથા નવી મંડળીઓ ઉભી કરવામાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. પણ પ્રાથમિક મંડળીનાં સભાસદોને વખતોવખત દેખરેખ અને માર્ગ બતાવવાની જરૂર હોય છે અને આ ખાનગી ગૃહસ્થો એ બધાં કાર્યને પોતાનાં ધંધાનાં રોકાણને લીધે એકલે હાથે પહોંચી વળે નહિં. આથી મંડળીઓની યુનીઅનમાં એકત્ર થવાની અને માંહોમાંહ્ય દેખરેખ પુરી પાડવાની બહુ જરૂર રહે છે. નહિ જેવી જવાબદારી, અજ્ઞાન, પુરતા ઉત્સાહની ખામી તથા જોઇતી સામાન્ય લાભની લાગણીને અભાવે આવી ઉભી થયેલી સંસ્થાઓ પણ એટલી સફલ થયેલી જણાતી નથી પણ એમ લાગે છે કે

મ્હેલે મોડે એવા યુનીઅનો થયા શિવાય 'સહકાર'ને તમામ રીતથી જોઇતું ઉત્તેજન મળવું અસંભવિત ન કહીયે તો અસાધારણ મુશ્કેલીનું તો છેજ. આવું યુનીઅન મધ્યસ્થ બેન્કમાંથી સંયુક્ત સભાસદ મંડળીઓ માટે રોકડ શાખ પણ મેળવી શકે છે. આથી તેઓને સવડ પડે એટલુંજ નહિ પણ જો તેઓ સભાસદ મંડળીઓ ઉપર યોગ્ય દેખરેખ રાખે તો મધ્યસ્થ બેન્કના કામમાં પણ સવડ પડે અને વ્યાજબી અને જરૂરી કરજ મેળવતાં ઢીલ થવાને અવકાશ ન રહે.

સહકારી હીલચાલનો સ્વતંત્ર અને સંપૂર્ણ વિકાસ થાય તે માટે પ્રચાર, કેળવણી અને દેખરેખ માટે પ્રજાકીય મધ્યસ્થ સહકારી મંડળોની જરૂર પડે છે. સહકારી ખાતાં ગમે તેવાં સારા હોય તો પણ સહકારી સંસ્થાઓમાં જે ભાવના હોય તે તેમાં હોઈ શકે નહિ. છતાં એવી સંસ્થાઓને અભાવે શરૂઆતથી સરકારેજ બધું કામ હાથમાં લીધું હતું. તે કામ સહકારી સંસ્થાઓના હાથમાંજ આવે. તે માટે કેટલાંક વર્ષો થયાં મુંબઈ સેન્ટ્રલ કોઑપરેટિવ ઇન્સ્ટિટયુટ સ્થાપવામાં આવ્યું છે. તેની પાંચ જુદી જુદી શાખાઓ પણ ઉઘાડવામાં આવી છે. ગુજરાત માટેની શાખા ભરૂચમાં છે. હિંદુસ્તાનના બીજા ભાગોમાં પણ બીજાં નામથી આવી જાતનાં મંડળો સ્થપાવા માંડયાં છે.

૧૯૧૮–૧૯નાં વર્ષમાં સહકારી ચળવળે હિંદુસ્તાનમાં કરેલી પ્રગતિ વિષે સરકાર તરફથી હકિકત અને આંકડાઓ પૂરા પાડતાં ખાતા તરફથી બીનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી તે ઉપરથી જણાશે કે મંડળીઓની એકંદર સંખ્યા ૩૨,૪૩૯ની થઈ હતી. આ મંડળીઓનો મોટો ભાગ એગ્રીકલચરલ મંડળીઓનો હતો. એવી એગ્રીકલચરલ (ખેડુતની) મંડળીઓની સંખ્યા ૨૮,૯૭૭ની થઇ હતી. તેનાં સભાસદોની સંખ્યા ૯,૬૭૩૧૮ની થઈ હતી. તેમનું ભંડોળ રૂ. ૮,૦૮,૮૫,૨૪૦નું થયું હતું. મધ્યસ્થ બેન્કોની સંખ્યા ૩૩૩ની થઇ હતી. એમનાં (બેન્કોનાં) સભાસદોની સંખ્યા ૧૦૭,૭૪૭ની થઇ હતી અને એઓનું ભંડોળ રૂા.

૭,૨૯,૪૩,૦૨૮નું થયું હતું. આ બેન્કોની સંખ્યામાં ઇલાકા મધ્યસ્થ બેન્કો પણ આવી ગઈ છે જેમનું ભંડોળ ૨૧ કરોડનું હતું. યુનીયનોની સંખ્યા ૭૪૭ની થઈ હતી. ઢોરનો વિમો ઉતારવા પરત્વેની ચળવળ ફક્ત થોડાજ ઇલાકાઓમાં પ્રસરી શકી છે. એકંદરે ૪૧૦ વિમો ઉતારનારી મંડળીઓમાંથી એ સાલમાં ૩૮૬ બર્મા (બ્રહ્મદેશ)માં હતી. ફક્ત બર્મામાંજ એક (re insurance) વિમાનો વિમો ઉતારનારી મંડળી હતી.

પ્રકરણ ૩ જું.

ખેતી અને શાહુકાર.

ખેતી તે હિંદુસ્તાનનો મોટામાં મોટો ઉદ્યોગ છે. તેના ઉપર સીધી અથવા આડકતરી રીતે હિંદુસ્તાનની એંશી ટકા જેટલી પ્રજાનો આધાર છે. તે ઉદ્યોગ કોઇ પણ રીતે પડી ભાંગે અથવા બગડે, અથવા કોઇ પણ રીતે તેમાં કાંઇ સુધારો થાય તો તેનું પરિણામ કુદરતી રીતે આખા હિંદુસ્તાન ઉપર થાય છે. આ ઉદ્યોગ હાલ એટલી અવનત દશામાં છે કે તેથી હિંદના કોઇ પણ હિતેચ્છુને શોક થયા વગર રહે નહિ.

હિંદુસ્તાનમાં ખેડુત સામાન્ય રીતે સ્વતંત્ર હોવા છતાં સ્વતંત્રતા શું તેનો તેને અનુભવજ હોતો નથી. કાંતો તે ઉમ્મરે પહોંચીને પોતાને ધંધે લાગે તે પહેલાંજ તેના બાપ દાદાઓએ તેના માટે કર્જની બેડીઓ તૈયાર કરીને તેને પહેરાવી રાખી હોય છે; વાંચવું લખવું એતો ખેડુતના દીકરા માટે નથી એવી માન્યતાને લીધે સામાન્ય રીતે તેને પોતાના ધંધા માટેનું અથવા બીજું જ્ઞાન મેળવવાનું મુખ્ય સાધન વાંચન તેનાથી તે વંચિત હોય છે; બાપદાદાથી ચાલ્યું આવતું જ્ઞાન તેને મળે છે ખરું, પરંતુ તે કાળે કરીને વધવાને બદલે ઓછું થયેલું જોવામાં આવે છે. આવો ઓછા જ્ઞાનવાળો માણુસ પોતાની કર્જની બેડીમાંથી કેમ મુક્ત થવું તે ન જાણુતો હોવાથી અને બીજા પ્રતિકૂળ સંયોગોથી દબાયેલો હોવાથી ઉત્સાહભંગ થઇને પોતાનો ખેતીનો ધંધો વર્ષોનાં વર્ષો ચલાવે જાય છે. વાવવા માટે બી જોઇતું હોય કે ખેડ કરવા માટે બળદ જોઇતા હોય, ચોમાસામાં ખાવા માટે દાણા જોઇતા હોય, કે મજૂરોને ચૂકવવા માટે નાણાં જોઇતાં હોય ત્યારે તેને વેપારી–શાહુકારનું શરણું લેવું પડે છે. જાત મહેનતથી અને

વરસાદ વગેરે અનુકૂળ સંયોગોથી ખેતીનો પાક તૈયાર થાય ત્યારે તે ખેડુતને ઘેર નથી જતો, પરંતુ સીધો વેપારી–શાહુકારને ત્યાં જાય છે. અને ખેડુતને તો પોતાની બધી જરૂરીયાતો માટે છેવટે વેપારી–શાહુકાર ઉપર જ આધાર રાખવો પડે છે. આવી સ્થિતિમાં ખેતીનો ધંધો વ્યવસ્થિત ન હોય, ખેતીનાં ઢોર જરૂરના પ્રમાણમાં ઓછાં અને કમજોર હોય, ઓજારો સેંકડો વર્ષોથી વપરાતાં આવતાં પરંતુ બિલકુલ સુધારવામાં ન આવેલાં એવાં હોય, જમીન ઉપરછલ્લી અને ધીમેથી ખેડાતી હોય, બી પરીક્ષા કરીને પસંદ કરવામાં ન આવેલું એવું વપરાતું હોય, ખાતર તરીકે ઉકરડીના ઢગલા સિવાય બીજું ભાગ્યેજ દેખાતું હોય, અને પાક ઘણો થોડો થતો હોય; અને તેને પરિણામે ખેડુતની સ્થિતિ સર્વ રીતે દયાજનક હોય તો તેમાં નવાઇ જેવું કાંઇ નથી હાલના જમાનામાં વ્યવસ્થા વિનાનો કોઇ પણ ઉદ્યોગ દુનિયામાં ભાગ્યેજ ટકી શકે છે અને જ્યારે બીજા દેશોમા ખેતીના ઉદ્યોગની વ્યવસ્થા પૂર્ણતાની ટોચે પહોંચતી જતી લાગે છે ત્યારે અવ્યવસ્થિત સ્થિતિમાં ખેતી કરનારાઓની અવદશા, જો ચાંપતા ઉપાયો લેવામાં ન આવે તો, વધતી જાય એ સ્વાભાવિક છે. હાલની અવદશા દૂર કરી, ઉન્નતિ સાધવા માટે ખેતીના ધંધામાં જે વ્યવસ્થા દાખલ કરવાની જરૂર છે તે વ્યવસ્થામાં સહકારનું શું સ્થાન છે તે સંબંધે વિચાર થવો જરૂરનો છે.

ખેતીના ધંધામાં જે વસ્તુઓની જરૂર હોય છે તેના સામાન્ય ચાર વિભાગ પાડી શકાય–જ્ઞાન, જમીન, મજૂરી, અને સાધનો. આ ચારમાંથી એક પણ ન હોય તો ખેતી થઇ શકે નહિ.

જમીન, મજૂરી, અને હળ, ખાતર વગેરે સાધનો હોય છતાં ખેતી કેવી રીતે કરવી તેનું બિલકુલ જ્ઞાનજ ન હોય તો ખેતી થઇ શકે નહિ. ખેતી સંબંધે થોડુંક અથવા ઘણું જ્ઞાન, મજૂરી અને ખેતી માટેનાં સાધનો હોય છતાં જમીનજ ન હોય તો ખેતી કરવી

અશક્યજ થઇ પડે તે ઉઘાડું છે. જ્ઞાન, જમીન, અને સાધનો હોય છતાં ખેતી કરનાર પોતે જાત મહેનત ન કરી શકે અથવા બીજા માણસ પાસે મહેનત–મજૂરી ન કરાવી શકે તો પણ ખેતી થઇ શકે નહી. તેવીજ રીતે જ્ઞાન, જમીન અને મજૂરી એ ત્રણ હોય, છતાં બી હળ, બળદ, ખાતર, વગેરે સાધનો ન હોય તો પણ ખેતી થવી શક્ય નથી.

જ્ઞાન માટે હાલની સ્થિતિમાં સહકાર સીધી રીતે તો બહુ કરી શકે નહિ. તે બાબત તો ખેતી ખાતું અથવા ખેતીની શાળાઓ, કે મહાશાળાઓ, અથવા પ્રયોગ શાળાઓ, શોધખોળની સંસ્થાઓ તેમજ પ્રત્યક્ષ જ્ઞાન (ડીમૉન્સ્ટ્રેશન) માટેની સંસ્થાઓ પણ ખરું કામ કરે છે, અને કરી શકે. છતાં પોતાના સભાસદોમાં અમુક જાતનું સારું બી કે અમુક જાતનાં સુધરેલાં ઓજારો, અથવા ખેતીની કોઇ સુધરેલી પદ્ધતિનો પ્રચાર કરીને સહકારી મંડળીઓ આડકતરી રીતે જ્ઞાન આપી અથવા વધારી શકે. સહકારી હીલચાલ સારી રીતે વિકાસ પામે અને આર્થિક દૃષ્ટિએ સ્વતંત્ર અને જોરદાર બને તે પછી સીધી રીતે જ્ઞાન આપવાનું અથવા વધારવાનું કામ પણ કેટલેક અંશે સહકારી મંડળીઓ દ્વારા થઇ શકે. ખેડુતોની મંડળીઓના સમૂહો આગળ જતાં નાની સરખી ખેતીની શાળાઓ ચલાવે અથવા પ્રયોગશાળાઓ સ્થાપે અથવા બીજી રીતે સભાસદોને ખેતીનું જ્ઞાન આપવા માટે તેવી કોઇ યોજનાઓ અમલમાં મૂકે તો તેમાં કાંઇ નવાઇ જેવું નથી.

જમીન સંબંધે જો પહેલો પ્રશ્ન એજ હોય કે ખેડુત પાસે જમીન બિલકુલ નથી અથવા તેણે પોતાની જમીન ગીરો આપેલી છે, તો સહકારી ધીરધાર કરનારી મંડળીઓ પાસેથી પૈસા લઇને ખેડુત જમીન ખરીદી, અથવા ગીરોમાંથી મુક્ત કરી પોતાની માલીકીમાં લાવી શકે એતો ભાગ્યેજ કોઇથી અજાણ્યું હશે. બાકી જમીન સંબંધે ઘણા દેશોમાં અને ખાસ કરીને અહીં બે મોટા પ્રશ્નો છે. પહેલું, ખેડુતો પાસે ખેતી માટે જોઇએ તેના કરતાં ઘણીવાર, બહુ

નાના જમીનના ટુકડા હોય છે. એવા ટુકડાની આવકમાંથી ખેડુતના કુટુંબનું પૂરું થતું નથી અને ટુકડો બહુ નાનો હોવાથી ખેતી પણ સારી થતી નથી. આથી ખેડુતને પોતાને વ્યકિત તરીકે નુકશાન થાય છે તે ઉપરાંત નાના ટુકડામાંથી જેટલો પાક થવો જોઇએ તેટલો ન થાય તેટલે અંશે દેશને પણ નુકસાન થાય છે. બીજું, ખેડુતો પાસે થોડી અથવા વધારે જમીન હોય તો પણ ઘણીવાર તે એક ઠેકાણે નહિ પરંતુ જૂદે જૂદે ઠેકાણે છૂટી છવાઇ હોય છે. છૂટા છવાયા ટુકડા ખેડાવાથી ખેતી બરોબર થતી નથી અને દેખરેખ વગેરે પાછળ વધારે પડતું ખર્ચ અને મહેનત કરવાં પડે છે. આથી પણ ખેડુતને વ્યકિત તરીકે નુકસાન વેઠવું પડે છે તે તો તે સંબંધે માહિતી ધરાવનાર કોઇ પણ માણસને સ્પષ્ટ હોય છે, પરંતુ તે ઉપરાંત ઓછા પાકને લીધે અને વધારે પડતી દેખરેખ વગેરેમાં મહેનત અને ધનનો નિરુપયોગી વ્યય જેટલે અંશે થાય તેટલે અંશે સમસ્ત પ્રજાને નુકસાન થાય છે.

આ બન્ને પ્રશ્નોનો ઉકેલ કેવી રીતે કરવો તેનો વિચાર રાજા પ્રજા બન્ને તરફથી ઘણો વખત થયાં ચાલ્યાં કરે છે. અમુક હદ પછી જમીનના ટુકડાના ભાગ પાડવાજ ન દેવા અને હાલના નાના નાના અને છૂટા છવાયા ટુકડાઓને એકત્ર કરી તેના જોઇએ તેવડા ભાગ પાડી ખેડુતોને ખેડવા માટે આપવા સબંધે કાયદો પસાર કરવાની સૂચનાઓ સરકારને કરવામાં આવે છે. આ યોજનામાં થોડો ઘણો ફેરફાર હોય તેવી જૂદી જૂદી સૂચનાઓ પણ થાય છે. પરંતુ આપણો વારસાનો કાયદો એવો છે કે જેથી એક બાપના બે અથવા ચાર દીકરાઓ હોય તો બાપના મરણ પછી તેઓ જમીન સરખે ભાગે વ્હેંચી લે છે. અને તેમાં પણ ઘણે ભાગે દરેક ખેતરના ભાગ પાડી લેવામાં આવે છે. એક માણસ પાસે એક કુટુંબને પોષી શકે એટલી જમીન હોય અને તેને બે દીકરા હોય તો તેના મરણ પછી તેટલીજ જમીનમાંથી બે કુટુંબોને પોતાનું પોષણ કરવું પડે છે. જમીનની આવક

પૂરતી ન હોવાથી બન્ને કુટુંબોની સ્થિતિ ખરાબ થતી જાય છે. અને તે કુટુંબો ધીમે ધીમે કર્જના બોજા તળે કચરાતા જાય છે તેજ પ્રમાણે છૂટા છવાયા જમીનના ટુકડા જે વારસાના રિવાજથી થાય છે અને જેનાથી તે ટુકડાઓના માલીકોને છેવટે તો ગેરફાયદોજ હોય છે તે અટકાવવાને હાલ કાંઇ સાધન નથી. કાયદાની મદદથી નાના અને છૂટા છવાયા ટુકડાઓ એકત્ર કરવાથી પ્રજામાં બહુ અસંતોષ ફેલાય અને લોકોની લાગણી ઉશ્કેરાય તે બીકથી સૂચના કરનારાઓ અને સરકાર તેવું પગલું સૂચવતાં અથવા લેતાં અચકાય છે. તે ઉપરાંત એક વખત જોઇએ તેવડા ટુકડા કર્યા પછી પણ જો વારસાનો કાયદો હાલ છે તેવોને તેવોજ રહે, તો ફરી પાછા નાના નાના અને છૂટા છવાયા ટુકડાઓ થઇ જાય. આમ ન થાય એટલા માટે વારસાનો કાયદો પણ બદલવાની જરૂર પડે. આ બધું કરવામાં આવે તો પણ બીજી મોટી મુશ્કેલી તો એ ઉભી છે કે જોઇએ તેવડો ટુકડો કોને ગણવો ? જમીનના એક ટુકડામાંથી આજ એક કુટુંબનું પોષણ થઇ શકે તેમ હોય, પરંતુ ખેતીની રીતમાં ફેરફાર થવાને લીધે અથવા માલની કિમ્મતમાં વધારો થવાને લીધે, અથવા એવાં બીજાં કારણોને લીધે, પાંચ દસ વર્ષ પછી તેજ ટુકડામાંથી બે કુટુંબનું પોષણ થાય. કોઇવાર એવું પણ બને કે કુદરતી અથવા બીજાં કારણોને લીધે જે ટુકડામાંથી એક કુટુંબ આજે પોષાતું હોય તે ટુકડો પાંચ દસ વર્ષ પછી તે કુટુંબને ન પણ પોષી શકે.

જમીન સંબંધી આ મુખ્ય પ્રશ્નોનો સર્વરીતે સંતોષકારક નિવેડો લાવવાનો એકજ માર્ગ દેખાય છે, અને તે સહકાર છે. જમીન સંબંધેની સહકારી મંડળીઓ સ્થાપન કરવામાં આવી હોય તો સભાસદોની માલીકીના નાના નાના અને છૂટાછવાયા જમીનના ટુકડા મંડળીને સોંપી દેવામાં આવે, અને એક કુટુંબને સારીરીતે પોષી શકે એવા ટુકડાઓ કરીને મંડળી સભાસદોને તે ખેડવા માટે આપે. સહકારી મંડળીઓમાંની ગોઠવણો ફરજિઆત નહિં પરંતુ મરજિઆત

હોવાથી લોકોમાં કોઇ પ્રકારનો અસંતોષ થવાનો સંભવ ઓછો રહે. અને કાયદા જેવા કઠણ નિયમોથી ટુકડાઓની હદ ઠરાવેલી ન હોવાથી સંયોગોમાં ફેરફાર થતાં જમીનના ટુકડાઓના કદમાં પણ સહકારી મંડળીઓ સહેલાઇથી ફેરફાર કરી શકે. આ રીતે મંડળીઓ દ્વારા નાના નાના છૂટાછવાયા ટુકડાઓને એકત્ર કરી તેના જરૂર જેટલા ભાગ પાડી ખેડુતને તેનું પોષણ થાય તેનાથી ઓછી નહિ તેટલી જમીન પૂરી પાડવાનું અત્યંત અગત્યનું કામ ઓછામાં ઓછી મુશ્કેલીથી થઇ શકે.

મજૂરીની બાબતમાં નાના ખેડુતોને સહકારની અથવા બીજા પ્રકારની મદદની બહુ જરૂર નથી હોતી. પોતાના ધંધામાં જરૂરની શારીરમહેનત તે પોતે અને તેનું કુટુંબ પૂરી પાડે છે. છતાં કાપણી અથવા નિંદણી જેવા પ્રસંગે તેને બહારની મજૂરીનો ખપ પડે છે. તે માટે અને મોટા ખેડુતો કે જેઓ બધી અથવા થોડી ઘણી ખેતી મજૂરો પાસે કરાવતા હોય તેમને માટે સહકારી સંસ્થાઓ દ્વારા ઘણું થઇ શકે. મજૂરોની બાબતમાં મુખ્ય મુશ્કેલીઓ એ હોય છે કે એક તો તેઓ ઓછામાં ઓછું કામ કરીને વધારેમાં વધારે મજૂરી મેળવવાનો પ્રયત્ન કરે છે, અને બીજું આ પ્રયત્નને થોડે અંશે અંકુશમાં રાખવા માટે દેખરેખ રાખનારા ખાસ માણસોની જરૂર પડે છે. આથી મજૂરોને આર્થિક લાભ ન થવા છતાં મજૂરો પાસે કામ કરાવનારને ઘણો ગેરલાભ થાય છે. એક તો તેઓનું કામ ઓછું થાય છે. અને બીજું તેઓને દેખરેખ પાછળ નકામું ઘણું ખર્ચ કરવું પડે છે. જો મજૂરોની સહકારી મંડળીઓ સ્થાપન કરવામાં આવે તો આ મુશ્કેલી દૂર થઇ શકે. જે કામ કરવા માટે મજૂરોને રોકવામાં આવતા હોય તે કામ સહકારી મંડળીઓ ઉધડ રાખી શકે અને પોતાના સભાસદો દ્વારા કરાવી શકે. આવી ગોઠવણથી સભાસદ મજૂરો જેમ જલદી કામ કરે તેમ તેમને વધારે ફાયદો રહે. તેથી તેઓ ખંતપૂર્વક અને તત્પરતાથી કામ કરે, કામ કરાવનારને કામ

તેટલેજ પૈસે જલદીથી થાય, અને દેખરેખ પાછળ થતું ખર્ચ બચે. મજુરોની મંડળીમાં તો કામ કરનાર સભાસદ મજુરમાંના એકનેજ દેખરેખનું કામ પણ સાથે સાથે સોંપી શકાય, અને તેથી તે માટે ભારે ખર્ચ કરવું પડે નહિ. મજુરોની આવી મંડળીઓથી મજુરોને પોતાને અને મજુરો પાસે કામ કરાવનારને બન્નેને લાભ થાય, અને પહેલાં જે કામ માટે વધારે માણસો રોકાઇ રહેતા હતા તે કામ થોડા માણસથી થાય, અથવા જે કામ માટે પહેલાં વધારે વખત લાગતો હતો તે થોડા વખતમાં થાય, અને તેથી માણસ અને મહેનતનો જેટલે અંશે બચાવ થાય તેટલે અંશે સમસ્ત પ્રજાને લાભ થાય.

ખેતી માટે જોઇતાં સાધનો અનેક પ્રકારનાં હોય છે, અને પ્રત્યેક સાધન માટે સહકાર ઘણુ ભાગે ઉપયોગી થઇ પડે છે. બધાની માફક ખેડુતોને પહેલું સાધન કે જે દ્વારા ઘણાં ખરાં સાધનો મેળવી શકાય છે, તે સાધન-પૈસાની જરૂર હોય છે. અજ્ઞાન વગેરે અનેક કારણો ને લીધે ખેડુતને સાધારણ રીતે બહુ ભારે વ્યાજના દરે નાણાં મળી શકે છે. અને આવી રીતે નાણાં મેળવવા છતાં તેનામાં કરકસર કરવાની ટેવ આવતી નથી. ખેડુતોને નાણાંની બાબતમાં સગવડ થાય તેટલા માટે ઘણી યોજનાઓ કરવામાં આવેલી છે. પરંતુ સહકારી યોજના તે સર્વ યોજનાઓમાં શ્રેષ્ઠ જણાઇ છે. સહકારી મંડળીઓ માર્ફત ખેડુતોને વ્યાજબી વ્યાજના દરે પૈસા મળી શકે એટલુંજ નહિં, પરંતુ તેઓને કરકસર પણ શીખવી શકાય. સ્થાનિક પંચદ્વારા ધીરવાનું કામ થતું હોવાથી કર્જનાં કારણ માટે અને તેના કરવામાં આવતા ઉપયોગ માટે ધ્યાન રાખી શકાય, અને જરૂર પડે ત્યારે કર્જદારને વારી શકાય. તેજ પ્રમાણે સભાસદો પાસેથી બચત કરાવીને નાની મોટી રકમ મંડળીઓમાં જમે કરાવી જે માણસો પોતાની મેળે કોઇ દિવસ પૈસા એકઠા કરી શકતા નથી તે માણસોને નામે સારી રકમો એકઠી કરાવી શકાય.

ખેતીના ધંધામાં પહેલાં તો જમીન ખેડવી જોઇએ. તેને માટે જરૂરનાં સાધનો તે હળ અને બળદ છે. સાધારણ જાતનું હળ વાપરવાનું હોય ત્યારે તો તે માટે સહકારની બહુ જરૂર પડે નહિ. પરંતુ સારી ખેતી માટે જૂદા જૂદા સંયોગોમાં જૂદી જૂદી જાતના સુધરેલી ઢબનાં હળો વાપરવાથી વિશેષ ફાયદો થાય છે. છતાં આવાં હળો અને બીજાં સુધરેલી ઢબનાં ખેતીનાં ઓજારોની કિંમત પ્રમાણમાં વધારે હોય છે. તેથી નાના ખેડુતો તેવાં ઓજારો પોતાને માટે ખરીદી શકે તેવી સ્થિતિમાં હોતા નથી. તેથી તેઓ એકત્ર થઇને સહકારી મંડળીઓ દ્વારા અમુક ઓજારો ખરીદ કરી, ભાડું લઇને મંડળીના સભાસદોને વારા ફરતી વાપરવાની ગોઠવણ કરે તો એકથી જે ઓજારોનો લાભ ન લઇ શકાય તે બધા મળીને લઇ શકે. તેજ પ્રમાણે અમુક જાતની ખેતી માટે વરાળ અથવા તેલના એન્જીનથી ચાલતાં હળો, અથવા ઓજારો વાપરવાની જરૂર હોય ત્યારે પણ નાના ખેડુતોને માટે સહકાર સિવાય બીજો માર્ગ નથી. હળ તો માત્ર દૃષ્ટાંત રૂપે છે, પરંતુ કાપણીના, ઉપણવાના, કડબ કાપવાના વગેરે સંચાઓ પણ નાના ખેડુતો પોતાને માટે ખરીદી શકે નહિ. તેથી તે સંચાઓનો લાભ તેને લેવો હોય તો તેણે સહકારી મંડળીનોજ આશ્રય લેવો જોઇએ.

હાલની ખેતીની એક મોટી ખામી એ છે કે જે જનાવરોની મદદથી ખેતી કરવામાં આવે છે તે જનાવરો જોઇએ તેવાં તન્દુરસ્ત અને મજબુત હોતાં નથી. દેશના કેટલાક ભાગમાં તો એમ સ્પષ્ટ જણાઇ આવે છે કે ઢોરની ઓલાદ ઉતરતી જાય છે, અને તેથી ક્રમેક્રમે જનાવરો નાનાં અને નબળાં થતાં જાય છે. આવા બળદોથી ખેતર જોઇએ તેવાં, અને જોઇએ તેટલાં જલદીથી, ખેડી શકાતાં નથી, અને પરિણામ એ આવે છે કે પાક ઓછો થાય છે, ખેડુતની સ્થિતિ બગડે છે, અને અંતે નબળાં ઢોર–બળદ ને પણ સાચવી શકાતાં નથી. વળી આવાં ઢોર રોગના સપાટામાં વધારે પ્રમાણમાં

મરણને શરણ થાય છે, અને કેટલીક વાર તો ખેડુતોને બળદને અભાવે ખેતી બંધ રાખવી પડેછે, અથવા ઓછી કરવી પડેછે. આ ખામી દૂર કરવા માટે ઢોર ઉછેરવાની સહકારી મંડળીઓ બહુ ઉપયોગી થઈ પડે છે. એવી મંડળીઓમાં સાધરણ રીતે એક સારો સાંઢ અને કોઈવાર પાડો પણ રખાય છે, અને સભાસદોની ગાયો અને ભેંસો અમુક ઠેકાણે તેની સાથે ચરવા મોકલવામાં આવે છે. આ પ્રમાણે ગોઠવણ થવાથી ગાયો અને ભેંસોનાં વાછડાં અને પાડાઓમાં ઉઘાડી રીતે સુધારો થએલો જણાય છે. અને આ રીતે ઢોરની જાત ધીમે ધીમે સુધરતી જાય તેમાં કાંઈ શંકા જેવું નથી.

જમીન ખેડાવ્યા પછી ખેડુતને બીની જરૂર પડે છે. જો બી જોઈએ તેટલું, અને જોઈએ તેવું સારું, હોય તો પાક સારો આવવાનો સંભવ રહે છે, અને જો તે ઓછું અથવા ખરાબ હોય તો પાક ઓછો આવે એ કુદરતી છે; મતલબ કે બીના ઉપર પાકનો ઘણો આધાર રહે છે. કેટલીક વાર તો ખેડુતો પાસે બિલકુલ બીજ હોતું નથી, અને ઘણીવાર પૈસા પણ હોતા નથી. તેથી તેને ઘણે ભાગે ઉધારે બી લાવવું પડે છે. વેપારી પાસેથી લાવેલું બી જોઈએ તેવું સારું નથી હોતું, છતાં મોસમમાં પાક આવે ત્યારે તેનું દોઢું કે બમણું આપવું પડે છે, અથવા તો તેની કિંમત વધારે પડે છે, અને રોકડ રકમ ઉપર ભારે વ્યાજ આપવું પડે છે. કેટલાક ખેડુતો કાળજી રાખીને પોતાના ખેતરમાં ઉગેલા પાકમાંથી સારામાં સારું બી સંઘરી રાખે છે. અને કરકસર કરીને અને અગવડ વેઠીને પણ તે બી જેમનું તેમ જાળવી રાખે છે. પરંતુ ખેડુત જે બી વેપારી પાસેથી લાવે છે અથવા પોતે સંઘરી રાખે છે તે બીમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઘણો સુધારો થઈ શકે તેમ હોય છે. સારામાં સારું બી મેળવવું હોય તો તે બી બહુજ કાળજી પૂર્વક ઉગાડેલું હોવું જોઈએ. તેથી કાં તો તે સરકારી ફાર્મો ઉપરથી લેવું જોઈએ અથવા તો કોઈ વિશ્વાસુ પેઢીઓ પાસેથી લેવું જોઈએ. પરંતુ જો ખેડુતો તરફથી બીની બહુ

માગણી થવા માટે તો સરકારી ફાર્મો તરફથી જોઇએ તેવું જુદા જુદા સંયોગોમાં માફક આવે તેવું, અને બધાંને પૂરું પડે તેટલું, બી ખેડુતોને સગવડપૂર્વક મળી શકે કે કેમ તે સવાલ છે. તેજ પ્રમાણે પેઢીઓમાં પણ ખેડુતનું હિત જાળવવા માટે ધ્યાન રાખવામાં આવે કે કેમ એ પણ એક સવાલજ છે. વળી ગરીબ ખેડુતો પાસે રોકડેથી બી ખરીદવા માટે પૈસા નથી હોતા એ મુશ્કેલી તો અહીં પણ ઉભીને ઉભીજ છે. નાના ખેડુતોને સારું બી સગવડપૂર્વક અને વ્યાજબી ભાવે સહકારી બીની મંડળીઓમાંથી મળી શકે. બીની સહકારી મંડળીઓ, સભાસદોની જરૂર અને સગવડ પ્રમાણે બી સોંઘું હોય ત્યારે વેચાતું લઇ, અથવા એક જુદાજ ખેતરમાં શાસ્ત્રીય રીતે ઉગાડી, સાચવીને સંઘરી રાખે, અને વાવણી વખતે સભાસદોને તેમની સ્થિતિ પ્રમાણે રોકડેથી અથવા ઉધાર આપી શકે. આથી ખેડુતોને સારૂં બી પોતાના ગામમાંજ સોંઘે ભાવે અને સગવડપૂર્વક મળી શકે, અને બી સંબંધે બધી મુશ્કેલીઓ દૂર થાય. જે ખેતરમાં જુદું ખાસ બી ઉગાડવામાં આવતું હોય તે ખેતરમાં વાવવા માટે સારામાં સારૂં ઓછામાં ઓછી ખામીવાળું બી મોટાં ફાર્મો ઉપરથી મંગાવી શકાય, અને તે રીતે ગામડાંમાં ઉગાડવામાં આવતાં બીની જાત ખરાબ થઇ જતી અટકાવી શકાય. એક નાના ખેડુતથી પોતાને માટે બી સંબંધે જે ન થઇ શકે તે સહકારી મંડળી ઘણાને માટે કરી શકે.

બી વાવ્યા પહેલાં અથવા પછી ખેડુતને ખાતરની જરૂર પડવી જોઇએ. હિંદુસ્તાનમાં ખેડુતોનો મોટો ભાગ પોતાનાં ઢોરનું છાણ અને ઘરમાંના કચરા સિવાય એટલે કે ઉકરડાના ખાતર સિવાય બીજું ખાતર વાપરતો નથી. ઢોરનું છાણ અને બીજો કચરો પણ સાધારણ રીતે તાપમાં ઉઘાડો પડયો રહેવા દેવામાં આવે છે, અને તેથી તેમાંથી કેટલાંક કિંમતી તત્ત્વો ઉડી જાય છે. વળી ઢોરના મૂત્રનો તો ગંદકી કરવા સિવાય બીજો કાંઈ ઉપયોગ કરવામાં આવતો નથી. બીજી વસ્તુઓ

જેવી કે હાડકાં, ખોળ વિગેરેનો પણ નહિ જેવો ઉપયોગ કરવામાં આવે છે. તો પછી રસાયણી ખાતરની તો વાતજ શી? છતાં જે વસ્તુઓ ખેડુત ખાતર તરીકે વાપરે છે તે વસ્તુઓનાં કિંમતી તત્ત્વો તે જાળવતો થાય અને બીજી વસ્તુઓ ખાતર તરીકે વધારે ને વધારે વાપરતો થાય તે માટે ખાતરની સહકારી મંડળીઓની જરૂર છે. છાણકચરા વગેરેનું સારું ખાતર બનાવવા માટે તેને જમીનમાં ખાડો ખોદી બની શકે તો પત્થરથી અથવા સીમેંટથી બંધાવી, તે ખાડો ઢાંકી શકાય તેવી ગોઠવણ કરી, તેમાં તે વસ્તુઓ ભરી એકાદ વર્ષ રહેવા દેવી જોઇએ. પોતાના છાણ કચરા માટે દરેક નાનો ખેડુત આવી ગોઠવણ કરી શકે નહિ, પરંતુ જો પાંચ સાત કે વધારે ખેડુતો મળી પોતાને માટે આવી ગોઠવણ કરવા ધારે તો તે થઇ શકે, અને છાણકચરાનાં કેટલાંક કિંમતી તત્ત્વોનો પહેલાં કાંઇ ઉપયોગ નહોતો થતો તે થાય. તેજ પ્રમાણે ખાતર માટે હાડકાંનો ભૂકો બનાવવાનું સાધન એક નાનો ખેડુત ભાગ્યેજ રાખી શકે. પરંતુ જો એક અથવા વધારે ગામના ખેડુતો એકઠા મળીને એવું સાધન રાખવાનો વિચાર કરે તો તે પાર પડી શકે. વળી વાડીના અથવા બીજા પાક માટે ખોળ કે બીજું ખાતર બહારગામથી મંગાવવાની જરૂર હોય ત્યારે પણ નાના ખેડુતને વેપારીઓ અથવા દલાલો ઉપર આધાર રાખવો પડે છે, અને ઉધાર લીધેલા ખાતરના બદલામાં વાડીનો માલ લખી આપવો પડે છે. માલ તૈયાર થયે વેપારી અથવા દલાલ તે ખંડી લે છે, અને તે વખતે તેઓ ઓછો ભાવ માંડે તો પણ ખેડુતથી બોલી શકાતું નથી. તે ઉપરાંત વેપારી પાસેથી ખાતર મેળવવાથી તે ભેળસેળવાળું મળે છે, અને ચોખ્ખું હોવાનો સંભવ થોડો રહે છે. વળી માપમાં અથવા તોલમાં ખેડુત વેપારી અથવા દલાલને હાથે દંડાય છે તે જુદું. આવા ખાતર માટે જે ઠેકાણેથી ખાતર લાવવામાં આવતું હોય ત્યાંથી ખરીદ કરી ખેડુત સભાસદોને તે પૂરું પાડવા માટે સહકારી મંડળીઓ બહુ સારૂં કામ કરી શકે.

આવી મંડળીઓથી ખેડુતને ભેળ વિનાનું ખાતર વ્યાજબી કિંમતે, સગવડથી મળી શકે અને પોતાના માલનો વધારેમાં વધારે ભાવ ઉપજાવવા તે સ્વતંત્ર રહી શકે એટલુંજ નહિ પરંતુ આવી રીતે ખાતર મળવાથી કેટલાક ખેડુતો કે જેઓ આવી સગવડ વિના બિલકુલ ખાતર ન વાપરતા હોય, તેઓ ખાતર વાપરતા થાય, અને જેઓ થોડું વાપરતા હોય તેઓ પોતાની જરૂરીયાત પ્રમાણે વધારે વાપરવા માંડે. આથી ખેતી પણ સુધરે, અને દેશમાં થતા પાકમાં વધારો થાય.

જમીન સારી રીતે ખેડી, ખાતર નાખી, સારૂં બી વાપરી, ખેતીની તૈયારી કરી હોય તો પણ પાણી ન હોય તો તે સર્વ નકામું થાય છે. હિંદુસ્તાનમાં ઘણાખરા ખેડુતોને વરસાદ ઉપરજ આધાર રાખવો પડે છે. જો કુદરત અનુકૂળ હોય અને વરસાદ જોઇએ તે રીતે અને જોઇએ તેટલો પડે તો ખેડુતોનાં ભાગ્ય ઉઘડે છે અને જો ઓછો વરસાદ પડે અથવા જોઇએ ત્યારે ન પડે અથવા જોઇએ તેના કરતા વધારે પડે, એટલે કે અનાવૃષ્ટિ અથવા અતિવૃષ્ટિ થાય તો ખેડુતોની સ્થિતિ કફોડી થાય છે. એવા તો બહુ થોડાંજ વર્ષો આવે છે કે જયારે વરસાદ સોળે સોળ આની પાક થાય તેટલો અને તેવી રીતે વરસે છે. ઘણાં વર્ષો એવાં આવે છે કે જયારે આઠ આની કે બાર આની પાક થાય છે. વચ્ચે કેટલાંક વર્ષો સાવ દુકાળનાં આવે છે કે જયારે ચાર આની અથવા તેથી પણ ઓછો પાક થાય છે આ રીતે ખેડુત મહેનતુ હોય અને પોતાના ધંધાનું તેને જ્ઞાન હોય તો પણ તેનો તેને બદલો મળે કે નહિ તેનો આધાર માત્ર કુદરત ઉપર રહે છે હિંદી સરકારના નાણાં ખાતાના સભ્યે કેટલાંક વર્ષો પહેલાં હિંદુસ્તાનની ખેતીને "વરસાદ ઉપર આધાર રાખતો જુગાર" એવું યોગ્ય નામ આપ્યું હતું. મતલબ કે હિંદુસ્તાનમાં ખેતી કરવી તે સામાન્ય રીતે જુગાર ખેલવા જેવું છે. જુગારમાં જેમ હાર અથવા જીત વિષે આગળથી

કાંઇ કહી શકાતું નથી, તેમ હિંદુસ્તાનમાં સામાન્ય ખેડુત વર્ગ ગમે તેટલી કાળજી રાખે, ગમે તેટલી મહેનત કરે અને ગમે તેટલી દીર્ઘદૃષ્ટિ વાપરે તો પણ તેને તે સર્વનો બદલો મળશેજ એવી ખાત્રી હોઇ શકે નહિ. ચોમાસું આવે અને થોડા દિવસ વરસાદ ન પડે તો કપાળે હાથ દઇ ચિંતાતુર મને આકાશ સામે મોં વિકાસી બેસી રહ્યા સિવાય ખેડુતને બીજો માર્ગ હોતો નથી. ચોમાસાની શરુઆતના દિવસોની હિંદુસ્તાનના ખેડુતોની નિરાધાર જેવી સ્થિતિનો વિચાર કરતાં કોઇ પણ માણસનું હૃદય ભાગ્યેજ દ્રવ્યાવિના રહે. આ સ્થિતિ દૂર કરવા જ્યાં જ્યાં શકય હોય ત્યાં સરકારે નહેરો બંધાવી તે દ્વારા ખેડુતોને પાણી પૂરું પાડવા વિષે દેશના આગેવાનો વખતોવખત લખ્યાં અને બોલ્યાં કરે છે. આવી ગોઠવણ જે જે ભાગોમાં થઇ શકે ત્યાં તે કરવી તે ઇચ્છવા યોગ્ય છે. જ્યાં તે શકય ન હોય ત્યાં બીજી રીતે ખેડુતોને પાણી મળે તેવી ગોઠવણ થવી જરૂરની છે. પાણી મેળવવાનું એક સાધન તો કુવા છે. સાધારણ કુવા માટે પૈસા જોઇતા હોય તો તે સહકારી મંડળીઓ પાસેથી મેળવી શકાય છે, પરંતુ સહકારી મંડળીઓની મદદ આ બાબતમાં આટલેથીજ અટકતી નથી. નાના નાના કુવાઓ ખોદાવવાને બદલે એક મોટો કુવો ગાળી તેમાં સારડી મૂકાવી ખૂબ પાણી નીકળે તેવી વ્યવસ્થા કરી હોય તો કદાચ ઓછા ખર્ચે વધારે જમીનને પાણી મળી શકે, અને તે પાણી સાધારણ રીતે બધી ઋતુમાં ટકશે એવો વિશ્વાસ પણ વધારે અંશે રાખી શકાય. છતાં આવો કુવો નાના ખેડુત પૈસાના અભાવે અથવા તો પોતાની જમીનને જોઇએ તે કરતાં ઘણું વધારે પાણી આવા કુવામાંથી નીકળે, અને તે તેને નિરુપયોગીજ થાય તે કારણથી, કરી શકતો નથી. જો કેટલાક ખેડુતો એકઠા થઇ એક મંડળી દ્વારા આવો કુવો અથવા કુવાઓ ખોદાવે તો દરેકને સાધારણ રીતે જે ખર્ચ થાય છે તેના કરતાં વધારે ખર્ચ ન થાય, અને સગવડ વધારે થાય. તે ઉપરાંત કુવામાંથી પાણી કાઢવા માટે બળદથી ખેંચાતા કોસનો હાલ

જે ઉપયોગ કરવામાં આવે છે અને જેને માટે દરેક કોસ પાછળ એક માણસને આખો દિવસ રોકાવું પડે છે તેને બદલે એવા કુવા ઉપર એક તેલનું એન્જીન રાખીને પંપથી પાણી કાઢવાની ગોઠવણ કરી હોય તો તેનું ખર્ચ ઓછું આવે. આવા એન્જીનો પણ નાનો ખેડૂત એકલો પોતાના ઉપયોગ માટે મંગાવી કે રાખી શકે નહિ. પરંતુ જો નાના ખેડુતોની એક સહકારી મંડળી હોય તો તેમ સહેલાઇથી કરી શકાય, અને નાના ખેડુતોની પાણી સંબંધી સગવડ ઓછાં ખર્ચે જળવાય. કેટલાક પ્રદેશોમાં કેટલીક વાર એવાં નાનાં મોટાં નદી નાળાંઓ હોય છે કે જેના પાણીનો ખેતી માટે ઉપયોગ થઇ શકે: આ પાણી ઘણું ભાગે નકામું વહી જાય છે. આવાં નદી નાળાંઓમાંથી ખેતરોમાં પાણી લેવા માટે બંધ બાંધવાની જરૂર હોય છે અને જોઇએ તેવા સારા બંધ માટે જરૂર જેટલા પૈસા એક ખેડૂત પાસે ઘણી વાર હોતા નથી, અને કદાચ કોઇ પાસે હોય તોપણ તેની પોતાની જમીનને જોઇએ તેટલા પાણી માટે એવો બંધ બાંધવો તે આર્થિક દૃષ્ટિએ ફાયદાકારક હોતું નથી. નદી નાળાંમાંથી પાણીનો ઉપયોગ થઇ શકે તેમ હોય તેવી જમીનના માલીકો જો સહકારી મંડળીદ્વારા આવા બંધ બંધાવે તો બંધાવી શકાય, અને નદી નાળાંના પાણીથી થયેલા વધારાના પાકમાંથી બંધ બંધાવવા માટે થયેલું કર્જ ભરી શકાય. જે પાણી નકામું વહી જાય છે, તેનો આ રીતે ઉપયોગ થાય, ખેડુતોને પાક વધારે આવે અને પાકનો વધારો થવાથી દેશને પણ લાભ થાય.

કોઇ પણ વ્યવસ્થિત ધંધામાં જુદી જુદી જાતનાં જોખમો જેમ બને તેમ ઓછાં કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે; એવો પ્રયત્ન હિંદુસ્તાનમાં ખેતીના ધંધા સંબંધે નહિ જેવોજ થયો છે. ખેતીના ધંધામાં જમીન, મજૂરી અને સાધનો સંબંધે પૂરતી ગોઠવણ કરી રાખી હોય તોપણ નહિ ધાર્યા કારણોને લીધે અડચણો આવી પડે અને તેથી ખેડૂત કફોડી સ્થિતિમાં આવી જાય. હિંદુસ્તાનમાં ખેડુતોને આવી જાતની એક સામાન્ય આફત ખેતી માટેના બળદનાં

મરણથી આવી પડે છે. ઢોરનાં મરણનાં કારણો અનેક હોય છે, અને જ્યારે અચાનક ઢોર મરી જાય છે, ત્યારે નવું ઢોર લેવા માટે ખેડુતને ગમે તેમ કરીને જોગ કરવો પડે છે. જો નવો બળદ ન લઈ શકાય તો ખેતી બિલકુલ ન થઈ શકે અથવા સારી રીતે ન થઈ શકે. બિલકુલ બળદ ન હોવાથી પોતાની ખેતી સારી ન કરી શકતા હોય તેવા ખેડુતો દેશમાં જ્યાં જુઓ ત્યાં સંખ્યાબંધ નજરે પડે છે. ખેતીના ધંધામાંનું આ જોખમ દૂર થઈ શકે એવું છે, અને યુરોપના કેટલાક દેશોમાં પણ એ દૂર થઈ પણ શક્યું છે. એ જોખમ ઢોરનો વીમો ઉતરાવવાથી દૂર થઈ શકે. ઢોરનો વીમો ઉતરાવ્યો હોય તો વરસના પાંચ સાત રુપિયા આપવા પડે ખરા, પરંતુ તે વર્ષ દરમ્યાન જો ઢોરનું મરણ થાય તો ઢોરની કિંમતના બે તૃતીયાંશ જેટલા રુપિયા મળે અને નવું ઢોર લેવા માટે બહુ મુશ્કેલી ન પડે. ફ્રાન્સ દેશમાં સને ૧૯૧૯માં ૬૪,૯૧,૭૯,૭૦૫ ફ્રેંકની કિંમતના ઢોરના વીમા ઉતરાવવામાં આવ્યા હતા. આવા વીમા હિંદુસ્તાનમાં બહુ સારૂં કામ કરી શકે અને સૌથી સારી રીતે સહકારી મંડળીઓ પાસેજ ઉતરાવી શકાય. ફ્રાન્સમાં સને ૧૯૧૯માં ઢોરના વીમા ઉતારનારી સહકારી મંડળીઓની સંખ્યા ૧૦,૦૭૧ હતી તે ઉપરથી વીમા સંબંધીની સ દેશની પ્રગતિનું અનુમાન સહેજે કરી શકાય. એવી મંડળીઓ હિંદુસ્તાનમાં સ્થાપિત કરવામાં આવે અને સારી રીતે ચલાવવામાં આવે તો ખેતીને ઘણો લાભ થાય. એક ખેડુત ઉપર આવી પડેલું નુકસાન બધા ખેડુતોમાં વહેંચાઈ જાય અને તેથી કોઈને તેની અસર જણાય નહિ એ લાભ બહુ મોટો છે, પણ વીમામાં બીજો પણ એક લાભ રહેલો છે. વીમાની મંડળીઓના નિયમોમાં એવું હોય છે કે જે ઢોરનો વીમો ઉતરાવવામાં આવ્યો હોય તે જો માંદું પડે તો મંડળીને તુરત ખબર આપવી જોઈએ. ખબર મંડળીને મળે એટલે મંડળી ઢોરનાં ડાક્ટરને બોલાવે અને તેની પાસે બરાબર દવા કરાવે. આ પ્રમાણે દવા થવાથી કેટલાંક ઢોર મરી જતાં બચે. વળી જ્યારે કોઈ

ચેપી રોગનો વા આસપાસ ચાલતો હોય ત્યારે ડાક્ટરની સલાહ પ્રમાણે પોતાના સભાસદોના ઢોરને સાચવવા માટે મંડળીઓ સૂચનાઓ આપે અને જરૂર હોય ત્યારે ઢોરોને રસી પણ મૂકાવે. તેથી પણ ઘણાં ઢોરો બચી જાય. આ રીતે સહકારી મંડળીઓ દ્વારા ઢોરોની વધારે માવજત થવાથી દેશમાં સારાં ઢોરોની સંખ્યા વધે, અને સંખ્યા વધે તો દેશને ઘણો લાભ થાય તે ઉઘાડું છે. ખેતીના ધંધામાં ઢોરના મરણ સિવાયની પણ ઘણી અનિશ્ચિતતા હોય છે, જેવીકે હીમ પડે અથવા ટીડ આવે અને પાકનો નાશ થાય; વળી આગથી પણ કેટલુંક નુકસાન થાય. આવી અનિશ્ચિતતા માટે પણ વીમો હોઇ શકે અને ફ્રાંન્સ દેશમાં તો હીમ માટે અને આગ માટે વીમા ઉતારનારી લગભગ ચાર હજાર મંડળીઓ બે વર્ષ પહેલાં હતી. હાલ વધારે હશે. હિન્દુસ્તાનમાં આવા વીમા માટે ગોઠવણ કરતાં હજુ વાર લાગશે એમ જણાય છે.

બધી રીતે ધ્યાન રાખીને પદ્ધતિપૂર્વક ખેતી કરવામાં આવી હોય અને તેનો પાક ખેડુતના હાથમાં આવે ત્યારે માલ ઉત્પન્ન કરવાની ક્રિયા બંધ થઇ એમ માનવું એ બરોબર નથી. ખેડુત પોતે ઉત્પન્ન કરેલો બધો માલ પોતેજ વાપરતો નથી, અને કેટલીક વાર કપાસ, કે શણ જેવો માલ તો લગભગ બિલકુલ વાપરતો નથી. ખેડુત પોતે માલ ન વાપરે તો તે માલ તેણે બીજાને વેચવો જોઇએ. આ વેચાણ જો બરોબર ન થાય અને ખેડુતને પૂરતા પૈસા માલના બદલામાં ન મળે તો ખેતીના ધંધાને નુકસાન પહોંચે એ ઉઘાડું છે. જે રીતથી ખેડુત પોતાના માલના વધારેમાં વધારે પૈસા ઉપજાવી શકે તે રીત ખેતીના ધંધા માટે સારી ગણાય. હાલ ખેડુતનો માલ ઘણા ભાગે જે વેપારી પાસેથી તેણે કરજ લીધું હોય છે તેની પાસે જાય છે. સ્વાભાવિક રીતેજ વેપારી પોતાને વધારેમાં વધારે નફો કેવી રીતે થાય તે તરફ લક્ષ રાખે છે. અને જેમ ખેડુતને ઓછા પૈસા મળે,

તેમ વેપારીને વધારે નફો મળે એવી સ્થિતિ હોવાથી તે ખેડુતને તેના માલની ઓછામાં ઓછી કિંમત ચૂકવે છે. ખેડુત કે જે માલ ઉત્પન્ન કરનાર છે તે, અને દૂર અથવા નજીક વસનારા બીજા માણસો કે જેઓ તેણે ઉત્પન્ન કરેલો માલ વાપરે છે તેમની વચ્ચે ખેડુત પાસેથી માલ લઇ તે માલ વાપરનારાઓમાં તેની વ્હેંચણી કરવાના કામ ઉપર અનેક માણસો પોતાનું ગુજરાન ચલાવે છે. ખેડુત પાસેથી નાનો વેપારી માલ ખરીદ કરે છે. તે કેટલીક વાર પાસેના ગામમાં જઇ બીજા વેપારીને તે માલ વેચે છે. આ વેપારી વળી મુંબઇ જેવા મોટા શહેરમાં બીજા વેપારીને તેજ માલ વેચે છે. આ વેપારી પાસેથી પાછો તેજ માલ બીજા કોઇ ગામનો વેપારી લઇ જાય છે. અને તેની પાસેથી પણ કેટલીક વાર ગામડાના નાના વેપારીઓ તેજ માલ ખરીદ કરી જાય છે. આ વેપારીઓ પાસેથી માણસો માલ લઇને વાપરે છે. આ પ્રમાણે વ્હેંચણી કરવાનું કામ કરનારા દરેક વેપારીનો નફો માલ ઉપર ચડે છે. અને તેથી માલ ઉત્પન્ન કરનારા ખેડુતને જે કિંમત મળે છે તેનાં કરતાં માલ વાપરનારાને ઘણી વધારે કિંમત આપવી પડે છે. ખેડુત પોતે પોતાનો માલ સહકારી મંડળીઓ દ્વારા વેચે તો તે વેપારીની માફક મોટા શહેરમાં પોતાના માલની વધારે કિંમત ઉપજાવી શકે, અથવા જો માલ વાપરનાઓની પણ સહકારી મંડળીઓ હોય તો તે મંડળીઓને પરબાર્યો માલ વેચી શકે. નાનો ખેડુત એકલો પોતાના માલની કિંમત બરોબર ઉપજાવી શકે નહિ. કારણ કે થોડા માલ માટે મોટા શહેરમાં સારા ઘરાકો મળવા મુશ્કેલ અને આ મુશ્કેલી દૂર થાય તો પણ ક્યાં, કોને, અને કેવી રીતે પોતાનો માલ વેચવાથી સા કંમત આવશે એની ખબર પડે એવા તો બહુ થોડાજ ખે ડુત હોય. તેથી નાના ખેડુતને પોતાના માલનું વેચાણ કરવા માટે પણ ર જેવો બીજો કોઇ રસ્તો નથી.

જ્યારે પાક ખેડુતને ઘેર આવે છે. ત્યારે તેના ઉપર અનેક લેણદારોની ત્રાપ હોય છે. જે કોઇનું કાંઇ લેણું હોય તે લેણું ખેડુતની પાસે પાક આવે ત્યારે વસુલ કરવાની સૌ આશા રાખેછે. લેણદારો ઉપરાંત સરકારી મહેસુલ પણ તેજ વખતે ભરવાનું હોય છે. ગામનાં વસવાયાં પોતાના આખા વર્ષના ભરણપોષણ માટે જોગવાઇ કરી લેવા સારુ પણ ખેડુતો ઉપર આ વખતેજ તૂટી પડે છે. આ રીતે પાક હજુ ખળામાંજ હોય છે ત્યાં તો તેના માટે એટલી માગણી થાય છે કે તે ખેડુતને ઘેર ભાગ્યેજ પહોંચવા પામે છે. જો લેણદાર પોતાના લેણા પેટે પાક ન લઇ જાય તો પણ પોતે ધીરેલા પૈસા પાછા તો માગેજ, અને પાક આવ્યો કે પછી જેમ બને તેમ વ્હેલાજ તે પૈસા વસુલ કરવાનો પ્રયત્ન કરે. તેમ કરવામાં લેણદાર ખોટું કરે છે એમ પણ કહી શકાય નહિ; કારણ કે ખેડુતનું ધન પાકજ હોય છે. અને તે પાક વેડફાઇ ગયા પછી તેની પાસેથી કાંઇ મેળવવાની આશા રાખવી એ વ્યર્થ છે. ખેડુત ઉપર ઉપરાછાપરી ઘણી માગણીઓ થવાથી-થયેલો પાકજ કાંતો તેને આપી દેવો પડે છે અથવા જે ભાવ તે વખતે ઉપજે તે ભાવે વેચી નાંખવો પડે છે. સાધારણ રીતે જ્યારે જે માલ પાકતો હોય ત્યારે તે માલની કિંમત બજારમાં ઓછી હોય છે, અને પાછળથી ભાવ વધે છે. જો ખેડુતને આની ખબર હોય અને માલ સંઘરી રાખવાની શકિત અને આવડત હોય, તો પાક-માંથી જેટલા પૈસા હાલ તેને સાધારણ રીતે મળે છે તેના કરતા ઘણા વધારે મળે. પરંતુ લેણદારનું લેણું ચૂકવવું એટલુંજ ખેડુતને કરવાનું નથી હોતું. તેને તો પાક બેચાર મહીના ભરી રાખ્યો હોય તો તે દરમ્યાન તેણે, તેના કુટુંબે, અને તેના ઢોર ઢાંખરે શું ખાવું એ સવાલ હોય છે. આ મુશ્કેલીઓ ટાળવા માટે ખેડુતને માટે સારામાં સારો રસ્તો તે સહકાર છે. આ બાબતના–માલના કોઠારની–સહકારી મંડળીઓ હોય તો તે મંડળીઓજ ખેડુતોનો માલ પોતાના કબજામાં લઇ લે અને માલની કિંમતના અમુક ટકા જેટલી રકમ ખેડુતને આગળથી આપે.

તેથી ખેડુતના વ્યવહારમાં અડચણ ન આવે, અને તેને માલની પૂરેપૂરી કિંમત ઉપજે. વળી માલ મંડળીનાં કબજામાં હોવાથી સારી રીતે સચવાય એટલુંજ નહિ પણ તે વેડફાઇ જતો પણ અટકે.

આ રીતે માલ ઉત્પન્ન કરવા માટેની શરૂઆતની તૈયારીથી તે ઠેઠ ઉત્પન્ન કરવામાં આવેલો માલ વેચીને ખેડુતને પૈસા મળે ત્યાં સુધી પગલે પગલે ખેતીના ધંધામાં સહકાર નાના ખેડુતને ઘણો ઉપયોગી થઇ પડે છે. એમ કહીએ તો પણ ચાલે કે હાલની નાના ખેડુતની સ્થિતિ સુધારવા માટે જો કોઇ સૌથી અગત્યનો ઉપાય હોય તો તે સહકાર છે. નાના ખેડુતોવાળા દેશોમાં વ્યવસ્થિત ખેતીના ધંધાનું સહકાર એક આવશ્યક અંગ છે. એવા દેશોમાં હાલના જમાનામાં સહકાર વિના ખેતી યશસ્વી થઇ શકે નહિ. કેટલાક દેશોમાં સહકાર નાના ખેડુતોને મુક્તિ સમાન નીવડ્યો છે. હિંદના ખેડુતોને હાલની ખરાબ સ્થિતિમાંથી મુક્તિ મળે તેવું હિંદનો દરેક હિતૈષી ઇચ્છે તે સ્વભાવિક છે. અને તેથી તે મુક્તનું મુખ્ય સાધન સહકાર, તેને બધાએ તન, મન, ધનથી મદદ કરી પોષવો જોઇએ, તે પણ સ્પષ્ટજ છે.

પ્રકરણ ૪ થું

સહકારી કાયદો, કાનૂન, અને પેટા કાયદા.

દેશના કોઇપણ કાયદાની રુએ મનુષ્યના જે કોઇ સંઘની નોંધ ન થઇ હોય તેવા સંઘનું અસ્તિત્વ કાયદો સ્વીકારતો નથી. તેથી દરેક સુધરેલા દેશમાં જૂદા જૂદા પ્રકારના સંઘોને એક યા બીજા કાયદા નીચે પોતાની નોંધ તો કરાવવી પડે છેજ. સને ૧૯૦૪ સુધી હિંદુસ્તાનમા જો વ્યાપારી વ્યવહાર કરનાર સંઘને કાયદા નીચે નોંધ કરાવવી હોય તો તેને માટે કંપનિના કાયદા સિવાય બીજો કાયદો નહોતો. જ્યારે હિંદુસ્તાન સરકારને ખેડુતો વગેરે માણુસો માટે તેમને ઉપયોગી થઇ પડે તેવાં નાનાં મંડળોની જરૂર છે એમ લાગ્યું, અને એવાં મંડળોને જો કંપનિના કાયદા નીચે નોંધાવવાની ફરજ પડે તો અનેક અડચણોને લીધે તે સ્થપાઇજ શકે નહિ, અને સ્થપાય તો પછી લાંબો વખત ટકી શકે નહિ, ત્યારે તેમણે ૧૯૦૪માં સહકારી શરાફી મંડળીઓનો કાયદો પસાર કર્યો. તે કાયદાથી પરસ્પર સહાયના સિધ્ધાંત ઉપર રચાતાં નાનાં મંડળોને કંપનિના કાયદા પ્રમાણે થતું ખર્ચ બચ્યું, અને અમુક અમુક સગવડો મળી. આઠ વર્ષના અનુભવ પછી સરકારને કાયદો ફેરવવાની જરૂર લાગી, અને સને ૧૯૧૨માં સહકારી મંડળીઓનો કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદો આખા હિંદુસ્તાનને માટે છે. હિંદુસ્તાનની બધી સહકારી મંડળીઓ ૧૯૦૪ના અથવા ૧૯૧૨ના સહકારી કાયદાની રુએ નોંધાયેલી હોવીજ જોઇએ.

સહકારી કાયદામાં સહકારી સિધ્ધાંતોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને તે કાયદો બધી સહકારી સંસ્થાઓને

લાગુ હોવાથી જો તે કાયદાનું પાલન થાય તો મંડળીઓ તેમની મેળેજ સહકારી સિધ્ધાંતો ઉપર ચાલે એમ મનાય. સહકારી મંડળીના દરેક સભાસદે પોતાની મંડળી જે કાયદા નીચે નોંધાઇ હોય તે કાયદો વાંચી અથવા વંચાવી જાણી લેવો જોઇએ. કાયદામાંની ઘણી બાબતોનો ઉલ્લેખ બીજી જગ્યાએ સહેજે થાય છે. તેથી અહીં તો જે અગત્યની કાયદાની બાબતોનો ઉલ્લેખ બીજે નહિ થયો હોય, અથવા ઉલ્લેખ થયો હોવા છતાં ફરીથી જે બાબતોને સ્પષ્ટ કરવાની જરૂર હોય તે વિષેજ ટુંકુ વિવેચન કરવામાં આવશે.

સહકારી મંડળીઓ માટે જૂદો કાયદો પસાર કરવાનો હેતુ પહેલી કલમમાં સ્પષ્ટ રીતે આપવામાં આવેલો છે. ખેડુત, કારીગર, અને સામાન્ય આવકવાળા શખ્સોમાં કરકસર અને સ્વાવલંબનની વૃદ્ધિ કરવા સહકારી મંડળીઓની સ્થાપના માટે અનુકૂળતા કરી આપવી એ સહકારી કાયદાનો હેતુ છે. આ ઉપરથી જણાશે કે કાયદો કરનારને ખેડુત, કારીગર, અને સામાન્ય વર્ગના માણસોમાં કરકસર અને સ્વાવલંબન એ બે ગુણોનો અભાવ દેખાયો હોવો જોઇએ. જે વર્ગના લાભ માટે કાયદો કરવામાં આવ્યો છે તે વર્ગનાં માણસો સાધારણ રીતે આવતી કાલનો વિચારજ કરતા નહોતા. તો આગળ ઉપર કામ આવે તેટલા માટે કરકસર કરી પૈસા બચાવવા એવો વિચાર તો તેમને આવેજ ક્યાંથી? વળી તે વર્ગના લોકોને પોતાના જીવન માટે બીજા ઉપરજ આધાર રાખવો પડતો. ખેડુતને પાઇના મરચાંથી માંડીને દોઢસો રૂપીયાનો બળદ લેવો હોય કે લગ્ન માટે પાંચસો રુપિયાની જરૂર હોય તો તેના શાહુકાર–વેપારી પાસેજ જવું જોઇએ. ઘેર વાપરવા માટે માલ જોઇએ તો તે ઉધારે લઇ આવવાનો; રોકડા પૈસા જોઇએ તો તે પણ કર્જે કાઢી આવવાના; અને ખેતીનો પાક આવે ત્યારે સ્વાભાવિક રીતેજ તે પાક પોતાના શાહુકારને ત્યાં જવા દેવાનો. ઘણાખરા કારીગરોની પણ તેજ દશા હતી. વણકરને ખાવા અનાજ જોઇતું હોય તો તે શાહુકારને ત્યાંથી

લઇ આવવાનું, વણવા માટે સુતર જોઇતું હોય ત્યારે તે પણ શાહુકારને ત્યાંથી લાવવાનું. આમાંથી શેના પણ રોકડા પૈસા ચૂકવવાના નહિ. પરંતુ વણાઇને કપડું તૈયાર થયું એટલે તે શાહુકારને આવવાનું, પછી તેનો ભાવ ગમે તે મંડાય. આવી રીતે ખેડુત અને કારીગર વર્ગ સ્વતંત્ર દેખાવા છતાં ખરી રીતે શાહુકાર વર્ગનો ગુલામ હતો. આ ગુલામીમાંથી છૂટવા માટે ખેડુતોએ અને કારીગરોએ કરકસર અને સ્વાલંબનના ગુણો કેળવવા જોઇએ અને તે ગુણો કેળવવાં તે સહકારી મંડળીઓનો હેતુ હોવો જોઇએ તેમ કાયદાની પહેલી કલમ ઉપરથી ચોખ્ખી રીતે માલૂમ પડે છે.

એકજ માણસના ઘણા પૈસા શેરવાળી મંડળીમાં શેર તરીકે હોય તો તેના નફા માટે કદાચ મંડળીનું હિત વિસરી જવાય, તેમજ તેજ માણસના હાથમાં બધી સત્તા આવવાનો પણ સંભવ રહે. તેથી પાંચમી કલમમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે શેરવાળી મંડળીઓમાં મંડળીના શેરના ભંડોળના ⅕ ભાગથી વધારે રકમના શેર એક માણસ લઇ શકે નહિ. અને વધારેમાં વધારે રુ. ૧૦૦૦) સુધીના શેર એક માણસના નામે રહી શકે. તેનાથી વધારે રકમના નહિ.

અમુક સહકારી મંડળીની કાયદા પ્રમાણે નોંધ થઇ છે કે નહિ એવો સવાલ ઉભો થાય ત્યારે શું કરવું તે માટે કલમ દસમીમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે મે. રજિસ્ટ્રાર સાહેબની સહીવાળા નોંધના પ્રમાણપત્રક (રૅજિસ્ટ્રેશન સર્ટિફિકેટ)ને નોંધનો ખાત્રી લાયક પૂરાવો માનવો. મંડળી અસ્તિત્વમાં નથી તેમ કહેનારે તે મંડળી રદ થઇ છે તેમ સાબીત કરી આપવું જોઇએ.

મંડળી નોંધીને તે માટેનું પ્રમાણપત્રક મે. રજિસ્ટ્રાર સાહેબ તરફથી મોકલવામાં આવે ત્યારે મંડળીનો પેટા કાયદો નક્કી કરવામાં આવ્યો હોય છે, અને તે પેટાકાયદાની એક નકલ મે. રજિસ્ટ્રાર સાહેબની ઓફિસમાં રાખવામાં આવે છે. આ પેટા કાયદામાં કાંઇ

ફેરફાર સૂચવ્યો હોય તો પેટા કાયદા પ્રમાણે સાધારણ સભામાં તે મંજૂર થવો જોઇએ. પરંતુ કાયદાની અગીયારમી કલમમાં એમ છે કે જ્યાં સુધી પેટા કાયદાના ફેરફાર મે. રજિસ્ટ્રાર સાહેબ મંજૂર કરી, તેની નોંધ રાખી, તે ફેરફાર–સુધારાની એક નકલ મંડળીને મોકલે નહિ ત્યાં સુધી પેટાકાયદામાં કરવામાં આવેલા કોઇ ફેરફાર અમલમાં આવી શકે નહિ.

સહકારી કાયદો, કાનૂનો અને મંડળીના પેટાકાયદા જાણવામાં કોઇને અડચણ ન પડે તેટલા માટે કલમ ૧૬માં ખાસ જણાવવામાં આવ્યું છે કે દરેક મંડળીએ પોતાના નોંધાવવામાં આવેલા શીરનામે વ્યાજબી વખતે હરકોઇ તપાસી શકે તેવી રીતે કાયદાની, કાનૂનની, અને મંડળીના પેટા કાયદાની એક એક પ્રત રાખવી.

કલમ ૧૭માં મે. રજિસ્ટ્રાર સાહેબે મંડળીના હિસાબ દરેક વર્ષે એકવાર તપાસાવવા એવું ફરમાવ્યું છે. તેમાં એમ પણ છે કે મે. રજિસ્ટ્રાર સાહેબ, કે મે. કલેકટર સાહેબે એ કામ માટે અધિકાર આપેલ કોઇપણ શખ્સને કોઇપણ વખતે મંડળીના ચોપડા, હિસાબ, કાગળ પત્રો તથા શેર સર્ટિફિકેટો, ચલણી નોટો, વગેરે કિંમતી કાગળો અને રોકડ શિલિક તપાસવાનો અધિકાર છે. અને તપાસ કરનાર શખ્સ તે મંડળીની લેવડદેવડ સંબંધી અને કામકાજ સંબંધી જે માહિતી માગે તે મંડળીના દરેક અધિકારીએ આપવી જોઇએ. મે૦ રજિસ્ટ્રાર સાહેબે નીમેલા માણસોમાં ઓડિટર, ઓનરરી ઓર્ગેનાઇઝર વગેરેનો સમાવેશ થાય છે.

કલમ ૨ (ડ) પ્રમાણે ચેરમેન, સેક્રેટરી અને કમિટિના સભાસદો મંડળીના અધિકારી ગણાય છે. આ સંબંધે એટલું જાણવાની જરૂર છે કે આ કલમના ભંગ માટે આ કાયદામાં કાંઇ શિક્ષા ઠરાવવામાં આવી નથી. પરંતુ તે માટે ફોજદારી કાયદા પ્રમાણે આ કલમનો ભંગ કરનાર ઉપર કામ ચલાવી શકાય છે.

કલમ ૧૯ ની રુએ મંડળીને પોતાના કર્જ માટે અમુક અમુક બાબતોમાં પ્રથમ હક મળે છે. બી અથવા ખાતર પૂરૂં પાડવાના સંબંધમાં અથવા બી અથવા ખાતર ખરીદ કરવા માટે ધીરેલા પૈસાના સંબંધમાં, મંડળીનું કાંઇ લેણું થયું હોય તે માટે એવી રીતે બી અથવા ખાતર પૂરૂં પાડયાની અથવા પૈસા ધીર્યાની તારીખથી ૧૮ મહિનાની અંદર કોઇ પણ વખતે સભાસદ અથવા માજી સભાસદના પાક ઉપર અથવા ખેતી વાડીના ઉત્પન્ન ઉપર મંડળીનો પ્રથમ હક હોય છે. તેજ પ્રમાણે ઢોર, ઢોરને માટે ઘાસ. ખેતીવાડીના અથવા બીજા ધંધાના ઓજાર અથવા સંચાકામ અથવા માલ તૈયાર કરવા માટે કાચા પદાર્થો પૂરા પાડવામાં આવ્યા હોય તેના સંબંધમાં અથવા ઉપલી વસ્તુઓમાંની કોઈ વસ્તુ ખરીદવા માટે ધીરેલા પૈસાના સંબંધમાં મંડળીનું જે કાંઇ લેણું થયું હોય તે માટે સદરહુ પ્રમાણે પૂરી પાડવામાં આવેલી વસ્તુ. અથવા એવા ધીરેલા પૈસામાંથી થોડે અંશે અથવા સર્વાંશે ખરીદ કરવામાં આવી હોય તે વસ્તુ ઉપર, અથવા એવી રીતે પૂરા પાડવામાં આવેલા અથવા ખરીદવામાં આવેલા કાચા પદાર્થોમાંથી તૈયાર થયેલા માલ ઉપર, મંડળીનો પ્રથમ હક હોયછે. ખેતીના પાક માટે ૧૮ મહિનાની રાખેલી મુદત ધ્યાનમાં રાખવા જેવી છે. બી, ખાતર વગેરેમાંથી ખેતીનો પાક તૈયાર થતાં દોઢ વર્ષથી વધારે વખત ભાગ્યેજ લાગે, અને દોઢ વર્ષની મુદત પછીના પાકને મંડળીએ ધીરેલાં બી, ખાતર વગેરે સાથે અથવા તે ખરીદવા માટે ધીરવામાં આવેલાં નાણાં સાથે કાંઇ સંબંધ ન હોય એમ અનુમાન કરવામાં આવ્યું છે. એક માણસ પાસે રુ. ૧૦૦) હોય અને રૂા. ૧૫૦) નો બળદ લેવા માટે તે રૂા. ૫૦) મંડળીમાંથી કર્જે ઉપાડે તો તે બળદ ઉપર બીજા લેણદાર કરતાં મંડળીનો પ્રથમ હક રહે. તેજ રીતે કાચો માલ જેવો કે કપાસ કે સુતર આપવામાં આવ્યું હોય, અથવા તે ખરીદવા માટે પૈસા આપવામાં આવ્યા હોય, તો તે કપાસ અથવા સુતરમાંથી અથવા આપવામાં આવેલા

પૈસાથી લીધેલા કપાસ અથવા સુતરમાંથી જે રૂ, કે સુતર, કે કપડું તૈયાર થાય તેના ઉપર પણ બીજા લેણદારો કરતાં પ્રથમ હક મંડળીનો રહે. મંડળીનો આ પ્રથમ હક સરકારી મહેસુલ અથવા તે માફક વસુલ કરવા લાયક કોઇ નાણું, અથવા ગણોત અથવા તે માફક વસુલ કરવા લાયક કાંઇ નાણાં સંબંધે સરકારનો અથવા જમીનના માલીકનો પ્રથમ હક હોય તેની આડે આવી શકશે નહિ. કાયદામાં "પ્રથમ હક" એવા શબ્દો વાપરવામાં આવ્યા છે, "બોજો" એવો શબ્દ વાપરવામાં આવ્યો નથી. તેથી કલકત્તા હાઇકોર્ટે એવો ફેંસલો આપ્યો છે કે જો બીજા લેણદારે એક વખત જપ્તી કરાવી લીધી હોય તો મંડળીનો પ્રથમ હક ચાલી શકે નહિ.

કલમ ૨૧ માં સહકારી મંડળીઓના સભાસદોને બહુ ફાયદાકારક હક મળ્યો છે. તે કલમને લીધે મંડળીમાં સભાસદોના શેર અથવા હિત સંબંધ હોય તે ન્યાયની કોર્ટે કરેલા હુકમનામા અથવા હુકમની રૂએ જપ્ત કરી અથવા વેચી શકાય નહિ. અને સન ૧૯૦૯ ના ઇલાકાના મુખ્ય શહેરોના નાદારીની કાયદાની રૂએ ઓફિસિયલ એસાઇનીનો તેમજ ૧૯૦૭ ના ઇલાકાના નાદારીના કાયદા મુજબના વસુલદારનો એવા શેર અથવા હિત સંબંધ ઉપર કાંઇ હક પહોંચે નહિ, અથવા તેના ઉપર દાવો કરી શકાય નહિ. હિત સંબંધમાં સભાસદોની થાપણોનો સમાવેશ થતો નથી. એટલે સભાસદોની થાપણો તો જપ્તીને પાત્ર છેજ. આ કલમનો હેતુ એવો છે કે જે ગરીબ અથવા મધ્યમ વર્ગના લોકોએ મહા મહેનતે ખાસ બચત કરીને થોડી મિલ્કત સહકારી મંડળીમાં એકઠી કરી હોય તેને તેના શાહુકારના પંજામાંથી મુક્ત રાખવી. સહકારી મંડળીઓમાં સભાસદ થયા છતાં ઘણાને જુના લેણદાર તો હોયછેજ. અને સભાસદ જે જે બચત કરતો જાય તેને જો શાહુકાર–સભાસદનો શેઠ જપ્ત કરી શકે એવી સ્થિતિ હોય તો પછી સભાસદોને કાંઇ બચત કરવાની ઇચ્છાજ ન થાય. ગુજરાતમાં ખેડુતોની અનિયમિત જવાબદારીવાળી

મંડળીઓમાં શેરની પદ્ધતિ રાખવામાં આવી નથી. છતાં ઘણી મંડળીઓમાં પાંચ, દસ, કે તેથી વધારે વર્ષો માટે બાંધી મુદતની ફરજિયાત થાપણો કાપી લેવામાં આવે છે. રૂા. ૧૦૦૦) સુધીની આવી થાપણોને પણ આ કલમ લાગુ પડવી જોઇએ એવું ઘણાનું માનવું છે, અને તે પ્રમાણે કાયદામાં સુધારો કરાવવાના પ્રયત્નો ચાલે છે.

કાયદાની કલમ ૨૨ અનુસાર મરણ પામેલા સભાસદનો શેર અથવા હિતસંબંધ તેણે વારસ નીમેલો હોય તો તે વારસને, અથવા જો વારસ નીમવામાં ન આવ્યો હોય તો વ્યવસ્થાપક કમિટીના અભિપ્રાય પ્રમાણે જે વારસ અથવા વારસ વકીલ હોય તેને તબદીલ કરવા મંડળી મુખત્યાર છે. તેજ પ્રમાણે મંડળી પાસે થાપણ કે એવાં બીજાં નાણાં સભાસદનાં લેણાં હોય તો તે નાણાં પાકે ત્યારે સભાસદે નીમેલા શખ્સને કે કમિટીના મત પ્રમાણે જે વારસ અથવા વારસ વકીલ હોય તેને આપવાને મંડળી મુખત્યાર છે. આ બાબતમાં કમિટીએ વારસ ઠરાવવામાં ખાસ કાળજી રાખવાની જરૂર છે. કારણ કે મંડળીએ આ કલમ પ્રમાણે જો તબદીલી કરી હોય, અથવા નાણાં ચૂકવી આપ્યાં હોય, અને પછી બીજો કોઇ શખ્સ તેજ શેર, હિતસંબંધ અથવા બીજાં નાણાં માટે માગણી કરે તો તે માટે મંડળી જવાબદાર રહેતી નથી.

કલમ ૨૩ પ્રમાણે જે તારીખથી કોઇ માજી સભાસદ મંડળીમાંથી નીકળી ગયો હોય તે તારીખે મંડળીને થાપણદારો વગેરેનું જે દેણું હોય તે દેણા માટે તે તારીખથી બે વર્ષ સુધી તેની જોખમદારી રહે છે કલમ ૨૪ પ્રમાણે મરણ પામેલા સભાસદની મિલ્કત તેના મરણ વખતે મંડળીને જે દેવું હોય-તે માટે મરણ પછી એક વર્ષ સુધી જોખમદાર રહે છે. અહીં ધ્યાનમાં રાખવાનું છે કે આ જોખમદારી સભાસદના મંડળી પાસેથી લીધેલા કર્જ માટે નથી, પરંતુ મંડળીએ બેંક, થાપણદારો વગેરેના કરેલા કર્જ માટે છે.

કલમ ૨૫માં સભાસદ કઇ તારીખે દાખલ થયો અથવા કઇ તારીખે સભાસદ તરીકે બંધ થયો તે વિષે સભાસદના રજિસ્ટરમાં જે નોંધ હોય તેને તે બાબતો માટે પ્રથમ દર્શનીય પૂરાવા તરીકે ગણાશે એમ ઠરાવવામાં આવ્યું છે. સભાસદનું રજિસ્ટર ખાસ કાળજી પૂર્વક રાખવાની જરૂર આ ઉપરથી તથા કલમ ૨૨ ઉપરથી જણાશે. કારણ કે વારસની નીમણુકની નોંધ પણ સાધારણ રીતે સભાસદ રજિસ્ટરમાંજ કરવામાં આવે છે.

કલમ ૨૬ પ્રમાણે મંડળીના વ્યવહારના સામાન્ય ક્રમ અનુસાર રાખવામાં આવેલા ચોપડામાંની નોંધની નકલોને કોઇપણ દાવામાં કે એવા કોર્ટના કામમાં પ્રથમ દર્શનીય પૂરાવા તરીકે ગણવી એવું ઠરાવવામાં આવેલું હોવાથી મંડળીના દાવામાં અસલ ચોપડા કોર્ટ સમક્ષ રજુ કરવાની જરૂર રહેતી નથી. નકલો રજુ કરવાથી અસલની ગરજ સરે છે. અસલ ચોપડા માટે માગણી કરવામાં આવે તો કોર્ટનું આ કલમ તરફ ધ્યાન ખેંચવું.

સહકારી મંડળીઓએ પોતાનાં નાણાં અમુક અમુક ઠેકાણેજ મૂકવાં એવો પ્રતિબંધ કલમ ૩૨માં કરવામાં આવ્યો છે. તે કલમમાં મંડળીઓને સરકારી સેવિંગ્સ બેંકમાં, બીજી કોઇ નોંધાયેલી મંડળીના શેરોમાં અથવા તેના તારણ ઉપર, અથવા મે. રજિસ્ટ્રાર સાહેબે તે માટે પસંદ કરેલી કોઇ બેંકમાં અથવા શરાફને ત્યાં અને બીજે કેટલેક ઠેકાણે નાણા રોકવાની છૂટ આપવામાં આવી છે.

કલમ ૩૫ પ્રમાણે મે. રજિસ્ટ્રાર સાહેબ પોતાની મેળે કોઇપણ મંડળીની રચના, કામકાજ તથા નાણા સંબંધી સ્થિતિ બાબત ચોકશી કરી શકે, અથવા તે કરવા લેખી હુકમથી બીજા કોઇને અધિકાર આપી શકે. મે. કલેક્ટર સાહેબ અથવા મંડળીના સભાસદોમાંથી ઓછામાં ઓછા ⅓ જેટલા સભાસદો, કહે તો મે. રજિસ્ટ્રાર સાહેબે એવી ચોકશી કરવી અથવા કરાવવી જોઇએજ. મંડળીના બધા

અધિકારીઓએ તથા સભાસદોએ મંડળીના કામકાજ સંબંધી જે માહિતી મે. રજિસ્ટ્રાર સાહેબ અથવા તેમણે જેને અધિકાર આપ્યો હોય તે શખ્સ માગે તે આપવી જોઇએ. કલમ ૩૬ની રૂએ કોઇપણ મંડળીનો લેણદાર અરજી કરે તો મે૦ રજિસ્ટ્રાર સાહેબે મંડળીના ચોપડા તપાસવા જોઇએ, અથવા લેખી હુકમથી અધિકાર આપીને બીજા કોઇ શખ્સ પાસે તપાસાવવા જોઇએ. પરંતુ આમ થાય તે માટે પહેલાં પોતાની કર્જની રકમ લેણી થયેલી છે, અને લેણી રકમની માંગણી કર્યા છતાં વ્યાજબી મુદત દરમ્યાન અરજદારને તે રકમ મળી નથી એવી મે૦ રજિસ્ટ્રાર સાહેબની ખાત્રી કરી આપવી જોઇએ, અને સૂચવેલ તપાસના ખર્ચના તારણ તરીકે મે૦ રજિસ્ટ્રાર સાહેબ માગે તે રકમ અરજદારે તેમની પાસે અનામત મૂકવી જોઇએ. આવી તપાસનું પરિણામ તે લેણદારને જણાવવા મે૦ રજિસ્ટ્રાર સાહેબ બંધાયેલા છે. કલમ ૩૭ અન્વયે ઉપર પ્રમાણે જ્યારે ચોકશી અથવા તપાસ કરવામાં આવે ત્યારે તે ચોકશી અથવા તપાસનું બધું ખર્ચ, અથવા તેનો પોતાને યોગ્ય લાગે તેટલો ભાગ મંડળીને માથે, ચોકશી અથવા તપાસ થવાની માગણી કરનાર સભાસદોને માથે, અથવા લેણદારને માથે, અથવા મંડળીના તે વખતના અથવા અગાઉના અધિકારીઓને માથે ફાળે પડતો નાખવાનો મે. રજિસ્ટ્રાર સાહેબને અધિકાર છે. આ કલમો બહુ અગત્યની છે. તે કલમોથી મે. રજિસ્ટ્રાર સાહેબ મંડળી સંબંધે ચોકશી અથવા તપાસ કરાવી શકે છે એટલુંજ નહિ પરંતુ તે સંબંધે થયેલા ખર્ચનો ફાળો કોની પાસેથી લેવો તે પણ તેઓજ ઠરાવે છે. તપાસ કરનારને શું મહેનતાણું અથવા બક્ષીસ આપવી તે પણ મે. રજિસ્ટ્રાર સાહેબનેજ ઠરાવવાનું હોવાથી આ કલમોનો એવો અર્થ થાય છે કે જો મંડળી સંબંધે મંડળીના અધિકારીઓ અથવા સાદા સભાસદોનો તેમને યોગ્ય લાગે તેટલો દંડ કરી શકે. મે. રજિસ્ટ્રાર સાહેબે ઠરાવેલું ખર્ચ મેજિસ્ટ્રેટ માર્ફત દોષિત શખ્સ પાસેથી તેની

જંગમ મિલ્કત જપ્ત કરાવીને અથવા વેચાવીને વસુલ કરી શકાય એવું કલમ ૩૭માં ઠરાવેલું છે.

મંડળી રદ ક્યારે કરી શકાય તે સંબંધે હકીકત કલમ ૩૯ અને ૪૦ માં છે. કલમ ૩૫ પ્રમાણેની ચોકશી પછી કે કલમ ૩૬ પ્રમાણેની તપાસ પછી અથવા મંડળીના સભાસદોમાંના ¾ ની અરજી આવ્યેથી મે૦ રજિસ્ટ્રાર સાહેબનો એવો મત થાય કે અમુક મંડળીનું કામ બંધ કરવું તો તેમને તે મંડળી રદ કરવાનો અધિકાર છે. રદ કરવાના હુકમ ઉપર કોઇપણ સભાસદ બે મહિનામાં અપીલ કરી શકે છે. અપીલ ન થાય તો બે મહિના પછી મંડળી રદ થવા સંબંધેનો હુકમ અમલમાં આવે છે. મુદતસર અપીલ કરવામાં આવી હોય તો અપીલ સાંભળનાર અધિકારી રદ હુકમ બહાલ કરે નહિ ત્યાં સુધી તે અમલમાં આવે નહિ. અપીલ સ્થાનિક સરકારને કરવી. કોઇ પ્રાથમિક મંડળીમાં સભાસદોની સંખ્યા દસથી ઓછી થઇ જાય તો મે૦ રજિસ્ટ્રાર સાહેબ તે મંડળીને રદ કરી શકે.

કલમ ૪૦ રૂએ જો મંડળીને રદ કરવામાં આવે તો તે હુકમ ઉપર અપીલ કરી શકાય નહિ. અને તે હુકમ તુરતજ અમલમાં આવે. રદ હુકમ અમલમાં આવે તે તારીખથી મંડળી મંડળી તરીકે બંધ પડશે (કલમ ૪૧). મંડળીની નોંધ રદ કરવામાં આવે ત્યારે મે૦ રજિસ્ટ્રાર સાહેબ કોઇ લાયક માણસને નીમી મંડળીનું કામ આટોપાવી લેશે.

કલમ ૪૩ માં સ્થાનિક સરકાર કઇ કઇ બાબતો વિષે કાનૂનો ઘડી શકે તે જણાવવામાં આવ્યું છે.

બાકીની સાત કલમોમાં અહીં જણાવવા જેવું કાંઇ નથી.

કાયદાની કલમ ૪૩ માં સહકારી મંડળીઓના કાયદાએ સ્થાનિક સરકારોને અમુક અમુક બાબતો વિષે કાનૂનો ઘડવાની છૂટ આપી છે તે આપણે જોયું. જે જે બાબતો હિંદુસ્તાનના જુદા જુદા

ભાગોની જૂદી જૂદી સહકારી મંડળીઓમાં પણ સામાન્ય હોવી જોઇએ તેવી બાબતોનોજ કાયદામાં સમાવેશ કરવામાં આવ્યો છે. બાકીનો જૂદા જૂદા ભાગમાં સંયોગો જૂદા જૂદા હોય તેથી તેવા સંયોગોને અનુકૂળ આવે તેવા કાનૂનો પસાર કરવા સ્થાનિક સરકારોને સત્તા આપવામાં આવી છે. આ સત્તાની રૂએ મુંબઇ સરકારે છેલ્લા કાનૂનો સને ૧૯૧૯ માં પસાર કર્યા હતા. મુંબઇ ઇલાકાની સહકારી મંડળીઓને સહકારી કાયદાની માફકજ આ કાનૂનો પણ બંધનકર્તા છે.

કાનૂન ૩ અને ૪ માં જણાવવામાં આવ્યું છે કે જો મે॰ રજિસ્ટ્રાર સાહેબ મંડળી અથવા પેટા કાયદા નોંધવાની ના પાડે તો ના પાડવાનું તેમણે કારણ જણાવવું જોઇએ. તે પ્રમાણે ના પાડ્યાની તારીખથી ત્રણ માસની અંદર તે બાબત નામદાર ગવર્નર ઇન કાઉન્સિલને અપીલ કરી શકાશે.

કાનૂન ૭ મંડળીની સાધારણ સભા ભરી પેટાકાયદા કરવા, તેમાં ફેરફાર કરવા, કે તે રદ કરવા બાબતની છે. તેમાં સાધારણ સભાને તે કરવાની સત્તા આપવામાં આવી છે. પણ પેટા કાયદા કરવાની, બદલવાની કે રદ કરવાની કોઈ પણ દરખાસ્તની યોગ્ય નોટીસ મંડળીના પેટાકાયદા પ્રમાણે અપાવી જોઇએ, અને પેટા કાયદા કરવાનો, બદલવાનો કે રદ કરવાનો ઠરાવ સાધારણ સભામાં હાજર હોય તે સભાસદોમાંના ઓછામાં ઓછા ⅔ સભાસદોએ પસાર કરવો જોઇએ. નિયમિત મંડળીઓ માટે આ કાનૂનમાં થોડો ફેર છે. આ કાનૂનમાં ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે મંડળીના પેટા કાયદામાં જણાવ્યા પ્રમાણે નોટીસ અપાવી જોઇએ. ખેડુતોની શરાફી મંડળીઓના પેટાકાયદાની કલમ ૪૭ મુજબ તે નોટીસ સાધારણ સભાની તારીખથી ઓછામાં ઓછી ૧૦ દિવસ અગાઉ પ્રસિદ્ધ થવી જોઇએ. તે ઉપરાંત ઠરાવ મંજુર કરવા માટે સાદી બહુમતી નહિ,

પરંતુ હાજર રહેલા સભાસદોમાંથી ઓછામાં ઓછા ૩/૪ ના મત તો તે ઠરાવની તરફેણમાં પડયા હોવા જોઇએ. પેટાકાયદો કરવાનો, બદલવાનો અથવા રદ કરવાનો ઠરાવ મે૦ રજિસ્ટ્રાર સાહેબે પસંદ કરી નોંધેલો હોવો જોઇએ. જો મે૦ રજિસ્ટ્રાર સાહેબ તેવા કોઇ ઠરાવને પોતાની સમ્મતિ ન આપે તો તેમણે ના પાડયાની તારીખથી ત્રણ માસની અંદર કાનૂન ૮ પ્રમાણે નામદાર ગવર્નર ઇન્ કાઉન્સિલને અપીલ કરી શકાય છે:

કાનૂન ૧૫ રૂએ મંડળી નોંધવા બાબતની અરજી અને નોંધણીનું પ્રમાણપત્ર દરેક નકલના બે આના લેખે અને નોંધેલી મંડળીઓના પેટાકાયદા, પેટાકાયદાના સુધારા, મંડળીની નોંધણી રદ કરવાના હુકમ, મંડળીની હિસાબ તપાસણીની યાદી, અને વાર્ષિક સરવૈયાં, નકલના દરેક ફોલીઓ દીઠ બે આના લેખે મે૦ રજિસ્ટ્રાર સાહેબના સહી સિક્કાવાળી નકલો મંડળીના સભાસદોને અથવા જાહેર પ્રજાને મળી શકશે. ઉપરના કાગળો મે૦ રજિસ્ટ્રાર સાહેબની ઓફિસમાં મફત જોવાનો સર્વને અધિકાર છે.

કાનૂન ૧૮ પ્રમાણે દરેક વર્ષના એપ્રિલ મહિનાની ૨૦ મી તારીખે અથવા તે પહેલાં કમિટીએ, છેલ્લી ૩૧મી માર્ચે પૂરા થતા વર્ષ દરમ્યાન થયેલો નફો અથવા તોટો, થયેલ જમા અને ખર્ચ, અને તા. ૩૧મી માર્ચના રોજ મંડળીની પુંજી અને તેનું કર્જ, બતાવનારૂં વાર્ષિક સરવૈયું પ્રસિદ્ધ કરવું જોઇએ. આ સરવૈયું તે મંડળીની ઓફિસમાં કોઇપણ સભાસદને ઓફિસના કોઇપણ વખતે જોવા માટે ખુલ્લું હોવું જોઇએ. તેની એક નકલ એપ્રિલ મહીનાની ૩૦મી તારીખ પહેલાં મે૦ રજિસ્ટ્રાર સાહેબને મોકલવી જોઇએ આ કાનૂનના છેલ્લા ભાગ ઉપર લક્ષ આપવા જેવું છે: મંડળીનું સરવૈયું કમિટીએ તૈયાર કરાવવાનું છે એટલુંજ નહિ પરંતુ તા. ૩૦મી એપ્રિલ પહેલાં તે મે૦ રજિસ્ટ્રાર સાહેબ ઉપર મોકલવા

પણ આપવું જોઇએ. હાલ તો ઘણીખરી મંડળીઓમાં સરવૈયાં માટે ઑડિટર સાહેબનીજ રાહ જોવાય છે. તે આવે, સરવૈયું તૈયાર કરે, અને લઇ જાય. સરવૈયા માટે જરૂર હોય તેટલે અંશે ફક્ત ઑડિટર સાહેબ અથવા બીજા કોઇની મદદ લેવી જોઇએ. પરંતુ જો છેવટે સરવૈયું મોકલવામાં ન આવે તો જવાબદારી તો કમિટી ઉપર આવેજ, અને જો એમ સાબીત થાય કે કમિટીએ જાણીબુજીને બેદરકારીથી સરવૈયું મોકલ્યું નહિ તો તે ફોજદારી કાયદા પ્રમાણે શિક્ષાપાત્ર પણ થાય. સહકારી મંડળીઓમાં આવી રીતે ફોજદારી કામ ચલાવવાનો પ્રસંગ ઘણા ભાગે આવતો નથી. પરંતુ જો કમિટીઓ એમજ ધારતી હોય કે વાર્ષિક સરવૈયાં માટે તેમની પોતાની તો કાંઇ જવાબદારીજ નથી તો તેમની માન્યતા ભૂલ ભરેલી છે એમ આ કાનૂન પરથી જણાયા વિના રહેશે નહિ.

કાનૂન ૨૨ પ્રમાણે કોઇપણ મંડળી મે૦ રજિસ્ટ્રાર સાહેબની અગાઉથી મંજુરી લઇને, પોતાનાં નાણા અથવા તેમાંનો થોડોક ભાગ જમીન ખરીદવામાં, અથવા પટે રાખવામાં, અથવા મકાનો બાંધવાના કામમાં રોકી શકશે, પણ સદરહુ જમીન અથવા મકાનો પોતાના ધંધાનું કામકાજ ચલાવવા માટે જરૂરી હોવાં જોઇએ મંડળીને પોતાની ઑફિસ બાંધવી હોય કે સ્ટોરને પોતાની દુકાન માટે મકાન બાંધવું હોય કે બીની મંડળીને બી સંઘરી રાખવા માટે કોઇ પ્રકારનું બાંધકામ કરવું હોય તો મંડળીના પૈસા આ કાનૂનની રૂએ તેવા કામમાં મે૦ રજિસ્ટ્રાર સાહેબની મંજુરીથી વાપરી શકાય.

મંડળીનો વહીવટ ચલાવવામાં એકજ તરેહના માણસો સાથે કામ લેવાનું હોતું નથી. કેટલાક સભાસદોને સારા જાણી કર્જ આપ્યું હોય, અને પછી તેઓ તે ભરેજ નહિ, અથવા કોઈ સભાસદ ગુજરી જાય અને તેનો વારસ કર્જ પાછું ભરે નહિ, અથવા ધીરધારના સંબંધમાં કે મંડળીના બીજા કામકાજના સંબંધમાં કાંઇ તકરાર થાય, તો તે તકરારનો નિવેડો લાવવા શું કરવું જોઇએ તે ૨૮થી

૩૫ એમ આઠ કાનૂનમાં જણાવવામાં આવ્યું છે. સભાસદો અથવા આગળના સભાસદો વચ્ચેની અથવા કોઈ સભાસદ માર્ફત દાવો કરનાર શખ્સો વચ્ચેની અથવા કોઇ સભાસદ અથવા આગળના સભાસદ અથવા એવી રીતે દાવો કરનાર શખ્સો અને કમિટી અથવા કોઇપણ અધિકારી વચ્ચેની સહકારી મંડળીના કામકાજને લગતી તકરાર સંબંધીનું લખાણ મે. રજિસ્ટ્રાર સાહેબ તરફ કરવું જોઇએ. આ સંબંધે એટલું યાદ રાખવાનું છે કે તકરારના બન્ને પક્ષો સભાસદ, આગળના સભાસદ, અથવા સભાસદ અથવા આગળના સભાસદો માર્ફત મિલકત અથવા હિત સંબંધનો દાવો કરનાર શખ્સો, અથવા કમિટી અથવા મંડળીના કોઇ અધિકારી હોવા જોઇએ જો આ સિવાયના—કોઇ માણસ—એટલે મંડળી સાથે જેને કોઇ જાતનો સંબંધ ન હોય તેવા માણસ સાથે જો સભાસદ અથવા મંડળીને તકરાર થાય તો તે તકરારનો નીવેડો મે. રજિસ્ટ્રાર સાહેબ ન લાવી શકે. તે માટે તો સાધારણ કાયદા મુજબ દિવાની કોર્ટમાંજ જવું જોઇએ. દાખલા તરીકે મંડળીનો એક સભાસદ પોતે લીધેલું કર્જ ભરતો ન હોય, અને તેથી તેના જામીન પાસેથી તે કર્જ વસુલ લેવાનું ઠર્યું હોય, પરંતુ તે જામીન સભાસદ, અથવા આગળનો સભાસદ અથવા આગળના સભાસદ માર્ફત દાવો કરનાર શખ્સ ન હોય તો તે માટે દિવાની કોર્ટમાં દાવો કરવો જોઇએ. જે તકરારો સંબંધે મે. રજિસ્ટ્રાર સાહેબને લખાણ કરવાની ઉપર જણાવ્યા પ્રમા[ણે] જરૂર હોય તે તકરારોની ખબર મે. રજિસ્ટ્રાર સાહેબને મળે એટ[લે] તેમણે પોતાની નજરમાં આવે તો તેનો જાતે નિકાલ કરવો જોઇએ અથવા એક લવાદ નીમવો જોઇએ, અથવા તો તે બાબત ત્રણ લવાદોને સોંપવી જોઇએ. આ ત્રણ લવાદોમાંથી એકએક દરેક પક્ષકા[ર] નીમે, અને ત્રીજો લવાદ મે. રજિસ્ટ્રાર સાહેબ નીમે. મે. રજિસ્ટ્રા[ર] સાહેબે નીમેલો લવાદ ચેરમેન તરીકે કામ કરે. તકરારનો કોઇપણ પક્ષકાર પંદર દિવસમાં લવાદ ન નીમે તો મે. રજિસ્ટ્રાર સાહેબને

પોતાને તે નીમવાનો અધિકાર છે. લવાદને સાક્ષીઓ વગેરે બોલાવવાની સાધારણ કોર્ટના જેટલી સત્તા હોય છે. લવાદ પાસે ચાલતા કામોમાં કોઇપણ પક્ષકાર તરફથી કાયદાનો ધંધો કરનાર (વકીલ)ને લાવી શકાય નહિ. લવાદ અથવા લવાદોના નીવેડાથી નારાજ થયેલા પક્ષકારને તે નીવેડાની તારીખથી એક મહિનાની અંદર મે. રજિસ્ટ્રાર સાહેબને અપીલ કરવાનો અધિકાર છે. આવી રીતે કરવામાં આવેલા હુકમ બાબત પક્ષકારો તરફથી કોઇપણ દિવાની અથવા મુલકી કોર્ટમાં વાંધો ઉઠાવી શકાય નહિ. નીવેડાની બજાવણી સ્થાનિક હકુમતવાળી કોઇપણ દિવાની કોર્ટને અરજ કરવામાં આવ્યેથી તે કોર્ટના હુકમનામાની બજાવણી પ્રમાણે થઇ શકશે. આવા નીવેડાની બાબતમાં કોર્ટે કાંઇપિણ તપાસવાનું, કે પૂછવાનું નથી. કોર્ટથી તેમાં કાંઇ ફેરફાર થઇ શકે નહિ. દાખલા તરીકે લવાદે આખી રકમ ભરવા હુકમ કર્યો હોય તો કોર્ટ તેના હપ્તા કરી શકે નહિ.

રાજદ્વારી અથવા ધાર્મિક બાબતોના તકરારી મતોના વાદવિવાદમાં જોડાવા જેવું કોઇપણ પગલું મંડળીઓએ ન ભરવું એવો કાનૂનની કલમ ૩૮માં પ્રતિબંધ કરવામાં આવ્યો છે. એવા કોઇપણ પગલાને અટકાવવાનો અથવા એવા પ્રકારનો કાંઇપણ ઠરાવ રદ કરવાનો મે. રજિસ્ટાર સાહેબને અધિકાર આપવામાં આવ્યો છે. સહકારી મંડળી ધર્મ સંબંધેની કે રાજદ્વારી બાબતોની ચર્ચાનું સ્થાન નથી. એ બાબતો મંડળીથી તદ્દન અલગ રાખવી જોઇએ.

સહકારી કાયદો આખા હિંદુસ્તાન માટે હોવા છતાં જેમ સ્થાનિક સંયોગોને અનુકૂળ આવે તેવા કાનૂનો ઘડવાની જરૂર પડે છે, તેજ પ્રમાણે જૂદી જૂદી જાતની મંડળીઓ માટે અથવા એકજ જાતની જૂદા જૂદા ઠેકાણાની અથવા જૂદા જૂદા સંયોગોમાં કામ કરતી મંડળીઓ માટે જૂદા જૂદા પેટા કાયદાની જરૂર પડે છે. માત્ર કાયદા અને કાનૂનથી કોઇપણ મંડળીનું કામ ચાલી શકે નહિ. તેમાં તો સહકારી મંડળીઓ સંબંધે કેટલીક સામાન્ય બાબતો સંબંધીજ

ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ મંડળીઓના કામની વિગત વિષે તેમાં બહુ થોડું હોય છે. તેથી તે વિગતો પુરી પાડનારૂં બંધારણ દરેક મંડળીને જોઇએજ. અને એવા બંધારણના નિયમોને પેટા કાયદા કહેવામાં આવે છે. આ પેટાકાયદા બધી મંડળીઓ માટે એક નજ હોઇ શકે એ તો ઉપર જણાવવામાં આવ્યું છે. છતાં દરેક જાતની મંડળીને પોતાને માટે જૂદા પેટા કાયદા કરવાની ભાંજગડમાં ન પડવું પડે તેટલા માટે જૂદી જૂદી જાતની એટલે શરાફી, બીની, ખાતરની, ઢોર ઉછેરની, ઢોરના વીમાની, સ્ટોરની વગેરે મંડળીઓ માટે નમુનાના જૂદા જૂદા પેટાકાયદા સહકારી ખાતા તરફથી બહાર પાડવામાંઆવ્યા છે, અને સાધારણ રીતે જરૂર જોગા ફેરફાર સાથે તેજ સ્વીકારવામાં આવે છે. નમુનાના પેટા કાયદામાં કટલીક વિગતો ભરવાની હોય છે.

ખેડુતોની પ્રાથમિક શરાફી મંડળીના પેટા કાયદાની કલમ ૩માં બિનસભાસદો પાસેથી થાપણ અથવા કર્જ કેટલી રકમ સુધી લેવાં તે ઠરાવવાનું હોય છે. આવી હદ રાખવાથી સભાસદોની કુલ જવાબદારીની પણ એક રીતે હદ બંધાઇ જાય છે. સભાસદોને માથે અનહદ જોખમ ન હોવાથી મંડળીમાં જોડાનાર સભાસદોને તે સહીસલામતી ભરેલું લાગે છે.

કલમ ૪ માં કયા કયા ગામના રહેનાર શખ્સો સભાસદ થઇ શકે તે જણાવવાનું હોય છે. અનિયમિત જવાબદારીવાળી મંડળીઓમાં સાધારણ રીતે કાર્યક્ષેત્ર નાનું રાખવામાં આવે છે. તેનો હેતુ એ છે કે અનિયમિત જવાબદારીવાળી મંડળીઓમાં સભાસદો એક બીજાને સારી રીતે ઓળખતા હોવા જોઇએ, કે જેથી એક બીજાની સ્થિતિ અથવા વર્તણુક એક બીજાથી જાણી શકાય. આ કારણને લીધે એવી મંડળીઓમાં સાધારણ રીતે એક ગામડાના રહેનાર શખ્સોનેજ જોડાવાની છૂટ રાખવામાં આવે છે. ગામડાં સાવ નાનાં હોય, નજીક નજીક આવેલાં

હોય, બધાં ગામડાંમાં કામ કરનારા મળી શકે તેમ ન હોય વગેરે સંયોગોને લીધે બે ત્રણ કે તેથી વધારે ગામડાંઓ માટે પણ કોઇવાર એક મંડળી કાઢવાની છૂટ આપવામાં આવે છે.

કલમ ૮ માં મંડળીમાં વધારેમાં વધારે સભાસદો કેટલા કરવા તે નક્કી કરવાનું હોય છે. અનિયમિત જવાબદારીવાળી શરાફી મંડળી સારી ચાલે તેટલા માટે તેના સભાસદોની સંખ્યા બહુ મોટી ન થઇ જાય તે જોવું જોઇએ. સાધારણ રીતે તે સંખ્યા ૧૦૦ સભાસદોની રાખેલી હોય છે. સંયોગો પ્રમાણે તે સંખ્યામાં વધારો ઘટાડો કરવામાં આવે છે. છતાં મુદ્દો એટલોજ છે કે ઘણા સભાસદો મંડળીમાં જોડાવાથી તેનું કામ વ્યવહારે પડતું ભારે થઇ જઇને બગડવું ન જોઇએ. ૧૦૦ થી સંખ્યા વધવા માંડે ત્યારથી સાધારણ રીતે મંડળી બગડવાનો સંભવ ઉભો થાય છે. માટે સભાસદોની સંખ્યા ૧૦૦થી વધવા માંડે ત્યારે મંડળીના કામકાજ તરફ ખાસ નજર રાખવી, અને જો સભાસદોની મોટી સંખ્યાને લીધે કામ જરાપણ બગડતું માલૂમ પડે તો સંખ્યામાં વધારો કરવાનું માંડી વાળવું.

કલમ ૩૩માં કોઇપણ સભાસદ પાસેથી મંડળીનું લેણું વધારેમાં વધારે કેટલું હોવું જોઇએ તે ઠરાવવાનું હોય છે. આ આંકડો મંડળીનું ભંડોળ, સભાસદોની સ્થિતિ વગેરે બાબતોનો વિચાર કરીને નક્કી કરવો જોઇએ. છૂટું છૂટું અથવા એક સાથે કર્જ લે તે માટે કાંઇ પ્રતિબંધ હોતો નથી. પરંતુ દરેક સભાસદ પાસેથી મંડળીનું લેણું કોઇપણ વખતે અમુક રકમથી વધેજ નહિ એવો પ્રતિબંધ હોય છે આ પ્રતિબંધને લીધે મંડળીના અમુક થોડા માણસોજ મંડળીનું ઘણુંખરું ભંડોળ કર્જે લઇ શકે નહિ, અને કર્જની વહેંચણીમાં ન ઇચ્છવા યોગ્ય ફેરફાર રહે નહિ. મંડળીની શરૂઆતમાં આ કલમમાંનો આંકડો બહુ મોટો હોતો નથી. જેમ ભંડોળ વધતું જાય છે, અને કાર્યવાહકો અને સાધારણ સભાસદોને કામનો અનુભવ મળતો જાય છે તેમ તેમ આ આંકડો વધારવામાં આવે છે.

કલમ ૩૬માં સભાસદોને ધીરવામાં આવનાર કર્જ ઉપર વ્યાજનો દર શું રાખવો તે જણાવવાનું હોય છે. પહેલાં સાધારણ રીતે આ દર સેંકડે ૯૩/૮ ટકા એટલે દર રુપિયે દર મહિને ૧॥ પાઇનો હતો હાલ નાણાં બજારમાં વ્યાજનો દર વધેલો હોવાથી સાધારણ રીતે સેંકડે ૧૦૧૫/૧૬ ટકા એટલે દર રુપિએ દર મહિને ૧॥। પાઇનો રાખવામાં છે.

મંડળીના દરેક સભાસદે અને ખાસ કરીને વ્યવસ્થાપક કમિટિના સભાસદોએ સહકારી કાયદો, મુંબઇ સરકારના કાનૂનો અને પોતાની મંડળીનો પેટાકાયદો કાળજી પૂર્વક વાંચી અથવા વંચાવીને સમજી લેવા જોઇએ. મંડળીના વહીવટમાં પેટા કાયદાનો તો ડગલે ને પગલે ખપ પડે છે, માટે તેતો વ્યવસ્થાપક કમિટીના સભાસદોને મુખપાઠ–મ્હોંએ હોવા જોઇએ.

પ્રકરણ ૫મું

મંડળીનો વહીવટ (સાધારણ સભા, વગેરે).

વહીવટની શરૂઆત ક્યારે થાય છે.

નવી સહકારી મંડળી સ્થાપન કરવા માટે કાયદા પ્રમાણે ઓછામાં ઓછા દસ ઉમ્મરે પહોંચેલા માણસોએ પેટાકાયદા ઉપર સહીઓ કરીને મે૦ રજિસ્ટ્રાર સાહેબને અરજી કરવી પડે છે. પેટાકાયદા મંજૂર થઇને એક નકલ આદ્ય સભાસદોને મળે અને પોતાની એક સભા ભરી તેમાં તે પેટાકાયદા તેઓ સ્વીકારે ત્યારથી મંડળીના વહીવટની ખરી રીતે શરુઆત થાય છે.

પેટા કાયદા બધા સભાસદોને બંધન કર્તા છે. માટે તે બરોબર પળાવો જોઇએ

પહેલી આદ્ય સભાસદોની સભા કે જેને પહેલી સાધારણ સભા કહેવામાં આવે છે તેનું સૌથી અગત્યનું કામ એ હોય છે કે અમુક પેટા કાયદા કે જે મે. રજિસ્ટ્રાર સાહેબ તરફથી મંજૂર થઇને આવ્યા હોય છે તે સ્વીકારવામાં આવે છે. આ સંબંધે કાનૂન ૨માં જણાવવામાં આવ્યું છે કે મે. રજિસ્ટ્રાર સાહેબે તેમના ઉપર મોકલવામાં આવેલા પેટાકાયદામાં કાંઈ ફેરફાર કર્યા હોય તેને પાત્ર રહીને અને મંડળીની સાધારણ સભામાં સભાસદોના ઓછામાં ઓછા ¾ જેટલા સભાસદોના બહુમતીથી તે મંજૂર કરવામાં આવ્યા હોય તો તે મંડળીના પેટાકાયદા તરીકે ગણાશે. તેથી પહેલી સાધારણ સભામાં હાજર હોય તેમાંથી

ઓછામાં ઓછા રૂ જેટલા સભાસદોએ તો પેટાકાયદા સ્વીકારવા જોઈએજ. તેમાં સાદી બહુમતીથી ચાલી શકતું નથી. પેટા કાયદા સ્વીકારવા તેનો અર્થ એટલો કે મંડળી સંબંધીના દરેક કાર્યમાં પેટાકાયદામાં જે ફરમાવ્યું હોય તે પ્રમાણે કરવા મંડળીના સભાસદો બંધાય છે. પેટાકાયદા સ્વીકારવાથી સભાસદો પોતાની સંસ્થાને માટે એક પ્રકારનું બંધારણ સ્વીકારે છે, અને સ્વીકારેલા પેટાકાયદા—બંધારણમાં ફેરફાર કરવાનો હોય તોપણ તે પેટાકાયદામાં—બંધારણમાં જણાવ્યા પ્રમાણેજ થઈ શકે. પેટાકાયદા સ્વીકારવામાં આવ્યા પછી નવા સભાસદો થાય તે પણ મંડળીના બંધારણથી બંધાયેલા હોય છે. તેથી હરકોઈ સભાસદ જૂનો કે નવો મંડળીના પેટાકાયદાથી બંધાયેલો છે. જેઓ પેટાકાયદો પાળવાને બંધાયા હોય તેમાંથી તે કોઈપણ કલમનો ભંગ ન થઈ શકે. પેટાકાયદો બરાબર પળાય તે માટે તે વાંચી અથવા વંચાવી દરેક સભાસદે તેનાથી માહીતગાર થવું તે જરૂરનું છે.

સભાસદની જવાબદારી. ખેડુતોની મંડળીમાં તે અનિયમિત હોય છે.

મંડળીનું બંધારણ એકવાર નક્કી થયું એટલે તેમાં જોડાયેલ સભાસદને પહેલો વિચાર સાધારણ રીતે એ આવે કે એની રીતે સભાસદપણું સ્વીકારવાથી તેને માથે જવાબદારી શું આવી અને તેને ફાયદા શું શું થવાનો સંભવ છે. ખેડુતોની શરાફી મંડળીઓ અનિયમિત જવાબદારીવાળી હોય છે એટલે તેવી મંડળીના દરેક સભાસદની જવાબદારી અનિયમિત હોય છે. અનિયમિત જવાબદારી એટલે હદ વિનાની—મર્યાદા વિનાની જવાબદારી. મંડળીએ કોઈ વ્યક્તિ કે સંસ્થા પાસેથી નાણાં થાપણ તરીકે અથવા કર્જ તરીકે લીધાં હોય અને તે નાણાં કાળજી વિના અયોગ્ય માણસોને ધીરાઈ જવાથી અથવા એવાં બીજાં કોઈ કારણોથી તેને ધોકા પહોંચે અને લેણીયાતોને મંડળી

પૈસા ન ચૂકવી શકે તો મંડળીનું દેણું પૂરેપૂરૂં ચૂકવાય ત્યાં સુધી જોઇએ તેટલી રકમ એક અથવા વધારે સભાસદો પાસેથી તેમની મિલ્કતમાંથી વસુલ કરી શકાય. મંડળીના એક બે સિવાયના સભાસદો પાસે બિલકુલ મિલ્કત ન હોય તો પોતાની મિલ્કત પહોંચે ત્યાં સુધી તે એક કે બે સભાસદોને મંડળીનું દેણું પતાવવું પડે. મંડળીમાં તોટો આવ્યો હોય અને તેથી છેવટે સભાસદોની અનિયમિત જવાબદારીની રુએ નાણાં વસુલ કરવાં પડયાં હોય એવો દાખલો હજુ જાણવામાં નથી. છતાં ખેડુતોની શરાફી મંડળીના દરેક સભાસદે ધ્યાનમાં રાખવું જોઇએ કે કાર્યવાહકોની ગફલતથી કે એવાં બીજાં કારણોથી મંડળીને તોટો આવે તો તેને પોતાને પોતાની મિલ્કતમાંથી મંડળીનું દેણું ભરી આપવાનો વખત પણ આવે.

સભાસદોએ મંડળી માટે રાખવી જોઇતી કાળજી.

આવો વખત ન આવે એટલા માટે દરેક સભાસદે મંડળીનો વહીવટ બરોબર ચાલે છે કે નહિ તે જોતા રહેવું જોઇએ. ખેડુતો સાધારણ રીતે ગરીબ હોય છે, અને તેમને નાણાંની જરૂર પણ ઘણી હોય છે. જો આવી જવાબદારી ન રાખવામાં આવે તો ખેડુતોની મંડળીઓને કોઇ પૈસા ધીરે નહિ. વળી આવી જવાબદારી હોય તો દરેક સભાસદને કાંઇક કાળજી રહે, અને મંડળીના કાર્યવાહકો કામ કેવું કરે છે, સભાસદોને કરવામાં આવતી ધીરધાર તેમના ગજા પ્રમાણે હોય છે કે વધારે, કર્જ લઇને સભાસદો યોગ્ય કામમાં વાપરે છે કે કેમ તે તરફ તેમનું ધ્યાન રહે. મંડળીઓના ઘણા સભાસદો આમાંનું કાંઇ કરતા નથી તે મોટી ભૂલ છે.

સભાસદોના હક:—

(૧) સાધારણ સભામાં મત આપી શકે.

(૨) કાયદો વગેરે જોઇ શકે.

(૩) કર્જ મેળવી શકે.

જવાબદારી હોય ત્યાં સત્તા પણ હોવી જોઇએ. હક વિનાની જવાબદારી કોઇને ન પરવડે. હક એકના હાથમાં હોય અને જવાબદારી બીજા ઉપર હોય એવું સારી વ્યવસ્થામાં તો નજ બને. એટલે જેમ મંડળીના દરેક સભાસદ ઉપર જવાબદારી છે તેજ પ્રમાણે દરેક સભાસદને સભાસદ તરીકે અગત્યના હક પણ આપવામાં આવ્યા છે. સૌથી અગત્યનો હક એ કે સાધારણ સભામાં દરેક સભાસદ મત આપી શકે છે. આપણે આગળ ઉપર જોઇશું તે પ્રમાણે મંડળીની સર્વોપરી સત્તા સાધારણ સભાને હોય છે. આ વાત યાદ રાખી હોય તો સાધારણ સભામાં મત આપવાના હકનું મહત્ત્વ સમજાય. સભાસદનો બીજો અધિકાર એ હોય છે કે દરેક સભાસદ સહકારી કાયદો અને કાનૂનો અને મંડળીનો પેટાકાયદો તેમજ મંડળીનું દફતર મંડળીની ઓફિસમાં વ્યાજબી વખતે જોવા માગી શકે. માત્ર કોઇ પણ સભાસદનું થાપણ ખાતું એવી રીતે જોઇ ન શકાય. આ હક બહુ અગત્યનો છે. કારણ કે જો એવી રીતે સહકારી કાયદો, દફતર વગેરે જોવાની છુટ ન હોય તો મંડળીની ખરી સ્થિતિની સભાસદોને કદાચ ખબર ન પડે. સભાસદ તરીકેનો ત્રીજો હક એ છે કે મંડળીમાંથી તેને કર્જે નાણાં મળી શકે. અલબત, જેટલાં જોઇએ તેટલાં દરેક સભાસદની ખુશી પ્રમાણે નાણાં મંડળીમાંથી મળે એવો આનો અર્થ નથી. કેટલાં, ક્યારે અને કોને નાણાં કર્જે આપવાં એ સત્તા તો સાધારણ સભાએ નીમેલા પંચને હોય છે. પરંતુ મંડળીમાંથી કર્જે નાણાં ફક્ત તેનેજ મળી શકે છે કે જે સભાસદ હોય. મંડળીમાં નાણાંની છત હોય, સભાસદમાં પોતામાં કાંઇ ખાસ દોષ ન હોય. અને તેની જરૂરીઆત અને માગણી વ્યાજબી હોય તો દરેક સભાસદને મંડળીમાંથી કર્જ મેળવવાનો હક છે એમ કહીએ તો ચાલે. આ ત્રણ હકોમાંથી પહેલા બેનું તો ઘણી મંડળીઓના સભાસદોને ભાનજ નથી હોતું. પછી તેનો ઉપયોગ કરવાની તો વાતજ

ક્યાં કરવી? ઘણાને તો એમજ લાગતું હોય છે કે શરાફી મંડળીના સભાસદ થયા એટલે એક હક મળ્યો અને તે કર્જ લેવાનો. આ માન્યતા જેટલે અંશે ભૂલ ભરેલી છે તેટલેજ અંશે સભાસદને અને મંડળીને લાંબાકાળે હાનિકર્તા છે.

સાધારણ સભા સામાન્ય રીતે તેણે કરવાનાં કામો.

સભાસદોને પહેલો અને સૌથી વધારે અગત્યનો હક સાધારણ સભામાં મત આપવાનો છે એમ કહેવામાં આવ્યું છે. તે જાણતાં વારજ ઘણાખરાને એ સવાલ મનમાં થવો જોઇએ કે એ મતની એટલી બધી અગત્ય કઇ રીતે છે? તેનો જવાબ એટલોજ છે કે મંડળીની સર્વોપરી સત્તા સાધારણ સભાને હોય છે, અને સાધારણ સભા એટલે બીજું કાંઇ નહિ, પરંતુ બધા સભાસદોની એક સભા. આ સભામાં કોઈ મિલ્કતવાળો સભાસદ કે કોઈ અધિકારવાળો સભાસદ કહે તે પ્રમાણે થતું નથી. ત્યાં તો દરેક સભાસદ સરખો હોય છે. દરેકને એકજ મત દેવાનો હક હોય છે, અને દરેક મતની કિંમત સરખીજ હોય છે. જે બાબતોમાં બધા સભાસદો એકમત ન થઇ શકે તેવી બાબતોનો નિર્ણય સાધારણ રીતે બહુમતીથી થાય છે. મંડળીની સર્વોપરી સત્તા સાધારણ સભાને છે. તેથી તેણે જે સત્તા બીજા કોઇને ન આપી હોય તેવી બધી સત્તા તે ભોગવે છે. પરંતુ સાધારણ સભાએ સામાન્યરીતે શું શું કામ કરવાં જોઈએ તેનો વિચાર કરશું તોપણ તે સભાની અગત્યનો અને તેથી તે સભામાં સભાસદના મતના મહત્વનો કાંઇક ખ્યાલ આવી શકશે. નીચેનાં કામો કરવા માટે સાધારણ સભા દરેક વર્ષે એપ્રિલ મહિનામાં ભરવી જોઇએ:—

(૧) આવતા વર્ષ માટે વ્યવસ્થાપક કમિટી ચૂંટી કાઢવી, સેક્રેટરી અને બીજા જરૂરના અધિકારીઓની નીમણુક કરવી, અને તેમનું મહેનતાણું મુકરર કરવું;

(૨) વર્ષનાં આવક અને ખર્ચ, પુંજી અને દેવું નફા તોટાના આંકડા સહીત પાછલા વર્ષના કામનો કમિટીનો રિપોર્ટ લેવો;

(૩) હિસાબ તપાસણીની યાદી તથા મે. રજિસ્ટ્રાર સાહેબ તરફથી આવેલા બીજા લખાણ સંબંધે વિચાર કરવો;

(૪) પેટા કાયદાની કલમ ૩ પ્રમાણે ઉભા કરવાના ભંડોળની હદ મુકરર કરવી;

(૫) દરેક સભાસદને કર્જ ધીરવા માટે સામાન્ય પરમાવધિ શાખ નક્કી કરવી.

(૬) મે. રજિસ્ટ્રાર સાહેબે સભા પાસે મૂકાવેલા બીજા કાંઈ કામ સંબંધે વિચાર કરવો.

પંચ, સેક્રેટરી, વગેરે અધિકારીઓની નીમણુક.

સાધારણ સભા સર્વોપરી છે એ વાત તો બરોબર છે, પરંતુ મંડળીનું દરેક કામ બધા સભાસદોની બનેલી સભાથી ન થઈ શકે. તેથી સાધારણ સભા મંડળીના સભાસદોમાંથીજ વિશ્વાસપાત્ર, ઉત્સાહી, ઉદ્યોગી અને કાર્યકુશળ એવા પાંચ સભાસદો ચૂંટી કાઢી તે પંચ કે જેને વ્યવસ્થાપક કમિટી કહેવામાં આવે છે તેને અમુક કામ કરવાની સત્તા આપે છે. આ સત્તા આપ્યા છતાં એટલેથીજ અટકી શકાતું નથી. કારણ કે હિસાબ લખવા, પત્રવ્યવહાર ચલાવવો, વગેરે મિન જોખમી અને સાદું છતાં કરવામાં બહુ વખત લે એવું કામ તે પાંચ સભાસદો પણ કરે તે ઇચ્છવા યોગ્ય નથી હોતું. એવું કામ જો પાંચ સભાસદો મળીને કરે તો તે પાંચે સભાસદોનો ઘણો વખત જાય એટલુંજ નહિ પરંતુ કામ બરોબર ન થાય, અને તેમાં ઢીલ પણ થાય તેથી એવું કામ કરવા માટે સાધારણ રીતે એક મંત્રી–કારકુન કે જેને સેક્રેટરી કહેવામાં આવે છે તેની પણ સાધારણ સભા નીમણુક કરે છે. આ માણસ સભાસદ ન હોય તોપણ ચાલી શકે છે. બીજા કોઇ કામ માટે એકાદ વધારે અધિકારી નીમવાનો હોય તો તે નીમણુક પંચ

સાધારણુ સભાજ કરે છે. સેક્રેટરી વગેરેને કાંઇ પગાર આપવાનો હોય તો તે પણ સાધારણુ સભા ઠરાવે છે. આ પ્રમાણે બધા સભાસદોના વતી કોણે કોણે મંડળીનું કામ ચલાવવું તે સાધારણુ સભા નક્કી કરે છે. આ નીમણુક એકજ વર્ષ માટે હોય છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. નીમણુક ઘણી કાળજી પૂર્વક કરવામાં આવી હોય છતાં નીમેલા માણસો યોગ્ય ન નીકળે અથવા બીજા વધારે યોગ્ય માણસો ચાલકનું કામ કરવા માટે મંડળીને મળી આવે તો ઘટતો ફેરફાર થઇ શકે તેટલા માટે નીમણુક એક વર્ષ માટે કરવામા આવે છે. પાછી ફરીવાર વાર્ષિક સભા ભરાય ત્યારે નીમણુક ફરીવાર કરવામાં આવે. હોય તેના તેજ ગૃહસ્થોની પણ ફરીવાર નીમણુક થઇ શકે, પરંતુ તેના તેજ ગૃહસ્થોની નીમણુક થવી જોઇએ એવું કાંઇ નથી. પોતાની મંડળીમાં એક વર્ષ માટે અધિકારીઓ તરીકે કોની કોની નીમણુક થાય છે તે તરફ સભાસદોએ ખાસ લક્ષ આપવું જોઇએ. કારણ કે મંડળીના સારા અથવા ખરાબ કામનો ઘણો ખરો આધાર તેના અધિકારીઓ ઉપર હોય છે. સાધારણુ સભાએ—સભાસદોએ પોતાની કુશળતા તેમની પસંદગી કરવામાં બતાવવાની હોય છે.

ગઇ સાલના કામનો અહેવાલ અને સરવૈયું, વ્યવસ્થાપક કમિટી તરફથી રજુ કરાવવા.

વ્યવસ્થાપક કમિટી વગેરે અધિકારીઓને સાધારણુ સભા દરેક વર્ષે એક વર્ષ માટે નીમે તે તો બરોબર, પરંતુ તે અધિકારીઓએ તેમના અધિકારના કાળ દરમ્યાન કેવું કામ કર્યું તે પણ મંડળીના સભાસદોએ જાણવું જોઇએ તેના ઉપરથી છેલ્લા વર્ષ દરમ્યાન મંડળીની સ્થિતિ કેવી હતી તે ખબર પડે એટલુંજ નહિ પરંતુ આવતા વર્ષ દરમ્યાન શું શું કરવું, કોને અધિકારીઓ તરીકે નીમવા તેના પણ ખબર પડે. તેથી જ્યારે વાર્ષિક સાધારણુ સભા

ભરવામાં આવે ત્યારે મંડળીએ ગયા વર્ષ દરમ્યાન કરેલા કામનો અહેવાલ, અને તેની સાથે જમા ખર્ચ, પુંજી અને દેવું અને નફો અને તોટો બતાવનારું વાર્ષિક સરવૈયું વ્યવસ્થાપક કમિટીએ રજુ કરવું જોઇએ સાધારણ સભામાં સભાસદોએ આ અહેવાલ અને સરવૈયું લક્ષપૂર્વક સાંભળવાં અથવા વાંચી જવાં જોઇએ. અને તેમાં કાંઈ ખામી જેવું જણાય તો તેનો ત્યાં વિચાર થવો જોઈએ. ગયા વર્ષ દરમ્યાન સભાસદો કેટલા વધ્યા કે ઘટયા, કેટલું કર્જ અપાયું, કેટલું વસુલ થયું, કેટલી થાપણો મેળવાઈ, કેટલી પાછી અપાઇ, વર્ષ આખરે મંડળીનાં પુંજી અને દેવું કેટલાં હતાં, અને નફો કે તોટો આવ્યો વગેરે અગત્યની હકીકતો સરવૈયા ઉપરથી જાણી શકાય છે. મંડળીના દરેક સભાસદે તે જાણવી જોઇએ.

હિસાબ તપાસણીની ચાહિ અને મે. રજિસ્ટ્રાર સાહેબના લખાણનો વિચાર.

ગયા વર્ષનો અહેવાલ અને સરવૈયું તો વ્યવસ્થાપક કમિટી તરફથી રજુ થયું, પરંતુ તે તો જે અધિકારીઓએ કામ કર્યું હતું તેમના તરફથીજ હકીકત મળી. સાધારણ રીતે આવી રીતે આપવામાં આવેલી હકીકત ખરી હોય છે. પરંતુ કોઇ પ્રસંગે એમ પણ બને કે એવી રીતે રજુ કરવામાં આવેલી હકીકત એકપક્ષી હોય અને મંડળીએ કરેલા કામનો અને મંડળીની સ્થિતિનો ખરો ખ્યાલ આવે તેવી રીતે મૂકવામાં ન આવી હોય. સહકારી કાયદા (કલમ ૧૭) પ્રમાણે દરેક સહકારી મંડળીના હિસાબ દરેક વર્ષે એકવાર તપાસવા અથવા તપાસાવવા મે. રજિસ્ટ્રાર સાહેબ બંધાયેલ છે. આ તપાસ દરમ્યાન મંડળીનાં પુંજી અને દેવાંનો આંક કઢાવો જોઇએ, અને મુદત વીતી ગયેલ કર્જનો આંકડો નક્કી કરવો જોઇએ. આવી ગોઠવણ હોવાથી મંડળીના હિસાબો કુશળ જવાબદાર અધિકારીને હાથે તપાસાય છે, અને તેથી મંડળીની ખામીઓ સહેલાઇથી જાણી શકાય છે. વળી આવી રીતે

હિસાબ તપાસાતા હોવાથી જાહેર પ્રજાનો સહકારી મંડળીઓ ઉપર વિશ્વાસ બેસે છે, અને તેથી એવી મંડળીઓમાં નાણાં વ્યાજે મૂકનારના મનમાં નીરાંત રહે છે. મંડળીના હિસાબ તપાસનાર અધિકારી કે જેમને ઑડિટર કહેવામાં આવે છે તેઓ મંડળીઓના હિસાબ તપાસી તે સંબંધે એક સવિસ્તર યાદી મે. રજીસ્ટ્રાર સાહેબ તરફ મોકલે છે, અને એક મંડળી તરફ મોકલે છે. આ યાદીમાં એક તટસ્થ, કુશળ અને જવાબદાર અધિકારીને મંડળીની સ્થિતિ કેવી લાગી, મંડળીમાં શું શું ખામીઓ માલૂમ પડી, ભવિષ્યમાં શું શું કરવાની જરૂર લાગી વગેરે હકીકત હોવાથી તે યાદી બહુ કિંમતી ગણાવી જોઇએ. મંડળીની ખરી સ્થિતિ જાણવામાં વ્યવસ્થાપક કમિટીએ રજુ કરેલ હકીકત ઉપરાંત ઑડિટર સાહેબની યાદી બહુ મદદગાર થઇ પડે છે. તેજ પ્રમાણે મે. રજિસ્ટ્રાર સાહેબ તરફથી કાંઇ લખાણ આવ્યું હોય તો તે પણ અગત્યનું હોવાનો સંભવ છે. તેથી હિસાબ તપાસણીની યાદી અને મે. રજિસ્ટ્રાર સાહેબથી કાંઇ લખાણ આવ્યું હોય તો તે સાધારણ સભા સમક્ષ રજુ થવાં જોઇએ. અને સભાસદોએ તેના ઉપર પૂરતું લક્ષ આપવું જોઇએ. તેજ પ્રમાણે મે. રજિસ્ટ્રાર સાહેબે કાંઇ કામ સૂચવ્યાં હોય તો તેનો પણ વિચાર કરવો જોઇએ.

કલમ ૩ પ્રમાણે એકઠું કરવાના ભંડોળની મર્યાદા ઠરાવવી.

એક વર્ષ માટે અધિકાર આપીને સાધારણ સભા અધિકારીઓ તો નીમે પરંતુ તે વર્ષ દરમ્યાન તેઓ બહુજ મોટો વ્યવહાર કરે અને મંડળીને કદાચ ખાડામાં ઉતારે તો ? પેટાકાયદાની કલમ ૩માં બિનસભાસદો પાસેથી થાપણો અથવા કર્જ તરીકે લેવાનાં નાણાંની રકમની હદ મુકરર કરેલી હોય છે. તે હદ મે. રજિસ્ટ્રાર સાહેબની સમ્મતિથી ઠરાવવામાં આવી હોય છે, એટલે તે હદમાં તો

તેમની સમ્મતિ વિના વધારો થઇ શકેજ નહિ. છતાં તે કલમમાં ઠરાવવામાં આવેલી હદ પણ જો સાધારણ સભાને જોખમવાળી લાગતી હોય તો તે હદ ઘટાડવાનો સાધારણ સભાને હક છે. આવતા વર્ષ દરમ્યાન સાધારણ રીતે સભાસદોને કેટલા કર્જની જરૂર પડશે, મંડળીની સ્થિતિ જોતાં વ્યવસ્થાપક કમિટીને કેટલી રકમ સુધીનો વ્યવહાર સોંપવો યોગ્ય છે વગેરે બાબતોનો વિચાર કરી સાધારણ સભા કાનૂન ૯ અને પેટા કાયદાની કલમ ૩ અનુસાર ઉભા કરવાના ભંડોળની હદ ઠરાવે છે. જો સાધારણ સભાને એમ લાગે કે કલમ ૩માં જે હદ છે તેજ રાખવી તો તેની તે હદ રાખી શકાય છે. જો તેને એમ લાગે કે આવતા વર્ષ દરમ્યાન તે હદ વધારે પડતી છે, તો ભંડોળની હદનો આંકડો ઘટાડવામાં આવે છે. આ બાબત પણ મહત્ત્વની છે. કારણ કે જો વ્યવસ્થાપક કમિટીને વધારે પડતી રકમ થાપણ અથવા કર્જ તરીકે લાવવાની છૂટ હોય, અને તે તે છૂટ ભોગવે, અને કદાચ મંડળીને નુકસાન જાય તો તે માટેની જવાબદારી સભાસદો માથે આવી પડે. તેથી જ્યારે સાધારણ સભા મંડળી માટે કામ કરવા માટે એક વર્ષ સારુ અધિકારીઓ નીમે છે ત્યારે તે અધિકારીઓના બહારનું દેવું કરવાના અને તેથી સભાસદોની જવાબદારી વધારવાના અધિકારની હદ બાંધી લે છે. આ હદ વ્યાજબી છે કે નહિ તેનો દરેક સભાસદે વિચાર કરવો જોઇએ.

સભાસદોની સામાન્ય પરમાવધિ શાખ ઠરાવવી.

મંડળી નાની કે મોટી હોય, પણ તે પણ એક શરાફી પેઢી છે, અને તેને પણ તેના પ્રમાણમા થોડે ઘણે અંશે શરાફી પેઢીના જેવી ગોઠવણો કરવી પડે છે. શરાફી માટે મંડળીમાં પૈસા મેળવવા જોઇએ. પરંતુ પૈસા મેળવવાનો પ્રયત્ન કરતાં પહેલાં કેટલા પૈસાની જરૂર પડશે તે તો જાણવુંજ જોઇએ. વ્યવસ્થાપક કમિટીને કામ સોંપી દીધું એટલે બધું પતી ગયું એમ તો નજ કહી શકાય. તેનું

કામ સરળ કેવી રીતે થાય તે પણ બધા સભાસદોએ એટલે સાધારણ સભાએ જોવું જોઇએ. અને વ્યવસ્થાપક કમિટીના કામમાં સૌથી મોટી સગવડ ત્યારે થાય કે જ્યારે તેમના અધિકારકાળ દરમ્યાન સાધારણ રીતે કેટલાં નાણાંની સભાસદોને જરૂર પડવાનો સંભવ છે તે તે જાણે, અને કેટલાં નાણાંની ગોઠવણ કરવી તે તેને ખબર પડે. આવતા વર્ષ દરમ્યાન સાધારણ રીતે કેટલાં નાણાં જોઇશે તે જાણવાનો એક સરળ માર્ગ એ કે દરેક સભાસદની ખેતી કેટલી છે, તેની સ્થિતિ કેવી છે, તેને બાજી જરૂર આવતા વર્ષ દરમ્યાન પડવાની છે કે નહિ વગેરે બાબતોનો વિચાર કરીને દરેક સભાસદ માટે કર્જની જરૂરીયાત અને યોગ્યતાનો એક આંકડો ઠરાવવો. આને સભાસદની સામાન્ય પરમાવધિ શાખ કહેવામાં આવે છે. આમ કરવાથી બીજો ફાયદો એ થાય છે કે વ્યવસ્થાપક કમિટીને પક્ષપાત કરવા માટે બહુ પ્રસંગ રહેતો નથી. સાધારણ સભામાંજ ખેતી, મિલ્કત વગેરેનો વિચાર કરી દરેક સભાસદ માટે કર્જના આંકડા ઠરાવવામાં આવે તો પછી જાણી જોઇને તેથી વધારેઓછું કર્જ આપતાં વ્યવસ્થાપક કમિટીને વિચાર કરવો પડે, અને વધારેઓછું કર્જ આપવામાં આવ્યું હોય તો કોઇ વખત તેમ કરવા માટે કારણો પણ આપવાં પડે. આવા આંકડા સાધારણ સભામાં ઠરાવવાથી બીજો ફાયદો એ હોય છે કે પેટાકાયદાની કલમ ૩૫ પ્રમાણે ઠરાવેલા આંકડાની અંદરની રકમ જોઇતી હોય તો કમિટીના ચેરમેન અને એક સભાસદ એમ બે માણસો હોય તો પણ તે કર્જ આપી શકાય તેને માટે કમિટીની સભાની જરૂર પડે નહિ. કેટલીકવાર સભાસદોને નાની અથવા મોટી રકમની એકદમ જરૂર પડે છે, અને વ્યવસ્થાપક કમિટીની સભા મળતાં વાર થાય છે. તેવે વખતે જો પરમાવધિ શાખ ઠરાવવામાં આવેલી હોય તો તે શાખની અંદરની રકમ માટેની કર્જ માગણીનો નિકાલ ચેરમેન અને કમિટીનો એક સભાસદ કરી શકે, અને તેથી સભાસદને વખતસર પૈસા મળી શકે. ઘણીખરી મંડળીઓમાં આવી રીતે સભાસદોની સામાન્ય પરમાવધિ

શાખ ઠરાવવામાં આવતી નથી. મે. રજિસ્ટ્રાર સાહેબે હવે એક સર્ક્યુલર કાઢયો છે કે જે મંડળીમાં આવી પરમાવધિ શાખ ન ઠરાવવામાં આવતી હોય તે મંડળીને ઓડિટર સાહેબે હિસાબ તપાસીને 'અ' એટલે પહેલા વર્ગમાં ન મૂકવી. માટે ખેડુતોની દરેક શરાફી મંડળીએ સાધારણ સભામાં સભાસદોની સામાન્ય પરમાવધિ શાખ ઠરાવવી જોઇએ.

અંદાજ તૈયાર કરવા.

પરમાવધિ શાખ ઠરાવવાથી સાધારણ રીતે વધારેમાં વધારે કેટલી રકમ આવતા વર્ષ દરમ્યાન જરૂર પડશે તે ખબર પડે છે. પરંતુ તેમાથી કેટલી રકમ ખરેખર જોઇશે અને કયારે કયારે જોઇશે તે ખબર પડતી નથી. હાલની શરાફી મંડળીઓમાં મોટી ખામી એ હોય છે કે સભાસદોને જેટલાં જોઇએ તેટલી વખત અને જોઇએ ત્યારે નાણાં મળતા નથી. ખેતરોમાં વાવણી કરવાનો વખત આવ્યો એટલે સભાસદો તરફથી બી વગેરે કામ માટે કર્જની માગણી થવા માંડે છે. તે માગણી થયા પછી કેટલીક વાર બેંકને અરજી કરવી પડે છે કે બીજે કોઇ ઠેકાણેથી પૈસા મેળવવાની ગોઠવણ કરવી પડે છે. સભાસદોએ કરેલી માગણી જેટલા પૈસા મળે તોપણ ઘણીવાર તે વખતસર મળતા નથી અને તેથી સભાસદોને બીજેથી કર્જ કાઢવું પડે છે અથવા તો ઉધારે બી વગેરે લાવવું પડે છે. તેથી મંડળીથી થવો જોઇતો ખરો ફાયદો સભાસદોને થતો નથી અને બન્ને બાજુથી તેમના ઉપર માર પડે છે તેથી એવી કોઇ વ્યવસ્થા થવી જોઇએ કે જેથી સભાસદોને જોઇતાં નાણાંની રકમ અને વખત આગળથી જાણી શકાય. જો રકમ અને વખત આગળથી જાણી શકાય તો જોઇતાં નાણાં વખતસર મળે તેવો વ્યવસ્થાપક કમિટી આગળથી બંદોબસ્ત કરી રાખે. અને એવી રીતે બંદોબસ્ત થયો હોય તો જરૂરીયાત પ્રમાણે વખતસર નાણાં સભાસદોને વર્ષમાં ચાર પાંચ કે તેથી વધારે વખત

પણ આપી શકાય. આથી સભાસદો ફક્ત મંડળી ઉપરજ આધાર રાખીને પોતાનો ધંધો ચલાવી શકે, અને કોઇ શાહુકાર કે વેપારી શોધવાની તેમને જરૂર ન રહે. વળી જરૂરીયાત પ્રમાણેજ જોઇતા પૈસા છૂટક છૂટક લેવાથી તેમાંથી થોડો ભાગ વેડફાઈ જતો અટકે, અને સભાસદોને વ્યાજ ઓછું પડે. પરંતુ સભાસદોને જોઇએ તેટલી વખત અને જોઇએ ત્યારે પૈસા મળે તેટલા માટે દરેક સભાસદની પરમાવધિ શાખ ઠરાવવી જોઇએ તેટલુંજ નહિ, પરંતુ દરેક સભાસદને સાધારણ રીતે આવતા વર્ષ દરમ્યાન અથવા ૭ મહિના દરમ્યાન કેટલા પૈસાની ક્યારે જરૂર પડશે તેના અંદાજ તૈયાર કરવા જોઇએ. આગળ જતાં અંદાજમાં થોડો ઘણો ફેરફાર કરવો પડે તે જુદી વાત. પરંતુ વખત વખતની સભાસદોની સાધારણ જરૂરીયાતોનો વ્યવસ્થાપક કમિટીને પરમાવધિશાખ અને અંદાજ પત્રકો દ્વારા ખ્યાલ હોય તો સભાસદોને દરેક રીતે સગવડ થાય અને તેમને બીજે કોઇ ઠેકાણે જવું ન પડે એવી ગોઠવણ તે કરી શકે.

સાધારણ સભા સંબંધી સામાન્ય નિયમો.

અનિયમિત જવાબદારીવાળી ખેડુતોની મંડળીઓના પેટા કાયદાની કલમ ૧૩થી ૧૯માં સાધારણ સભાઓ માટે નિયમો આપવામાં આવ્યા છે. ખાસ સાધારણ સભા બોલાવવા માટે કમિટીના સભાસદોનો બહુમત હોવો જોઇએ, અથવા મંડળીના ⅓ સભાસદોએ તેવી માગણી કરી હોવી જોઇએ, અથવા મે. રજિસ્ટ્રાર સાહેબનો તેવો હુકમ થયો હોવો જોઇએ. છમાસિક હિસાબ લઇ તેના ઉપર વિચાર કરવા માટે, આવતે વર્ષે કેટલી વસુલાત થશે, અને મંડળીને કેટલાં નાણાંની જરૂર પડશે તેનો અંદાજ કરવા માટે ઑક્ટોબર માસમાં એક ખાસ સાધારણ સભા ભરવી જોઇએ. વાર્ષિક સાધારણ સભાના ખબર દસ દિવસ અગાઉ અને ખાસ સાધારણ સભાના ખબર પાંચ દિવસ અગાઉ મંડળીના મકાનની બહાર અથવા બીજી સગવડ પડતી

જાહેર જગ્યા ઉપર લેખી નોટીસ પ્રસિદ્ધ કરીને આપવા જોઇએ. નોટીસમાં સભા માટે ઠરાવવામાં આવેલો દિવસ, વખત અને સ્થળ, અને સભામાં શું શું પ્રકારનાં કામ કરવામાં આવશે તે જણાવવું જોઇએ. સાધારણ સભાનાં કામ અગત્યનાં હોવાથી શું શું કામ થવાનાં છે તે સભાસદો આગળથી જાણે તો તે સંબંધે વિચાર કરીને આવે, એટલુંજ નહિ પરંતુ કેટલાક સભાસદો સાધારણ રીતે ન આવે એવી સ્થિતિમાં હોય તોપણ જો તેમને નોટીસ ઉપરથી એમ જણાય કે કાંઇ ખાસ અગત્યનું કામ થવાનું છે તો ગમે તેમ કરીને સભામાં હાજર રહેવાનો પણ પ્રયત્ન કરે. આવાં કારણોને લીધે નોટીસમાં જે કામ સંબંધે કાંઇ લખવામાં ન આવ્યું હોય તે કામ સાધારણ સભાએ ન કરવું જોઇએ. તોપણ એમ ઠરાવવામાં આવ્યું છે કે જો સાધારણ સભામાં હાજર સભાસદો પૈકી ¾ પરવાનગી આપે તો નોટીસમાં ન દર્શાવેલી બાબતો પણ રજુ થઇ શકે આમ હોવા છતાં સભાસદને કાઢી મૂકવાનું અથવા પેટાકાયદામાં અથવા કર્જ કે થાપણો ઉપરના વ્યાજના દરમાં ફેરફાર કરવાનું કામ કે જે બહુજ અગત્યનું ગણાય તે તો નોટીસમાં દર્શાવેલું હોય તોજ થઇ શકે. તે કામ કરવાની દરખાસ્ત નોટીસ વગર સાધારણ સભામાં લાવી શકાય નહિ. જોઇએ તેના કરતાં બહુ થોડાં માણસો સભામાં હાજર હોય તો અગત્યના પ્રશ્નોનો નિવેડો સારી રીતે આવવાનો બહુ સંભવ નહિ. તેથી સભામાં અમુક માણસો હાજર હોય તોજ કામ કરવાની શરૂઆત થઇ શકે એવું સાધારણ રીતે ઠરાવવામાં આવે છે. આવી રીતે ઠરાવવામાં આવેલી સંખ્યાને અંગ્રેજીમાં "કોરમ" કહે છે. કોઇ સભામાં ઠરાવિક કોરમ ન હોય તો કામ થઈ શકે. નહિ સાધારણ સભાની બાબતમાં એકંદર સભાસદોની સંખ્યાના ⅗ અથવા ૨૫ સભાસદો એ બેમાંથી જે સંખ્યા ઓછી હોય તેનું કોરમ ઠરાવવામાં આવેલું છે. છતાં જો એવું પણ બને કે કોરમ જેટલા સભાસદો કોઇ વાર હાજરજ ન થાય તો પછી બધું કામ અટકી પડે. આમ

ન થાય તેટલા માટે એવો નિયમ કરવામાં આવ્યો છે કે સભા માટે ઠરાવેલા દિવસે જો કોરમ ન થાય તો તે કોઇ બીજા દિવસ સુધી મુલ્તવી રાખવી, અને તે દિવસે પણ કોરમ ન થાય તો પછી કોરમ વિના કામ થઇ શકે. દરેક સભાસદ સાધારણ સભામાં હાજર થઈ શકે અને એકમત આપી શકે. સભામાં હાજર રહેલા સભાસદોએ એક અધ્યક્ષ ચૂંટી કાઢવો જોઇએ. તેને પોતાના સાધારણ મત ઉપરાંત એક વિશેષ મત આપવાનો અધિકાર હોય છે.

સભાસદો શું કરી શકે અને બધા સભાસદોની બનેલી વાર્ષિક સાધારણ સભાએ સામાન્ય રીતે શું શું કરવું જોઇએ તે જાણ્યા પછી તુરત એ જાણવાની ઇચ્છા થાય કે જે માણસોએ મંડળીના આદ્ય સભાસદ થઇને મંડળી સ્થાપન કરી તે સિવાય બીજાથી મંડળીમાં સભાસદ થઇ શકાય કે નહિ અને થઇ શકાય તો બધાથી થઇ શકાય કે કેમ ? આ બાબત પણ અગત્યની છે. મંડળીનો હેતુ કોઇપણ કામ એક હથ્થુ કરવાનો નથી હોતો, પરંતુ યોગ્ય માણસોને પરસ્પર સહાયથી મદદ કરવાનો હોય છે. તેથી આવા સભાસદો ઉપરાંત મંડળીમાં કોઇ દાખલ થઈ શકે નહિ એવો પ્રતિબંધ તો નાખી શકાય નહિ. પરંતુ બીજી બાજુએ જો દરેકને સભાસદ થવાની છૂટ હોય તો પછી સહકારી મંડળીનો મૂળ પાયો—સારૂં વર્તન—ચારિત્ર તેને ધક્કો લાગે. જે પ્રદેશ અને જે વર્ગના લોકો માટે મંડળી સ્થાપવામાં આવી હોય તેમાં કેટલાક તો એવા માણસો હમ્મેશાં હોયજ કે જેઓનું વર્તન સારૂં ન હોય. તેવા માણસો પણ ધારે કે તુરત મંડળીમાં દાખલ થઇ શકે તો મંડળીમાંથી સહકારી તત્ત્વ વહેલું મોડું નાશ પામે એટલુંજ નહિ, પરંતુ બીજી રીતે મંડળીને નુકસાન થવાનો બહુ સંભવ રહે. તેથી સભાસદોને દાખલ કરવા કે નહિ તે વ્યવસ્થાપક કમિટીની મરજી ઉપર રાખવામાં આવેલું હોય છે. પહેલી સાધારણ સભા મળે ત્યારે નવા સભાસદોને દાખલ કરવામાં આવે છે, અને તેજ સભામાં વ્યવસ્થાપક કમિટીની નીમણૂક

થયા પછી નવા સભાસદોને દાખલ કરવાનું કામ વ્યવસ્થાપક કમિટીને સોંપવામાં આવે છે. કારણ કે વ્યકિતઓના ગુણ અવગુણ, યોગ્યતા, અયોગ્યતા ખરીરીતે તપાસીને નિર્ણય કરવાનું કામ બધા સભાસદો સાધારણ સભામાં કરે તેનાં કરતાં વ્યવસ્થાપક કમિટીના સભાસદો વધારે સારી રીતે કરી શકે.

એટલું યાદ રાખવાની જરૂર છે કે જ્યાં સુધી સભાસદે કાનૂન અથવા પેટા કાયદા પ્રમાણે ભરવી જોઇતી રકમ ભરી ન હોય ત્યાં સુધી તેને સભાસદ તરીકેના હક મળે નહિ. (કાયદાની કલમ ૧૨).

સભાસદને મંડળીમાંથી દૂર કયાં કારણોને લીધે કરી શકાય?

સભાસદોને મંડળીમાં દાખલ કરવા માટે પૂરતી કાળજી રાખવામાં આવે તો પણ પસંદગીમાં ભૂલ નજ થાય એવું તો ન બને. કોઇ વાર ભૂલથી અયોગ્ય માણસને પણ મંડળીમાં દાખલ કરી દેવાયો હોય વળી કોઇવાર માણસ પહેલાં સારો હોય, પરંતુ મંડળીમાં દાખલ થયા પછી કોઇ કારણોને લીધે બગડે તો તેનું શું કરવું ? સભાસદોને દૂર કરવાની સાધારણ સભાને સત્તા છે. સાધારણ સભામાં હાજર હોય તે સભાસદોના ઓછામાં ઓછા ¾ મત, નીચેનાં કારણોમાંના કોઇપણ કારણસર કોઇ સભાસદને મંડળીમાંથી દૂર કરવા માટે પડે તો તેને મંડળીમાંથી દૂર કરી શકાયઃ—

(૧) જો તે નાણાં ભરવામાં વખતો વખત ઢીલ કરતો હોય;

(૨) જો તે જાણી બૂજીને ખોટી હકીકત જાહેર કરી મંડળીને છેતરતો હોય;

(૩) જો તે દીવાળીઓ અથવા કાયદાની દૃષ્ટિએ નાલાયક ઠર્યો હોય;

(૪) જો તેના ઉપર ફોજદારી ગુન્હો સાબીત થયો હોય; અથવા

(૫) જો મંડળીની શાખને નુકસાન પહોંચે તેવું કોઇ કામ તે ઇરાદા પૂર્વક કરતો હોય.

સભાસદને કાઢી મૂક્યાં પહેલાં કમિટીએ તેને કાઢી મૂકવાની દરખાસ્તની પંદર દિવસ અગાઉ નોટીસ આપવી જોઇએ.

કેટલીકવાર એમ પણ બને કે મંડળીના ખરાબ વહીવટથી કે બીજાં કોઇ કારણોને લીધે કોઇ સભાસદ મંડળીમાંથી નીકળી જવાનું ઇચ્છે. આવો સભાસદ સેક્રેટરીને ત્રણ મહિનાની નોટીસ આપીને મંડળીમાંથી નીકળી જઇ શકે. પરંતુ મંડળીએ તેને નાણાં ધીર્યાં હોય તો તે તેણે પાછાં ભરી દીધેલાં હોવાં જોઇએ, અને જો તેણે કોઇના જામીન તરીકે પોતાને માથે જવાબદારી લીધાં હોય તો તે જવાબદારીમાથી પણ પહેલાં તેણે છૂટું થવું જોઇએ.

પ્રકરણ ૬ ઠું.

મંડળીનો વહીવટ (વ્યવસ્થાપક કમિટી).

કમિટી સંબંધે સામાન્ય હકીકત. સાધારણ સભા ભરાઇ ગઇ અને તેમાં વ્યવસ્થાપંક કમિટિની નીમણુક થઇ ગઇ એટલે પછી મંડળીનો વહીવટ કરવાનું કામ વ્યવસ્થાપક કમિટીએ કરવાનું રહે છે. પેટાકાયદામાં અને સાધારણ સભાના ઠરાવોમાં જે સૂચનાઓ હોય તેને બાધ ન આવે તેવી રીતે મંડળીની બધી સત્તા વ્યવસ્થાપક કમિટી પાસે હોય છે. કમિટીમાં ઓછા વધારે માણસો કોઇ કોઇ મંડળીઓમાં નીમવામાં આવે છે, પરંતુ અનિયમિત જવાબદારીવાળી ખેડુતોની શરાફી મંડળીમાં તો સાધારણ રીતે કમિટી પાંચ સભાસદની બનેલી હોય છે. તે પાંચમાંથી ત્રણ જણ હાજર હોય તોજક મિટી પોતાનું કામ કરી શકે. એ પાંચ જણમાં થીજ કમિટીએ પોતાના અધિકાર કાળ માટેએકને અધ્યક્ષ તરીકે ચૂંટવાનો હોય છે. આવી રીતે ચૂંટી કાઢેલો અધ્યક્ષ કમિટીની સભામાં હાજર હોય ત્યારે તે સભાનો અધ્યક્ષ થાય છે. તે હાજર ન હોય ત્યારે હાજર હોય તેટલા કમિટીના સભાસદોએ પોતામાંથી એકને ચૂંટીને તે સભા પૂરતો અધ્યક્ષ નીમવો. ચાર સભાસદો હાજર હોય અને બબ્બેના મત જૂદા પડે તો પછી પ્રમુખ પોતાના સાધારણ મત ઉપરાંત એક વિશેષ મત આપી શકે. એટલે કે જ્યારે કોઈ બાબતની તરફેણમાં અથવા વિરૂદ્ધ સરખા મત પડયા હોય ત્યારે અધ્યક્ષનો જે બાજુ મત પડે તે બાજુના કહેવા પ્રમાણે થાય. સાધારણ સભાના પ્રમુખના વિશેષ મતનો પણ આવી રીતેજ ઉપયોગ કરવાનો છે. જ્યારે બન્ને બાજુ સરખા મત ન હોય પરંતુ એક બાજુ બહુમતી હોય ત્યારે અધ્યક્ષ અથવા પ્રમુખના વિશેષ મતનો ઉપયોગ કરી શકાય નહિ.

સાધારણ સભામાં ચૂંટાયા પછી કમિટી એક વર્ષ સુધી એટલે બીજી વાર્ષિક સાધારણ સભામાં નવી કમિટી ચૂંટાય ત્યાંસુધી અધિકાર ઉપર રહે છે. તે મુદત દરમ્યાન જો કમિટીમાં કોઈ સભાસદની જગ્યા ખાલી પડે તો તે કમિટીના સભાસદોના બહુમતથીજ પૂરી દેવાની હોય છે. એવું પણ બને કે અમુક કારણસર કમિટીના કોઇ સભાસદને કમિટી-માંથી દૂર કરવાની જરૂર ઉભી થાય. તેવે વખતે એક ખાસ સાધારણ સભા બોલાવવી જોઇએ, અને તે સભા જો તેને કમિટીમાંથી દૂર કરવાનું બહુમતે ઠરાવે તો તેને દૂર કરી શકાય. આમ કરવાની જરૂર તો ઉઘાડી છે. સાધારણ સભાએ નીમેલા અધિકારીને બીજા કોઇથી તે સભાની મંજૂરી વિના દૂર થઈ શકે નહિ. તેમ કરવા માટે તો સાધારણ સભાનોજ મત લેવો જોઇએ. કમિટીમાં જગ્યા ખાલી પડે ત્યારે તો કમિટીના સભાસદોજ તે ભરી કાઢે છે, અને તે માટે સાધારણ સભાને કાંઇ પૂછવાનું હોતું નથી. તેનું કારણ તો એ છે કે કમિટીમાં સાધારણ સભાએ નીમેલા માણસની જગ્યા કોઇ કારણસર એની મેળેજ ખાલી પડે અને તે જગ્યાએ બીજા કોઈની નીમણુક કમિટી કરે તો તે કામ સભાના ઠરાવથી વિરૂદ્ધ નજ ગણી શકાય. વળી કમિટીમાંની એક અથવા વધારે જગ્યા ગમે ત્યારે ખાલી પડે, ત્યારે તે પૂરવા માટે સાધારણ સભાજ ભરવી જોઇએ એવું ઠરાવવામાં આવે તો નોટીસ આપીને સાધારણ સભા ભરી શકાય ત્યાંસુધી કેટલુંક જરૂરી કામ પણ પડયું રહે. તેથી ખાલી જગ્યા પૂરવાની સત્તા કમિટીનેજ આપવામાં આવી છે. કામ હોય તે પ્રમાણે કમિટીની સભા ગમે તેટલીવાર ભરી શકાય. પરંતુ ખાસ કામ ન હોય તોપણ કમિટીએ ઓછામાં ઓછું મહિનામાં એકવાર તો મળવુંજ જોઇએ. મંડળીનાં ઘણાંખરાં કામ કમિટીને કરવાનાં હોય છે. સભાસદોના અજ્ઞાનને લીધે એવું બને કે કમિટીની નીમણુક ઠરાવવામાં આવેલા નિયમો પ્રમાણે બરાબર ન થઇ હોય, એટલે કે નિયમો જોતાં મંડળીની નીમણુકમાં કાંઇ ખામી હોય. જેની નીમણુક ખામીવાળી હોય તેવી કમિટીએ કરેલાં કામો કાયદેસર ગણાય

કે નહિ તે નક્કી થવું જોઇએ નહિ તો કેટલાંક માણસો અથવા સંસ્થાઓ પાસેથી પૈસા લેવાયા હોય, કેટલાંકને પૈસા અપાયા હોય, કેટલાંકની સાથે કરાર કરવામાં આવ્યા હોય વગેરે વગેરે કમિટિએ કરેલાં કામોને કાયદાની દૃષ્ટિએ બરોબર ગણવામાં ન આવે તો કેટલાંય નિર્દોષ માણસો અથવા સંસ્થાઓને નુકસાન પહોંચે. કમિટીની નીમણુક બરોબર નિયમસર છે કે નહિ તે સંબંધે કમિટી સાથે વ્યવહાર કરનાર સર્વ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ ભાગ્યેજ ખાત્રીપૂર્વક તપાસ કરી શકે. તેથી પેટાકાયદામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે કમિટીની અથવા કમિટીના કોઈ સભાસદની નીમણુકમાં કાંઈ ખામી હતી એવું પાછળથી માલૂમ પડે તોપણ તે કમિટીએ અથવા તે કમિટીના સભાસદે કરેલાં બધાં કામો તે કમિટી અથવા તે સભાસદ યોગ્ય રીતે નીમાયો હોત અને જેટલાં કાયદેસર ગણાત તેટલાંજ કાયદેસર ગણાશે.

કમિટીનું કામ નીચે પ્રમાણે હોય છેઃ—

કમિટીનું કામ. (૧) સભાસદ થવા માટેની અરજીઓનો નિકાલ કરવો;

(૨) થાપણો તરીકે અથવા કર્જ તરીકે નાણાં મેળવવાં;

(૩) કર્જની માગણીની અરજીઓ સંબંધે વિચાર ચલાવી કર્જ ધીરવું કે નહિ તે નક્કી કરવું. જો કર્જ ધીરવું એમ નક્કી થાય તો તે કેટલી મુદત માટે અને કયા તારણ ઉપર ધીરવું તે ઠરાવવું;

(૪) કર્જ વસુલ કરવું, ધીરેલાં નાણાંની નોંધી (રજિસ્ટર) તપાસી જેની મુદત વીતી ગઈ હોય તેવા હપ્તા વસુલ કરવા તજવીજ કરવી, મુદતની માગણીની અરજીઓ સંબંધે વિચાર કરવો;

(૫) રોકડમેળ તુરતાતુરત લખાઇ તે ઉપર કમિટીના અધ્યક્ષ અથવા સભાસદની સહી થાય તે સંબંધી કાળજી રાખવી;

(૬) સેક્રેટરીના હિસાબ તપાસવા; અને

(૭) જરૂરી ખર્ચ મંજૂર કરવું, રોકડ શિલ્લિક ગણવી, અને બીજું પરચુરણ કામ કરવું.

સભાસદ થવા માટેની અરજીઓનો નિકાલ કરવો.

સભાસદોને દાખલ કરવાનું કામ સાધારણ રીતે વ્યવસ્થાપક કમિટીએ કરવાનું હોય છે તે હકીકત તો આ પહેલાં જણાવવામાં આવી છે. નવા સભાસદોને દાખલ કરવાનું કામ અગત્યનું હોઇ કાળજીપૂર્વક કરવું જોઇએ તે પણ કહેવાઇ ગયું છે. જે માણસોએ મંડળી નોંધાવવાની અરજી ઉપર સહીઓ કરી હોય તે તો મૂળના-આદ્ય સભાસદો ગણાય. આ સિવાયના કોઇપણ માણસને મંડળીમાં સભાસદ તરીકે દાખલ થવું હોય તો તે માટે પોતાના સહીવાળી લેખી અરજી કરવી જોઇએ. અરજી કરનાર માણુસ ભણેલો ન હોય તો તેણે પોતાની અરજી ઉપર કમિટીની રૂબરૂ પોતાના અંગુઠાની છાપ પાડવી જોઇએ. આ અરજીઓ બહુ ઉપયોગી છે, કારણકે સભાસદે મંડળીનું બંધારણ સ્વીકાર્યું અને તેથી પોતાની અનિયમિત જવાબદારી પણ સ્વીકારી તેનો તે લેખી પૂરાવો છે. કોઈ વખતે મંડળી નુકસાનમાં આવી પડે અને સભાસદોની અનિયમિત જવાબદારી પ્રમાણે નાણાં વસુલ કરવાનો પ્રસંગ આવે ત્યારે આ અરજીઓની ખાસ જરૂર પડે. તેથી તે અરજીઓ બરોબર છે કે નહિ તે કમિટીએ ખાસ જોવું જોઇએ, અને તે સાચવીને ફાઇલમાં રખાય તે માટે કાળજી રાખવી જોઇએ. અરજી બરોબર છે કે નહિ તે જોયા પછી અરજી કરનાર માણુસ પેટાકાયદાની કલમ ૪માં જણાવેલા પ્રદેશમાં-ગામમાં રહેનાર છે કે નહિ તેની તપાસ કરવી જોઇએ. પેટાકાયદામાં ઠરાવવામાં આવેલી હદ બહારનો માણુસ સભાસદ થાય, અને તેને કર્જ ધીરવામાં આવે તો તે કાયદેસર ન ગણાય અને તેવો માણુસ કર્જ ભરી દેવાની ના પાડે તો વ્યવસ્થાપક કમિટીને પોતાને તે કર્જ મંડળીમાં ભરી આપવું પડે. અરજી બરોબર હોય, અને પેટાકાયદામાં ઠરાવેલી હદમાં અરજી કરનાર માણુસ રહે છે એમ જણાય તોપણ તેને મંડળીમાં દાખલ કરવોજ જોઇએ એવો કોઈ નિયમ નથી. પેટાકાયદાની કલમ ૮માં ઠરાવવામાં આવેલી સભા-

સદોની સંખ્યા કદાચ પૂરી થઈ ગઈ હોય એટલે કે તે કલમમાં એમ હોય કે મે. રજિસ્ટ્રાર સાહેબની મંજૂરી સિવાય સભાસદોની કુલ સંખ્યા ૧૦૦થી વધારવી નહિ, અને મંડળીમાં સભાસદોની સંખ્યા ૧૦૦ તો થઈ ગઇ હોય તો અરજી કરનારને મંડળીમાં સભાસદ તરીકે દાખલ કરી શકાય નહિ. વળી કમિટીએ અરજી કરનાર કેવો માણસ છે તેના ઉપર પણ ખાસ ધ્યાન આપવું જોઇએ. સહકારી મંડળોમાં થોડા સભાસદો હોય તો કાંઈ અડચણ નહિ, પરંતુ જેટલા હોય તેટલા ઉદ્યોગી, પ્રમાણિક વ્યવહારમાં સરળ, કરકસરથી જોઈતું જોઈતુંજ ખર્ચ કરનાર, અને એક બીજા સાથે હળીમળીને ચાલનાર હોવા જોઇએ. અરજી કરનાર પાસે મિલ્કત નહોય તો બહુ વાંધો નહિ, પરંતુ તેની વર્તણુક તો સારી હોવીજ જોઇએ. જો અરજી કરનારની વર્તણુક વિષે કમિટીને શંકા હોય તો તેણે તેને દાખલ કરવો નહિ. કેટલાંક ગામોમાં એવું બન્યું છે કે સહકારી મંડળીઓમાં દાખલ થઈ લાભ મેળવવા માટે ખરાબ-દારુ વગેરેની કુટેવોવાળા માણસો સુધર્યા છે. જો બધી રીતે અરજી કરનાર લાયક લાગે તો તેને સભાસદ તરીકે દાખલ કરી શકાય. પરંતુ જો કમિટીમાં મતભેદ હોય અને તેને દાખલ કરવાની વિરૂદ્ધ બે મત પડે તો તેને સભાસદ તરીકે દાખલ કરી શકાય નહિ. અરજી કરનારને સભાસદ તરીકે દાખલ કરવો એવું નક્કી થયા પછી તુરતજ તેની પાસેથી પેટાકાયદાની કલમ ૬માં ઠરાવેલી ફી લેવી જોઇએ. એ ફી ભરાયા પછી અરજી કરનાર માણસ મંડળીનો સભાસદ થાય છે. આ બાબત ધ્યાનમાં રાખવા જેવીછે. કોઇ કોઇ મંડળીમાં એવું બની જાય છે કે એકાદ માણસને સભાસદ તરીકે દાખલ કર્યા પછી પણ ઘણા દિવસ સુધી પ્રવેશ ફી લેવામાં આવતી નથી. અને કોઇવાર તો વળી પ્રવેશ ફી લીધા વિનાજ આવા માણસને કર્જ પણ ધીરવામાં આવે છે. આમ ન થવું જોઇએ. સભાસદ તરીકેનાં જવાબદારી અને હકો પ્રવેશ ફી ભરાયા પછીજ શરૂ થાય છે.

મંડળીમાં સારા માણસોને સભાસદો તરીકે દાખલ કર્યા એટલે મંડળીના કામ ની શરૂઆત થઈ એમ તો કહેવાય, પરંતુ મંડળીનું ખરૂં કામ તો તે પછી શરૂ થાય છે. પેટા કાયદાની કલમ ૨ પ્રમાણેજ મંડળીનો હેતુ ભંડોળ ઉભું કરી વ્યાજબી નફો મળે તેવી રીતે હલકામાં હલકા

થાપણો તરીકે અથવા કર્જ તરીકે નાણાં મેળવવાં.

વ્યાજના દરે પોતાના સભાસદોને નાણાં ધીરવાનો છે. પેટાકાયદાની કલમ ૩માં જણાવવામાં આવ્યું છે કે તે ભંડોળ પ્રવેશ ફીથી, બક્ષીસોથી, થાપણો લઈને, કે બીજી સહકારી શરાફી મંડળીઓ પાસેથી કર્જ મેળવીને ઉભું કરી શકાય. પ્રવેશ ફી તો સભાસદો દાખલ થાય ત્યારેજ આવે, અને બક્ષીસોથી મંડળીઓને જોઈતાં નાણાં મળે એવો સંભવ બહુ ઓછો હોય છે. તેથી મંડળીનો હેતુ બર લાવવા માટે કમિટીએ થાપણો અને કર્જ મેળવીનેજ ભંડોળ એકઠું કરવાનું હોય છે. બીજી પ્રાથમિક અને મધ્યસ્થ શરાફી મંડળીઓ પાસેથી કર્જ મળી શકે તેમ હોય તો પણ દરેક મંડળીએ સભાસદો પાસેથી અથવા બિન સભાસદો પાસેથી સ્થાનિક થાપણો મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. અનિયમિત જવાબદારીવાળી મંડળીમાં મૂકવામાં આવેલી થાપણને બિલકુલ જોખમ હોતું નથી. તેથી તેવી મંડળીઓના કાર્યવાહકો વિશ્વાસપાત્ર, ઉત્સાહી, અને ગામમાં અને આસપાસ જાણીતા હોય તો સ્થાનિક થાપણો સહેલાઈથી મળી શકે. બેંકોમાં પૈસા મૂકી શકાય એવી ખબરજ ન હોવાથી અથવા એવી દૂરની સંસ્થાઓ ઉપર વિશ્વાસ ન હોવાથી અથવા એવી સંસ્થાઓ સાથેના વ્યવહારમાં ઘણી ભાંજગડો ઉભી થતી હોવાથી કેટલાંક નાણાં તો ગામડામાં અને નાનાં શહેરોમાં નિરૂપયોગી રોકડાંજ પડયાં રહે છે. થાપણદારોની સગવડ સાચવવામાં આવે તો આમાંના ઘણાં નાણાં સહકારી મંડળીઓમાં થાપણો તરીકે મેળવી શકાય. બીજાં કેટલાંક માણસો દૂરની સંસ્થાઓમાં અથવા કોઈ શેઠને ત્યાં વ્યાજે અથવા બિન વ્યાજે જે નાણાં

મૂકતાં હોય તે પણ સહકારી મંડળીઓમાંજ આવે. એવી રીતે વિધવાઓનાં, સગીરનાં, ધાર્મિક કે સાર્વજનિક સંસ્થાઓનાં, પલ્લાંનાં વગેરે નાણાં સહકારી મંડળીઓને મળે. પહેલાં તો દરેક મંડળીએ પોતાના જે સભાસદો થાપણ મૂકી શકે તેવા હોય તેમની પાસેથી થાપણો મેળવવાનો અને તે પછી બિનસભાસદો પાસેથી થાપણો મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. કમિટીના પ્રયત્નના પરિણામે કે સહજ થાપણો મૂકવા માટે માણસો આવવા માંડે ત્યારે તેઓ જે નાણાં મંડળીમાં મૂકવા ખુશી હોય તે બધાં નાણાં મંડળીએ થાપણ તરીકે સ્વીકારવાંજ જોઇએ એવું કાંઈ નથી. સભાસદો પાસેથી બાંધેલી મુદતનાં નાણાં થાપણ તરીકે બેંકને જે દરે થાપણો મળતી હોય તે દરે મંડળીને મળે તો તે બધાં નાણાં મંડળીએ સ્વીકારવાં, અને પોતાને જરૂર ન હોય તો તે પોતાની થાપણ તરીકે સહકારી મધ્યસ્થ શરાફી મંડળી (બેંક)માં મૂકવાં. બિનસભાસદોનાં નાણાં લેતી વખતે મંડળીની નાણાં સંબંધેની જરૂરીયાતનો ખાસ વિચાર કરવો જોઇએ. જો મંડળીને નાણાંની જરૂર હોય તો થાપણો સ્વીકારવીજ જોઇએ. પરંતુ થાપણદારો તે થાપણો કઈ શરતે મૂકવા માગે છે તે જાણ્યા પછીજ તે સ્વીકારવી કે નહિ તે નિર્ણય કમિટી કરી શકે. થાપણો સાધારણ રીતે બાંધેલી મુદતની હોવી જોઇએ. અને તેની મુદત એવી રીતે ઠરાવવી જોઇએ કે મંડળીમાં કર્જ વસુલાત થવાની તારીખ હોય તેના પછી દસ પંદર દિવસે તે થાપણો પાકે. કારણ કે જો તે પહેલાં તે થાપણો પાકે તેમ હોય અને થાપણદાર પોતાનાં નાણાં પાછાં માગે તો મંડળીએ નાણાં કર્જે ધીરી દીધેલાં હોવાથી થાપણદારનાં નાણાં તે પાછાં આપી શકે નહિ. વળી એક બે વર્ષની મુદતની પણ કેટલીક થાપણો રાખી હોય તો સારૂં, કે જેથી દુકાળ જેવું કોઈ વર્ષ આવે અને નાણાં સભાસદો પાસેથી પૂરાં વસુલ ન થાય તો પણ બહુ વાંધો ન આવે. કાનૂનોની કલમ ૧૨માં ખેડુતોની અનિયમિત જવાબદારીવાળી શરાફી મંડળીને બે

મહિનાથી ઓછી મુદતની થાપણો સ્વીકારવાની મના કરવામાં આવી છે. તેથી એવી મંડળીઓથી ચાલુ થાપણો સ્વીકારી ન શકાય એ લક્ષમાં રાખવું જોઇએ. પરંતુ તે કલમ પ્રમાણે બચતની થાપણોના નિયમો સ્વીકારીને તે પ્રમાણે મંડળીઓ થાપણો સ્વીકારે તો હરકત નહિ. મુદત સંબંધે કમિટીનું મન માને તે પછી બીજો સવાલ વ્યાજનો હોય છે. સાધારણ રીતે એક વર્ષની બાંધેલી મુદતની થાપણનો દર છ અથવા સવા છ ટકા જોઇએ. ત્રણેક વર્ષની મુદતની થાપણ હોય તો તે ઉપર સાતેક ટકા હોય તો ચાલે. પરંતુ હાલ નાણાં બજારમાં વ્યાજના દર વધેલા હોવાથી મંડળીઓમાંની થાપણો ઉપરના વ્યાજના દર પણ ઘણે ઠેકાણે વધારી આપવા પડયા છે. મે. રજિસ્ટ્રાર સાહેબના સર્ક્યુલર પ્રમાણે એક વર્ષની મુદતની થાપણ ઉપર વધારેમાં વધારે દર બેંક જે દરે મંડળીઓને ધીરતી હોય તેનાથી અર્ધો ટકો ઓછો હોવો જોઇએ. એટલે કે જે મંડળીમાં થાપણ લેવાની હોય તે મંડળીને ધીરનારી બેંક જો સાડા સાત ટકે મંડળીઓને નાણાં ધીરતી હોય તો તે મંડળીથી એક વર્ષની થાપણ ઉપર સાત ટકાથી વધારે વ્યાજ આપી શકાય નહિ. થાપણ સંબંધેની મુખ્ય શર્તો—મુદત અને વ્યાજ—નક્કી થયા પછી થાપણ સ્વીકારવામાં હરકત નહિ. પરંતુ જે પહોંચ અથવા પાસ બુક થાપણદારને આપવામાં આવે તેમાં તે બન્ને શર્તો સ્પષ્ટ રીતે લખેલી હોવી જોઇએ. મંડળીના થાપણખાતામાં અને વ્યવસ્થાપક કમિટીના કામની નોંધપોથી (મિનિટ બુક)માં પણ થાપણની રકમ, મુદત અને વ્યાજનો દર આવવાં જોઇએ. થાપણો જોઇએ તેટલી અને જોઇએ ત્યારે મળે તો તો પછી મંડળીને બેંક પાસેથી કર્જ કાઢવાની બહુ જરૂર ન રહે. પરંતુ એવી રીતે ભાગ્યેજ કોઈ મંડળીને થાપણો મળતી હોય તો ! સાધારણ રીતે મંડળીને કોઇવાર જરૂર કરતાં વધારે થાપણો મળે છે, તો કોઇવાર ઓછી મળે છે. અને તેથી સાધારણ રીતે દરેક મંડળીને બેંક સાથે વ્યવહાર રાખવાની જરૂર હોય છે. તેથી થાપણો વધારે હોય તો તે બેંકમાં મૂકી શકાય છે, જો થાપણો ઓછી

હોય તો બેંકમાંથી કર્જે નાણું લઈ શકાય છે. બેંકમાંથી નાણું મંગાવતી વખતે સભાસદોની સામાન્ય પરમાવધિ શાખ અને અંદાજનાં પત્રકો બહુ કામ લાગે છે. બેંકને કરવાની કર્જ અરજી હંમેશાં જરા વહેલી કરવી જોઇએ. જેથી નાણું મળતાં વાર લાગે તો પણ સભાસદોના કામમાં વાંધો ન આવે. છેક છેલ્લી ઘડીએ જ્યારે સભાસદોને તુરતજ નાણાંની જરૂર હોય તેવે વખતેજ અરજી તૈયાર કરવાથી જો નાણું વખતસર ન મળે તો કાંતો સભાસદોને બહારથી કર્જ કાઢવું પડે છે, અથવા જો તેમ તેઓ ન કરે અથવા ન કરી શકે તો તેમનો ધંધો–ખેતી બગડે છે.

શરાફી મંડળીમાં ભંડોળ એકઠું થાય ત્યારે સાધારણ રીતે તે સભાસદોમાં ધીરી નાખવાનુંજ હોય છે.

કર્જ માગણીની અરજીઓનો નિકાલ કરવો. જે શખ્સને કર્જ જોઇતું હોય તેણે નાણાંની રકમ, જે કામ અને જેટલી મુદત માટે નાણાં જોઇતાં હોય તે, અને જે તારણ તે આપવા માગતો હોય તે લખીને એક અરજી કરવી જોઇએ. જો કર્જદાર લેખી અરજી આપવા અશકત હોય તો જરૂરની વિગત સેક્રેટરીએ સાધારણ રીતે વપરાતા કર્જ અરજીના ફારમમાં ભરવી. કર્જ અરજીનો નિકાલ કરતી વખતે કર્જ આપવાની ના પાડવાનો અથવા પોતાને યોગ્ય લાગે તેટલી રકમ અને તેવી શર્તે કર્જ મંજૂર કરવાનો કમિટીને અધિકાર છે. કર્જ ધીરતી વખતે કમિટીએ અનેક બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. કર્જ અરજીઓ આવે કે તુરત પહેલાં તો કમિટીએ ખાત્રી કરી લેવી જોઇએ કે બધા અરજી કરનાર સભાસદો છે કે નહિ. કારણ કે ફક્ત સભાસદોને કર્જ ધીરવાનો કમિટીને અધિકાર હોય છે (સહકારી કાયદાની કલમ ૨૯). તેથી સભાસદોની કર્જ માંગણીનોજ કમિટી વિચાર કરી શકે. અરજી કરનાર સભાસદ હોય તો પછી તેણે કેટલી રકમની માગણી કરી છે તે કમિટીએ જોવું જોઇએ. તે રકમ પેટાકાયદાની કલમ ૩૩માં

સભાસદને ધીરવાની પરમાવધિ રકમ કરતાં વધારે ન હોવી જોઇએ. એટલુંજ નહિ પરંતુ અરજી કરનારે જો પહેલાં કાંઈ કર્જ મંડળી પાસેથી લીધું હોય, અને પાછું ભરી ન દીધું હોય તો તે અને માગવામાં આવેલી રકમ બન્ને થઇને પણ પેટાકાયદાની કલમ ૩૩ માંની રકમ કરતાં વધારે ન હોવી જોઇએ. પરંતુ રકમ માટે કમિટીએ આટલીજ તપાસ કરવાની નથી હોતી. માંગવામા આવેલી રકમ બીજી રીતે બરોબર છે કે નહિ તે પણ તેણે જોવું જોઇએ. અને તે જોવા માટે સભાસદ કયા કારણ માટે કર્જ માગે છે તે જોવું જોઇએ. કારણ યોગ્ય હોય તોજ કર્જ આપવું ઉચિત ગણાય. પરંતુ કારણ યોગ્ય હોય છતાં રકમ યોગ્ય ન પણ હોય. એટલે રકમ અને કારણ જૂદાં જૂદાં તપાસ્યા પછી તે બન્નેના સાથે વિચાર કરવો જોઇએ. કેટલીકવાર કારણ ખરૂં હોય, પરંતુ માગવામાં આવેલી રકમ વધારે પડતી હોય. તેજ પ્રમાણે કેટલીવાર રકમ જોઇએ તેના કરતાં ઓછી પણ હોય. આવે વખતે કમિટીએ રકમ વધારે અથવા ઓછી શા માટે છે તેનું કારણ પૂછવું જોઇએ. અને તેનો જો સંતોષકારક જવાબ મળે તો રકમમાં ફેરફાર ન કરવો જોઇએ. જો જવાબ સંતોષકારક ન હોય તો કમિટીને યોગ્ય લાગે તે પ્રમાણે રકમ વધારવી અથવા ઘટાડવી જોઇએ. તેમાં પણ જ્યારે અનુત્પાદક કામ—જેવાં કે લગ્ન, શ્રાદ્ધ વગેરે માટે સભાસદ કર્જ માગતો હોય ત્યારે તેને તેની સ્થિતિના પ્રમાણમાંજ ખચ કરવા સમજાવવો જોઇએ. ઘણા માણસો પોતાની સ્થિતિના પ્રમાણમાં આવી બાબતોમાં હદ ઉપરાંત ખર્ચ કરી નાખે છે, અને પાછળથી દુઃખી થાય છે. આવા કામોમાં જેટલું ઓછું ખર્ચ કરવાનું સભાસદને કમિટી સમજાવી શકે તેટલે અંશે તેણે સભાસદને બચત કરાવી કહેવાય. તેજ પ્રમાણે ઉત્પાદક કાર્ય માટે સભાસદ અયોગ્ય કરકસર ન કરે તે પણ કમિટીએ જોવું જોઈ એ. સભાસદની ખેતી જો ત્રણસો રૂપિયાના બે બળદ લેવાથી પ્રમાણમાં બહુ સારી થાય એમ કમિટીને લાગે, છતાં

સભાસદ ફક્ત રૂપિયા બસેં કર્જે લઈ સાધારણ બળદ લેવા ધારતો હોય તો વધારે કર્જ લેવામાં કમિટીએ સભાસદને તેનો ફાયદો સમજાવવો જોઇએ. સભાસદને આપવા યોગ્ય કર્જની રકમ નક્કી કર્યા પછી તેની મુદત વિષે વિચાર કરવો જોઇએ. જેમ રકમ નક્કી કરવા માટે કર્જનું કારણ તપાસવાની જરૂર પડી હતી તેજ પ્રમાણે મુદત ઠરાવવા માટે પણ કારણજ તપાસવું પડે છે. મંડળીની ધીરધારનો મૂળ સિદ્ધાંત એ હોવો જોઇએ કે જે કામ માટે કર્જ લેવામાં આવ્યું હોય તે કામમાંથી કર્જ લેનારને જે પેદાશ થાય તે પેદાશમાંથી મંડળીનું કર્જ ભરાવું જોઇએ. કારણ કે કર્જ ભરી દેવાનો સૌથી અનુકૂળ વખત તેજ ગણાય. કર્જ ધીરવાની વધારેમાં વધારે મુદત નીચે મુજબ ઠરાવવામાં આવી છે (પેટા કાયદાની કલમ ૩૨):—

કર્જનો પ્રકાર.	વધારેમાં વધારે મુદત.
(૧) બી, ખાતર, નિંદામણ, અને ખેતી વાડીના અથવા ઘરકામના ચાલુ ખર્ચ માટે.	૧ વર્ષ
(૨) બળદ, ગાડાં, લોખંડનાં એજારો વગેરે માટે	૨ ,,
(૩) લગ્ન, કારજ (દહાડો) વગેરે ક્રિયા પ્રસંગે કરવાના ખર્ચ માટે.	૩ ,,
(૪) જૂનાં કર્જ ફેડવા માટે અને જમીન સુધારણાનાં મોટાં કામ માટે.	૫ વપ

ઉપર જણાવવામાં આવેલા સિદ્ધાંતોને અનુસરીનેજ જૂદાં જૂદાં કામ માટેનાં કર્જો માટે જૂદી જૂદી મુદતો રાખવામાં આવી છે એમ લાગ્યા વિના રહેશે નહિ. જ્યારે કર્જ શેરડી કે એવા કોઇ બીજા પાક કે જેને તૈયાર થતાં એક વર્ષથી વધારે મુદત લાગતી હોય તેને માટે ધીરવાનું હોય ત્યારે પાકમાંથી કર્જ ભરી શકાય તેટલી લાંબી મુદત કમિટી ઠરાવી શકે. બળદ, ગાડાં વગેરેની ખેડુતને દરેક વર્ષે જરૂર પડતી નથી. સાધારણ રીતે તે બે વર્ષ તો ઉપયોગમાં આવેજ. તેથી

તે માટેની મુદત બે વર્ષની રાખવામાં આવી છે. તેજ પ્રમાણે લગ્ન કે કારજ (દહાડો) કર્જ લેનારને દરેક વર્ષે કરવાનું હોતું નથી તેથી અને તેવા કામમાં વાપરવામાં આવેલા પૈસાથી ખેડુતનાં ઘરમાં કાંઇ પેદાશ ન આવતી હોવાથી તેવાં કર્જ ત્રણ વર્ષની મુદતે ધીરી શકાય તેવું ઠરાવ્યું છે. વળી ઘણાં વર્ષનું જૂનું કર્જ પતાવી દેવાનું હોય, અથવા તો એક સારો કુવો ખોદાવવો હોય તો તેમાં ઘણીવાર મોટી રકમની જરૂર પડે, અને તેનાથી સભાસદને ફાયદો થાય. પરંતુ તે ફાયદો એકદમ થતો નથી. તેથી તેની મુદત પાંચ વર્ષની રાખવામાં આવી છે. એટલું યાદ રાખવું જરૂરનું છે કે જૂદાં જૂદાં કામો માટે ઠરાવવામાં આવેલી મુદતો વધારેમાં વધારે છે. તેથી ઓછી મુદતમાં પણ ઘણા સભાસદો પોતે લીધેલું કર્જ ખાસ અગવડ વિના ભરી શકે તેમ હોય તો મુદત ઓછી ઠરાવવી જોઇએ. વળી મુદત ઠરાવતી વખતે મંડળી પાસે થાપણો કેટલી મુદતની છે તેનો પણ વિચાર થવો જોઇએ. કર્જના કારણ, રકમ અને મુદત વિષે વિચાર થયો એટલે બધું પતી ગયું એમ માનવું નહિ. મંડળી જે કર્જ સભાસદને ધીરે તેની સહીસલામતી માટે કમિટીએ ખાત્રી કરવી જોઇએ. તેથી પહેલાં તો કમિટીએ કર્જની માગણી કરનારની પોતાની સ્થિતિનો વિચાર કરવો. કર્જ માગનાર પાસે જમીન કે બીજી કોઈ મિલ્કત હોવીજ જોઈએ એવો કોઇ નિયમ સહકારી મંડળીઓમાં હોતો નથી. એટલે મિલ્કત વિનાના સભાસદને પણ કર્જ ધીરી તો શકાય. છતાં કર્જ સહીસલામત તો હોવુંજ જોઇએ. તેથી કર્જ માગનારની વર્તણુક ઉપર ધ્યાન દેવાવું જોઇએ. તે ઉદ્યોગી હોય, અને દારૂ, જુગાર વગેરે દુર્ગુણોથી મુક્ત હોય તો તેને કર્જ આપ્યું હોય તો પાછું આવવાનો સંભવ વધારે. તે પછી સભાસદ પાસેથી કર્જ માટે જામીન લેવા કે સ્થાવર મિલ્કત ગીરો લેવી તે નક્કી કરવાનું હોય છે. સહકારી મંડળીઓમાં મિલ્કત કરતાં માણસની કિંમત વધારે આંકવામાં આવે છે. તેથી જો બે સારા—સારી વર્તણુકવાળા અને થોડી ઘણી મિલ્કતવાળા—જામીનો મળે તો સાધારણ રીતે બે

જામીનજ લેવા. કર્જની રકમ નાની હોય કે મોટી હોય પરંતુ જામીનતો ઓછામાં ઓછા બે લેવાજ જોઈએ એવું પેટા કાયદામાં ઠરાવવામાં આવ્યું છે (કલમ ૩૧). સ્થાવર મિલ્કત જો ગીરો રાખવાની હોય તો તે મિલ્કત બાજે કોઇ ઠેકાણે ગીરો મૂકાઇ ગઈ નથી તે સંબંધે કમિટીએ ખાત્રી કરવી જોઇએ. તે સંબંધે માહિતી રજિસ્ટ્રેશન ખાતાની ઑફિમાંથી મળી શકશે. વળી ગીરો મૂકવામાં આવતી મિલ્કતની કિંમત સાધારણ રીતે, આપવામાં આવતા કર્જથી ત્રણ ગણી હોવી જોઇએ. અહીં એટલું ધ્યાનમાં રાખવું કે સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૯ પ્રમાણે અનિયમિત જવાબદારીવાળી મંડળી મે. રજિસ્ટ્રાર સાહેબની પરવાનગી સિવાય જંગમ મિલ્કતના તારણ ઉપર કર્જ ધીરી શકે નહિ. તેથી એવી મંડળીઓને જામીનો અથવા તો સ્થાવર મિલ્કતના તારણ ઉપરજ કર્જ ધીરવાનું હોય છે. સર્વ બાબતનો વિચાર કરતાં કર્જ આપવાનું ઠરે તો તે કર્જ કમિટીની રૂબરૂ કર્જની માગણી કરનાર સભાસદને આપવું જોઈએ. તે કર્જ લેનાર પાસેથી કર્જખત–કબુલતખત કરાવી લેવું જોઇએ. તે માટે છાપેલાં ફૉરમો આવે છે, જેમાં જૂદી જૂદી બધી બાબતો કાળજીપૂર્વક લખાવી જોઇએ અને તેના ઉપર કર્જ લેનાર અને તેના બે જામીનો અને સાક્ષીઓની સહીઓ જોઈએ, અથવા અંગુઠાનાં નિશાન જોઈએ. કર્જદારની સહી સામે સહીઓ કરનાર સાક્ષીઓએ કર્જદારને પૈસા અપાતા જોયા હોવા જોઇએ, અને જામીનોની સહીઓ સામે સહીઓ કરનાર સાક્ષીઓએ તે જામીનોને સહીઓ કરતાં જોયા હોવા જોઈએ. ખતમાં કોઇ ઠેકાણે બિલકુલ છેકછાક ન જોઈએ. ગીરોખત કરાવવાનું હોય તો તે જલદી રજિસ્ટર કરાવી લેવું જોઈએ. કમિટીના કોઈ સભાસદને કર્જ જોઈતું હોય તો તે સંબંધે તે સભાસદ કમિટીમાં પોતાનો મત ન આપી શકે. તે કર્જ તો કમિટીના બીજા સભાસદોથીજ મંજૂર થાય. અમુક કામ માટે ધીરેલા કર્જનો ગેરઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે કર્જની રકમ એકદમ વસુલ કરી લેવાની કમિટીને સત્તા છે. જે તારીખે કર્જ

ભરી દેવામાં આવે તે તારીખ સુધીનું વ્યાજ વસુલ લેવું જોઈએ. કર્જનો ખરેખર ગેરઉપયોગ થયો હતો કે નહિ તે માટે કમિટીનો અભિપ્રાય છેવટનો છે (પેટા કાયદો ૪૦). જો કર્જ પાછું ભરાયા પહેલાં જામીન મરણ પામે અથવા કમિટીના અભિપ્રાય પ્રમાણે નાલાયક થઈ જાય, તો કમિટી કર્જદારને પંદર દિવસની અંદર બીજો યોગ્ય જામીન લાવી આપવાની ફરજ પાડી શકે. જો બીજો જામ ન લાવી આપવાનું કમિટી એ કહ્યા છતાં કર્જદાર તેમ ન કરે તો કર્જદારને કર્જ એકદમ પાછું ભરી દેવું પડશે. નાણાં જે તારીખે ભરવામાં આવે તે તારીખ સુધીનું વ્યાજ ભરવું પડશે, (પેટાકાયદો ૪૧).

જુનું કર્જ પતાવવા સંબંધે.

ઘણી જૂની અથવા નવી મંડળીઓ પોતાના સભાસદોનું જૂનું કર્જ પતાવી દેવા બહુ આતુર હોય છે. તેમાં એટલે જ વિચાર કરવામાં આવે છે કે શાહુકારને–લેણદારને જે વ્યાજ સભાસદ ભરે છે તેના કરતાં ઘણું ઓછું વ્યાજ તેને મંડળી પાસેથી લીધેલા કર્જ ઉપર ભરવું પડશે. પરંતુ આટલોજ વિચાર કરવો બસ નથી. જૂનું કર્જ થવાનો વખતજ શા માટે આવ્યો, તે સભાસદની પોતાની વર્તણૂકથી થયું હતું કે તેના બાપદાદાએ તે કર્યું હતું, મંડળી પાસેથી માંગવામાં આવતા કર્જનો હપ્તો અને વ્યાજ દરેક વર્ષે સભાસદથી ભરી શકાશે કે કેમ વગેરે બાબતોનો ખાસ વિચાર થવો જોઈએ. કેટલીકવાર તો શાહુકારનું વ્યાજ વધારે હોતું નથી, અને કેટલીકવાર કર્જ પણ જૂનું હોતું નથી. ભારે કિંમતે જમીન ખરીદવાથી અથવા એવાં કોઇ બીજાં કારણોથી એકાદ બે વર્ષ પહેલાંજ કર્જ કરવામાં આવ્યું હોય છે. આવા કર્જને જૂનાં કર્જ ગણી શકાય નહિ એટલુંજ નહિ પરંતુ ગમે તેટલી ભારે કિંમતે જમીન વેચાતી લેવાના ખેડુતોના ન ઇચ્છવા યોગ્ય વલણને મંડળીએ ઉત્તેજન પણ ન આપવું જોઈએ. કર્જ ખરેખર જૂનું હોય અને વ્યાજનો દર પણ ભારે હોય છતાં સભાસદ પોતે એવો ઉડાઉ

હોય અથવા ગરીબ હોય કે જેથી તેને આવક કરતાં ખર્ચ વધારે હોય તો પછી તેનું કર્જ પતાવવામાં આવે તોપણ તે પોતાની આવકમાંથી મંડળીના કર્જના હપ્તા અને વ્યાજ ભરી શકવાનો નહિ. એટલે મંડળીને પૈસા ભરવા માટે તેને બહારથીજ કર્જ કાઢવું પડશે, અને જ્યારે મંડળીનું કર્જ ભરાઈ ગયું હશે ત્યારે તેજ સભાસદને પહેલાં શાહુકારનું કર્જ હતું તેટલુંજ અથવા તેથી વધારે કર્જ શાહુકારનું કે બીજા કોઇનું ઉભું થયું હશે. એટલે મંડળીનો પોતાના સભાસદની આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન નિષ્ફળ ગયોજ ગણાશે. બધી બાજુનો વિચાર કરતાં અરજી કરનાર સભાસદનું જૂનું કર્જ પતાવી દેવું એવા નિર્ણય ઉપર કમિટી આવે તો મે. રજિસ્ટ્રાર સાહેબની પરવાનગી સિવાય પેટાકાયદાની કલમ ૩૭ પ્રમાણે કમિટી સભાસદને વધારેમાં વધારે રૂપિયા સાડા સાતસો સુધી ધીરી શકે. પરંતુ તે રૂપિયા અમુક શર્તોથીજ ધીરી શકાય. ધીરવામાં આવેલાં નાણાં વાર્ષિક હપ્તાથી પાછાં ભરવાં જોઈએ અને બધાં નાણાં ભરપાઈ થવા માટેની મુદત દસ વર્ષ કરતા લાંબી ન હોવી જોઇએ. આવા કર્જ ઉપર વ્યાજનો દર વર્ષે દર સેંકડે આઠ ટકાથી ઓછો ન હોવો જોઇએ. વ્યાજ સહીત કર્જની રકમના તારણ તરીકે કમિટીના અભિપ્રાય પ્રમાણે કર્જની રકમની ઓછામાં ઓછી ત્રણ ગણી કિંમત જેટલી કિંમતની સ્થાવર મિલ્કત સભાસદે મંડળીને કબજાગીરો આપવી જોઇએ. કર્જની પતાવટથી કર્જદારને પાછા મળેલા દસ્તાવેજો અને શાહુકારની પહોંચો મંડળીએ પોતાનાં દફતરે રાખવાં જોઇએ. મંડળીએ કબજાગીરો લીધેલી મિલ્કત ગીરોની મુદત દરમ્યાન કર્જદારને એવી શર્તે ગણોતે આપવી કે જમીન મહેસુલ અને લોકલ ફંડનો વેરો તેણે ભરવો અને જેટલો વાર્ષિક હપ્તો મંડળીનો લેણો થાય તેટલું દરેક વર્ષે ગણોત આપવું. જો કર્જદાર કોઈ વર્ષમાં ઠરાવેલી રકમ ભરવામાં કસુર કરે તો કમિટી તેની પાસેથી કબજો છોડાવી, ગીરોની બાકી મુદત માટે પોતાને યોગ્ય લાગે તેવા શર્તે બીજાને ફરીથી ગણોતે આપી શકે. પેટાકાયદાની કલમ ૩૭ પ્રમાણે આપવામાં આવેલા કર્જ માટે ઉપરની શર્તો પાળી હોય તો કલમ ૩૨ માં

જૂદાં જૂદાં કામો માટે ઠરાવેલી મુદ્દતો, કે કલમ ૩૩માં ઠરાવવામાં આવેલી એક સભાસદને આપવાના કર્જની પરમાવધિ, કે કલમ ૩૬માં ઠરાવવામાં આવેલો વ્યાજનો દર કમિટીને બંધન કર્તા નથી. કર્જ પતાવવાના નિર્ણય ઉપર કમિટી આવે તો ધીરવાની રકમ નક્કી કર્યા પહેલાં જે શાહુકારને તે ચૂકવવા હોય તેને કમિટી આગળ બોલાવવો જોઇએ. અને તેના લેણાની રકમમાંથી અમૂક રકમ માંડી વાળવા તેને સમજાવવું જોઈએ. કર્જ મંજૂર થયા પછી પણ બનતાં સુધી કમિટીએ પરભાર્યાજ શાહુકારોને કર્જ લેનાર સભાસદના વતી પૈસા ચૂકવી દેવા જોઈએ. નવી મંડળીઓએ પહેલાં બે વર્ષ સુધીતો જૂનું કર્જ પતાવવાનો પ્રયત્નજ ન કરવો; માત્ર ચાલુ ખેતી કામ વગેરે કારણો માટે પૈસા ધીરવા. બે ત્રણ વર્ષના કામથી કાર્યવાહકોને અનુભવ મળે, અને સભાસદો પોતાના ભલા માટે થોડો પણ પ્રયાસ કરતાં શીખે ત્યારપછી જૂનું કર્જ પતાવવાનું કામ હાથમાં લઇ શકાય. મંડળી સારી ચાલતી હોય, અને પહેલા વર્ગની હોય તો મે. રજિસ્ટ્રાર સાહેબના સર્ક્યુલર પ્રમાણે આખી મંડળીના સભાસદોના જૂના દેવાનું પત્રક તૈયાર કરીને થોડા સારા માણસોનું કર્જ પતવવાની શરૂઆત કરી, ધીમે ધીમે મંડળીના બધા સભાસદોને કર્જમુક્ત કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

પ્રકરણ ૭ મું.

મંડળીનો વહીવટ (વ્યવસ્થાપક કમિટી વગેરે).

કર્જની વસુલાત. કર્જ ધીર્યા પછી તે વખતસર વસુલ કરવાનું રહ્યું. જો પૂરે પૂરો વિચાર કરીને કર્જ ધીરવામાં આવ્યું હોય તો તે વસુલ થવામાં ઘણા ભાગે અડચણ આવતી નથી. હપ્તો પાકતો હોય તે પહેલાં પંદરેક દિવસે સભાસદને સેક્રેટરી તરફથી તે વિષે ખબર આપવામાં આવે તો કેટલીકવાર સભાસદને અને મંડળીને તે સગવડ ભર્યું થઇ પડે છે. પોતે લીધેલા કર્જનો હપ્તો ક્યારે પાકે છે તે કર્જ લેનારે જાણવું જોઇએ એ વાત ખરી છે, છતાં ગામડાના કેટલાક ખેડુતો એટલા અજ્ઞાન અથવા કોઇવાર બેદરકાર હોય છે કે તેમને હપ્તા ભરવાની તારીખો ધ્યાનમાં રહેતી નથી, અને પોતાની પાસબુકમાંથી પોતે વાંચીને અથવા બીજા પાસે વંચાવીને પણ તે તારીખો જાણવાનો તેઓ પ્રયત્ન કરતા નથી. તેથી કેટલીક વાર હપ્તાની તારીખે કર્જદાર પાસે પૈસા હોતા નથી. તેથી તે ભરી શકતો નથી, અને કમિટીને તે દિવસે નાહકની તકલીફ લેવી પડે છે. આગળથી ખબર આપી રાખ્યા હોય તો સભાસદ નાણાંની જોગવાઇમાં રહે, અને હપ્તાને દિવસે કમિટીને નકામી મહેનત ન પડે. કર્જ ભરવા આવે ત્યારે ધીરેલી રકમ ઉપરના વ્યાજ સહીત તે તારીખનો હપ્તો વસુલ કરવો જોઇએ. કર્જ લીધાની તારીખથી કર્જ ભરવાની તારીખ સુધી જેટલા આખા મહિના થયા હોય તે માટેના વ્યાજ સંબંધે તો કાંઇ ભાંજગડ ઉભી થાય નહિ, પરંતુ મહિનો પૂરો નહોય તો ત્યારે શું કરવું એ સવાલ તો ઉભો થાયજ. મહિના ઉપર જેટલા દિવસ થયા હોય તેટલુંજ વ્યાજ ગણવામાં આવે તો વ્યાજ ગણવામાં મહેનત પડે

એટલુંજ નહિ, પરંતુ ગણત્રીમાં ભૂલ થવાનો પણ સંભવ રહે. તેથી એમ ઠરાવવામાં આવ્યું છે કે જો સોળ દિવસથી ઓછી મુદત હોય તો અર્ધા મહિનાનું, અને સોળ અથવા તેથી વધારે દિવસની પણ એક મહિનાથી ઓછી મુદત માટે વ્યાજ ગણવાનું હોય તો એક મહિનાનું, વ્યાજ ગણવું. હપ્તા મુદતસર વ્યાજ સહીત વસુલ આવે ત્યારે તો સારૂં, પરંતુ જો ન વસુલ આવે તો કમિટી અને સેક્રેટરીએ તે માટે ખાસ મહેનત કરવાની જરૂર ઉભી થાય છે. એક દૃષ્ટિએ જોતાં કર્જ ધીરી દેવું તે સહેલું છે, પરંતુ તે વસુલ કરવાનું કામ જરા આકરૂં છે. ધીરતી વખતે થયેલી ભૂલને લીધે અથવા બીજા કોઇ કારણને લઇને જો કર્જ વસુલ ન આવે તો કમિટીએ તે વસુલ કરવાના જૂદી જૂદી રીતે પ્રયત્ન કરવા જોઇએ.

જો કર્જદાર મુદત માગે, અને હપ્તો ભરવાની અશકિતનાં અમુક કારણો બતાવે, અને કમિટીને તે કારણો યોગ્ય લાગે તો એક વર્ષ સુધીની મુદત કમિટી વધારી આપી શકે. જો એક વર્ષથી લાંબી મુદત વધારી આપવાની જરૂર હોય તો જે યુનિયન અથવા મધ્યસ્થ બેંક સાથે મંડળી જોડાયેલી હોય તે યુનિયન અથવા બેંકની પરવાનગી લઇને સાધારણ સભા તેવી મુદત વધારી આપી શકે છે. મુદત આપવાનું ઠરાવવા પહેલાં મંડળી પાસેની પાકેલી અથવા પાકતી થાપણો અથવા બેંકના હપ્તા મુદત આપવા છતાં ભરી શકાશે કે નહિ તેનો વિચાર કરવો જોઇએ. જો થાપણો અથવા કર્જ ભરી શકાય તેમ ન હોય તો થાપણદારો અથવા બેંકો પાસેથી પહેલાં મુદત વધારાવી લેવી જોઇએ. મુદત આપતી વખતે બનતાં સુધી કમિટીએ કર્જદાર પાસેથી ચડેલું વ્યાજતો વસુલ કરી લેવુંજ જોઇએ. મુદત વધારી આપ્યા પહેલાં એક બાબત સંબંધે કાળજી રાખવાની જરૂર છે. કર્જદારને જે મુદત વધારી આપવામાં આવે તે માટે તેના જામીનોની લેખી સમ્મતિ લેવી જોઇએ. જો કર્જદાર મુદત માટે અરજી કરે તો તે અરજી નીચેજ જામીનોની સહીઓ લાવવાનું કમિટીએ કર્જદારને

કહેવું. નહિ તો મુદત વધારી આપવામાં આવી છે તે અમને માન્ય છે એવો એક શેરો ખતની પાછળ કરીને તે નીચે જામીનોની સહીઓ લેવી. જો જામીનોની લેખી સમ્મતિ લેવામાં ન આવી હોય તો જામીનો જવાબદારીમાંથી છૂટી જાય છે. જ્યારે કર્જદાર મુદત માગવા માટે અરજીજ કરતો નથી, અથવા જ્યારે તેણે અરજી કરી હોય છતાં તે અરજી કમિટી માન્ય રાખતી નથી, ત્યારે મંડળીનું લેણું વસુલ કરવા માટે પગલાં લેવાની જરૂર ઉભી થાય છે. તે પગલાં લેવામાં કમિટીએ બિલકુલ ઢીલ કરવી જોઇએ નહિ. પહેલાંતો કર્જદારને કમિટીએ બોલાવવો, અને જો ન આવે તો કમિટીએ તેને ઘેર જવું. પરંતુ ગમેતેમ કરીને તેને રૂબરૂ મળવાનો પ્રયત્ન કરવો. માણસો એક બીજાને મળે છે ત્યારે જે આંખની શરમ રહે છે તે શરમનો બહુ ઉપયોગ કરી શકાય. વળી કમિટી કર્જદારને નાણાં ભરી દેવાને ભારથી કહી શકે એટલુંજ નહિ, પરંતુ તેમ કરવાથી તેને છેવટે વધારે ફાયદો છે એમ પણ સમજાવી શકે. ગામના ચાર પાંચ આગેવાનો કે જે મંડળીની કમિટીમાં હોય તે કર્જદાર પાસેથી મંડળીનું લેણું વસુલ કરવા જાય ત્યારે તેઓનું એટલું વજન પડે કે સાધારણ રીતે કર્જદાર કર્જ ભરવાની ના પાડીજ શકતો નથી. પણ રૂબરૂ મળવા છતાં અને ખુબ સમજાવવા છતાં કર્જદાર મંડળીનું લેણું ન ભરે તો પછી કમિટીએ જામીનોને મળવાની ગોઠવણ કરવી. જામીનોને તેમની જવાબદારી સમજાવવી અને ચોખ્ખી રીતે કહેવું કે જો કર્જદાર કર્જ ભરવામાં જાણી બૂજીને ઢીલ કરશે તો કમિટીને નિરુપાયે જામીનો પાસેથી મંડળીનું લેણું વસુલ કરવું પડશે. કર્જદારને સમજૂત આપીને તેની પાસે હપ્તો ભરાવી દેવાની ગોઠવણ કરવા માટે કમિટીએ જામીનોને અમુક મુદત આપવી, અને કહેવું કે તે મુદત દરમ્યાન કર્જદાર અથવા જામીનો નાણાં નહિ ચૂકવી આપે તો પછી બીજાં પગલાં લેવાં પડશે. આટલું કરવાથી ઘણીવાર પૈસા વસુલ થઈ જાય છે. પરંતુ તેમ ન બની શકે તો કર્જદારને અને યોગ્ય લાગે તો જામીનોને પણ કમિટીએ

જણાવી દેવું કે જો તેઓ પોતાની મેળે નાણાં ભરી દેવાની ગોઠવણ નહિ કરે તો કાયદેસર પગલાં લઈને તે વસુલ કરવામાં આવશે. પરંતુ પછી અમુક મહિના કે વર્ષની મુદત સુધી તેમને બીજું નવું કર્જ બિલકુલ આપવામાં નહિ આવે. આની પણ અસર ન થાય તો જે માણસો નાણાં ન ભરતા હોય તેનાં નામ મંડળીની ઓફિસમાં અને ચોરામાં બધા વાંચી શકે તેવી જગ્યે મૂકવાં. કેટલાક માણસો આવી રીતે આખા ગામમાં ફજેત થવા કરતાં ગમે તે રીતે નાણાં ભરવાનું પસંદ કરે છે, પણ એવી ફજેતીની પણ દરકાર ન કરે એવો જ કર્જદાર અને જામીનો નીકળે તો પછી તે માણસોને અમુક મુદત સુધી મંડળીની કમિટીમાં નહિ નીમી શકાય. અથવા તો કર્જ વસુલ કર્યા પછી તેમને મંડળીમાંથી બાતલ કરવાનો ઠરાવ સાધારણ સભા માટેની નોટીસમાં દાખલ કરી જાહેરમાં ચોડવો, અને સાધારણ સભા ભરાય ત્યાં સુધી નાણાં ભરપાઈ નજ કરવામાં આવે તો તે ઠરાવ સાધારણ સભા પાસે મૂકવો પણ ખરો. આ બધાં અને સંજોગો પ્રમાણે બીજાં પગલાં લેવા છતાં પણ જો નાણાં વસુલ આવે નહિ, તો પછી મે. રજિસ્ટ્રાર પાસેથી લવાદ નીમાવી લેવાની તજવીજ કરવી. આ તજવીજ કેવી રીતે કરવી તે વિષે વિગતવાર માહિતી સૂચના પત્રક "ડી"માં આપવામાં આવેલી છે. મે. રજિસ્ટ્રાર સાહેબ લવાદ નીમે અને જરૂરની તપાસ કરી તે લવાદ ફેંસલો આપે, તો તે ફેંસલો કમિટીને મળ્યા પછી તેણે દિવાની કોર્ટમાં લઈ જઈ તેની બજાવણી કરી લેવી જોઈએ. એવા ફેંસલા કમિટીએ દફતરે ઘાલી મૂકવા નહિ, પરંતુ બનતી તાકીદે બજાવી લેવા જોઈએ કે જેથી સભાસદો ઉપર ખરાબ અસર થવા પામે નહિ. લવાદના ફેંસલાને દિવાની કોર્ટ પોતાના હુકમનામા તરીકે બજાવવાને બંધાયેલી છે, અને તે ફેંસલામાં કોઈપણ જાતનો ફેરફાર કરવાની તેને સત્તા નથી. કર્જ વસુલાતની બાબતમાં એટલું પણ યાદ રાખવું જોઈએ કે સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ પ્રમાણે સભાસદ અથવા માજી સભાસદ પાસે મંડળીનું કાંઈ પણ લેણું પાકયું

હોય તો તે માટે તે સભાસદ અથવા માજી સભાસદના શેર અથવા ભંડોળમાંનો હિત સંબંધ, અથવા થાપણો કે ડિવિડન્ડ અથવા બોનસ અથવા નફો એ બધા ઉપર મંડળીનો બોજો રહેશે, અને મંડળી પોતાના લેણા પેટે એ રકમો મંડળીમાં જમે કરી શકે છે. પણ જો કર્જનો હપ્તો હજુ પાકયોજ ન હોય એટલે કે મંડળીના પૈસા હજુ લેણાજ ન થયા હોય તે દરમ્યાન જો સભાસદની થાપણો પાકી હોય તો તેના ઉપર તે વખતે બોજો ન ગણાય, લેણાં થયેલાં નાણાં ઉપરજ કાયદા પ્રમાણે બોજો હોય છે. ધીરેલું કર્જ અથવા તેના હપ્તા ઠરાવેલી તારીખે ભરવામાં આવે નહિ તો તમામ લેણી થયેલી રકમ ઉપર દર રુપિયે દર મહિને ત્રણ પાઇ લેખે દંડનું વ્યાજ લેવાનો કમિટીને અધિકાર છે. કેટલું કર્જ પાકેલું છે કોના કોના હપ્તા આવવાના છે, કોના કોના હપ્તા આવવા બાકી છે વગેરે બાબતો માટે સેક્રેટરી ઉપરજ બધો આધાર રાખવો નહિ. કમિટીના સભાસદોએ પોતે ધીરેલા નાણાંની નોંધ (રજિસ્ટર) લઇને તેમાં જોવું. તેનાં પાનાં ફેરવી જવાથી એક, બે કે ચાર મિનિટમાંજ હપ્તા વસુલ આવે છે કે નહિ, અને કોના કોના હપ્તા બાકી રહેલા છે તે ખબર પડે છે. કમિટીએ એક બાબતમાં ખાસ કાળજી રાખવાની છે. શાહુકાર સાથેનો વ્યવહારજ ફક્ત જાણતા હોવાથી કેટલીક વાર સભાસદો કમિટી પાસે આવીને એમ સૂચના કરે છે કે તેઓ તે વખતે કર્જ ભરી શકે તેમ તો નથી, પરંતુ મુદ્દલ અને વ્યાજ જો રોકડ મેળમાં તેમના નામે જમે કરી પાછાં તેજ નાણાં તેમને નામે ઉધારી દેવામાં આવે તો તેઓ નવા ખત ઉપર સહી કરવાને તૈયાર છે. અને કોઇ કોઇ મંડળીમાં આવો ખોટો પોલો જમા ખર્ચનો વ્યવહાર કરવામાં આવે છે. આવું કદી પણ ન થવું જોઈએ. તેવું થવા માંડે તો સભાસદોને બહુજ ખરાબ ટેવ પડે, અને અંતે મંડળી બગડીને બંધ થાય. જોઇએ ત્યારે પૈસા લઈ જવા અને પાછા તે નિયમિત રીતે ભરી દેવા, એવો ચોખ્ખો વ્યવહાર મંડળીએ સભાસદોને શીખવવાનો હોય છે. તે જો ફક્ત જમા ખર્ચનો વ્યવહાર શરૂ કરવામાં આવે તો શીખવી નજ શકાય.

રોકડ મેળ.

પૈસાની આવ જા જે કોઈ સંસ્થામાં થતી હોય તે સંસ્થાના હિસાબ ચોખ્ખા અને નિયમસર રાખવાનાં આવતા હોય તોજ તે સંસ્થાનો વહીવટ સારો હોઈ શકે. સહકારી શરાફી મંડળીમાં પણ હિસાબ બરોબર રખાવાજ જોઇએ. જે મંડળીમાં હિસાબ બરોબર રખાતા હોય તે મંડળી સારીજ હોવી જોઇએ એમ તો ન કહી શકાય કારણ કે સારી મંડળીમાં હિસાબ સિવાય બીજી ઘણી વસ્તુઓની જરૂર હોય છે પરંતુ એમ તો કહીજ શકાય કે જે મંડળીમાં હિસાબ બરોબર ન રાખવામાં આવતા હોય તે મંડળી સારી ન કહેવાય. કારણ કે સારી મંડળીનું એક લક્ષણ એ છે કે તેના હિસાબો બરોબર હોવા જોઈએ. રોકડ રકમની લેણદેણ માટેનો ચોપડો રોકડ મેળ તે હિસાબના ચોપડાઓનો રાજા છે એમ કહીએ તો ચાલી શકે. સાધારણ રીતે બીજા બધા ચોપડાઓ તેના ઉપરથીજ તૈયાર થાય છે. કાંતે પણ પૈસા મંડળીમાં આવ્યા અથવા કાંઇ પણ પૈસા ગયા તો તે તુરત રોકડ મેળમાં જમે અથવા ઉધારે લખી નાખવા જોઇએ. જો તેમ ન થાય તો હિસાબમાં ગોટાળો થવાનો સંભવ રહે. ગામડાંની મંડળીઓમાં સભાસદોને પાસ બુકો આપવામાં આવે છે. એટલે જેટલા રૂપિયા વસુલ આવ્યા તે પાસ બુકમાં શુદ્ધ બુદ્ધિથી લખી આપવામાં આવ્યા હોય છતાં તે રોકડ મેળમા તુરત જમે કરવામાં ન આવે તો કદાચ જમે કરવા સાવ રહી પણ જાય, કારણ કે તે માટે મંડળી પાસે તેનો બીજો કાંઈ લેખી દાખલો હોતો નથી. તેથી હમેશાં એવો રિવાજ રાખવો જોઈએ કે પૈસા ભરવામાં આવે ત્યારે તેને તેજ વખતે પૈસા રોકડ મેળમાં જમે કરવા. અને તે પછી પાસ બુકમાં લખીને પાસ બુક પૈસા ભરનારને પાછી આપવી. તેજ પ્રમાણે ઉધાર ખાતે પણ રોકડ મેળમાં લખ્યા વિના નાણાં કોઈને આપવાં ન જોઇએ. આ પ્રમાણે રોકડ મેળ બરોબર લખેલો હોય તો પછી તેના ઉપરથી બીજા ચોપડા પછી લખાઈને તૈયાર થાય તો તેની હરકત નહિ.

રોકડ મેળમાં પાછળથી કાંઇ ફેરફાર થઇ ન શકે તેટલા માટે તેના ઉપર કોઈ જવાબદારી અધિકારીની સહી જોઇએ. સેક્રેટરી રોકડ મેળ લખે અને તેના ઉપર સહી કરે તેની હરકત નહિ, પરંતુ તે તપાસીને રોજના બતાવવામાં આવેલા વ્યવહાર નીચે કમિટીના ચેરમેન અથવા બીજા કોઇ સભાસદે સહી કરવી જોઈએ. રોકડ મેળમાં કોઈ ઠેકાણે બનતાં સુધી છેકછાક ન હોવી જોઇએ. પરંતુ છેકછાક કરવામાં આવી હોય તો દરેક છેકછાક પાસે કમિટીના ચેરમેન અથવા બીજા સભાસદની ટૂંકી સહી જોઈએ. આવી રીતે રોકડ મેળ રાખવામાં આવે છે તે કમિટીની દરેક સભા વખતે કમિટીએ જોવું જોઈએ.

સેક્રેટરીના હિસાબ તપાસવા.

રોકડ મેળ બહુ અગત્યનો ચોપડો છે એતો ખરૂં, અને તેના ઉપર કમિટીએ ખાસ લક્ષ આપવું જોઈએ તે પણ ખરૂં, પરંતુ કમિટીએ હિસાબની બાબતમાં એટલું કરીનેજ બેસી રહેવાનું નથી. સેક્રેટરીના હિસાબ તપાસી તેના કામ ઉપર કમિટીએ દેખરેખ રાખવાની છે. સેક્રેટરીના કામ ઉપર દેખરેખ રાખવા માટે સેક્રેટરીનુ કામ શું તે પહેલાં જાણી લેવું જોઇએ. સેક્રેટરીનું કામ નીચે પ્રમાણે છેઃ—

(૧) મંડળીની અને કમિટીની બધી સભાઓ બોલાવવી, અને તેમાં હાજર રહેવું;

(૨) તે સભાઓના કામકાજની નોંધ નોંધપોથીમાં કરવી;

(૩) વ્યવસ્થાપક કમિટીના હુકમને અનુસરીને નાણું ખર્ચ પાડવાં અથવા વસુલ લેવાં.

(૪) કાનૂનો અને પેટાકાયદા પ્રમાણે જરૂરી હોય તે બધા હિસાબ અને પત્રકો રાખવાં, અને વસુલ આવેલાં નાણુંની આપવામાં આવતી, અને ઉધારવામાં આવતાં નાણુંની લેવામાં આવતી, પહોંચો, સરવૈયાં, અને મંડળીના કામકાજ માટે જરૂર પડે તે બીજા

કાગળો તૈયાર કરવા, પત્રવ્યવહાર ચલાવવો, અને સભાસદોને બધી જરૂરની માહિતી પૂરી પાડવી.

આ ઉપરથી જણાશે કે સેક્રેટરીને ફક્ત કારકુનનું કામ કરવાનું છે. તેને કોઈ પ્રકારની સત્તા આપવામાં નથી આવી. જેમ માહિતગાર કારકુન પાસેથી પણ તેના ઉપરી અમલદારોને કેટલીકવાર સલાહની જરૂર પડે છે તે પ્રમાણે કમિટી પણ સેક્રેટરીની સલાહ લે તેમાં કાંઈ હરકત નહિ. પરંતુ સેક્રેટરી કહે તે પ્રમાણે થવું જોઇએ એવો કોઇ નિયમ નથી. ઉલટું સેક્રેટરીનું કામ બરોબર થાય છે કે નહિ તે કમિટીએ જોવાનું હોય છે. સેક્રેટરીને ઘણું ખરૂં કામ લખવાનું હોય છે. તે લખાણનું કામ તારીખવાર ઠેઠ છેલ્લી તારીખ સુધી કરવામાં આવેલું હોય છે કે નહિ તે કમિટીની દરેક સભા વખતે કમિટીએ જોવું જોઇએ. કમિટીના કહેવા પ્રમાણે અથવા ઠરાવેલા વખતે સભાઓ ભરવામાં આવે છે કે નહિ અને તેમાં સેક્રેટરી હાજર રહે છે કે નહિ તેતો કમિટીને એની મેળેજ ખબર પડે. તેજ પ્રમાણે સભાઓના કામકાજની નોંધ નોંધપોથીમાં થાય છે કે નહિ તે પણ કમિટીને સહેજે જણાય. કારણ કે દરેક સભા વખતે ગઈ સભાની નોંધ નોંધપોથીમાંથી વંચાવી જોઇએ. સાધારણ અથવા કમિટીની કોઈ પણ સભામાં જે જે કામ કરવામાં આવ્યું હોય તેની બરોબર નોંધ નોંધપોથીમાં થવી જોઇએ. જો કોઇ સભામાં છેલ્લી સભાની નોંધ વંચાતાં તેમાં કાંઈ ભૂલ માલૂમ પડે તો તે ભૂલ તેજ વખતે સુધારવી જોઇએ, અને તેવી ભૂલ ફરીથી ન થાય તે માટે સેક્રેટરીને ચેતવણી આપવી જોઇએ. ખર્ચ પાડવામાં આવેલાં અથવા વસુલ કરવામાં આવેલાં નાણાં કમિટીના હુકમને અનુસરીનેજ ખર્ચ પાડયાં છે કે વસુલ કર્યાં છે કે નહિ તે કમિટીને રોકડ મેળ અને નોંધપોથી ઉપરથી સહેલાઇથી ખબર પડે. બાકી સામાન્ય ચોપડાઓ, પત્રકો વગેરે દફતર બરોબર રાખવામાં આવે છે કે નહિ તેની ખાત્રી કરવા માટે કાનૂનો અને પેટાકાયદા પ્રમાણે કયા કયા હિસાબો

મંડળીમાં રહેવા જોઈએ. તેનું કમિટીને ગ્નાન જોઇએ. કાનૂન ૧૭ પ્રમાણે ખેડૂતોની શરાફી મંડળીએ નીચે પ્રમાણે હિસાબ તથા ચોપડા રાખવા જોઇએ:—

(ક) સભાસદોનું રજિસ્ટર;
(ખ) રોકડ મેળ;
(ગ) કર્જની ખાતાની વહી;
(ઘ) થાપણોની ખાતા વહી;
(ઙ) ધીરેલાં નાણાંની નોંધ (રજિસ્ટર);
(ચ) વ્યાજ ખાતું;
(છ) ખર્ચ ખાતું;
(જ) બેંકનું ખાતુ;
(ઝ) સાધારણ સભાના કામ કાજ માટે નોંધ પોથી;
(ગ) કમિટીના કામકાજની નોંધપોથી;
(ટ) મે. રજિસ્ટ્રાર સાહેબ ઠરાવે તે બીજા હિસાબ અને ચોપડા.

પેટાકાયદા પ્રમાણે ખાસ વધારે ચોપડાઓ રાખવાનું ઠરાવવામાં આવ્યું નથી. સભાસદોને પાસબુકો આપવી એટલું માત્ર વધારામાં છે. તે ઉપરાંત સરવૈયાં અને તપાસણીની યાદીઓ, કર્જખત, સભાસદ થવા માટેની અરજીઓ વગેરે માટે જૂદી જૂદી ફાઇલો રાખવી જોઇએ તે તો ઉઘાડું છે. જોઇએ તે પ્રમાણે હિસાબો સેક્રેટરી રાખે છે કે નહિ તે કમિટીએ જોવું જોઇએ. દફતર સંબંધે એક સાવચેતી રાખી હોય તો સારૂં. બની શકે તેમ હોય તો રોકડ મેળનો ચોપડો બાકીના દફતરથી જૂદો રાખવો. એટલે કે જો બાકીનું બધું દફતર સેક્રેટરી પાસે રહેતું હોય તો રોકડમેળ ચેરમેનને ઘેર રાખવો. કારણ કે કોઇવાર આગ જેવા કારણથી મંડળીનું દફતર બળી જાય અથવા બીજી રીતે નિરૂપ-

યોગી થઇ જાય તો પણ રોકડ મેળ બચી જાય. અને રોકડ મેળ ઉપરથી ઘણુંખરા ચોપડાઓ તૈયાર થઈ શકે. તેજ પ્રમાણે જો રોકડમેળ બળી જાય અથવા નિરૂપયોગી થાય તો બીજા ચોપડાઓ ઉપરથી પણ મંડળીના વ્યવહારની ખબર પડે.

રોકડ શિલ્લિક ગણવી વગેરે કામ કરવું.

રોકડ મેળ ઉપર કમિટીના એક સભાસદે સહી કરવી જોઇએ તે પહેલાં આવી ગયું. પરંતુ સહી કર્યા પહેલાં જે એક અગત્યની બાબત માટે ખાત્રી કરવી જોઇએ તે તો અહીં આવે છે. સાધારણ રીતે ચેરમેન રોકડમેળ ઉપર સહી કરે છે. અને સાધારણ રીતે રોકડ શિલિક પણ તેમની પાસેજ રહે છે. તેમણે સહી કર્યા પહેલાં મંડળીની શિલ્લિક ગણીને તે રોકડ મેળમાં બતાવેલ શિલ્લિક સાથે મળી રહે છે કે નહિ તે જોવું જોઇએ. મંડળીના શિલ્લિક હમેશાં જૂદીજ રાખવી જોઇએ. ઘરના પૈસા સાથે તે સેળભેળ થઈ ન જવી જોઇએ. જો શિલિક જૂદી રાખવામાં આવતી હોય તો રોકડમેળમાં કોઇ વખત ઓછું વધારે જમા ખર્ચ ભૂલથી પણ રહેવા પામે નહિ; કારણ કે રોકડ મેળમાં જરા પણ ભૂલ થાય એટલે તેમાં આવતી શિલિક અને રોકડ શિલિક કદીપણ મળે નહિ. ચેરમેને તો રોકડ મેળ ઉપર સહી કર્યા પહેલાં પોતાની પાસેની રોકડ શિલિક મેળવવી જોઇએ. પણ તેટલું બસ નથી. કમિટી જ્યારે મળે ત્યારે કમિટી પાસે પણ તે દિવસની રોકડ શિલિક રજુ થવી જોઇએ અને તે ગણીને અને રોકડ મેળમાંની શિલિક સાથે મેળવીને કમિટીએ પોતાની ખાત્રી કરી લેવી જોઈએ. મંડળી ખાતે કાંઈ ખર્ચ કરવાનું હોય તો તે પણ કમિટીએજ મંજૂર કરવાનું હોય છે. મંડળીઓ બની શકે તેટલા ઓછા વ્યાજના દરે સભાસદોને નાણાં ધીરતી હોવાથી તેમને ભંડોળના પ્રમાણમાં બહુ નફો રહેતો નથી. વળી ગામડાંની મંડળીઓમાં કમિટીના સભાસદો વગેરે એ કાંઇ પણ મહેનતાણું લીધા

વિના કામ કરવાનું તત્ત્વ સ્વીકારવામાં આવેલું હોય છે, અને જેમ વધારે નફો મંડળીમાં રહે તેમ મંળીને વધારે ફાયદો થાય તેવું હોય છે તેથી આવી મંડળીઓમાં જેમ બને તેમ ઓછું ખર્ચ કરવાનો સિદ્ધાંત કમિટીએ પાળવો જોઇએ, અને બિન જરૂરી ખર્ચ કદી કદી પણ મંજૂર ન કરવુ જોઇએ. મુદત માગવા માટેની અરજીઓનો પણ કમિટિએ જ વિચાર કરવાનો હોય છે. મુદત ક્યારે આપવી તેની ચર્ચા આ પહેલાં થઈ ગઈ છે. બીજું પરચુરણ કામ કમિટી પાસે આવે તે તો સંયોગોનો વિચાર કરી કાળજી પૂર્વક તેણે કરવું એટલુંજ અહીં તો કહી શકાય.

ચેરમેન.

મંડળી ફત્તેહમંદ થાય તે માટે જેમ સારી વ્યવસ્થાપક કમિટીની જરૂર હોય છે, તેમ કમિટીનું કામ સારી રીતે ચાલે તે માટે સારા ચેરમેનની જરૂર હોય છે. કેટલાંક કામમાં કમિટીના પાંચે સભાસદોથી ધ્યાન ન આપી શકાય. તોપણ જો ચેરમેન કાળજી પૂર્વક કામ કરતા હોય તો બહુ વાંધો આવે નહિ. સહકારી મંડળીમાં કોઈ કોઇનું ઉપરી નથી હોતું, તો પણ આખી મંડળીમાં જો કોઈ સભાસદ સૌથી વધારે અધિકારવાળો અને જવાબદારીવાળો હોય તો તે ચેરમેન છે. બધા સભાસદોમાં તેનું મહત્ત્વ સૌથી વધારે હોય છે. મંડળીના સભાસદોએ મંડળી માટે કામ કરવાનું માન પોતાને મળવાથી પોતે પોતાના ભાઇઓ માટે પ્રમાણિકપણે અને ખંતપૂર્વક કામ કરવું જોઇએ એવી ભાવનાવાળો ચેરમેન જે મંડળીમાં હોય તે મંડળી ઘણુા ભાગે સારી ચાલે. ચેરમેને અને કમિટીએ મંડળીના વ્યવહારમાં પોતાને માથે પક્ષપાતનો આક્ષેપ કોઇ બાજુથી ન થાય તેમ સરળ અને નિષ્પક્ષપાત બુદ્ધિથી કામ કરવું જોઈએ. ચેરમેન તો અમુક રીતે મંડળી માર્ફત પોતાનો સ્વાર્થ સાધી લે છે એવું કહેવાનો ખરો પ્રસંગ કોઈને ન આવે તે માટે ચેરમેને હમ્મેશાં કાળજી રાખવી જોઈએ. કમિટીના સભાસદોએ

પણ આવી કાળજી રાખવી જોઈએ. સભાસદોને દાખલ કરતી વખતે અથવા કર્જ ધીરતી વખતે પક્ષપાત થઈ શકે અને લોકો તે માટે વાતો પણ કરી શકે. પરંતુ બીજી એક એવી બાબત છે કે જે સંબંધે તો ઉઘાડી રીતે ખાત્રી પૂર્વક આક્ષેપ કરી શકાય. તે બાબત મંડળીની રોકડ શિલિકની છે. ચેરમેને ખાસ કારણ સિવાય પોતાની પાસે દસેક રુપિયાથી વધારે રોકડ શિલિક કદી પણ રાખવી ન જોઇએ. જેમ જેમ પૈસા હાથમાં આવતા જાય તેમ તેમ પોસ્ટ ઓફિસ સેવિંગ્સ અથવા કોઈ સહકારી બેંકમાં તે જમે કરાવતા જવું, અને પાછા જોઇએ તે પ્રમાણે ઉપાડતા જવું જોઇએ. જે ગામમાં સરકારી તિજોરી હોય તે ગામમાં જો મંડળીની ઇચ્છા હોય અને તિજોરીમાં જગ્યા હોય તો તિજોરીમાં મંડળીની નાણાંની પેટી રાખવાની ગોઠવણ થઈ શકે છે. ચેરમેન માટે મુખ્ય મુદ્દો એકજ છે, અને તે આ કે તેમણે બનતાં સુધી વધારે પડતી રોકડ શિલિક પોતાની પાસે રાખવી નહિ.

મંડળીના અધિકારીઓ

જેમ ચેરમૅન તેમ મંડળીના બધા અધિકારીઓએ પોતે કયા પ્રકારનું કામ કરે છે તે કદી ભૂલવું ન જોઇએ. પોતાના ભાઇઓની સેવાની ભાવના હમ્મેશાં દિલમાં રહેવી જોઇએ. ખરી સહકારી મંડળીના અધિકારીઓ બિનઅધિકારી સભાસદોને પોતાથી કોઈ પણ રીતે ઉતરતા ન ગણે. સહકારી વિષયો સંબંધે વાંચીને, સાંભળીને અને અનુભવથી જ્ઞાન મેળવી પોતાનું કામ સારી રીતે બજાવવા માટે યોગ્ય થવાનો તેમનો પ્રયત્ન હંમેશાં ચાલૂજ હોય. મંડળીના કોઈ પણ અધિકારીએ મંડળીના સભાસદોમાં ધીરધાર કરેલી ન હોવી જોઇએ– મંડળીમાં અધિકારી બન્યા પછી તો એવી ધીરધાર નજ કરવી જોઇએ. કદાચ કોઈને મંડળીના સભાસદોમાં ધીરધાર હોય તો પણ મંડળીના વ્યવહાર સાથે તેનો બિલકુલ સંબંધ ન રહેવો જોઇએ. કેટલીક વખતે

મંડળીના કોઈ અધિકારીનું અથવા તેના કોઈ ઓળખીતા માણસનું મંડળીના કોઈ સભાસદ પાસે લેણું હોય, અને તેની પાસેથી તે સહેલાઇથી વસુલ થઈ શકે તેમ ન હોય તો તે સભાસદને મંડળીમાંથી કર્જ ધીરવામાં આવે છે, અને મંડળીના અધિકારી અથવા તેનો ઓળખીતો માણસ તે કર્જની રકમ લઇ લે છે. જો કમિટી કર્જ આપતી વખતે બને તેટલી તપાસ કરતી હોય તો તો આવું થવાનો સંભવ નહિ. પરંતુ એમ ન થાય અને આ પ્રમાણે જો બીજા લેણદારોનાં લેણાં માત્ર લેણદારોની સગવડ ખાતરજ મંડળીમાંથી ચૂકવી આપવામાં આવે તો મંડળીએ આપેલું કર્જ વસુલ થવામાં બહુ મુશ્કેલી પડે. મંડળી સભાસદોની સગવડ ખાતર હોય છે તે કદી પણ વિસરાવું ન જોઇએ. જૂનું કર્જ પતાવતી વખતે પણ આ મુદ્દો ધ્યાનમાં રાખવાની જરૂર છે. કોઇ સભાસદની સ્થિતિ એવી હોય કે જેથી તે પોતાનું કર્જ શાહુકારને ભરી ન શકતો હોય, તો તે શાહુકારતો તે કર્જ મંડળી સભાસદના વતી ભરી દે, તો તે લેવા તૈયારજ હોય–કર્જની રકમ કરતાં થોડી ઓછી રકમ મળે તો પણ શાહુકાર તો તે ખુશીથી સ્વીકારી લે. પરંતુ તે કર્જ સભાસદને ધીર્યા પછી મંડળીને સભાસદ પાસેથી હપ્તા વસુલ કરવામાં મુશ્કેલી આવે. અને જ્યારે મંડળીના લેણા માટે સભાસદ ઉપર દબાણ કરવામાં આવે ત્યારે તેને પાછું શાહુકારને ત્યાંજ જવું પડે, અને તે વખતની તેની સ્થિતિ આગળ કરતાં પણ ખરાબ થાય. જેમ વસુલ કરતાં મુશ્કેલી પડે તેવું લેણું મંડળીને નામે ન ચડાવી દેવું જોઇએ. તેજ પ્રમાણે મંડળીના અધિકારીઓએ પોતે મંડળીના ભંડોળમાંથી મોટી મોટી રકમો કર્જે પણ ન લેવી જોઇએ. કેટલીકવાર મંડળીના અધિકારીઓ પોતાના અધિકારનો દુરુપયોગ કરીને મોટી મોટી રકમો લઈ લે છે, અને બીજા સભાસદોને તેને માટે જવાબદાર રહેવું પડે છે એટલુંજ નહિ, પરંતુ તેમને જોઇએ તેટલું કર્જ પણ તેથી મળી શકતું નથી. આવા પ્રકારની અપ્રમાણિકતા મંડળીઓના અધિકારીઓએ તજવી જોઇએ તો પછી ખોટી રીતે પૈસા

ખાવાનો વિચાર તો તેમને કલ્પનામાં પણ ન આવવો જોઇએ તે તો ઉઘાડુંજ છે. "લાખ જાય પણ શાખ ન જાય" એ સૂત્ર મંડળીના સભાસદોએ યાદ રાખવું જોઇએ, અને મંડળીના અધિકારીઓથી તો તે ઘડીવાર પણ વિસરાયજ નહિ.

ઉત્સાહી સભાસદોને માટે કામ.

ખરી સહકારી મંડળીમાં બધા સભાસદોએ મંડળીના કામમાં રસ લેવો જોઇએ. સાધારણ સભામાં તો બધાએ આવવુંજ જોઇએ. કેટલાક દેશોમાં જે સભાસદ સાધારણ સભામાં હાજર ન થાય તેનો દંડ કરવામાં આવે છે. પરંતુ કેટલીક સારી મંડળીઓમાં કોઇવાર એવું બને છે કે કમિટી તો પાંચ સભાસદનીજ હોય, અને કામ કરવાની ઇચ્છાવાળા, દસ, પંદર કે વીસ માણસો હોય. બધાથી તો કમિટીના સભાસદ થઈ શકાય નહિ. તેથી કેટલાકને નારાજ થવાનો પ્રસંગ આવે છે. તેથી અને મંડળીનું કામ વધારે સારું અને સહેલાઇથી ચાલે તેટલા માટે વ્યવસ્થાપક કમિટિ ઉપરાંત જરૂર પ્રમાણે એક બે કે વધારે કમિટીઓ નીમવામાં આવે છે. કર્જ ધીરાયા પછી તે જે કામ માટે લેવામાં આવ્યું હોય તે કામમાંજ તે વપરાવું જોઇએ. આમ થાય છે કે નહિ તે દરેક સભાસદે અને ખાસ કરીને કમિટીએ અને જામીનોએ જોવું જોઇએ. છતાં તેમ કરવામાં પડતી મુશ્કેલી દૂર કરવા માટે એક કમિટી જણાવવામાં આવેલા કામમાં કર્જ વપરાય છે કે નહિ તે જોવા માટે નીમવામાં આવે છે. એક કમિટી કર્જ વસુલાતમાં કમીટીને મદદ કરવા માટે નીમવામાં આવે છે. અમુક અમુક સભાસદો તે કમિટીના જૂદા જૂદા સભાસદોને સોંપી દેવામાં આવે છે. કામ કરવાની ઇચ્છાવાળા સભાસદોની સંખ્યા વધારે હોય તો સભાસદોને સહકાર શું તે સમજાવવા માટે એક કમિટી નીમવામાં આવે છે. તેનો દરેક સભાસદ અમુક લતો પોતાને માટે પસંદ કરી લે છે, અને પછી રાત્રે અથવા અઠવાડીએ અમુક દિવસ પોતાના લતાના સભાસદોને એકઠા કરી સહકારી બાબતો વિષે વાતચીત અને ચર્ચા કરે છે.

કરકસર. યોગ્ય રીતે કર્જ આપીને તે નિયમિતરીતે વસુલ કર્યું એટલે મંડળીએ બધું કામ કરી લીધું એમ કહી શકાય નહિ. હલકા વ્યાજે કર્જ મળવાથી તો ઘણા અણસમજુ સભાસદો વધારે કર્જ લેવાને દોરાય અને કર્જના ખાડામાં વધારે ઉંડા ઉતરે. લગ્ન કે કારજ (દહાડો) કરવાનું હોય અને કર્જ કાઢવાનું હોય તો જો ભારે વ્યાજથી કર્જ મળતું હોય તો ઓછી રકમ કર્જે કાઢવાનું મન થાય, પણ સાવ ભિન-વ્યાજે મળતું હોય તો મોટી રકમ કાઢવાનું મન થાય. મંડળીનું ભંડોળ વધે અને તે ગામમાં વધારે પૈસા ધીરે તે ઉપરાંત કાંઇક થવું જરૂરનું છે. ખેડુત પોતાનો ધંધો પારકે પૈસે–પછી તે શાહુકારનાં હોય કે મંડળીના હોય–ચલાવે છે. તે પૈસા ન હોય તો તેની ખેતી બંધ રહે છે. આ સ્થિતિ ટળવી જોઇએ. તેને માટે એકજ રસ્તો છે, અને તે એકે મંડળીમાં તેને નામે થાપણ એકઠી કરવી. જો પાક આવે ત્યારે ખેડુત થાપણ મૂકે તો તો બહુ સારૂં, નહિ તો કર્જ આપતી વખતે પણ દસેક ટકા જેટલી રકમ દસ વર્ષ કે તેથી વધારે મુદતની થાપણ તરીકે કાપી લેવાથી સભાસદ કર્જ લેતો હશે તેટલી રકમ તેના થાપણ ખાતામાં દસેક વર્ષમાં જમે થઇ જશે. અને તેથી તેના ઉપર મંડળીનું લેણું માત્ર નામનુંજ રહેશે. તે ઉપરાંત ખેડુત પાસે જ્યારે ફાજલ નાણાં હોય ત્યારે તેને મંડળીમાં મૂકવાનું મન થવું જોઇએ. બધી મંડળીઓમાં તો ચાલુ થાપણો સ્વીકારવાની ગોઠવણ હાલની પરિસ્થિતિમાં થઇ શકે તેમ નથી. તો પણ મે. રજિસ્ટ્રાર સાહેબના સરક્યુલર મુજબ જે મંડળીઓ બચતની થાપણનાં ખાતાં ઉઘાડી શકે તેમ હોય તેમણે તે જેમ બને તેમ વેળાસર ઉઘાડવાં જોઇએ. વળી મંડળીઓના સભાસદોને નાની નાની પેટી આપી હોય, અને તેમાં નાની નાની રકમ નાખતા રહેવાનું કહ્યું હોય, અને તે એક બે મહિને કમિટીની રૂબરૂ ઉઘાડી તેમાંથી નીકળે તે રકમ થાપણ તરીને મૂકવી એવો રિવાજ દાખલ કર્યો હોય તો પણ સભાસદો કરકસર શીખે. ખેડુતોની પોતાની પાસે પૈસા હોય તો તે

લાંબો વખત રહેવાનાં નહિ. તેથી જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે તેણે પોતાને નામે નાણું મંડળીમાં જમે કરાવવાં જોઇએ. શરાફી મંડળી ગામડાની બેંક થવી જોઈએ.

નફાનું શું થાય? મંડળીમાં સાધારણ સભા સર્વોપરી સત્તા ભોગવે અને તેની નીમેલી વ્યવસ્થાપક કમિટી વહીવટ કરે તે બરોબર પણ મંડળીમાં નફો થાય તે કોણ લઇ જાય તે સવાલ કોઇના મનમાં થાય તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. અનિયમિત જવાબદારીવાળી શરાફી મંડળીનો બધો નફો અનામત ભંડોળ (રિઝર્વ ફંડ) ખાતે લઈ જવામાં આવે છે. તેમાંથી કોઇ પણ ભાગનો બીજો કાંઈ ઉપયોગ કરવો હોય તો તે માટે સ્થાનિક સરકારની મંજૂરી જોઇએ. બીજી જાતની મંડળીઓએ નફાની ઓછામાં ઓછી પચીસ ટકા જેટલી રકમ અનામત ભંડોળ ખાતે લઇ જવી જોઇએ (કાયદાની કલમ ૩૩). નફામાંથી પચીસ ટકા અનામત ભંડોળ ખાતે લઇ ગયા પછી બાકી રહેલી રકમના દસ ટકા એટલે કે મંડળીના કુલ ચોખ્ખા નફાના સાડાસાત ટકા જેટલી રકમ મે. રજિસ્ટ્રાર સાહેબની પરવાનગીથી કોઇ પણ સાર્વજનિક કામમાં વાપરી શકાય છે. મંદિરમાં દીવા બાળવા કે એવાજ કોઇ ધર્મને લગતા કામને સન ૧૮૯૦ના ધર્માર્થ દેણગી સંબંધીનાં કાયદા પ્રમાણે સાર્વજનિક કામ ગણવામાં નથી આવ્યું. પરંતુ કેળવણી, ગરીબ લોકોને મદદ, કે બીજું સામાન્ય લોકોપયોગી કોઇપણ કામ હોય તો તે સાર્વજનિક કામ ગણાય છે.

અનામત ભંડોળ. નફો અનામત ભંડોળ ખાતે લઈ જવામાં આવે તે ઠીક પણ તે અનામત ભંડોળ કોનું અને તેનો ઉપયોગ શું અને તેનું છેવટે શું થાય? અનામત ભંડોળ મંડળીની માલીકીનું છે, પરંતુ કોઇ સભાસદની માલીકીનું નહિ. તે સાધારણ રીતે સભાસદોને ધીરવાના કામમાંજ લેવામાં આવે છે, જો કે કેટલીક મંડળીઓ અનામત ભંડોળ અથવા તેનો થોડો ભાગ સહકારી બેંકોમાં, સરકારી લોન બોન્ડમાં કે એવે બીજે

ઠેકાણે રોકે છે. અનામત ભંડોળનો એક ઉપયોગ એ છે કે જો મંડળી ને તોટો આવે તો મે. રજિસ્ટ્રાર સાહેબની પરવાનગીથી તે તેમાંથી ભરી કાઢી શકાય છે, અને સભાસદોને ઘરના પૈસા જોડવા પડતા નથી. અનામત ભંડોળ જેમ વધારે તેમ સભાસદોને અથવા બીજા થાપણુ દારોને નુકસાન વેઠવાનો સંભવ ઓછો, થાપણદારોની થાપણોની સહી સલામતી વધારે અને મંડળીની શાખ પણ વધારે. વળી અનામત ભંડોળની રકમ ઉપર મંડળીને વ્યાજ આપવું પડતું નથી, તેથી જેમજેમ તે રકમ વધતી જાય તેમતેમ કર્જ ઉપર સભાસદો પાસેથી લેવામાં આવતો વ્યાજનો દર મંડળી ઓછો કરી શકે. કેટલાંક વર્ષ જો અનામત ભંડોળ વધતું વધતું સભાસદોને કર્જ માટે જોઇતી રકમ જેટલું થઇ જાય તો ફક્ત દર સેંકડે દર વર્ષે એક બે ટકાના દરે પણ સભાસદોને પૈસા ધીરી શકાય. મંડળી ચાલે ત્યાં સુધી તે અનામત ભંડોળ મંડળીમાંજ રહે.

પરંતુ જો મંડળી બંધ પડે તો તે ભંડોળ સભાસદો પોતાની અંદર વહેંચી લઈ શકે નહિ. કેટલાક માણસોને આ નિયમ વિચિત્ર લાગે છે. પરંતુ તેમાં વિચિત્રતા કાંઇ નથી. મંડળી બંધ પડયે જો સભાસદોમાં અનામત ભંડોળ વહેંચી લેવાની છૂટ આપવામાં આવે તો ઘણા માણસોની વર્ષોનાંવર્ષોની મહેનતથી એકઠી થયેલી મોટી રકમ પાછળના સભાસદો પોતામાં વહેંચી લેવા માટેજ મંડળી બંધ કરે એમ પણ બને, અને તેથી તેમના પહેલાંના બધા કાર્યકર્ત્તાઓની મહેનત પાણીમાં જાય, અનામત ભંડોળ સભાસદો વહેંચી ન લઇ શકે પણ તેથી તે કાંઇ સરકારમાં ચાલ્યું જતું નથી. તેનો ઉપયોગ સાર્વજનિક કામ માટે કરવાનો હોય છે. કયા સાર્વજનિક કામ માટે તેનો ઉપયોગ કરવો તે બંધ પડેલી મંડળીની સાધારણ સભાને ઠરાવવાનું હોય છે. અને મે. રજિસ્ટ્રાર સાહેબની પરવાનગીથી તેનો તે સભાના ઠરાવ પ્રમાણે ઉપયોગ થઇ શકે છે.

નોંધાયેલી મંડળીઓને આપવામાં આવેલી ખાસ સગવડો.

સહકારી હીલચાલથી દેશને બહુ લાભ થાય છે. સારી સહકારી મંડળીઓ જેમબને તેમ દેશમાં વધારે થાય તેમ સૌ ઇચ્છે. આવી સહકારી મંડળીઓની સ્થાપના અને તેમના કામને ઉત્તેજન મળે તે માટે સરકારે ૧૯૧૨ના સહકારી મંડળીઓના કાયદા નીચે નોંધાયેલી મંડળીઓને અમુક બાબતોમાં ખાસ સગવડો હક આપ્યા છે. તેમાંના ઘણાખરા નીચે આપ્યા છેઃ—

(૧) કંપનિઓને પોતાના હિસાબ પૈસા ખર્ચીને ઓડિટરો પાસે તપાસાવવા પડે છે. પરંતુ અનિયમિત જવાબદારીવાળી મંડળીઓના હિસાબ સરકારી ઓડિટર મફત તપાસે છે. (કાયદાની કલમ ૧૭ અને કાનૂનોની કલમ ૨૭).

(૨) મંડળીઓને આપવામાં આવેલો પ્રથમ હક. આ બાબત પ્રકરણ ૪થામાં ચર્ચાઈ ગઈ છે.

(૩) સભાસદોનાં શેર અને હિત સંબંધ જપ્તીને પાત્ર નથી. આ બાબત પણ પ્રકરણ ૪થામાં આવી ગઇ છે.

(૪) કાયદાની કલમ ૨૬ પ્રમાણે મંડળીના હિસાબોની નકલો કોર્ટમાં મોકલી હોય તો ચાલી શકે. અસલ ચોપડા રજુ કરવાની જરૂર નથી. કાનૂનોની કલમ ૧૪ અનુસાર ચોપડામાંની નોંધની નકલો ઉપર તે ખરી છે એવો દાખલો લખી આપવાનો અધિકાર મંડળીના કોઇપણ અમલદારને છે.

(૫) કંપનિઓના નફા ઉપર આવક વેરો લેવામાં આવે છે. પરંતુ મંડળીઓને તે વેરો માફ કરવામાં આવ્યો છે.

(૬) અમુક અમુક પૈસા સંબંધીના વ્યવહાર—જેવાં કે કર્જ ખત કે વીસ રૂપિયા ઉપરની પહોંચો—માટે અમુક અમુક કિંમતના સરકારી સ્ટેમ્પ વાપરવા પડે છે. મંડળીઓ પોતાના કામ માટે અને પોતાના

સભાસદો વચ્ચેના વ્યવહારમાં આવા સ્ટેમ્પ ન વાપરે તો પણ ચાલે એવી તેમને છૂટ આપવામાં આવી છે. આથી મંડળીઓને ઘણા ખર્ચનો બચાવ થાય છે (કાયદાની કલમ ૨૮).

(૭) નોંધણીના કાયદા પ્રમાણે આપવી જોઈતી ફીની માફી. મંડળીના દસ્તાવેજો વગર ખર્ચે રજિસ્ટર કરી આપવામાં આવે છે (કાયદાની કલમ ૨૮).

(૮) "કોઓપરેટિવ" એ શબ્દ બીજી કોઇ સંસ્થાઓ ન વાપરી શકે તેવો પ્રતિબંધ કરવામાં આવ્યો છે (કાયદાની કલમ ૪૭).

(૯) મંડળીઓ અથવા મંડળીઓની શાખાઓ વચ્ચે કાંઇપણ પૈસા આપ્યા સિવાય રિમિટન્સ ટ્રાન્સફર રસીટથી સરકારી તિજોરીઓ માર્ફત નાણાં મોકલી અથવા મંગાવી શકાય છે (વધારે વિગત માટે જુઓ સૂચના પત્રક ક).

(૧૦) મંડળીઓ અને તેમને નાણાં પૂરાં પાડનારી સંસ્થાઓ વચ્ચે મનિઓર્ડરથી નાણાં મોકલવામાં આવ્યાં હોય તે મોકલવા માટે ભરવામાં આવેલી ફીની રૂ રકમ મંડળીઓને પાછી મળી શકે છે. (સૂચના પત્રક ક).

(૧૧) દક્ષિણના ખેડુતોના કાયદામાંથી મંડળીઓને મુક્ત કરવામાં આવી છે. તેથી ખેડુતો સાથેના વ્યવહારમાં શાહુકારોને પડે છે તેવી મુશ્કેલીઓ મંડળીઓને પડતી નથી. છતાં કલમ બીજી અને એકવીસમી તો મંડળીઓને પણ લાગુ છે. તેથી ખેડુતને તેના દેવા માટે કેદમાં પૂરાવી શકાતો નથી.

(૧૨) પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંકમાં ખાતું ઉઘાડવાની ખાસ સગવડ મંડળીઓને કરી આપવામાં આવી છે (સૂચના પત્રક ક).

(૧૩) મંડળી રદ થયા પછી મંડળી વતી વસુલ કરવાનું લેણું રેવેન્યુ ખાતા માર્ફત જમીન મહેસુલના લેણા તરીકે વસુલ થઇ શકે છે.

(૧૪) સરકારી તિજોરીઓમાં મંડળીની રોકડની પેટી મૂકી શકાય છે (સૂચના પત્રક ક).

(૧૫) મંડળીઓને અંદરની તકરારો માટે કોર્ટે ન ચડતાં લવાદ માર્ફતજ નિકાલ કરાવી લેવાનો હોય છે. આ વિષયની ચર્ચા પ્રકરણ ૪થામાં થઇ ગઇ છે.

(૧૬) યરોડા પ્રેસમાંથી પડતર કિંમતે મંડળીઓને ફારમો પૂરાં પાડવામાં આવે છે.

પ્રકરણ ૮ મું.

પ્રાથમિક મંડળી અને મધ્યસ્થ સંસ્થાઓ.

પ્રાથમિક મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદો સહકારી હીલચાલ સમજયા વિના, અને તે હીલચાલમાં પોતાનું શું સ્થાન છે તે જાણ્યા વિના, મંડળીનો વહીવટ સારો ચલાવે તો પણ તે પૂરતું નથી. કોઇપણ મંડળીએ બીજી સહકારી મંડળીઓથી તદ્દન અલગ રહીને પોતાનું કામ ચલાવવું ન જોઇએ. વ્યવહારમાં તો ઘણા ભાગે એમજ બને છે કે વહીવટ સારો ચાલે તે માટે પણ એક મંડળીને બીજી સહકારી સંસ્થાઓ સાથે સંબંધમાં આવવું પડે છે. શરાફી મંડળીને નાણાં માટે બાંહેધરીવાળાં યુનિયનો, જિલ્લા બેંકો, કે મુંબઇની બેંક સાથે વ્યવહાર કરવો પડે છે. જે મંડળી પાસે પૈસા ઓછા હોય તેને બેંક પાસેથી પૈસા કર્જે લેવાની જરૂર પડે છે. અને જે મંડળી પાસે તેને જોઇએ તે કરતાં વધારે પૈસા હોય છે તે મંડળીને પૈસા સહીસલામતીથી રોકવા માટે બેંકોની જરૂરીયાત પડે છે. અને અચાનાક જરૂરીયાતો માટે તો બધી મંડળીઓને બેંકની જરૂરીયાત પડે. તેજ રીતે ખેતીનાં સાધનો પૂરાં પાડનારી, કે ખેતીનો માલ વેચનારી, કે ઘર માટે ઉપયોગી માલ પૂરો પાડનારી મંડળીઓ હોય તો તેમને જોઇતા માલની ખરીદી અથવા તેમના માલના વેચાણ માટે તેવી

બધી મંડળીઓના વતી જથ્થાબંધ વ્યવહાર કરનારી કોઈ મધ્યસ્થ મંડળીની જરૂર પડે. પરંતુ બીજી મંડળીઓ સાથેના આવા આર્થિક પૈસા સંબંધેના વ્યવહારને ઘડીભર બાજુએ મૂકીએ તો પણ ખરી સહકારી મંડળીને બીજી સહકારી મંડળીઓ સાથે ગમે તે રીતે ઘાટો વ્યવહાર રાખવાની જરૂર હોય છે. સહકારમાં આર્થિક તત્ત્વ ઉપરાંત નૈતિક તત્ત્વ પણ હોય છે. બીજું કાંઈ નહિ તો તે તત્ત્વને પોષવા માટે પણ આવા સંબંધની જરૂર હોય છે. જગતની એક મહાન્ આર્થિક અને નૈતિક હીલચાલના જીવન્ત અંગ તરીકે મંડળી–તેના કાર્યવાહકો અને સભાસદો–જે આત્મ ગૌરવ અને સંતોષ અનુભવી શકે તે જગતના કોઈ પ્રદેશના એકાદ ખૂણામાં એકાદ નાના અથવા મોટા ગામમાં કામ કરતી નાની સરખી એકલપેટી સંસ્થા–તેના કાર્યવાહકો અને સભાસદો–ન અનુભવી શકે તે ઉઘાડું છે. પોતે સહકારી હીલચાલનું એક અંગ છે એવા જ્ઞાનથી મંડળીમાં-તેના કાર્યવાહકો અને સભાસદોમાં–જે ભાવના રહે તે નૈતિક તત્ત્વને પોષેજ. પરંતુ ફક્ત તેવી ભાવનાજ બસ ન ગણાય. સહકારમાં આર્થિક અને નૈતિક વ્યવહારને જૂદા પાડી શકાય નહિ. તે તો એક બીજા સાથે ગુંથાએલાજ રહે છે. મંડળીની નાણાં સંબંધેની સ્થિતિ સારી હોય, અને ઉંચી ભાવના પણ તેમાં હોય, તો પણ સહકારની દૃષ્ટિએ દેશની અથવા જગતની જરૂરીયાતો શું છે તે તે જાણતી ન હોય. મંડળીની અંદર પણ જોઇએ તેટલી સમજણ અને કાળજીપૂર્વક સહકારી સિદ્ધાંતો પળાતા ન હોય. પહેલાં તે સિદ્ધાંતો પળાતા હોય તો પણ પાછળથી કોઇ કારણોને લીધે તેમ થતું અટક્યું હોય. વળી સહકારી હીલચાલ એક અત્યંત અગત્યની વ્યાપારી વ્યવસ્થા હોવાથી જગતની બીજી વ્યાપારી વ્યવસ્થાઓને હાથે તેને પાછું હઠવું ન પડે તેટલા માટે બની-શકે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેમાં સુધારા થતા રહેવા જોઇએ. આ સુધારાઓ કઈ કઈ દિશામાં કરવા જોઇએ, અને કેવી રીતે તે અમલમાં મૂકી શકાય તે બધી મંડળીઓને નજ સૂઝે. અને કદાચ કોઈ મંડળીને એ બધું સૂઝે તોપણ તે મંડળી પાસે યોગ્ય સાધન ન હોવાથી

સહકારી હીલચાલને તેનો બહુ થોડો ઉપયોગ થાય. આ કારણોને લીધે જો સહકારી હીલચાલ સંગીન અને સ્વતંત્ર રહેવા માગતી હોય તો તેમાં એવી સંસ્થાઓ પણ જોઇએ કે જે મંડળીઓને એકત્ર કરવાનું, તેમને જરૂરની સલાહ આપવાનું, અને તેમના ઉપર દેખરેખ રાખવાનું કામ પણ કરે.

પ્રાથમિક મંડળીઓને આર્થિક વ્યવહારમાં સગવડો જોઇએ, અને તે ઉપરાંત સહકારને જ્ઞાન, સલાહ અને દેખરેખ માટે પણ સગવડો જોઇએ. આ સગવડો બધી પ્રાથમિક મંડળીઓને પૂરી પડવી જોઇએ. એમ થઈ શકે તે માટે પ્રાથમિક મંડળીઓને તેવી સગવડો કરી આપનારી મધ્યસ્થ સંસ્થાઓ જોઇએ. સહકારી સિધ્ધાંતો પ્રમાણે પ્રાથમિક મંડળીઓ માટે આવી મધ્યસ્થ સંસ્થાઓ હોય તેટલુંજ બસ નથી. પરંતુ તે સંસ્થાઓ પ્રાથમિક મંડળીઓની અથવા તેમનાં મધ્યસ્થ મંડળોનીજ બનેલી હોવી જોઇએ. એટલે કે બધી મંડળીઓને પોતાની મરજી પ્રમાણે એક લાકડીએ અમુક માર્ગેજ ગાડરની માફક હાંકે એવી મધ્યસ્થ સંસ્થાઓ ન જોઇએ. મધ્યસ્થ સંસ્થાઓના કામમાં મંડળીઓને સર્વોપરી સત્તા જોઇએ. આટલું નક્કી થયા પછી એ નક્કી કરવું જોઇએ મંડળીઓને જે જૂદી જૂદી સગવડોની જરૂર હોય છે, તેને માટે એકજ જાતની મધ્યસ્થ સંસ્થાઓ જોઇએ કે જૂદી જૂદી જાતની. બીજા દેશોમાં જૂદી જૂદી જાતની મધ્યસ્થ સંસ્થાઓ સ્થાપવાની જરૂર જણાઇ છે. ઈંગ્લંડ અને સ્કોટલંડમાં સ્ટોર મંડળીઓને તેમના ખરીદી વગેરેના વ્યવહારમાં મદદ કરવા માટે મોટા પાયા ઉપર માલ ખરીદીનું અને માલ ઉત્પન્ન કરવાનું કામ કરનારી મધ્યસ્થ મંડળીઓ હોય છે. પ્રાથમિક સ્ટોર મંડળીઓ જે ચીજો ન બનાવી શકે તેની અનેક સ્ટોર મંડળીઓને જરૂર હોવાથી મધ્યસ્થ મંડળ તે ચીજો પોતાનાં કારખાનામાં બનાવી શકે છે. તેજ પ્રમાણે પ્રાથમિક સ્ટોરો પોતાને જોઇતો થોડો માલ બજારમાં ખરીદવા જાય તો તેમને ઓછામાં ઓછા ભાવે મળે નહિ. પરંતુ મધ્યસ્થ મંડળ બધા સ્ટોરો

માટે ખરીદી કરતું હોવાથી તે જથ્થાબંધ માલ ખરીદી શકે, અને જે જથ્થાબંધ માલ ખરીદી શકે તેને બજારમાં કિંમત ઓછામાં ઓછી આપવી પડે. પરંતુ જ્ઞાન પ્રચાર વગેરેનું કામ ઈંગ્લંડ અને સ્કોટલંડમાં આવાં માલ પૂરો પાડનારાં મધ્યસ્થ મંડળો કરતાં નથી. તેને માટે જૂદાંજ સહકારી મંડળ છે. તે મંડળ સહકારના સિદ્ધાંતોને પ્રસિદ્ધિ આપી સહકારી હીલચાલનો પ્રચાર કરવાનું, સહકારીઓને સહકારી બાબતો માટે જ્ઞાન આપવા વર્ગો ચલાવવાનું, સહકાર સંબંધે પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું, સહકારી માસિકો, વતમાનપત્રો, પુસ્તકાલયો વગેરે ચલાવવાનું, મંડળીઓને અને વ્યકિતઓને સહકારી વિષયોમાં સલાહ આપવાનું ઈત્યાદિ કામ કરે છે. આયર્લંડમાં પણ દૂધની મંડળીઓનો માલ વેચી આપનાર અને ખેતી સંબંધે જથ્થાબંધ વ્યાપાર કરનાર મધ્યસ્થ સંસ્થાઓ કે જે પ્રાથમિક મંડળીઓને તેમના આર્થિક વ્યવહારમાં સીધી મદદ કરવા ખુશી હોય છે તે ઉપરાંત ધિ આઇરીશ એગ્રિકલ્ચરલ ઓર્ગેનિઝેશન સોસાયટી નામની એક સંસ્થા પણ છે. તે મંડળીઓ સ્થાપવાનું, તેમના ઉપર દેખરેખ રાખવાનું, તેમને જોઈતી સલાહ આપવાનું, સહકારી જ્ઞાનનાં સાધનો પૂરાં પાડવાનું વગેરે કામ કરે છે. આ વિષે પ્રકરણ ૨ જામાં માહિતી આપવામાં આવી છે. પરંતુ મુદ્દો એટલોજ યાદ રાખવાનો છે કે આર્થિક વ્યવહારમાં સરળતા થાય તે માટે અમુક જાતનાં મધ્યસ્થ મંડળોની, અને મંડળીઓની સ્થાપના, જ્ઞાન,વગેરે માટે સરળતા થાય તે સારૂ તેનાથી જૂદાજ પ્રકારનાં મધ્યસ્થ મંડળોની બીજા ઘણા દેશોમાં જરૂર જણાઈ છે.

હિંદુસ્તાનમાં તો સહકારની શરૂઆત ધીરધાર કરનારી શાખી પ્રાથમિક મંડળીઓથી થઇ. અને પહેલાં આઠ વર્ષ દરમ્યાન એટલે સન ૧૯૧૨ સુધી તો ધીરધાર સિવાયની મંડળીઓ માટે સહકારી કાયદામાં સ્થાન પણ નહોતું. ૧૯૧૨ની સાલમાં કાયદો સુધારવામાં આવ્યો તે પછી પણ ધીરધાર સિવાયની બાબતોમાં પ્રમાણમાં

બહુ થોડી પ્રગતિ થઇ છે એમ કહીએ તો ખોટું નથી. શરૂઆતમાં સ્થાપના, પ્રચાર, કેળવણી વગેરેનું કામ તો યોગ્ય વ્યકિતઓ અથવા સંસ્થાઓને અભાવે હિંદુસ્તાનમાં સરકારને ઉપાડી લેવું પડયું હતું. તે કારણને લીધે અને હીલચાલની શરૂઆત હોવાથી પ્રથમ તો પ્રાથમિક મંડળીઓની આર્થિક સ્થિતિ સંતોષકારક થાય તેજ મંડળીઓની અને બીજાઓની ઇચ્છા હતી. જયારે શરાફી મધ્યસ્થ મંડળો (બેંકો) નહોતાં ત્યારે નવી મંડળીઓ માટે જરૂરનું ભંડોળ સ્થાનિક થાપણથીજ એકઠું કરવું પડતું, અને મંડળીઓને ઉત્તેજન અને મદદ અર્થે જેટલી જેટલી રકમ સ્થાનિક થાપણની થતી તેટલી રકમ સરકાર પોતે ધીરતી. પરંતુ જે સગવડો બેંકોથી મંડળીઓને મળે તે સગવડો સરકાર અથવા બીજી કોઇ ખાનગી સંસ્થાઓ અથવા વ્યકિતઓ દ્વારા નજ મળી શકે. તેથી હિંદુસ્તાનમાં પહેલી મધ્યસ્થ મંડળોની શરૂઆત મધ્યસ્થ સહકારી બેંકોની સ્થાપનાથી થઇ. મુંબઈ ઇલાકામાં કેટલાક આગેવાનોના પ્રયત્નથી અને સરકારે આપેલી થોડી સગવડની મુંબઇની મધ્યસ્થ બેંકની સ્થાપના થઈ. પ્રાથમિક મંડળીઓને તે મુંબઇથી નાણાં ધીરતી હતી. તેના સભાસદો તરીકે મંડળીઓ અને ખાનગી વ્યકિતઓ બન્નેને દાખલ થવાની છૂટ હતી. માત્ર મંડળીઓની બનેલી બેંકોની શાખ જાહેર પ્રજામાં શરૂઆતમાં ન પડે, અને તેથી મંડળીઓને જોઇતું ભંડોળ મળે નહિ તેથી, અને મંડળીઓ પોતે મધ્યસ્થ બેંકના શેર પૂરતી સંખ્યામાં ખરીદી શકે એવી પણ તેમની સ્થિતિ ન હોવાથી વ્યકિતઓને બેંકના સભાસદ–શેરહોલ્ડર થવાની છૂટ આપવામાં આવી હતી. માત્ર મંડળીઓજ જેમાં સભાસદ હોય તેવી બેંકો સ્થાપી ફત્તેહમંદીથી ચલાવવી તે શકય નહોતું, ત્યારે બીજી બાજુએ ફકત વ્યકિતઓની બનેલી બેંકને મંડળીઓને નાણા ધીરવાનું કામ સોંપવું ઇચ્છવા યોગ્ય નહોતું. તેથી મંડળીઓ અને વ્યકિતઓની બનેલી મિશ્ર બેંક સ્થાપવામાં આવી. પરંતુ ડિવિડન્ડ સંબંધે જે સાવચેતી સહકારી કાનૂનોમાં હોય તે ઉપરાંત બીજી સાવચેતી એ લેવામાં આવી

કે મંડળીઓ સિવાય બીજા કોઇને બેંક તરફથી કર્જ આપી શકાય નહિ. વળી ધીમે ધીમે જેમ જેમ મંડળીઓ શેર ખરીદવા માટે શકિતમાન્ થતી જાય તેમ તેમ તેમને નામે શેર ચડાવતા જવું એવું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું હતું. આવી ગોઠવણથી મંડળીઓની સગવડ માટે બેંક ચાલે, મંડળીઓ પાસેથી નફો મેળવવા માટે નહિ.

પોતે માથે ઉપાડેલું કામ મુંબઇની મધ્યસ્થ બેંકે બહુ સારી રીતે બજાવ્યું. પરંતુ ગામડાંની મંડળીઓને મુંબઈ જેટલે દૂર આવેલી બેંક પાસેથી મે. રજીસ્ટ્રાર સાહેબ માર્ફત અરજીઓ મોકલીને કર્જ મંગાવવું તેમાં ઢીલ ખૂબ થાય તે સ્વાભાવિક છે. અરજીઓ કર્યા પછી તેમાં જરા ખામી નીકળે તેથી કે બીજા કોઇ કારણસર બબ્બે ત્રણત્રણ મહિના સુધી પૈસા ન મળે એવા દાખલા ઘણીવાર બનતા. તેથી ખેડુતોને વખતસર નાણાં મળવામાં મુશ્કેલી લાગવા માંડી, અને ઘણીવાર તો જોઇએ તેટલાં નાણાં પણ મળી શકતાં નહોતાં. કારણ કે મંડળીની ખરી જરૂરીયાતોની મે. રજિસ્ટ્રાર સાહેબની ઓફિસમાં અથવા મુંબઈની બેંકની ઓફિસમાં ખરી ખબર હોય તેવું બની શકે તેમ નહોતું. તેથી જો અરજીમાં લખેલી પૂરી રકમ આપવામાં આવતી તો કેટલીકવાર મંડળીઓને વધારે પડતી રકમ મળતી, અને તેથી તેમને ગેરફાયદો થવાનો સંભવ રહેતો, અને કેટલીકવાર તે રકમ કાપી નાંખવામાં આવતી ત્યારે મંડળીના સભાસદોને પૂરતી રકમ મળતી નહિ. તેથી મંડળીની જરૂરીયાતો જલદી જાણી શકે, અને તેમને વખતસર મદદ કરી શકે તેવી સ્થાનિક મધ્યસ્થ સંસ્થાઓની જરૂર જણાઈ. તે માટે બે માર્ગ હતા. એક તો તાલુકા અથવા જિલ્લા માટે જૂદીજ બેંકો સ્થાપન કરવી, અને બીજું, એવી કોઇ મધ્યસ્થ સંસ્થાઓ સ્થાપવી કે જેની સાથે કરી રાખેલી ગોઠવણ પ્રમાણે દરેક અરજી માટે મે. રજિસ્ટ્રારની પરવાનગી લીધા સિવાય બેંક તે મધ્યસ્થ સંસ્થાદ્વારા મંડળીને નાણાં મોકલી શકે. દરેક તાલુકા અથવા જિલ્લા માટે જૂદી તાલુકા અથવા જિલ્લા બેંક સ્થાપી શકાય તેવા સંયોગો હિંદુસ્તાનમાં મુબઈ

ઇલાકામાં પણ નહોતા. કારણ કે એવી સ્વતંત્ર બેંકો સ્થાપવા માટે પહેલાં તો જે ભાગ માટે બેંક સ્થાપવાની હોય તે ભાગમાં પૂરતી સંખ્યામાં સહકારી મંડળીઓ જોઇએ. સાધારણ રીતે એક નાની બેંકનું ખર્ચ ઉપડે તે માટે પણ અમુક રકમ સુધીનો વ્યવહાર તો થવો જોઇએ. તેટલી રકમ સુધી પણ કર્જે નાણાં માગે તેટલી તો મંડળીઓ જોઇએજ. ઉપરાંત ખેડુતોમાં–ખેડુતોના સહકારી મંડળીઓમાં–હિત લેનાર વજનદાર સ્થાનિક ગૃહસ્થો જોઇએ કે જે તાલુકા અથવા જિલ્લા બેંકના શેર ખપાવી શકે. વળી સ્થાનિક નાણાં પણ તે બેંકોને મળી શકવાં જોઇએ. આવી પરિસ્થિતિ હોય ત્યાં મુંબાઈ બેંકના જેવી મિશ્ર બેંક તાલુકા અથવા જિલ્લા માટે સ્થાપના કરી શકાય. પરંતુ જ્યાં પરિસ્થિતિ પૂરેપૂરી અનુકૂળ ન હોય એટલે કે સ્થાનિક કાર્યવાહકો અને નાણાં હોવા છતાં મંડળીની સંખ્યા ઓછી હોય તો તેને વખતે તે ભાગની થોડી મંડળીઓને એક સ્થાનિક બેંકદ્વારા નાણાં મળે તે માટે વ્યકિત સભાસદોને કર્જ આપવાની પણ કોઈ કોઈવાર છૂટ આપવામાં આવતી. બારશી, સુરત, ભરૂચ વગેરે જગ્યાઓની બેંકો શરૂઆતમાં આવી જાતની હતી. જેમજેમ મંડળીઓ વધતી ગઇ તેમતેમ વ્યકિત સભાસદોને ધીરવાનું બંધ અથવા ઓછું કરવામાં આવ્યું છે.

જ્યાં કોઇપણ પ્રકારની સ્વતંત્ર બેંક સ્થાપી શકાય તેમ નહોતું ત્યાં નાણાં જલદી મળે તે માટે અને મંડળીઓ ઉપર દેખરેખ રહે તે હેતુથી બાંહેધરી લેનારાં યુનિયનો (Guaranteeing Unions) ની સ્થાપના કરવામાં આવી. યુનિયનમાં ઓછામાં ઓછી ચાર મંડળીઓ જોડાઇ હોવી જોઇએ, અને વધારેમાં વધારે વીશ મંડળી જોડાઈ શકાય. ભંડોળ ઉપર ઠરાવવામાં આવેલી ફી દરેક મંડળીએ યુનિયનને ભરવી પડે છે. યુનિયનની કમિટી મંડળીઓમાંથીજ નીમાય છે, અને પોતાની સાથે જોડાયેલી મંડળીઓ ઉપર દેખરેખ રાખવા માટે યુનિયન એક ખાસ માણસ–સુપરવાઇઝર રાખે છે. કમિટિના સભાસદોએ પણ યુનિયન સાથે જોડાયેલી મંડળીઓ તપાસવા જવું જોઇએ. યુનિયન સાથે

જોડાયેલી મંડળીઓ બેંકમાંથી નાણાં યુનિયન માર્ફત મંગાવે છે. યુનિયન માર્ફત બેંકમાંથી લેવામાં આવેલાં નાણાં માટે બધી મંડળીઓ અમુક હદ સુધી–સાધારણ રીતે દરેક સભાસદ દીઠ વીસ કે ત્રીસ રૂપિયા સુધી–બાંહેધરી આપે છે. તેથી યુનિયનમાંની એકાદ મંડળી ખરાબ હોય તોપણ બેંકને ધોકો પહોંચવાનો સંભવ રહેતો નથી. યુનિયન પોતાંની દરેક મંડળીની શાખ નક્કી કરે છે. અને આગળથી અમુક રકમની પરમાવધિ શાખ બેંક પાસેથી મંજૂર કરાવી રાખે છે. પછી જ્યારે કોઇ મંડળીને નાણાં જોઇએ ત્યારે યુનિયનની કમિટી નાણાં જોઇતાં હોય તે પહેલાં પાંચ સાત દિવસે બેંકને ખબર આપે છે. એટલે વગર ઢીલે યુનિયન માર્ફત મંડળીને નાણાં મળી જાય છે. પરંતુ જેટલે અંશે બેંકની સહીસલામતી વધી તેટલે અંશે યુનિયનને જોડાયલી મંડળીઓની સહીસલામતી ઘટી એમ પ્રથમ દૃષ્ટિએ લાગશે કારણ કે યુનિયનની કોઇ મંડળી ખરાબ નીકળે અને છેવટે પૈસા ન ભરી શકે તો બીજી મંડળીઓને તે માટે નુકસાનમાં ઉતરવું પડે. છતાં કોઈ સારા યુનિયનમાં આમ ન થવા પામે તે યાદ રાખવું જોઇએ. કારણ કે પાસે પાસેનાં ગામડાંની મંડળીઓ કેમ ચાલે છે તે વિષે સાધારણ ખબર તો સહેજેજ પડે, પરંતુ યુનિયનમાંની મંડળીઓ વિષેની હકીકત તો સુપરવાઇઝર અને કમિટીના સભાસદોદ્વારા વખતો વખત મળ્યાં કરે. જો કોઈ મંડળી બગડેલી જણાય, તો તેને સુધારવાનો પ્રયત્ન કરી શકાય, અને જો તે સુધરે તેમ ન લાગતું હોય તો તેની શાખ રદ કરી તેને કર્જ આપવામાં આવે નહિ, અથવા તો તે મંડળીને યુનિયનમાંથી કાઢી નાખવામાં આવે. વળી આવાં યુનિયનોથી એક વિશેષ લાભ એ છે–હોવો જોઇએ–કે બહારના દૂરના અધિકારીઓથી રખાતી દેખરેખને બદલે મંડળીઓ પોતાની સ્થાપેલી સંસ્થાદ્વારાજ દેખરેખ રખાવી શકે, અને તેથી મંડળીઓનું કામ સારૂં ચાલે. આવાં યુનિયનો પહેલાં તો મુંબાઈ બેંક અને પ્રાથમિક મંડળીઓને જોડનાર

મિક મંડળીઓને તેજ રીતે જોડવાનું કામ પણ કરે છે. અને એવી પણ સામાન્ય નીતિ ગ્રહણ કરવામાં આવી છે કે મુંબઈ બેંકને ઇલાકાની બેંક બનાવવી, અને તેણે ધીમે ધીમે પ્રાથમિક મંડળીઓ સાથેનો વ્યવહાર બંધ કરવો. જ્યારે બધા જિલ્લાઓમાં બેંકો થાય ત્યારે માત્ર તેવી બેંકોને નાણાં પૂરાં પાડવાનું અને તેમની પાસે વધારે નાણાં હોય તો તે લઈ તેનો સહકારી સંસ્થાઓ માટે ઉપયોગ કરવાનું કામ તેણે કરવું. મંડળીઓની અરજીઓ બેંક તરફ મોકલવી, અને મંડળીઓ ઉપર દેખરેખ રાખવી એટલું કામ યુનિયનની કમિટીઓ માટે પૂરતું નથી, એમ વિચારીને, અને પ્રાથમિક મંડળીઓના સભાસદોને જોઇતો ખેતી માટેનો માલ તેમને કીફાયતે સારો મળી શકે, અને તેમનો વેચવાનો ખેતીનો માલ સારા ભાવથી વેચી શકાય તે માટે યુનિયનોને દલાલની પદ્ધતિથી તેવો માલ ખરીદી મંડળીઓને પૂરો પાડવાની, અથવા તે વેચી આપવાની, યુનિયનોને હવે છૂટ આપવામાં આવી છે. ધીરધાર સિવાયની પ્રાથમિક મંડળીઓ માટે મધ્યસ્થ સંસ્થાઓ સ્થાપવાના હિંદુસ્તાનમાં છૂટા છવાયા પ્રયત્નો થયા છે. પરંતુ તે સંબંધે હજુ કાંઈ મત આપી શકાય નહિ. મુંબઈ ઇલાકામાં સ્ટોર મંડળીઓ માટે એક મધ્યસ્થ સંસ્થા મુંબઈમાં સ્થાપન કરવામાં આવી હતી. પરંતુ પ્રતિકૂળ સંયોગોને લીધે તેને રદ કરવામાં આવી છે.

બીજા દેશોમાં પ્રચાર, જ્ઞાન, સલાહ વગેરે માટે જે સંસ્થાઓ હોય છે તેઓને પ્રાથમિક મંડળીના આર્થિક વ્યવહાર સાથે સીધો સંબંધ હોતો નથી. આવી સંસ્થાઓને અંગે અથવા સ્વતંત્ર રીતે માત્ર દેખરેખ વગેરેનું કામ કરવા માટે મંડળીઓનીજ બનેલી નાની મધ્યસ્થ સંસ્થાઓ હોય છે, અને તેઓ પણ કેટલીકવાર યુનિયનના નામેજ ઓળખાય છે. પરંતુ તેઓ બાંહેધરીવાળાં યુનિયનો હોતાં નથી. બાંહેધરીવાળાં યુનિયનોને બીજા દેશનાં યુનિયનો માફક દેખરેખ રાખવાની હોય છે એટલુંજ નહિ, પરંતુ તે ઉપરાંત પૈસા સંબંધે જવાબદારી પણ લેવી પડે છે.

હિંદુસ્તાનમાં મંડળીઓની સ્થાપના, સહકારનો પ્રચાર, સહકારી હીલચાલની સામાન્ય નીતિ વગેરે બાબતો સરકારી અમલદારોના હાથમાં હતી, અને હજુ પણ ઘણે ભાગે છે. પરંતુ સરકારી ખાતાં ગમે તેવાં સારાં હોય તોપણ સહકારી હીલચાલમાં કામ કરનાર સહ-કારીઓના જેવું કામ હમ્મેશને માટે તો તેમનાથી નજ થઇ શકે. વળી સેવા ભાવનાથી કામ કરનાર માણસોની સહકારી હીલચાલમાં બહુ જરૂર હોય છે. તેવા બધા માણસોનો સરકારી ખાતાઓદ્વારા લાભ લઇ શકાય નહિ. મુંબઈ ઇલાકામાં પહેલેથીજ બિન પગારદારી ખાનગી ગૃહસ્થોને ઓનરરિ ઓર્ગેનાઇઝર તરીકે નીમી તેમની મદદ બધી બાબતોમાં લેવામાં આવી છે, અને તેમણે સહકારી હીલચાલની બહુ સારી સેવા બજાવી છે એ વાત પણ સર્વમાન્ય છે. પરંતુ ઓનરરિ ઓર્ગેનાઇઝર તો બહુ તો તાલુકા દીઠ એક હોય. ત્યારે સહકારી હીલચાલને તો એક ગામમાં દસ કે વીસ માણસો કામ કરવા માટે તૈયાર હોય તો તે બધાનો ઉપયોગ કરવાની જરૂર છે. જે માણસ વર્ષમાં ચાર ભાષણ આપવા જેટલોજ વખત મેળવી શકે તેમ હોય, કે જે માણસ અઠવાડીયામાં કલાક બે કલાક લખવાનું કામ કરી શકે તેમ હોય, જે માણસ બે ચાર મંડળીઓ ઉપર દેખરેખ રાખવા માટે તૈયાર હોય કે જે માણસ મહિનામાં એકાદ બે દિવસ બચાવી સહકારી હીલચાલ માટે બીજું કાંઇ કામ કરવા માગતો હોય, ગમે તે માણસ ગમે તે રીતે ગમે તેટલું કામ સહકારી હીલચાલ માટે કરવા તૈયાર હોય તેનો ઉપયોગ સહકારી હીલચાલે કરવો જોઇએ. કાયદા, કાનૂનો, અને પેટા કાયદા બરોબર પળાય છે કે નહિ—મંડળીઓનું કામ તે પ્રમાણે ચાલે છે કે નહિ—તેટલુંજ મે. રજિસ્ટ્રાર સાહેબે જોવું જોઇએ. તે સિવાયનું કામ—કેવા પ્રકારની મંડળીઓ જોઇએ, તેના પેટા કાયદા કેવા પ્રકારના જોઇએ, સહકારની સામાન્ય નીતિ કેવી હોવી જોઇએ, સહકારી હીલચાલમાં કામ કરનાર બિન પગારદાર અને પગારદાર માણસો કોને કોને નીમવા વગેરે બાબતો, અને પરિષદો ભરવી, પુસ્તકો, માસિકો,

વર્તમાનપત્રો વગેરે સાહિત્ય ઉત્પન્ન કરવું, પુસ્તકાલયો ચલાવવાં, ભાષણો આપાવવાં, સહકારી સંસ્થાઓના મત કેળવવા અને જાણવા વગેરે બાબતો માટે કોઈ મધ્યસ્થ સંસ્થાની જરૂર હતી. આથી એક સંસ્થા મુંબઈ ઈલાકામાં "ધિ બૉમ્બે સેન્ટ્રલ કોઓપરેટીવ ઇન્સ્ટિટ્યૂટ" (The Bombay Central Cooperative Institute)ના નામે સન ૧૯૧૯માં સ્થપાઈ. થોડા વખત પહેલાં તે સંસ્થાની પાંચ શાખાઓ ઉઘાડવામાં આવી છે. ગુજરાતની શાખા ભરૂચમાં છે. આ સંસ્થા પરિષદો અને સેક્રેટરીઓ માટે ટ્રેનિંગ કલાસો ભરે છે, અંગ્રેજી મરાઠી, કાનડી, અને ગુજરાતી ભાષામાં સામયિકો (Periodicals) કાઢે છે, મુંબઇમાં એક સહકારી પુસ્તકાલય રાખે છે, અને પોતાની શાખાઓમાં પણ પુસ્તકાલયો રાખવાની ગોઠવણ કરાવે છે, અને અગત્યની બાબતોમાં મે. રજિસ્ટ્રાર સાહેબને અને મંડળીઓને સલાહ આપે છે. આ સંસ્થા બિન અધિકારી સહકારીઓનું કેન્દ્ર સ્થાન છે. તેને માટે જેટલા કામ કરનાર મળે તેટલા ઓછા છે. હવે તે સંસ્થાની તાલુકામાં પણ ઉપશાખાઓ કાઢવી એવો વિચાર ચાલે છે, અને થોડા વખતમાં તે આચારમાં મૂકાશે એમ લાગે છે. ઇન્સ્ટિટ્યૂટ પોતાની શાખાઓ અને ઉપશાખાઓદ્વારા સહકારી હીલચાલને બહુ ઉપયોગી થઈ શકશે. શાખા અથવા ઉપશાખા પોતાની નજીકમાંજ આવવાથી પ્રાથમિક મંડળીઓના ઉત્સાહી કાર્યવાહકોને પણ સહકારી હીલચાલ માટે કામ કરવાના પ્રસંગો મળશે. મળેલા પ્રસંગોનો તેમણે પૂરેપૂરો સદુપયોગ કરવો જોઇએ.

ઇન્સ્ટિટ્યૂટમાં મંડળીઓ અથવા વ્યકિતઓ ગમે તે સભાસદ થઈ શકે છે. મંડળીઓને પોતાના ભંડોળના પ્રમાણમાં ઠરાવેલી વાર્ષિક ફી ભરવી પડે છે. રૂ. ૫૦૦૦)થી ઓછા ભંડોળવાળી મંડળીને રૂ. ૩) વાર્ષિક ભરવા પડે છે. સાધારણ વ્યક્તિ સભાસદને વાર્ષિક રૂા. ૫), એસોશિયેટને વાર્ષિક રૂા. ૨૫), લાઇફ-મેમ્બર (આજીવન સભ્ય)ને એક સાથે રૂ. ૫૦૦) અને પેટ્રન (મુરબ્બી)ને એક સાથે રૂ. ૨૦૦૦)

આપવા પડે છે. ઇન્સ્ટિટ્યૂટને સરકાર તરફથી પણ દરેક વર્ષે ગ્રાન્ટ મળે છે. ઇન્સ્ટિટયૂટ બક્ષીસો પણ સ્વીકારે છે.

પ્રાથમિક અને મધ્યસ્થ મંડળીઓ પરસ્પર પોષક છે. સારી સંખ્યામાં સારી પ્રાથમિક મંડળીઓ હોય તોજ મધ્યસ્થ સંસ્થાઓ સારી રીતે ચાલી શકે, અને સારી મધ્યસ્થ સંસ્થાઓ હોય તોજ પ્રાથમિક મંડળીઓની બધી જરૂરીયાતો પૂરી પડે અને તે સારી ચાલે, અને બીજી સારી નવી મંડળીઓ પણ સ્થપાય. છતાં સારી સંખ્યામાં સારી પ્રાથમિક મંડળીઓ અને સારી મધ્યસ્થ સંસ્થાઓ એ બન્ને એકજ વખતે અસ્તિત્વમાં આવી શક્તાં નથી. કોઈ દેશોમાં પ્રાથમિક મંડળીઓને કેટલાંક વર્ષો સુધી મધ્યસ્થ સંસ્થાઓ વિના ચલાવી લેવું પડયું હતું, તો કોઈ દેશોમાં પૂરતી સંખ્યામાં પ્રાથમિક મંડળીઓ ન હોવા છતાં મધ્યસ્થ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી, અને તેમને પોતાનું કામ કેટલાંક વર્ષો સુધી મુશ્કેલીથી ચલાવવું પડયું હતું. મુંબઈ ઇલાકામાં શરાફીના વ્યવહાર માટે પ્રાથમિક અને મધ્યસ્થ મંડળીઓની રચના ઠીક થઈ છે. પરંતુ તેમાં હજુ ઘણે ઠેકાણે સુધારો થવાની જરૂર છે. ઘણી ખરી પ્રાથમિક મંડળીઓ હજુ વર્ષમાં એકજવાર, અને બહુ તો બેવાર પોતાના સભાસદોને કર્જ ધીરે છે, અને તે પણ કેટલીક-વાર વખત વીતી ગયા પછી ધીરે છે. તેથી સભાસદોને ખેતીનાં કે એવાં બીજાં સામાન્ય કામો માટે પણ શાહુકાર પાસે તો જવાનું રહે છે ને રહે છે. આ ટળવું જોઇએ. આ શી રીતે થઈ શકે તેની ચર્ચા ૫મા અને ૬ઠ્ઠા પ્રકરણમાં થઈ ગઈ છે. સભાસદને જ્યારે જ્યારે યોગ્ય કામ-કર્જ જોઇએ ત્યારે મંડળીએ તેને તે આપવું જોઇએ, અને સભાસદ બહારથી કર્જ બિલકુલ લેજ નહિ તે માટે કાળજી રાખવી જોઇએ. કોઇ સભા-સદને બહારથી કર્જ કાઢવાની જરૂર પડે તોપણ તે વાત તેણે મંડળીને તો જણા-

વવીજ જોઇએ. સાધારણ રીતે સભાસદોને એકજ શાહુકાર જોઇએ, અને તે તેમની પોતાની મંડળી જોઈએ. તે ઉપરાંત સભાસદોમે કરકસર શીખવવામાં પણ ઘણી ખરી મંડળીઓએ બહુ કામ કરી બતાવ્યું નથી. હમણાંથી ફરજિયાત થાપણો લેવાવા માંડી છે, પરંતુ તે તો ખરી કરકસરના પ્રથમ પગલા તરીકેજ ગણાવી જોઇએ. સભાસદોએ મોસમને વખતે જ્યારે તેમના હાથમાં પૈસા આવે ત્યારે પોતાની મંડળીમાં થાપણ મૂકતા શીખવું જોઇએ. આ થાપણો તો લાંબી મુદતની, પરંતુ જે પૈસા ખેડુત પાસે મોસમથી તે ચોમાસાની શરુઆત સુધી નકામા પડયા રહે છે તે બે ત્રણ મહિનાની મુદતે અથવા, બચતની થાપણોના નિયમો પ્રમાણે મંડળીઓમાં મૂકાવ. જોઇએ. શરાફી મંડળીઓ ગામડાંની લોકોને હાથે ચાલતી બેંકો થવી જોઇએ. એવી રીતે મંડળીઓ કામ કરતી હોય તો સભાસદોનું જૂનું કર્જ પણ દરેક સભાસદના સંયોગો તપાસીને પતાવી શકાય. મંડળીઓના કામમાં જેમ સુધારો થવાની જરૂર છે તેમ મંડળીઓના સભાસદોની માનસિક વૃત્તિમાં પણ સુધારો થવાની જરૂર છે. હાલ ઘણી મંડળીઓમાં સભાસદો-કમિટીઓ પણ—સહકારી સિદ્ધાંતોથી અજાણ હોય છે. સહકારી સિદ્ધાંતો તેઓ સમજતા હોય તો હાલના જેવી તેમની વૃત્તિ હોય નહિ. સભાસદોએ મંડળીના વ્યવહારમાં સરળ થવું જોઇએ. મંડળીનું લેણું તેમણે પોતાની મેળેજ વખતસર ભરી દેવું જોઇએ, અને સહકારી મંડળીઓદ્વારાજ પોતાનું શ્રેય થશે એવી શ્રદ્ધા જોઇએ. મધ્યસ્થ સંસ્થાઓમાં કેટલાક ફેરફારની જરૂર છે, પરંતુ તેની ચર્ચા અહીં અસ્થાને છે. મધ્યસ્થ બેંકો પોતે જે મંડળીઓને પૈસા ધીરે છે તેના ઉપર દેખરેખ રાખવાની પણ પોતાની કેટલેક અંશે ફરજ છે એમ સમજે અને તે કામ હાલ તેઓ બજાવે છે તેના કરતાં વધારે સારૂં બજાવે તેટલુંજ અહીં કહેશું તો ચાલશે.

સહકારી હીલચાલ તે લોકોમાં માત્ર ધીરધાર કરવાની હીલચાલ નથી એ કદી વિસરાવું ન જોઈએ. આપણે સહકારના ક્ષેત્રમાં ધીરધારથી શરુઆત કરી છે, પરંતુ જો આપણે ત્યાંજ અટકશું તો સહકારી હીલચાલને આપણે સમજ્યાજ નથી એવી ટીકાને પાત્ર થશું. સહકાર એ એક સર્વવ્યાપી આર્થિક વ્યવસ્થા છે. ખેડુતને માત્ર નાણાંનીજ જરૂર નથી હોતી. તેને તો તે ઉપરાંત ઘણું જોઈએ છે. તે બધું તેમે સહકારી સંસ્થાઓદ્વારા મળવું જોઈએ. તેમનો માલ વેચવા માટે પણ સહકારી સંસ્થાઓજ જોઈએ. ખેતી વધારે સારી રીતે કરવા માટે પણ સહકારી સંસ્થાઓની ખેડુતોને જરૂર. અને જરૂરીયાતના પ્રમાણમાં બધે શરાફી ઉપરાંત એવી મંડળીઓ થવી જોઈએ. ટુંકામાં આયર્લંડની ખેતી વિષયક સહકારી હીલચાલ માટે જે ધ્યેય રાખવામાં આવ્યું છે તે ધ્યેયે હિંદુસ્તાનમાં પણ સહકારી વ્યવસ્થાથી પહોંચાવું જોઈએ– " **Bette farming, better business, botter life** "– "વધારે સારી ખેતી, વધારે સારો વ્યાપારી વ્યવહાર, વધારે સારું જીવન". સોનું રૂપું પારખવા માટે જેમ કસોટી હોય છે તેમ આ શબ્દો હીલચાલની કસોટી છે. પ્રશ્નો સાદા અને સરળ છેઃ–(૧) સહકારી વ્યવસ્થા થયા પછી આગળ કરતાં ખેતી વધારે સારી થાય છે? (૨) પહેલાં ખરીદી વેચાણ વગેરે બાબતોમાં ખેડુતોની જે સ્થિતિ હતી તે સુધરીને તેમનો વ્યાપારી વ્યવહાર હવે વધારે સારો થયો છે? (૩) ખેડુતોનું જીવન વધારે સારૂં થયું છે? આ ત્રણ પ્રશ્નોના જવાબ હકારમાં ન આપી શકાય તો આપણી સહકારી વ્યવસ્થા અધૂરી છે, અથવા તે વ્યવસ્થામાં આપણે કયાંઈક ચૂકયા છીએ એમ માની લેવું. ઉપરના ત્રણ પ્રશ્નોના જવાબ હાલ હકારમાં આપી શકાય એમ લાગતું નથી. તેથી શરાફી વ્યવહાર બાબત ગમે તેટલું કામ થયું હોય–અને તે ઘણું થયું છે–છતાં સહકારી વ્યવસ્થાતો અધૂરી છેજ. ત્રણે

પ્રશ્નોના જવાબ હકારમાં આવવા જોઈએ તે યાદ રાખવાનું છે, પહેલા એક કે બેના નહિ. માત્ર ખેતી અથવા વ્યાપારી વ્યવહાર સુધરે તે બસ નથી. તેથી ખેડુતોનું જીવન પણ સુધરવું જોઈએ. શરાફી મંડળીઓને સુધારી, તેમાં મળેલો અનુભવ બીજા પ્રદેશોમાં ઉતારી, આપણી ખેતી વિષયક સહકારી વ્યવસ્થા આયર્લંડની સહકારી કસોટીએ ચડી સોળવલી નીકળે એવો શુભ સમય જેમ બને તેમ જલદી લાવવાનો પ્રયત્ન દરેક સાચા સહકારીએ કરવાની જરૂર છે.

